સાંસારિક ગુપ્તજ્ઞાન વિષયક સચિત્ર ગ્રંથ.



પ્રકાશક. સાકરલાલ બુલાખીદાસ મુંબઈવાળા.

મુલ્ય રૂ. ૨-૦-૦

સંસારશિક્ષક

(સાંસારિક ગુપ્તજ્ઞાન વિષયક ગ્રંથ)

પ્રયોજક,

વ્રજલાલ જાદવજી ઠક્કર

અમદાવાદ

પ્રકાશક;

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

બાલા હનુમાન પાસે રીચીરોડ—અમદાવાદ

પ્રથમ આવૃત્તિ   પ્રત ૨૦૦૦

વિક્રમાબ્દ ૧૯૮૨   ખ્રિસ્તાબ્દ ૧૯૨૬

મુલ્ય રૂ. ૨–૦–૦

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૩૦૪૫

ગ્રંથસ્વામિત્વના સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન છે.

મુદ્રકઃ પટેલ પુરુષોત્તમ શંકરદાસ
ઉત્કૃષ્ટ મુદ્રણાલય
રીચીરોડ પુલ નીચે—અમદાવાદ.

ઘેર બેઠાં થોડા વખતમાં ઇંગ્રેજી શિખવું
હોય તો ખરીદો

ધી ગાઈડ ટુ ઈંગ્લીશ ટીચર.

ભાગ ૧—૨ ભેગા.

પોતાની મેળે ઘેર બેઠાં વગર માસ્તરે થોડા વખતમાં અને થોડી મહેનતમાં રીતસર અંગ્રેજી શીખવું હોય તો **ધી ગાઈડ ટુ ઇંગ્લીશ ટીચર** જરૂર ખરીદજો, અક્ષરજ્ઞાન, તાર, કાગળ, અરજીઓ વગેરે લખતાં વાંચતાં શીખવા સારૂ આ પુસ્તક ઘણુંજ ઉમદા છે. આ પુસ્તકની અંદર દરેક વિષયની સમજ, એવી સાદી અને સરળ રીતે આપવામાં આવી છે કે ગમે તેવા શીખાઉ માણુસને પણુ સમજતાં જરાએ મહેનત પડતી નથી. બીજાઓ માફક આ પુસ્તકના જુદા જુદા ભાગો કર્યા નથી પણુ એક જ પુસ્તકની અંદર જરાએ જરા ઉપયોગી બાબતોનો સમાવેશ ઘણીજ બાહોશીથી કરવામાં આવ્યો છે. વધુ તારીફ ન કરતાં એક વાર ચોપડી મંગાવી ખાત્રી કરવા અમો ભલામણુ કરીએ છીએ. રૂ. ૧ાા પોસ્ટેજ માફ.

પ્રમાદ. ધનની પ્રભુતા	૪—૮—૦
સ્વરાજ પ્રાપ્તિનો મહામંત્ર	૩—૦—૦
ગુલબદન	૩—૦—૦

બીજી કોઈપણુ જાતની ચોપડી હોય તો એક આનાની ટીકીટ બીડી અમારૂં મ્હોટું સૂચીપત્ર મંગાવો.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ
રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ.

એક રસદાયક લોકપ્રિય સચિત્ર નવલકથા.

કુંજ-કિશોરી

(બીજી આવૃત્તિ.)

લેખક, સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

'દશા ફરે ત્યારે બુદ્ધિ ફરે' એ પ્રમાણે અધમ ''નુષ્યોની બુદ્ધિ પાપ કર્મમાં કેટલી બધી પ્રવૃત્ત થાય છે અને તેથી આગળ ઉપર કેવુ ભયંકર પરિણામ આવે છે. સત્યવાદીજનોને શિરે અનહદ સંકટો આવી પડ્યા છતાં હીંમતથી તે સંકટોને દુર કરી પાપીઓ ' પ્રપંચ જાળને કેવી રીતે તોડે છે તેનો આબેહુબ ચિતાર ચિતરવા ... છે. આ નવલકથાના પ્રત્યેક પાત્રનુ વર્ણન વાચી મનન કરવા યોગ્ય છે. જો તમારે નીતિનો માર્ગ જાણવો હોય, પુત્ર પુત્રીઓના હૃદયમાં જ્ઞાનની ઉંડી છાપ બેસાડવી હોય, પાપીઓનો જુલ્મ જોવો હોય આનંદ સાથે નીતિ રીતિનું યથાર્થ જ્ઞાન ગ્રહણ કરી સંસારને ઉજ્વળ બનાવવો હોય તો એક વાર **કુંજ-કિશોરી** અવશ્ય વાંચો, સુંદર છપાઇ ઉત્તમ કાગળ તથા સોનેરી પાકું પુઠું **કિંમત રૂ. ૨-૮-૦. પોસ્ટેજ જુદું.**

કમળા કિશોરી	૦--૬--૦.
કાદનાં કુંભાર	૦--૪--૦.
મેના શેઠાણી	૦--૪--૦.

દરેક જાતની ચોપડીઓ મળવાનું ઠેકાણું:—

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ.

પ્રસ્તાવના

આજકાલ જમાનો સુધરતો જાય છે એવા પોકાર ચોતરફથી સાંભળવામાં આવતા હોવા છતાં ભારતવર્ષીય નરનારીઓની શારીરિક સ્થિતિ ઉપર એની સહજ પણ અસર થયેલી કિંવા થતી જોવામાં આવતી નથી. હિંદી જનતાની શારીરિક દુર્બળતાનો અસ્વીકાર ભાગ્યે જ કોઇ કરી શકે તેમ છે. હિંદી જનતા કેળવણીના વિષયમાં દિનપ્રતિદિન કદાચ આગળ વધતી હશે એમ ક્ષણભર આપણે માની લઇએ તો પણ જે કેળવણી શરીર તથા મનની ઉન્નતિ કરી શકે નહિ એ કેળવણીને ખરી કેળવણી કહી શકાય કે કેમ એ શંકાયુક્ત [illegible] 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' તથા 'પહેલું સુખ તે જાતે નર્યાં' એવી જે લોકોક્તિ સંભળાય છે એ સર્વથા સત્ય છે. ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ સર્વની પ્રાપ્તિ માટે શારીરિક આરોગ્યની પ્રથમ તેમજ અનિવાર્ય અગત્ય છે.

પચાસ વર્ષ પહેલાંની અને હાલની હિંદી પ્રજાની શારીરિક સ્થિતિની તુલના કરી જોતાં ચોતરફ કેવળ નિરાશા જ જોવામાં આવે છે. દુનિયાની બીજી પ્રજાઓનો ઇતિહાસ જોતાં તેમણે પોતાના આરોગ્યની ઉન્નતિ માટે કેવાં શ્રમસાધ્ય કાર્યો બજાવ્યાં છે એ માલૂમ પડી આવે છે, પરંતુ આપણા અંગ્રેજી કેળવણી લઇ સુશિક્ષિત (!) બનેલા ચસમાંધારી, ક્ષીણકાય, નિસ્તેજ મુખમુદ્રાવાળા, કમરમાંથી ભાંગી ગયેલા તરુણોને જોઇએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે જ અંતઃકરણના ઊંડાણમાંથી ગંભીર નિશ્વાસ બહાર નીકળે છે. એવા અકાળવૃદ્ધ બનેલા તરુણોમાં સેંકડે પાંચ ટકા જેટલા તરુણોનું શારીરિક સ્વાસ્થ્ય પણ સચવાઇ રહેલું જોવામાં આવતું નથી. બીજી

તરફથી દશ બાર વર્ષની સુકુમાર ઉમ્મરે રૂઢિનો ભોગ થઈ પડી બાળ લગ્નના બંધનમા બંધાયલી હિંદી બાળિકાઓ પણ અપકવ વયે સ્વચ્છંદી સ્વામીની લાલસા તથા વાસનાઓનું લીલાક્ષેત્ર બની સેંકડો વ્યાધિઓમા સપડાઇ ગયેલી નજરે પડે છે. આવા તરુણ તરુણીઓ ગૃહસ્થાશ્રમમાં પડી કેવી પ્રજા ઉત્પન્ન કરે એ હરકોઇ સહેલાઇથી સમજી શકે તેમ છે. અતિવિહાર તથા અકુદરતી વિહારથી પણ નિર્બળ સંતતિ ઉત્પન્ન થાય છે. આવી સ્થિતિમા નરનારીઓના જીવનને ઉપયોગી તથા માર્ગદર્શક થઇ પડે. તથા સુવાવડની અંદર જે ભયંકર બાળમરણો થાય છે તેનું પ્રમાણ કાઇક અંશે ઓછું થઇ શકે એ સદુદ્દેશથી આ 'સંસારશિક્ષક' નામક ગ્રંથની યોજના કરવામાં આવી છે. આ ગ્રંથનો આરંભ 'યૌવનના આરંભ'થી કરવામાં આવ્યો છે; કેમ કે, યૌવનના આરંભમા જ સ્ત્રી પુરુષોને સંતાનોત્પત્તિ કરવાની ઇચ્છા થાય છે. યૌવન તથા મન સંબંધીની માહિતી આપવા ઉપરાંત, કેટલાંક સાંસારિક છુપાં દરદો, તેનાં લક્ષણો તથા ઔષધોપચારની માહિતી પણ આ ગ્રંથમાં યથાશક્ય આપી છે. સગર્ભાસુંદરીની સારવાર, ગર્ભનું રક્ષણ કરવાના ઉપાય, પ્રસવની ત્રણ સ્થિતિ વગેરે સાંસારિક વિષયો વર્ણવીને બાળકના જન્મ થાય ત્યાં સુધી કેવી રીતે વર્તવું એ યથાશક્તિ સમજાવવાનો આ ગ્રંથમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે

વળી સાધારણ ભણેલાં સ્ત્રી પુરુષોને કંટાળો ન આવે તથા હોંશથી તેઓ આ ગ્રંથ વાંચી શકે એ હેતુથી જ આખો ગ્રંથ પતિ–પત્નીના સંવાદરૂપે લખવામાં આવ્યો છે, તથા પતિ હરેક સંસારી વિષયનું જ્ઞાન પત્નીને સમજાવતો હોવાથી ગ્રંથનું નામકરણ **સંસારશિક્ષક** રાખવામાં આવ્યું છે. વળી બાળકનો જન્મ થયા પછી જે જે

વિષયનું જ્ઞાન માબાપને તથા પુત્રને હોવાની જરૂર છે એ વિષયો આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવાને બદલે–આ ગ્રંથના ઉત્તરાર્દ્ધ તરીકે ‘ સંતાનશાસ્ત્ર ’ અને જીવનશાસ્ત્ર નામક ભિન્ન ગ્રંથમાં પ્રસિદ્ધ કરવાની યોજના કરી છે. એ ગ્રંથ પણ વિના વિલંબે વાંચકોના કરકમળમાં સમર્પણ કરવામાં આવશે.

પ્રસ્તુત ગ્રંથ લેખનના કાર્યમાં જે સંસ્કૃત, ઇંગ્રેજી, બંગાળી, મરાઠી તેમજ હિન્દી ગ્રંથોની મદદ લેવામાં આવી છે તે સઘળા ગ્રંથોના વિદ્વાન્ કર્ત્તાઓ અને પ્રકાશકોનો અંતઃકરણપૂર્વક હું ઉપકાર માનવો પ્રાસંગિક ધારું છું.

અંતે આ ગ્રંથ ગૃહસ્થાશ્રમવાસીઓને કિંવા સંસારી જીવોને કાંઇક અંશે પણ ઉપયોગી થઇ પડશે તો હું મ્હારા સકળ પરિશ્રમની સાર્થકતા થયેલી સમજીશ.

સાહિત્યસેવક

તા. ૩–૬–૨૬

વ્રજલાલ જાદવજી ઠક્કર

અનુક્રમણિકા.

પ્રકરણ	વિષય.	પૃષ્ટ.
૧	યૌવન	૧
૨	યૌવનનો વિકાસ	૭
૩	યૌવન સાથે મનનો સંબંધ...	૧૪
૪	ઇંદ્રિયોનો ઉપયોગ	૧૯
૫	દંપતિની શય્યા	૩૦
૬	સુસંતાન મેળવવા માટે ઉપાય	૩૧
૭	વિવાહથી જ વંશનું રક્ષણ થાય છે	૩૭
૮	વરકન્યાની પસંદગી	૪૬
૯	પતિ ભક્તિ	૫૦
૧૦	ઋતુપરીક્ષાથી વંધ્યત્વ નિરૂપણ	૫૫
૧૧	સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ	૭૨
૧૨	હસ્તમૈથુન	૮૨
૧૩	ઋતુસ્રાવનાં દરદો	૯૭
૧૪	પ્રદર	૧૦૫
૧૫	સ્ત્રી જાતિનાં ગુપ્ત દરદો	૧૧૪
૧૬	ગરમીનાં ભયંકર દરદો	૧૨૨
૧૭	ગર્ભ પરિક્ષા...	૧૩૦
૧૮	સગર્ભા સુંદરીનું કર્તવ્ય	૧૩૬
૧૯	ગર્ભ રક્ષણના ઉપાયો	૧૪૫
૨૦	ગર્ભમાં પુત્ર અગર કન્યા જાણવાના ઉપાય... ...	૧૫૨
૨૧	સગર્ભાની સારવાર	૧૫૬
૨૨	પ્રસુતિગૃહ અને પ્રસવની ત્રણ સ્થિતિ	૧૬૮
૨૩	ગર્ભ ધારણ કરવાનો સમય અને પ્રસવ કાળનો નિર્ણય ...	૧૮૩
૨૪	વારાંગના ગૃહ...	૧૯૫
૨૫	વ્યસનનું દુષ્પરિણામ	૨૦૧
૨૬	યૌવનનો આદર્શ માર્ગ	૨૦૯



આઠ માસનો ગર્ભ.

ન. ૧ નો આંકડો બાળકનું શરીર, ૨ જાનો આંકડો નાળ તથા, ૩ જાનો આંકડો બાહ્ય આવરણ બતાવે છે.

જુઓ પ્રકરણ ૨૨ મું.

॥ ૐ ॥

સંસારશિક્ષક

પ્રકરણ ૧ લું

યૌવન

પત્ની:–સ્વામિન્! ગઇ કાલે તમે મ્હને જે વાત કરી હતી તે ઉપરથી સંસાર સંબંધીની સઘળી હકીકત જાણવાની તીવ્ર ઇચ્છા મ્હારા અંતરમાં ઉત્પન્ન થઇ છે.

પતિ:–ત્હારી ઇચ્છા તદ્દન વ્યાજબી છે. પ્રત્યેક સ્ત્રી પુરૂષે સદાચારી, નિરોગી અને સબળ સંતતી મેળવવાનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. સંસારજીવન સાથે સંબંધ ધરાવતા ઉપયોગી વિષયો આજથી હું તને યથાક્રમે સમજાવું છું. સુસંતાનોને ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખનાર માબાપોએ પ્રથમ પોતાના યૌવન અને મનને સંયમમાં રાખવું જોઇએ.

પત્ની:–એટલે તમે શું કહેવા માગો છો?

પતિ:–એજ કે, ઋતુની અંદર જેવી રીતે વસંતઋતુ છે, પુષ્પોની અંદર જેવી રીતે ગુલાબ છે, તેવી જ રીતે માનવજીવનમાં યૌવન છે. શૈશવાવસ્થા અને બાલ્યાવસ્થામાં માનવજાતિ જીવનના સર્વોત્તમ સુખને અશક્તિને લીધે અનુભવી શકતાં નથી. અનેક પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન થતી હોવા છતાં શારીરિક તથા માનસિક શક્તિના અભાવથી તે પૂર્ણ

થતી નથી. જીવનનો એ વખતે જોઇએ એવો વિકાસ થયેલો હોતો નથી.

પત્નીઃ—એ વાત ખરી છે.

પતિઃ—વળી પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થાનું પણ એમ જ છે. પ્રૌઢાવસ્થામાં સઘળી શારીરિક અને માનસિક વૃત્તિઓ યથાક્રમે શિથિલ થતી જાય છે, જીવનની પ્રફુલ્લતા મલિન થાય છે તથા ધીમે ધીમે સઘળી ઇચ્છા આકાંક્ષાઓ વિલુપ્ત થઇ જીવ ઉપર કંટાળો ઉપજે છે—આમ છતાં જીવને ટકાવી રાખવાની માયા પ્રથમના કરતાં પ્રબળ થાય છે. મન હમ્મેશાં ઉત્કંઠિત રહેતું હોઈ મૃત્યુનો ભય લાગે છે.

પત્નીઃ—ખરૂં છે. એટલા માટે જ કહેવાય છે કે,

ઘડપણ કોણે મોકલ્યું ? મરણ પગલાને હેઠ;
અંત કાળે જાવું એકલા, કોઇ નહિ આવે કેડ.

પતિઃ—એ વખતે જીવનનાં સઘળાં સુખોનો સમય પસાર થઇ ગયો હોય છે. પ્રૌઢાવસ્થા પછી વૃદ્ધાવસ્થા છે. વૃદ્ધાવસ્થા એ જાણે કે મૃત્યુના આરંભની સ્થિતિ છે: એ વખતે માણસ જીવતું હોવા છતાં કોઈ પણ પ્રકારનું ઐહિક સુખ મેળવવાની એનામાં શક્તિ હોતી નથી. સુખની ઇચ્છા પ્રબળ હોય છે, પાર્થિવ ભોગ ભોગવવાની ઘણી ઇચ્છા થાય છે; પરંતુ શારીરિક અને માનસિક શક્તિઓની શિથિલતાને લીધે સઘળી ઇચ્છાઓ વિફળ થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, માનવજીવનમાં સુખ ભોગવવાનો સમય કેવળ યુવાનીનો છે.

પત્નીઃ—એ વાત કાંઇ ખોટી નથી; હરેક માણસ પોતાની યુવાની લાંબા કાળ સુધી કાયમ રહે એમ ઇચ્છે છે.

પતિઃ—આ સંસારમાં નર નારીઓ યૌવનલાલસા અને યૌવન-

ગર્વથી મત્ત બની જાય છે. તેઓ અભિમાનથી અંધ બની જઇ પોતાને એક વખતે મરવાનું છે એ વાત પણ ભૂલી જાય છે. જુવાનીમાં દિવાનાં બની પાર્થિવ સુખની લાલસાથી તેઓ સારાસારના વિચારનું વિસ્મરણ કરે છે. સહુ યૌવન મેળવવા આતુર હોય છે; યૌવન એ માણસના સુખનો કાળ છે એમ સહુ સમજે છે; છતાં ખરૂં યૌવન કોને કહે છે, મનુષ્ય કયી ઉમ્મરે જીવનના એ સહુથી સુખમય પગથીઆ ઉપર પગલું મૂકે છે એ જાણવાનો પ્રયત્ન આ સંસારમાં કેટલાં માણસો કરે છે? એ સંબંધીની અજ્ઞાનતાથી જ મનુષ્યોને સંસારમાં અપાર દુ:ખ વેઠી ભોગ લાલસાથી વંચિત રહેવું પડે છે તથા રોગશોકથી દુ:ખી થઇ વખત વીતાડવો પડે છે.

પત્ની.–ત્યારે ખરૂં યૌવન કોને કહે છે તથા તેનો આરંભ ક્યારે થાય છે એ મ્હને સ્પષ્ટતાથી સમજાવો.

પતિઃ–વૃક્ષમાં જેવી રીતે બીજ સંકુચિત ભાવથી કાયમ રહે છે, યથાક્રમે માટી, જળ અને તાપની મદદથી એ બીજ મ્હોટા વૃક્ષનો આકાર ધારણ કરે છે, તેવીજ રીતે માણસના મનનું પણ સમજવાનું છે. ધીમે ધીમે આસપાસના સંયોગો તથા વયોવૃદ્ધિની મદદથી એ મનનો વિકાસ થાય છે. દાર્શનિક પંડિતો એમ કહે છે કે, સઘળી માનસિક વૃત્તિઓમાં જડ પરમાણુઓનું આકર્ષણ કરી તેને પોતાનામાં ભેળવી દેવાની શક્તિ હોય છે; તેઓ પોતાના સ્વભાવને અનુસરતાં જડ પરમાણુઓને આકર્ષી તેની મદદથી વિવિધ પ્રકારના કાર્ય કરે છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો એ વખતે માનવનાં અંગ પ્રત્યંગ પૂર્ણતા પ્રાપ્ત કરે છે. શરીરના એકાદ અંગને સ્પર્શ થતાં જ લાલસા સતેજ થાય છે એ વાત સહુ કોઈ જાણે છે. એ સઘળાં કોમળ અંગો સાથે માનસિક વૃત્તિનો વિશેષ નિકટનો સંબંધ છે એ સ્પષ્ટ અનુભવી

શકાય છે. વળી યૌવનની સાથેજ એ સઘળાં અંગો પૂર્ણતા પ્રાપ્ત કરતાં જોવામાં આવે છે. એ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે, સઘળી માનસિક વૃત્તિઓનો,-મુખ્યત્વે કરીને યુવાવસ્થામાં જે સઘળી વૃત્તિઓ પ્રબળ થાય છે તેમની સાથે સઘળાં શારીરિક અંગોનો અધિક સંબંધ છે.

પત્ની:-હજી એ વાત હું બરાબર સમજી શકી નથી.

પતિ:-એ હું સમજાવું છું. યૌવનનો મુખ્ય સંબંધ શરીર સાથે નહિ પણ મન સાથે છે. શરીરમાં યૌવનનાં સઘળાં ચિહ્ન હોય એટલે માણસ યૌવનમાં પ્રવેશ કરે છે એમ નથી, વળી જેનામાં યૌવનનાં ચિહ્ન ન હોય અગર કોઇ કારણથી નાશ પામ્યાં હોય તેનું યૌવન નાશ પામ્યું છે એમ પણ કહી શકાય નહિ. માણસ ઇચ્છા કરે એ વખતે યૌવનને વહેલું અગર મોડું લાવી શકે છે. ઘણી વખતે દશ અગર અગીઆર વર્ષની બાળકીમાં યૌવનનાં સઘળાં ચિહ્ન જોવામાં આવે છે; એ ઉપરથી તેણે યૌવનમાં પ્રવેશ કર્યો છે એમ કહી શકાય કે ? એ ખરૂં યૌવન નથી.

પત્ની:-ત્યારે એવાં ચિહ્નો જોવામાં આવતાં શું સમજવું જોઇએ ?

પતિ:-એજ કે, એવી માનસિક વૃત્તિઓમાંની યૌવનની સઘળી વૃત્તિઓને તેણે ઉત્તેજિત બનાવી દીધી છે તથા એ કાર્યમાં તેને બીજા કોઇની મદદ મળી છે. જો મનને બીજાની મદદ ન મળી હોત, જો બીજા કોઇએ મનના સ્વાભાવિક કાર્યમાં હાથ ન નાખ્યો હોત તો તે ધીમે ધીમે વિકસિત થઇ ખરા વખતે યૌવન લાવત. એવું યૌવનજ લાંબા વખત સુધી ટકી શકે છે. જો જાણી જોઇને યૌવન જલ્દી લાવવામાં આવે છે તો તે વિશેષ વખત સુધી ટકતું નથી; કેમ કે, વૃત્તિઓ

પરિપક્વ થતાં પૂર્વે તેઓ કાર્યમાં રત થાય છે તો જલ્દી દુર્બળ બની જાય છે.

પત્નીઃ—તેથી જ આપણા દેશનાં નરનારીઓ અકાળે જુવાનીનું સુખ ગૂમાવી બેસે છે, કેમ ?

પતિઃ—હા. ઉદાહરણથી હું તને એ વાત સમજાવું છું. માણસ સુરાપાન કરે છે એટલે અમુક વખત સુધી તે ઘણું બળવાન જણાય છે; પરંતુ એ તેનું ખરૂં બળ નહિ હોવાથી તેનું તેજ મન ઘણા સમય સુધી ધારણ કરી શકતું નથી. જે મદ્યથી થોડા વખત પૂર્વે મહા બળવાન જણાય છે તેજ થોડા વખત પછી તેની સ્વાભાવિક સ્થિતિ કરતાં પણ વિશેષ દુર્બળ દેખાય છે. ક્રોધ ઉત્પન્ન થતાં માણસ પોતાના સ્વાભાવિક બળ કરતાં ઘણું બળ દર્શાવી શકે છે; પરંતુ એ તેનું ખરૂં બળ છે એમ કહી શકાય કે ? ઉલટું એવી ઉત્તેજના મન વિશેષ સમય સુધી સહન નહિ કરી શકતું હોવાથી તે જલ્દી અવસન્ન બની જાય છે.

પત્નીઃ—પરંતુ યૌવન અકાળે લાવી શકાતું નથી એમ કેટલાંક માણસો ધારે છે.

પતિઃ—એમની એ ધારણા ભૂલ ભરેલી છે. માનસિક વૃત્તિઓના કાર્યથી જે મત્તતા ઉપજે છે એજ યૌવનનો વિકાસ છે. એ વૃત્તિઓ જ અકાળે યૌવન લાવી શકે છે. જેમ ક્રોધ અને સુરાપાનથી વિશેષ બળ આવે છે, બાળકમાં યુવકનું અને વૃદ્ધમાં પ્રૌઢનું બળ આવે છે તેમ બાળિકામાં યૌવનનો વિકાસ કેમ ન થાય ? છતાં એટલું અવશ્ય યાદ રાખવું જોઇએ કે, ક્રોધથી ઉત્પન્ન થયેલું બળ સ્થાયી રહેતું નથી, એ બળને સ્થાયી કરવાની ઇચ્છા મૂઢતા છે. તેવી જ રીતે બાળિકામાં

અકાળે આવેલા યૌવનને સ્થાયી કરવાની ઇચ્છા પણ નકામી છે. ઉલટું અકાળે યૌવનની મત્તતા ઉત્પન્ન થવાથી જલ્દી દુર્બળતા આવે છે, મનમાં વિષાદભાવ અને વિરક્તિ ઉપજે છે તથા વૃદ્ધાવસ્થા મોઢા વખત પૂર્વે આવી માનવદેહમાં દર્શન દઇ નર નારીને મૃત્યુ તરફ ખેંચી જાય છે.

પત્નીઃ–ત્યારે અકાળે યૌવન લાવવાનો પ્રયત્ન કરવો એ મૃત્યુને આમંત્રણ કરવા જેવુંજ સમજવું જોઇએ.

પતિઃ–એમાં શો શક? એટલા માટેજ એમ કહ્યું છે કે, યૌવન માટે શરીર તરફ જોવું વૃથા છે. ખરૂં યૌવન ક્યારે શરૂ થાય છે એ જાણવા માટે મન તરફ વિશેષ ધ્યાન આપવું જોઇએ. પ્રયત્નપૂર્વક મનને વિષયસુખના વિચારોથી દૂર રાખવું જોઇએ. બ્રહ્મચર્યનો મહિમા સમજી શૃંગાર ચેષ્ટાઓથી અલગ રહેવું જોઇએ, સદ્ગ્રંથોનું અધ્યયન કરી મનને સંયમમાં રાખતાં શીખવું જોઇએ.

પત્નીઃ–એમ કરવાથી ખરા વખતે આવતા યૌવનમાં હરકત ન થાય કે? યૌવન યથાર્થ સમયે નહિ આવતાં પ્રૌઢાવસ્થામાં આવે તો તેની ઉત્તેજનાથી વૃદ્ધાવસ્થા વહેલી ન આવે કેમ?

પતિઃ–આ સમજ ખોટી છે. સ્વભાવની ગતિને કોઇ અટકાવી શકતું નથી. ઇશ્વરી કિંવા પ્રકૃતિના નિયમ પ્રમાણે જે વખતે થવાનું હોય તે ત્યારે થાય છેજ. એને રોકી રાખવાનું સામર્થ્ય કોઇનામાં નથી. કલમ કરી અગર તો બીજો કોઇ ઉપાય યોજી એક વર્ષમાં આમ્રવૃક્ષ ઉપર ફળ ઉત્પન્ન કરી શકાય; પરંતુ હજારો પ્રયત્ન કરવા છતાં એક વૃક્ષનો ફળ ધારણ કરવાનો વખત ઉપસ્થિત થતાં એને ફળહીન રાખી શકાય કે? યૌવન માટે પણ એમજ સમજવાનું છે.

યૌવન અકાળે ઉત્પન્ન ન થાય એટલાજ હરેક નર નારીએ પ્રયત્ન કરવા જોઇએ, ઇંદ્રિયચિંતાનો ત્યાગ કરવા જોઇએ, લાલસાવૃત્તિનું દમન કરવું જોઇએ, ચિત્તની ચપળ વૃત્તિઓ ઉશ્કેરે એવું સાહિત્ય વાંચવું ન જોઇએ. એમ કરવાથી યૌવન અકાળે આવશે નહિ. યૌવન આવવાનો યથાર્થ સમય ઉપસ્થિત થશે એટલે કોઇ એને અટકાવી શકશે નહિ. એવી રીતે જે યૌવન આવે એજ ખરૂં યૌવન,–જીવનની વસંતઋતુ અને આયુષ્યનો પરમ રમણીય વખત છે.

પ્રકરણ ૨ જું

યૌવનનો વિકાસ.

પતિ:–યૌવનકાળમાં મનની કયી વૃત્તિઓ પ્રબળ થાય છે એ આજે હું તને સમજાવું છું. મનની સઘળી વૃત્તિઓ અને હૃદયની સઘળી વૃત્તિઓ યૌવનકાળમાં પરિસ્ફુટ થાય છે; તેમાંની કેટલીક તો અત્યંત પ્રબળ સ્વરૂપ ધારણ કરે છે. યૌવનનું એક મુખ્ય લક્ષણ મનમાં કલ્પનાશક્તિનું પ્રાબલ્ય છે. બાલ્યાવસ્થામા એ કલ્પનાના અસ્તિત્વનો હૃદયમાં અનુભવ થતો નથી. ઉમ્મર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ કલ્પના પણ વધતી જાય છે. મનુષ્યના હૃદયમાં રાત દિવસ જે સઘળા વિચારો ઉપજે છે તેમાંના ઘણા ખરાનો જન્મ કલ્પનામાંથી થાય છે. વળી જ્યારે આપણા પોતાના હૃદયનો ભાવ બીજામાં જોઇએ છીએ ત્યારે કલ્પનાશક્તિ ઉત્તેજિત થાય છે, એથીજ યુવાવસ્થામાં નાટકો જોવામાં અને વાર્તાઓનાં પુસ્તકો વાંચવામાં રસ પડે છે; કેમ કે નાટક અને વાર્તાઓના બનાવો માનસપટ ઉપર વિવિધ પ્રકારનાં ચિત્ર અંકિત કરી કલ્પનાશક્તિને જગાડે છે. યૌવનકાળ હૃદયની

અંદર આત્મતુષ્ટિની વૃદ્ધિ કરે છે. બાલ્યાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં જે વિષયથી આનંદ થતો નથી તે વિષયથી યુવાવસ્થામાં આનંદ થાય છે. જે રસિકતાની વાતથી બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં બિલકુલ હસવું આવતુ નથી એ જ વાતથી યુવાવસ્થામાં હસવું આવે છે. બીજાનામાં અમુક ગુણ જોઇ આપણે તેની પ્રશંસા કરીએ છીએ એ સઘળા ગુણો આપણા હૃદયમાં હોવાનું આપણે ધારીએ છીએ ત્યારે હૃદયમાં સ્વભાવિક રીતે જ એક પ્રકારનો આનંદ ઉત્પન્ન થાય છે. મનસ્તત્વજ્ઞો એને જ આત્મતુષ્ટિ કહે છે. બાલ્યાવસ્થામાં પોતાની ઘણી ઇચ્છા થવા છતાં અશક્તિને લીધે અમુક ઇચ્છાઓ પૂર્ણ કરી શકાતી નથી—અનેક પ્રસગે બાળક પોતાની દુર્બળતા અનુભવે છે. એના હૃદયમાં આત્મતુષ્ટિ જો કદાચ હોય તો તે ઘણા થોડા પ્રમાણમાં અને અપરિસ્ફુટ હોય છે. પ્રૌઢ અને વૃદ્ધ સ્થિતિમાં પણ નરનારી પોતાની દુર્બળતાને લીધે આત્મતુષ્ટિ મેળવી શકતાં નથી; પરંતુ યૌવનમાં જ હૃદયમાં મત્તતાનું પ્રાબલ્ય હોય છે, એ વખતે સઘળી માનસિક વૃત્તિઓનો પૂર્ણ વિકાસ થયેલો હોય છે, બળ વધેલું હોય છે, પોતે કોઇ પણ રીતે બીજાથી ન્યુન નથી એવા ભાવનો અંતરમાં ઉદય થયેલો હોય છે; એ ભાવને જ અહંકાર અગર માત્સર્ય કહે છે; માત્સર્ય અને આત્મતુષ્ટિ બન્ને યૌવનનાં મુખ્ય લક્ષણ છે.

પત્નીઃ—પરંતુ તમે જે મત્તતાની વાત કહી એ હું બરાબર સમજી શકી નથી.

પતિઃ—હૃદયની સઘળી વૃત્તિઓનું વિશેષ ઉત્તેજિત થવું એનું જ નામ મત્તતા છે. યુવાવસ્થામાં હૃદયની સઘળી વૃત્તિઓ પૂર્ણતા પ્રાપ્ત કરી સ્વાભાવિક રીતે જ ઉત્તેજિત થાય છે. એ વખતે તેઓ પોતે પોતાના કાર્યમાં તત્પર રહે છે. એથી જ યુવાન નર નારીઓને આળસુ થઇ

બેસી રહેવું ગમતું નથી, તેમને ગમે તે કાર્યમાં ગુંથાઇ રહેવાની ઇચ્છા થાય છે. બીજા વખતે કોઇ પણ કાર્ય કરવા નરનારી સહેલાઇથી ઉત્તેજિત બની જતાં નથી; પરંતુ યૌવનમાં તેઓ જે કાર્યમાં ગુંથાય છે તેમાં જ વિભોર કિંવા લીન બની જાય છે.

પત્ની:—એવી મત્તતા અગર ઉત્તેજનાથી નરનારીના શરીરમાં કાંઇ ફેરફાર થાય છે કે?

પતિ:—હા. એ મત્તતાને લીધે જ યુવાનીનાં સઘળાં લક્ષણ શરીરમાં દેખાય છે. મનુષ્યના શરીરમાં બે જાતની શિરાઓ ફેલાયલી છે. એક જાતની શિરાઓ ઘણી પાતળી અને બીજી જાતની થોડી જાડી હોય છે. પાતળી શિરાઓમાંથી એક પ્રકારનો સરલ પદાર્થ શરીરમાં ફરે છે એને વિજળીનો પ્રવાહ કહે છે. બીજી જાડી શિરાઓમાંથી લોહી ફરે છે. હૃદયમાં કોઇ વૃત્તિની ઉત્તેજના થતાં એ વિજળીનો પ્રવાહ, વેગથી વહે છે. એના રહેઠાણનું મુખ્ય સ્થળ મસ્તક છે, હરેક વખતે એ જીવજાતિના મસ્તકમાં કાયમ રહે છે. વળી પૃથ્વીના સઘળા પદાર્થોમાં વિજળી છે. એ વિજળીનો એક મુખ્ય ગુણ એ છે કે, તે કદાપિ અસમાન સ્થિતિમાં રહી શકતી નથી. બે પદાર્થ નજીક આવતાં જો એક પદાર્થ વિશેષ હોય છે તો તેમાંની વિજળીનો પ્રવાહ બીજા પદાર્થમાં ભળી જાય છે તથા એવી રીતે બન્ને પદાર્થ સમાન થાય છે. માનવના મસ્તકમાં જે વિજળી છે તે પણ એવી રીતે બીજા પદાર્થમાં જાય છે. શરીરનાં જે સ્થળોએ વિશેષ વિજળીની જરૂર છે એ સ્થળોએ દયામય પ્રભુ વાળ ઉગાડે છે; કેમ કે વાળ વિજળીની ગતિને રોકી શકે છે. એથી જ દાઢી મુછો બાલ્યાવસ્થામાં નહિ નીકળતાં યુવાવસ્થામાં નીકળે છે. પુરૂષની માફક નારીજાતિ માટે પણ એવો જ નિયમ છે. સ્ત્રીજાતિ સંતાન ઉત્પન્ન કરી

શકે તેમ હોવાથીજ તેના સ્તનોમાં દૂધ ઉત્પન્ન થાય છે દૂધ ઉત્પન્ન થતાં પૂર્વે એ સ્થળે વિજળી વહેતી હોય છે. વિજળીના પ્રવાહની માફક લોહીનો પ્રવાહ પણ એ તરફ વહે છે એથી માંસનો વધારો થઇ સ્તન હૃષ્ટપુષ્ટ થાય છે.

પત્નીઃ-તમે જે સ્વાભાવિક યૌવનની વાત કહી તેનું રક્ષણ કેવી રીતે કરી શકાય છે?

પતિઃ-યૌવન એ સુખનો વખત હોવાથી પ્રત્યેક નરનારી તેને લાંબા વખત સુધી ટકાવી રાખવા ઇચ્છે છે, આમ છતાં દેશના દુર્ભાગ્યે યૌવન ક્યારે આવે છે અને ક્યારે ચાલ્યું જાય છે એની કોઇને ખબર પડતી નથી. યૌવનના પૂર બહારમાં આવેલી સ્ત્રીઓ આપણા દેશમાં ઘણી થોડી જોવામાં આવે છે. યુવકોની પણ એવીજ દશા છે. તેઓ યુવાવસ્થાના આરંભમાંજ ઉત્સાહશૂન્ય બની જાય છે, આજે જે દશ વર્ષની બાળિકા હોય છે તે બે ચાર વર્ષમાંજ જાણે સ્થૂળ શરીરવાળી પ્રૌઢા જેવી દેખાય છે. આજે જે બાળક નાચતો કૂદતો હોય છે તે બે ચાર વર્ષમાં સંસારમાં પ્રવેશ કરી આરોગ્ય વિષયની અજ્ઞાનતાથી અનુચિત વિહાર અને અતિવિહારથી પોતાના તન મનની પાયમાલી કરી નાખે છે. અપક્વ ઇન્દ્રિયોનો ઉપયોગ કરવાથી તેનું શરીર દુર્બળ, મન નિર્બળ અને ચિત્ત વિપણ્ણ બની જાય છે.

પત્નીઃ-ત્યારે યૌવન વિશેષ કાળ ટકતું જ નથી એમ સમજવું જોઇએને?

પતિઃ-ના. જો દુનિયાના સઘળા દેશોમાં એવું જોવામાં આવત તો યૌવન વિશેષ વખત ટકતું નથી એમ માની શકાત; પરંતુ ખરી વસ્તુસ્થિતિ ઉલટી છે. ચાળીસ વર્ષની ઉમ્મરની ઇંગ્રેજ રમણીના

યૌવનનું લાવણ્ય કાયમ રહેલું કેમ જોવામાં આવે છે ? એના હૃદયમાં યૌવનનું તેજ, ઉત્સાહ, કલ્પના, મત્તતા કેમ દેખાય છે ? ચાળીસ વર્ષની ઉમ્મરે પણ તે એક સોળ વર્ષની નવયુવતી જેવી જણાય છે. એ ઉમ્મરે કાઇ કાઇ ઇંગ્રેજ રમણી પ્રેમલાલસાથી મત્ત બની વિવાહ માટે 'કાર્ટસીપ' કરતી નજરે પડે છે. બીજી તરફથી જોતાં આપણા દેશમાં બાર તેર વર્ષની બાળિકા, તેના યૌવનનો વિકાસ થતાં પૂર્વે સંતાનની માતા થઈ ચાળીસ વર્ષની ઉમ્મર થતાં સુધીમાં તો પુષ્કળ સંતાનોને જન્મ આપે છે. આમ હોવાથી આ દુ:ખી દેશનાં નરનારીઓ યુવાવસ્થાનું યથાર્થ સુખ કેવી રીતે અનુભવી શકે ? કેવળ ઇંગ્રેજ સ્ત્રીઓ પોતાનું સ્વાસ્થ્ય સાચવી શકે છે એમ નથી; ઇંગ્રેજ પુરૂષોનું પણ તેમજ છે. પચાસ વર્ષની ઉમ્મરનો એક ઇંગ્રેજ આપણા દેશના પચીસેક વર્ષની ઉમ્મરના યુવક જેવા ઉત્સાહી, આનંદી અને કર્ત્તવ્યપરાયણ જણાય છે.

પત્ની:–એનું શું કારણ હશે ?

પતિ:–શરીરને તંદુરસ્ત, સબળ અને ઉત્સાહી રાખવાનું મુખ્ય સાધન વ્યાયામ કિંવા કસરત છે. ઇંગ્રેજો કામકાજથી પરવારી ક્રિકેટ અગર ફૂટબોલની રમતો રમે છે: સૂર્યોદય થતાં પૂર્વે અને સંધ્યાકાળે ખુલ્લી હવામાં ફરવા જાય છે. એ લોકોમાં યૌવનસુલભ એક પ્રકારની મત્તતા હમ્મેશાં જોવામાં આવે છે. આપણે લોકોના દેખતાં દોડાદોડી કરતાં શરમાઇએ છીએ એનું કારણ એ છે કે, આપણામાં યૌવનથી ઉત્પન્ન થતી મત્તતાનો અભાવ હોય છે. જો આપણામાં એવી મત્તતા હોત તો વ્યાયામનાં નિર્દોષ કાર્યોથી આપણે કદાપિ લજ્જિત થાત નહિ. આપણે ત્રીસ વર્ષની ઉમ્મરે વૃદ્ધ થઇ જઇએ છીએ ત્યારે ઇંગ્રેજ સાઠ વર્ષના થવા છતાં યુવક જેવા ઉત્સાહી

દેખાય છે. આપણે જ્યારે અકાળે વૃદ્ધ થઈ મૃત્યુની રાહ જોઈએ છીએ ત્યારે ઇંગ્રેજ અતિ આનંદથી વિવાહ કરી પરમ ઉત્સાહથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. હવે આપણે જલ્દી નિર્બળ કેમ બની જઈએ છીએ એ હું સમજાવું છું. આ પૃથ્વીમાં દ્રવ્યનો ક્ષય શાથી થાય છે? આ સંસારનું કોઈ દ્રવ્ય કિંવા પદાર્થ સ્થાયી નથી. પૃથ્વીના સઘળા પદાર્થ ચક્રની માફક ફરતા જોવામાં આવે છે. એ પ્રકૃતિનો નિયમ છે. કુદરતના એ કાનુનને અનુસરી હરેક પદાર્થ અમુક અમુક કામ કરતો જોવામાં આવે છે, અને એથી જ પ્રત્યેક દ્રવ્યનો ક્ષય થાય છે. જે સ્થળે કામની વિશેષતા હોય છે તે સ્થળે ક્ષયની પણ વિશેષતા હોય છે. માનવ શરીરનું ઉદાહરણ આપી આ વાત હું તને સમજાવું છું. માનવ શરીર કેવી રીતે ચાલે છે? જે પદાર્થનું રક્ષણ કરવા આપણે ઇચ્છીએ છીએ એ પદાર્થ કુદરતના કયા નિયમથી ચાલે છે એ પ્રથમથી જાણ્યા સિવાય તેનું રક્ષણ કરવાનું બની શકતું નથી. આપણે સહુ જાણીએ છીએ કે, શરીરને ટકાવી રાખવા માટે આપણે ખોરાક ખાઈએ છીએ. એ સઘળી ખોરાકની સામગ્રી માણસની હોજરીમાં જાય છે એટલે જમણી બાજૂએ આવેલા લીવરમાંથી પાણી જેવો એક પદાર્થ નીકળે છે. એ પદાર્થ હોજરીમાંના ખોરાકને મળતાં ખોરાકને તરલ બનાવી દે છે. પછી એનો નિરૂપયોગી અંશ મળ મૂત્ર રૂપે બહાર નીકળી જાય છે અને ઉપયોગી અંશનું લોહી બની નસો માર્ફત તે હૃદયનાં ફેફસામાં આવે છે. આપણે શ્વાસ લઈ બહારનો વાયુ ખેંચીએ છીએ. એ વાયુ ફેફસાંના લોહીમાં ભળતાં લોહી તરત જ સ્વચ્છ થાય છે. એનો દૂષિત અંશ (નાઈટ્રોજન) પ્રશ્વાસદ્વારા બહાર કાઢી નાખી, બહારના સ્વચ્છ વાયુ (ઓક્ષીજન)ને ખેંચી હરેક ક્ષણે આપણે એ લોહીને વિશુદ્ધ કરીએ

છીએ. એ સ્વચ્છ થયેલું લોહી જૂદી જૂદી નસો મારફત આખા શરીરમાં વહી શરીરને તેજસ્વી અને સબળ બનાવે છે.

પત્નીઃ–દેહતત્વનો આ સઘળો વિચાર કરતાં મંગળમય પરમાત્માની યોજના માટે ભક્તિભાવ ઉત્પન્ન થાય છે.

પતિઃ–ખરી વાત છે. હવે જો એક માણસ હાલ્યા ચાલ્યા વિના રાત દિવસ એક જ સ્થળે જડ ભાવથી બેસી રહે છે તો તેને વિશેષ ખોરાકની જરૂર પડતી નથી; કેમ કે તેનું શરીર કોઇ પણ હિલચાલ નહિ કરતું હોવાથી તેનો ક્ષય થતો નથી. લોહીને પણ એ તરફ ફરવાની જરૂર પડતી નથી. પછી એવા જડભાવને લીધે જ માણસનું મૃત્યુ થાય છે. એક સ્થળનું જળ કાઢી લેતાં તળાવના બીજા ભાગનું જળ ખાલી સ્થાનમાં ભરાઈ જાય છે એવી જ ક્રિયા લોહીની છે. હાથ પગ હલાવવા ચલાવવાથી એ સ્થળના રક્તનો ક્ષય થાય છે એટલે લોહી એ તરફ વહી જવા માંડે છે. આવી રીતે શરીરમાં હમ્મેશાં નવીન લોહીની જરૂર પડે છે. ખોરાક લેવાથી પુનઃ નવું લોહી તૈયાર થઇ શરીરને પ્રથમની માફક સબળ રાખે છે.

પત્નીઃ–એ વાતનો યૌવનના રક્ષણ સાથે શો સંબંધ છે?

પતિઃ–મ્હારી વાત લક્ષ્યપૂર્વક સાંભળ એટલે આપોઆપ તને ત્હારા આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર મળી જશે. મ્હેં જે હકીકત કહી એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, શરીરના ઉપયોગમાં—વ્યવહારમાં પણ ક્ષય છે. એથી જ યૌવનનો ઉપયોગ કરવામાં પણ ક્ષય છે. શરીરને વિશેષ મહેનત કરાવવાથી અગર તો તેના ઉપર અજ્ઞાનતાથી જુલ્મ ગુજારવાથી હજારો પ્રકારના પુષ્ટિકર આહાર પણ શરીરને સબળ રાખી શકતા નથી; ઉલટું એથી શરીર ધીમે ધીમે ક્ષીણ થાય

છે અને અંતે તેનો નાશ થાય છે. જો નાશ નથી થતો તો હમ્મેશાંને માટે તે રોગોનું મંદિર બને છે. આ ઉપરથી એમ સાબિત થાય છે કે, અતિશય ઉપયોગથી જ મુખ્યત્વે કરીને પદાર્થનો ક્ષય થાય છે: યૌવનનું પણ એમ જ છે. પ્રથમ હું કહી ચુક્યો છું કે, યૌવન યોગ્ય સમયે નથી આવતું તો તે કદાપિ સ્થાયી થતું નથી. હવે તે સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, યોગ્ય સમયે યૌવન આવવા છતાં, અતિશય ઉપયોગ કરવાથી તેનો જલદી નાશ થાય છે. યૌવનનો અતિશય ઉપયોગ એ અતિવિહાર કિંવા પ્રકૃતિવિરૂધ વ્યવહાર છે: અતિશય મત્તતાની ઉત્તેજના કરવાથી જ યૌવનનો ક્ષય થાય છે. અતિશય મત્તતા ઉત્પન્ન થતાં શરીરના વિજળી પ્રવાહનો જે ક્ષય થાય છે તે કોઇ પણ રીતે પૂર્ણ કરી શકાતો નથી અને પરિણામે શરીર અશક્ત તેમજ મન નિસ્તેજ બની જાય છે.

પત્ની:–યુવાવસ્થામાં નરનારીઓની અંતર એવી વિનાશકારિણી ઉત્તેજના શા માટે ઉત્પન્ન થતી હશે?

પતિ:–પ્રકૃતિનો નિયમ જ એવો છે કે, યુવાવસ્થામાં રાગી વૃત્તિઓ પ્રબળ થાય છે. મુખ્યત્વે કરીને એ અવસ્થામાં નરનારીઓ સંતતિ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતાં હોવાથી તેમનાં હૃદયમાં ઇંદ્રિયસુખ ભોગવવાની લાલસા પ્રબળ થઇ જાય છે. એ લાલસાની પ્રબળતાથી મત્તતા ઉપજે છે. એ વખતે હૃદય ઘણું ઉત્તેજિત બની જાય છે, એ પ્રવૃત્તિને જેટલી પોષવામાં આવે છે તેટલા પ્રમાણમાં શરીરની વિજળી શક્તિ ઓછી થાય છે, શરીરનું બળ દૂર થાય છે અને યૌવન સ્વપ્નની માફક ઉડી જાય છે. જેઓ બ્રહ્મચર્ય પાળી ઇંદ્રિયપ્રવૃત્તિનું દમન કરે છે તેમનું યૌવન ઘણા વખત સુધી કાયમ

રહે છે. જેની યૌવન ટકાવી રાખવાની ઇચ્છા હોય, જેની યૌવનનું સ્વર્ગિય સુખ ભોગવવાની ઈચ્છા હોય તેણે ઇંદ્રિયપ્રવૃત્તિને અંકુશમાં રાખવી જોઇએ, સાથે સાથે શરીરને તંદુરસ્ત અને સશક્ત બનાવવા વ્યાયામ કરવો જોઇએ, પૌષ્ટિક ખોરાક ખાવો જોઇએ, તથા વિષયના વિચારોથી પણ દૂર રહેવું જોઇએ.

પ્રકરણ ૩ જું

યૌવન સાથે મનનો સંબંધ.

પત્નીઃ-યૌવનનો મન સાથે અત્યંત નિકટનો સંબંધ છે એવું જે કહેવામાં આવે છે તે ખરૂં છે કે?

પતિઃ-હા. હરેક રોગનું ઔષધ છે, પરંતુ માનસિક રોગનું કોઈ ઔષધ નથી અને એનો કોઇ ચિકિત્સક પણ નથી. આમ હોવાથી કોઈ પણ પ્રકારનો માનસિક વ્યાધિ લાગુ ન પડે એ માટે હરેક સાવધાન રહેવું જોઇએ.

પત્નીઃ-માનસિક વ્યાધિ કોને કહી શકાય?

પતિઃ-જેવી રીતે શરીરના વ્યાધિ અનેક છે તેવી જ રીતે મનના વ્યાધિ પણ અનેક છે. હજી સુધી કોઇ તેની સંખ્યાનો નિર્ણય કરવાંમાં સફળ થયું નથી. હું યુવાવસ્થા સાથે સંબંધ ધરાવતા એક બે માનસિક રોગોની હકીકત તને સમજાવું છું. મન અને હૃદય જૂદાં છે. એ ભિન્નત્વથી ઘણાં માણસો અજ્ઞાન જોવામાં આવે છે. તેઓ મન તથા હૃદયને એક સમજે છે; પરંતુ એ તેમનો ભ્રમ છે. સઘળી કઠિન વૃત્તિઓના આધારસ્થાનને પંડિતો મન કહે છે અને

સઘળી કોમળ વૃત્તિઓ આધારસ્થાનને મન કહે છે ક્રોધ, ભય, બુદ્ધિ, વિવેક, ચિંતા વગેરે કઠિન વૃત્તિઓ છે: અર્થાત્ એ મનની વૃત્તિઓ છે. પ્રેમ, ભક્તિ, સ્નેહ વગેરે કોમળ વૃત્તિઓ હોવાથી હૃદયની વૃત્તિઓ છે.

પત્નીઃ–એ વાત મ્હને બરાબર સમજાવો.

પતિઃ–હું ઉદાહરણ આપી તને સમજાવું છું. પ્રથમ આપણે ક્રોધનો વિચાર કરીએ. અતિશય ક્રોધ ઉત્પન્ન થવો એ માનવ શરીરનો એક કઠિન રોગ છે. એથી મન ઉત્તેજિત થઇ પછીથી દુર્બળ અને ક્ષીણ થાય છે. શરીરની પણ એવી જ સ્થિતિ થાય છે. હરેકને એવો અનુભવ થયો હોય છે કે, ક્રોધ ઉત્પન્ન થતાં માથું જાણે કે ઝડપથી ભમે છે. આખા શરીરમાં અગ્નિ સળગી ઉઠયો એવો ભાસ થાય છે, જ્ઞાનની તથા મનની બીજી સઘળી વૃત્તિઓનાં કાર્ય એકાએક બંધ થઇ જાય છે, શરીરમાં અગ્નિ દોડતો હોય એમ સ્પષ્ટ સમજી શકાય છે. એ અગ્નિથી જ વિજળીના પ્રવાહનો સ્વભાવિક રીતે વિશેષ ક્ષય થાય છે: પરંતુ એ ઘટાડો પૂર્ણ કરવા જેવું બીજું કોઇ કાર્ય એ વખતે થઇ શકતું નથી, વિજળીના પ્રવાહનો ક્ષય થવાથી શરીર દુર્બળ, નિસ્તેજ અને ઉત્સાહશૂન્ય થઇ પડે છે. આમ હોવાથી જ રોગી માણસને નજીવા કારણથી ક્રોધ ઉપજે છે તથા તેનું શરીર ધીમે ધીમે વિશેષ ક્ષીણ થાય છે. તેનું યૌવન અને જીવન કોઇ પણ રીતે સ્થાયી થઇ શકતું નથી.

પત્નીઃ–આપણા અજ્ઞાની દેશમાં દેહતત્વ અને મનસ્તત્વ સંબંધીનું આ સઘળું જ્ઞાન મેળવવાની કોણ પરવાહ કરે છે?

પતિઃ–ક્રોધથી શરીર જેવી રીતે ઉત્તેજિત બની ગરમ થઇ જાય

છે તેવી જ રીતે ભયથી પણ તે ઉત્તેજિત બની સ્વાભાવિક ઉષ્ણતા કરતાં શીતળ થઇ જાય છે. વિશેષ શીતળતાથી પણ ઉષ્ણતાના જેવો ક્ષય થાય છે. જે માણસ નજીવા કારણથી બ્હીએ છે, જેનો સ્વભાવ જ બ્હીકણુ હોય છે તેનું શરીર પણ ધીમે ધીમે ક્ષીણ થઈ જાય છે. અતિશય ભયથી કેટલાંક માણસો હૃદય બંધ પડી જતાં અકાળે મરણને શરણ થયેલાં હરેકે જોયાં હશે.

પત્નીઃ-તમે મનના બે વ્યાધિની વાત સમજાવી; હવે હૃદયના વ્યાધિની વાત સમજાવો.

પતિઃ-હૃદયમાં પ્રેમ એ એક વ્યાધિ છે. સ્વાભાવિક સ્થિતિમાં પ્રેમને વ્યાધિ કહી શકાય નહિ. ક્રોધ અને ભય સ્વાભાવિક સ્થિતિમાં વ્યાધિ ગણાતા નથી. વૃત્તિઓની વિશેષ ઉત્તેજનાને પરિણામે જ તેઓ વ્યાધિનું સ્વરૂપ ધારણ કરે છે. પ્રેમ સંબંધી પણ એમ જ છે. જે સ્થળે પ્રેમ અત્યંત ઉત્તેજિત બની જઇ બીજી સઘળી વૃત્તિઓને ભાંગી નાંખે છે, બુદ્ધિ તથા વિચારશક્તિનો નાશ કરે છે, નરનારી જે સ્થળે પ્રેમજ્ઞાન ભૂલી ઉન્મત્ત બની જાય છે તે સ્થળે પ્રેમને વ્યાધિ સમજવામાં આવે છે. પ્રેમ વ્યાધિનું સ્વરૂપ ધારણ કરે છે એટલે હૃદયનાં સુખશાન્તિનો નાશ થાય છે. વિરહની વેદનાનો અનુભવ થાય છે. હૃદયની એવી સ્થિતિ થતાં શરીર અંદરની વિજળી સ્વાભાવિક રીતે જ અધિક ઉત્તેજિત થઈ તેનો ક્ષય થાય છે. પછી શરીર ક્ષીણ થવા લાગે છે. એ વ્યાધિથી કોઈ કોઈ પ્રસંગે હિસ્ટીરીઆ કિંવા ઉન્મત્તતાનો રોગ લાગુ પડે છે. પ્રેમવ્યાધિનો ભોગ થઈ પડી કોઇ કોઈ અકાળે મરણને શરણ પણ થાય છે.

પત્નીઃ-હૃદયનો બીજો વ્યાધિ કયો છે?

પતિઃ—કલ્પના પણ એક પ્રકારનો વ્યાધિ છે. કલ્પના વિશેષ ઉત્તેજિત થતાં નરનારી મૃગજળ જેવા કૃત્રિમ સુખથી મુગ્ધ બની મન તથા હૃદયની સઘળી વૃત્તિઓનો નાશ કરે છે. એવા પ્રસંગે રાત દિવસ એકાંતમાં બેસી તેઓ આકાશ પાતાળની ચિંતા કર્યા કરે છે. જેમ જેમ વિચારોની અગર ચિંતાની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ સુખ ઉત્પન્ન થવાને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે. એ વખતે ઇચ્છા થવા છતાં કોઇ પણ કાર્ય કરી શકાતું નથી અથવા ઇચ્છા થવા છતાં હૃદયમાંથી દુઃખના મેઘની ગાઢ છાયા દૂર કરી શકાતી નથી. પછી ઉન્માદનો રોગ જન્મે છે. એ ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ઉન્માદ રોગનું મુખ્ય કારણ મસ્તકની પીડા છે. મસ્તક દુર્બળ થયા સિવાય ઉન્માદ રોગ ઉત્પન્ન થતો નથી. વિજળીનો વિશેષ પ્રમાણમાં વ્યય થવાથી જ મસ્તક દુર્બળ થાય છે.

પત્નીઃ—એ વ્યાધિઓ શરીરના વ્યાધિઓ કરતાં પણ ઘણા ભયંકર ગણી શકાય.

પતિઃ—એમાં શો શક? તાત્પર્ય એ છે કે, મન તથા હૃદયની કોઇ પણ વૃત્તિને કદાપિ વિશેષ ઉત્તેજિત થવા દેવી નહિ. ઉત્તેજનાથી જ શરીરનો ક્ષય થાય છે. યૌવનના તેજ તથા બળથી આરંભમાં જે નુકસાન થાય છે તે કદાચ સમજી શકાતું નથી; પરંતુ યૌવનનું તેજ ઉત્તેજનાને લીધે અધિક કાળ પર્યંત ટકતું નથી; દુર્બળતા વિવિધ પ્રકારની ચિંતાઓ સહિત માનવના શરીર તથા મનમાં પ્રવેશ કરી તેને રોગગ્રસ્ત બનાવી દે છે. એવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી કરવામાં આવતો પશ્ચાત્તાપ અફળ થાય છે; આગ લાગ્યા પછી કૂવો ખોદવા જવાથી કાંઇ લાભ થતો નથી. આગ હોવાથી શરૂઆ-

તથી જ મન તથા હૃદયની વૃત્તિઓને અંકુશમાં રાખતાં શીખવું જોઇએ. વિશ્વસંસારમાં સુખી થવા ઇચ્છનાર તથા યોગ્ય સમયે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી સુસંતતિ મેળવવાની ઇચ્છા રાખનાર નવદંપતિએ પોતાનાં શરીર તથા મનને સબળ રાખવાં જોઇએ.

પ્રકરણ ૪ થું

ઇંદ્રિયોનો ઉપયોગ.

પતિઃ–ઇંદ્રિયોનો ઉપયોગ કેવી રીતે નિયમપૂર્વક કરવો જોઇએ એ વિષય જ્યાં સુધી આપણા દુર્ભાગી દેશનાં નરનારીઓ લક્ષ્યમાં નહિ લે ત્યાં સુધી આપણા દેશની પ્રજા તંદુરસ્ત અને સબળ થઇ શકે એવો સંભવ નથી.

પત્નીઃ–ત્યારે આજે તમે કૃપા કરી મ્હને એ મહત્વનો વિષય સમજાવો.

પતિઃ–પહેલાં હું કહી ચુકયો છું કે, ઉત્તેજિત થતી ઇંદ્રિયોનું દમન કરવું એ જ જુવાની જાળવવાનો મુખ્ય ઉપાય છે. આમ છતાં ઇંદ્રિયોનું સંપૂર્ણ દમન તો ન જ કરવું જોઇએ. શરીરનાં સઘળાં અંગોનો યોગ્ય રીતે ઉપયોગ નથી કરવામાં આવતો તો શરીર વ્યાધિમંદિર જેવું બની જાય છે. કેટલાકનું એમ કહેવું છે કે, શરીરનાં સઘળાં અંગોનો ઉપયોગ કરવો એવો કાંઇ નિયમ નથી; પરંતુ આ કથન ભૂલભરેલું છે. દુનિયાના સઘળા ચિકિત્સકો અને જીવનતત્વવેત્તાઓ કહે છે કે, ઇશ્વરી નિયમ જ એવો છે કે, શરીરનાં સઘળાં અંગોનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. એ અંગોનો ઉપયોગ નથી કરવામાં આવતો તો ધીમે ધીમે શરીર ક્ષીણ થઇ જાય છે. નવીન લોહી નિરંતર ઉત્પન્ન

થયા સિવાય શરીર કદાપિ સુખી રહી શકતું નથી. આ ઉપરથી એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, ઇંદ્રિયોનો ઉપયોગ કરવો એ પણ એક સ્વાભાવિક નિયમ છે. એનું સંપૂર્ણ દમન કરવાથી પીડા ઉપજવાનો સંભવ છે.

પત્નીઃ–ઇંદ્રિયોનો ઉપયોગ કેવી રીતે થઇ શકે ?

પતિઃ–એ હકીકત હું તને વિસ્તારથી સમજાવું છું. જુવાનીની સાથે સાથે સઘળી જનનેન્દ્રિયો પૂર્ણતા પામ કરે છે. તથા તે સાથે તેનો ઉપયોગ કરવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થાય છે. પ્રથમ હું કહી ચુકયો છું કે, જુવાની અકાળે પણ આવે છે; છતાં હમણાં એ ક્ષણસ્થાયી દૂષણીય જુવાનીની વાત હું કરતો નથી. ખરી જુવાનીનાં વિષયનો જ અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે. ખરી જુવાનીની સાથે સાથે ઇંદ્રિયોનો ઉપયોગ કરવાની વૃત્તિ પ્રબળ થાય છે. જુવાનીનો આરંભ થતાં સ્ત્રીજાતિના ઋતુકાળ કિંવા રજોદર્શનનો આરંભ થાય છે અને પુરૂષજાતિની જનનેન્દ્રિયમાંથી વીર્ય નીકળે છે. એ બન્ને જુવાનીની શુરુઆત થયાનાં ચિહ્ન હોવાથી એને વ્યાધિ ગણી શકાય નહિ. આમ છતાં એવા વખતે ઘણા કાળ સુધી ઇંદ્રિયોનું દમન કરવામાં આવે છે, તો યુવકોને વીર્યસ્રાવનું દુઃખદાયક દરદ લાગુ પડે છે. ઇંદ્રિયોનું વિશેષ દમન કરવાથી એ દરદ વધતું જાય છે. અને છેવટે પુરુષનું આખું શરીર લેવાઇ જાય છે–અશક્ત થઇ જાય છે.

પત્નીઃ–સ્ત્રીઓ જુવાનીમાં આવ્યા પછી અધિક કાળ સુધી ઇંદ્રિયદમન કરે તો શું થાય છે ?

પતિઃ–એવી સ્થિતિમાં સ્ત્રીને ક્ષીણતાનો રોગ (ગ્રીન સિકનેસ) લાગુ પડે છે. એ રોગથી શરીર ધીમે ધીમે ફીકું પડી જઇ દુર્બળ બને છે, શરીરનું સઘળું તેજ અદૃશ્ય થઇ જાય છે, ભોજન ઉપર અરૂચિ થાય છે. પછી એ રોગ વધી જતાં 'મુર્ચ્છા' કિંવા હિસ્ટીરીઆનું દરદ

લાગુ પડે છે. મુર્ચ્છા રોગમાંથી ઉન્મત્તતા રોગનો જન્મ થયેલો ઘણાં ઉદાહરણોમાં જોવામાં આવે છે. સઘળી સ્ત્રીઓને આવી પીડા થાય એવો કાંઈ નિયમ નથી. કેટલીક સ્ત્રીઓને ઇંદ્રિયદમન કરવાથી થોડા દિવસ રોગ ભોગવવો પડે છે; પછી પાછો એ રોગ દૂર થાય છે. એનો અર્થ એ છે કે, સ્વભાવના સઘળા નિયમ સ્થિતિને અનુસરે છે.

પત્નીઃ—એ વાત મ્હને બરાબર સમજાવો.

પતિઃ—જગતમાં જે સ્થળે આપણે જે કાંઇ જોઇએ છીએ તે દરેક નિયમથી ચાલે છે. નિયમ સિવાય અગર નિયમ વિરુદ્ધ કોઈ કાર્ય થતું નથી. આમ હોવા છતાં એ સઘળા નિયમો કાંઇ ચિરસ્થાયી નથી. સ્વભાવના ફેરફારની સાથે નિયમોમાં પણ ફેરફાર થાય છે. પ્રથમ દૃષ્ટિએ જોવા જતાં આપણને એમજ લાગે છે કે, સઘળાં મનુષ્યો એકજ નિયમને વશ છે. કેમ કે, મનુષ્ય એક જાતીય જીવ છે; પરંતુ ખરી રીતે સંસારમાં આપણે એ નિયમનું ઉલ્લંઘન થતું ડગલે ને પગલે જોઇએ છીએ. જંગલી માણસોનાં શરીરને ટાઢ, તાપ, વૃષ્ટિ લાગતી હોવા છતાં એથી એમને કાંઇ પીડા થતી નથી; પરંતુ આપણને થોડી ટાટ લાગતાં શરદી થઈ આવે છે; એ શરદીમાંથી તાવ પણ આવે છે. એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, સ્વભાવનો નિયમ સ્થિતિને અનુસરે છે. જંગલી માણસોના જીવનક્રમમાં પણ અમુક નિયમો હોય છે તથા એ નિયમોનો ભંગ થતાં તેમને પણ પીડા ભોગવવી પડે છે. આપણા જીવનક્રમનું પણ એમ જ છે. આથી ધનવાનના સંતાન અને દરિદ્રના સંતાનના નિયમમાં ફરક જોવામાં આવે છે. રાજપુત્ર અને દરિદ્રના બાળક માટે એક નિયમ ચાલી શકતો નથી. આથી સ્પષ્ટ સમજાય છે કે, સ્વભાવના સઘળા નિયમ અભ્યાસસાપેક્ષ

છે. દમણાં આપણને જે અનિયમથી પીડા થાય છે તેની ટેવ પાડવામાં આવતાં એ અનિયમ આપણે માટે નિયમ બની જાય છે. પછી તેનાથી કાંઇ પીડા થતી નથી. આમ હોવાથી શુરુઆતમાં ઇંદ્રિયદમનથી જેને પીડાનો અનુભવ થાય છે તે દમનની ટેવ પાડે છે એટલે એ તેને માટે સ્વાભાવિક નિયમ થઇ જાય છે. એવી સ્થિતિમાં ઉલટું ઇંદ્રિયનો ઉપયોગ કરવાથી જ એને પીડા થાય છે.

પત્નીઃ–ત્યારે ઇંદ્રિયદમન કરવાથી પણ નુકશાન થાય ખરું.

પતિઃ–ના, એ સમજ ભૂલ ભરેલી છે. જેવી રીતે ઇંદ્રિયદ કરવાથી પીડા ઉત્પન્ન થવાનો સંભવ છે તેવી જ રીતે ઇંદ્રિયના ઉપયોગથી પણ પીડા ઉપજવાનો સંભવ છે. ઇંદ્રિયદમનથી નરનારીઓને જે સઘળી પીડાઓ થાય છે તે જ પીડાઓ ઇંદ્રિયના ઉપયોગથી થતી જોવામાં આવે છે. ઇંદ્રિયનો ઉપયોગ કરવાથી જ પીડા જન્મે છે એમ નથી, કારણ પ્રત્યેક વસ્તુનો ઉપયોગ કરવો એ સ્વભાવનો નિયમ છે; છતાં ઇંદ્રિયના ઉપયોગથી ઘણાં માણસો રોગદુઃખ ભોગવતાં નજર પડે છે. એવા સ્થળે એમ સ્પષ્ટ સમજવું જોઇએ કે, એ માણસોએ ઇંદ્રિયનો હદ ઉપરાંત ઉપયોગ કર્યો છે. જો તેમણે યોગ્ય રીતે નિયમપૂર્વક વિષય સુખ અનુભવ્યું હોત તો તેમને કદાપી રોગ થ પડત નહિ.

પત્નીઃ–મ્હારો પક્ષ પણ એજ છે કે, ઇંદ્રિયનો યોગ્ય ઉપયોગ કોને કહેવાય?

પતિઃ–આ પ્રશ્નનો ઉત્તર સહેલાઇથી આપી શકાય તેમ નથી, કારણ કે શરીરના કોઇ પણ વિષયમાં અમુક ચોક્કસ નિયમ માણસને લાગુ પડી શકતો નથી. જે પ્રમાણમાં અરીણ ખાવાથી ત

મૃત્યુ થવાનો સંભવ હોય છે તે પ્રમાણમાં અમુક દિવસ સુધી અફીણ ખાવાનો અભ્યાસ પડ્યા પછી ખાવાથી કાંઇ થતું નથી. આમ હોવાથી શરીર સંબંધી શું ઉચિત છે અને શું અનુચિત છે એ કોઇથી કહી શકાય તેમ નથી. એ વિષયનો વિચાર પ્રત્યેક માણસે પોતાની જાતે કરી લેવો જોઇએ. એટલા માટેજ ઇશ્વરે માનવજાતિને બુદ્ધિ આપી છે. પોતાના શરીરને શાથી નુકશાન થશે અને શાથી નહિ થાય એ માણસે પોતાની વિવેકબુદ્ધિથી વિચારી લેવું જોઇએ. વિવેકબુદ્ધિની સલાહ નહિ સ્વીકારતાં જે માણસ સ્વેચ્છાનુસાર વર્તી ઉત્તેજનાને આધીન થાય છે તેને નિયમભંગની શિક્ષા વેઠવી પડે છે. કેટલાક એવા માણસો જોવામાં આવે છે કે, તેઓ અઠવાડીઆમાં બે અગર વધુ વખત સ્ત્રીસંભોગ કરવા છતાં સહજ પણ અશક્ત કિંવા શારીરિક ક્ષતિ અનુભવતા નથી. તે સાથે કેટલાક એવા માણસો પણ જોવામાં આવે છે કે, જેઓ મહિનામાં કેવળ એક વખત સંભોગ કરવા છતાં અશક્તિ અનુભવે છે. આમ હોવાથી સઘળા માણસો માટે એક નિયમ દર્શાવી શકાતો નથી.

પત્નીઃ—આપણા આર્ય ઋષિઓએ એ સંબંધી કાંઇ નિયમ દર્શાવ્યો છે કે?

પતિઃ—હા, સઘળા હિંદુઓ જાણે છે કે, સ્ત્રી રજસ્વલા હોય ત્યારે તેની સાથે સંભોગ કરવો જોઇએ નહિ. એ સિવાય ભગવાન નાગાર્જુને સહવાસનું શાસ્ત્રીય પદ્ધતિથી વર્ણન કરી જણાવ્યું છે કે, સ્ત્રી ઋતુમતી થાય ત્યારે ત્રણ દિવસ સુધી તેના શરીરને સ્પર્શ કરવો જોઇએ નહિ. રજસ્વલા સ્ત્રીને પહેલે દિવસે શાસ્ત્રો ચાણ્ડાલિની કહે છે, બીજે દિવસે પાપિણી કહે છે, અને ત્રીજે દિવસે કુલટા કહે છે. જે પુરુષ ઋતુમતી સ્ત્રીને એ ત્રણ દિવસમાં સ્પર્શ કરે છે તે મહાપાપી

છે, કેમકે, તેનું વીર્ય વૃથા જાય છે. ઋતુના દિવસોમાં સ્ત્રીની યોનિ-માંથી લોહી નીકળતું હોવાથી વીર્ય સ્થિર રહી શકતું નથી. એવી સ્થિતિમાં સંભોગ કરવાથી કેટલાક અસાધ્ય રોગ લાગુ પડે છે. આગળ વધતાં નાગાર્જુન મહાત્મા જણાવે છે કે, એકાદશીને દિવસે સંભોગ કરવાથી આયુષ્ય ઘટે છે. અમાવાસ્યા અને પૂર્ણિમા તિથિઓનો પણ ત્યાગ કરવો જોઇએ. યાત્રા અગર તહેવારના પવિત્ર દિવસે ચૌદશ, આઠમ, રવિવાર તથા સંક્રાંતિને દિવસે પણ સંભોગ કરવો જોઇએ નહિ.

પત્નીઃ–અમાવાસ્યા અને પૂર્ણિમાને દિવસે સંભોગ કરવાથી શું થાય છે?

પતિઃ–અમાવાસ્યાને દિવસે સ્ત્રીઓના શરીરમાં રસની વિશેષતા રહે છે; પૂર્ણિમાને દિવસે જેવી રીતે ચંદ્ર ખીલે છે તેમ એ રસ ખીલે છે અર્થાત્ વધે છે. એ દિવસે જો પુરુષ સંભોગ કરે છે તો તેના વીર્યનો નાશ કરે છે, એવા વીર્યથી જો કદાચ ગર્ભ રહે છે તો સંતાન દુર્બળ, રોગી અને અલ્પાયુ થાય છે.

પત્નીઃ–ત્યારે પુરુષે ક્યારે સહવાસ કરવો જોઇએ?

પતિઃ–ઋતુદર્શન થયા પછી ચોથે દિવસે સ્ત્રી શુદ્ધ થાય છે; માટે એ દિવસથી સોળ દિવસ સુધીમાં પુરુષે સંભોગ કરવો જોઇએ. તેમાં પણ હું કહી ચુક્યો છું એ દિવસો બાદ કરવા જોઇએ.

પત્નીઃ–સંભોગ માટે કયો વખત અનુકૂળ છે?

પતિઃ–એ વાત પણ હું તને સ્પષ્ટ રીતે સમજાવું છું. જે પુરુષો દિવસે સંભોગ કરે છે તેઓ મૂર્ખતાથી પોતાની શક્તિ ઘટાડે છે; એવા પુરુષનાં સંતાનો પણ દુર્ભાગી થાય છે. રાતનો વખત સંભોગ

માટે ઇષ્ટ લેખાય છે. રાત્રિના પ્રથમ પ્રહરે સંભોગ કરવાથી થતાં સંતાન ટુંક વખતમાં મરી જાય છે, બીજા પહોરમાં સંભોગ કરવાથી થતાં સંતાન દરિદ્ર, ભાગ્યહીન અને મુર્ખ નીવડે છે. સંભોગ માટે રાતનો ચોથો પહોર ઉત્તમ છે. એ વખતના સંજોગથી થતાં સંતાન બળવાન, બુદ્ધિવાન, ભક્તિવાન, આયુષ્યવાન તથા શ્રીમંત થાય છે.

પત્નીઃ—સંભોગ કરતી વખતે ઋતુઓનો વિચાર કરવો જોઇએ ખરો કે ?

પતિઃ—હા. શિશિર, હેમંત, વસંત, વર્ષા, શરદ અને ગ્રીષ્મ ઋતુઓ ક્રમશઃ એક બીજીથી ઉતરતી છે. શીતકાળમાં જઠરાગ્નિ પ્રદીપ્ત હોય છે, તેથી પૌષ્ટિક પદાર્થો જલદી પચી શકે છે, તેથી જ શિશિર ઋતુમાં માણસમાં વિશેષ વીર્ય હોય છે. એ ઋતુ વિહાર અગર સંયોગ માટે શ્રેષ્ઠ છે. જે વખતે વનસ્પતિમાં નવીન મહોર, ફળ ફુલ તથા પાન આવે છે એ વખતે હવામાં ઓક્ષીજન (પ્રાણવાયુ) નું પ્રમાણ વિશેષ હોય છે તેથી વિહાર માટે એ ઋતુ પણ સારી છે. ગ્રીષ્મઋતુમાં લોહી તથા વીર્યની સ્થિતિ ગરમીને લીધે સારી હોતી નથી તેથી એ વખતે જેમ બને તેમ લાંબી મુદતે વિહાર કરવો જોઇએ. વર્ષાઋતુમાં વૃષ્ટિ પડતી હોય તથા વિજળીઓ ચમકતી હોય એ વખત વિહાર અથવા સ્ત્રીસંભોગ માટે સારો છે એવો કેટલાક વિદ્વાન ડૉક્ટરોનો અભિપ્રાય છે. તેઓ કહે છે કે, વિજળિક પ્રવાહથી વાતાવરણ શુદ્ધ થયેલું હોયછે, શરીરમાં સ્ફુર્તિ હોય છે અને તેથી કામ પ્રકટ થાય છે.

પત્નીઃ—ઋતુના સોળ દિવસોમાં કયા દિવસોએ સંભોગ કરવાથી પુત્ર સંતાનની પ્રાપ્તિ થાય છે.

પતિઃ—ઋતુના ચોથા, છઠ્ઠા, આઠમા, દશમા, અને બારમા દિવસ સુધીમાં જેટલો મોડો સહવાસ થાય છે તેટલા પ્રમાણમાં સંતાન દીર્ઘાયુ,

નીરોગી, ભાગ્યશાળી, ઐશ્વર્યશાળી અને બળવાન થાય છે. પાંચમા, સાતમા અને નવમા એટલે કે ઋતુના એકી દિવસે સહવાસ કરવાથી મુખ્યત્વે કરી કન્યા જન્મે છે.

પત્નીઃ–સંભોગ માટે કયી સ્ત્રી કયી ઋતુમાં યોગ્ય ગણાય છે?

પતિઃ–ગ્રીષ્મ અને શરત કાળમાં બાળા સ્ત્રી, શીતકાળમાં તરૂણી સ્ત્રી, વર્ષા અને વસંતકાળમાં પ્રૌઢા નારી મૈથુન માટે વિશેષ પ્રશસ્ત છે.

પત્નીઃ–સ્ત્રીજાતિના એ ભેદ મ્હને સમજાવો.

પતિઃ–સોળ વર્ષ સુધીની સ્ત્રીને બાલા કહે છે, પછી સત્તરથી બત્રીસ વર્ષની ઉમ્મર સુધી તરૂણી કહે છે. તેત્રીસથી પચાસ વર્ષ સુધીની સ્ત્રીને પ્રૌઢા કહે છે તથા એકાવન વર્ષથી મ્હોટી ઉમ્મરની સ્ત્રી વૃદ્ધા તરીકે ઓળખાય છે.

પત્નીઃ–સ્ત્રીજાતિને કયી ઉમ્મરથી માંડી કેટલી ઉમ્મર સુધી સંતાનની પ્રાપ્તિ થાય છે?

પતિઃ–જેનો વિવાહ સોળ વર્ષની ઉમ્મરે થયો હોય છે તથા અઢાર અગર વીસ વર્ષની ઉમ્મરમાં જેને સંતાન થાય છે તે સ્ત્રી પચાસ વર્ષની ઉમ્મર સુધી સંતાનોત્પત્તિ કરી શકે છે. એથી મ્હોટી ઉમ્મરની સ્ત્રી સાથે સંભોગ કરવો એ પુરુષ માટે વિષપાન કરવા જેવું છે.

પત્નીઃ–કેવી સ્ત્રીઓ સંયોગ માટે વર્જ્ય ગણાય છે?

પતિઃ–જે સ્ત્રી ઘણા કાળથી પુરુષ પાસે ન ગઈ હોય, કદરૂપી હોય, ક્રોધી હોય, રોગિણી હોય તેની સાથે સંભોગ કરવો જોઇએ નહિ, તે જ પ્રમાણે જે પુરુષ અજીર્ણનો રોગ ભોગવતો હોય, ભયભીત

બનેલો હોય, જે પુરૂષનું મસ્તક અને હૃદય નિર્બળ હોય, જે ભયથી વિહ્વળ હોય, જલંધર વગેરે રોગથી રોગી હોય, ઉપદંશ, પ્રમેહ વગેરે વ્યાધિથી પીડાનો હોય એવો પુરૂષ પણ સંભોગ કરવા માટે અયોગ્ય છે.

પત્નીઃ–સંભોગ કર્યા પછી શું કરવું જોઇએ?

પતિઃ–ઇંદ્રિયોને સાધારણ ગરમ પાણીથી ધોવી જોઇએ. શીતળ જળનો ઉપયોગ કરવાથી અગર શીતળ જળ પીવાથી ઇંદ્રિયની શક્તિ નિર્બળ થાય છે, અને સરદી ગરમીનો રોગ લાગુ પડે છે. સંભોગ કર્યા પછી ગરમ કરેલું મશાલાવાળું દૂધ પીવું હિતકારક છે.

પત્નીઃ–ખરું છે, ગયેલી શક્તિ દૂધ પીવાથી પાછી મેળવી શકાય છે.

પતિઃ–વળી સહવાસ અથવા સંભોગમાં રતિ મુખ્ય છે; એ રતિ ત્રણ પ્રકારની છે.

પત્નીઃ–રતિના એ ત્રણ પ્રકાર કયાં નામથી ઓળખાય છે?

પતિઃ–ઉચ્ચ રતિ, નીચ રતિ અને સમ રતિ. ઉચ્ચ રતિમાં પુરુષ બળવાન અને સ્ત્રી નિર્બળ હોય છે; પરસ્પરમાં રતિવિહારથી પ્રસન્નતા રહે છે. ઉચ્ચ રતિના સંભોગથી મુખ્યત્વે કરીને પુત્ર સંતાનની પ્રાપ્તિ થાય છે. નીચરતિમાં પુરૂષ નિર્બળ અને સ્ત્રી સબળ હોય છે. પરસ્પર ઉદાસીનતા રહે છે, અને કન્યા સંતાનની પ્રાપ્તિ થાય છે. સમાન રતિમાં સ્ત્રી પુરુષનું બળ સરખું હોય છે; પ્રીતિમાં હાનિ રહે છે અને સંતાન નપુંસક થાય છે.

પત્નીઃ–કઇ ઉમ્મરે સ્ત્રી પુરુષ સંભોગ કરવા લાયક ગણાય છે?

પતિઃ–આપણા દેશ કાળનો તથા પ્રકૃતિનો વિચાર કરતાં પંદર

વર્ષથી ન્હાની ઉમ્મરની સ્ત્રી અને વીસ વર્ષથી ન્હાની ઉમ્મરના પુરૂષ વચ્ચે કદાપી સંભોગ થવો જોઇએ નહિ. એ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવે છે તો અકાળે ક્ષણુસ્થાયી જુવાની દેખા દે છે; એકવીસથી પચીસ વર્ષની અંદરના પુરૂષ માટે અને સોળથી વીસ વર્ષની અંદરની સ્ત્રી માટે પંદર દિવસની મુદત સલામતી ભરેલી છે.

પત્નીઃ–એથી વિશેષ સમય સુધી ઇંદ્રિયદમન કરવામાં આવે તો કાંઇ લાભ થાય ખરો કે?

પતિઃ–હા, કેટલાંક સ્ત્રીપુરૂષો ૭ માસ અગર એક વર્ષ સુધી ઇંદ્રિયદમન કરે છે. એટલી મુદત પછી સંભોગ કરવામાં આવે છે તો પુષ્કળ વીર્યના આવિર્ભાવથી સત્વર સુસંતાન પ્રાપ્ત થાય છે. વળી સંભોગ કર્યા પછી જો મન ઉલ્લાસમાં રહે, શરીરમાં સ્ફુર્તિ તથા ચૈતન્ય રહે, વ્યાયામની અભિરૂચિ થાય તથા જનનેંદ્રિય પ્રફુલ્લિત રહે તો સંભોગની આવશક્તા હોઇ તે યોગ્ય રીતે પૂરી પાડવામાં આવી છે એમ સમજવું જોઇએ; પરંતુ સંભોગ કર્યા પછી બેચેની તથા અશક્તિ જણાય તો યોગ્ય સમયે સંભોગ કરી શારીરિક અને માનસિક સ્થિતિને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે એમ જાણવું જોઇએ. એવા વખતે સંભોગ કરવાની મુદત જેમ બને તેમ વિશેષ લંબાવી મનોનિગ્રહ કરવો જોઇએ.

પત્નીઃ–સંભોગ કરતી વખતે દંપતિએ કેવી સ્થિતિમાં રહેવું જોઇએ?

પતિઃ–જો સંભોગ કરતી વખતે સીધા કે ટટાર ઉભા રહેવામાં આવે છે તો પ્રત્યેક સ્નાયુઓને ઘણો શ્રમ પહોંચે છે; બેસવાથી થોડા સ્નાયુઓની ક્રિયા ચાલતી હોવાથી થોડો શ્રમ પહોંચે છે; પરંતુ સુઇ

રહેવાથી સ્નાયુઓને બિલકુલ શ્રમ વેઠવો પડતો નથી તેથી આખા શરીરને આરામ મળે છે. સંભોગ વખતે સઘળી શારીરિક અને માનસિક શક્તિ એક જ ક્રિયા કરતી હોવાથી જો ઉભાં રહી સંભોગ કરવામાં આવે છે તો બમણી શક્તિ વાપરવી પડે છે. એવા વિપરીત સંભોગથી કંપવાયુ ઉપરાંત બરડા અને કમરમાં અસાધ્ય વ્યાધિ થવાનો ભય રહે છે.

પત્નીઃ–ખરી વાત છે.

પતિઃ–વળી બીજી મહત્વની વાત એ લક્ષમાં રાખવી જોઈએ કે, સંભોગ કરતી વખતે શક્તિને કૃત્રિમ ઉપાયોથી ઉત્તેજિત કરવી નહિ. ક્ષણિક ઉત્તેજના લાવવા માટે દારૂ, અફીણ, ભાંગ, ગાંજો, કોકેઇન વગેરે માદક પદાર્થોનું સેવન કદાપિ કરવું જોઈએ નહિ. દંપતિનો નૈસર્ગિક પ્રેમ જ જનનેન્દ્રિયને ઉત્તેજિત કરવા બસ છે. સંભોગ વખતે સુરાપાન કરવાથી જે ગર્ભ રહે છે તેની શારીરિક અને માનસિક સ્થિતિ ઘણી નિર્બળ નિવડે છે. વળી વીર્ય સ્ખલિત થતી વખતે જનનેન્દ્રિયને પાછી ખેંચી લેવાથી અગર સ્ખલિત થએલા વીર્યને રોકી રાખવાથી ઘણું નુકશાન થાય છે. એમ કરવાથી ઇંદ્રિયોના સ્નાયુ અને જ્ઞાનતંતુ નિર્બળ બની જાય છે, તથા પુરુષ ક્રમે ક્રમે શક્તિહીન થાય છે.

પત્નીઃ–કેટલાંક માણસો ગર્ભોત્પત્તિ અટકાવવા રબ્બરની કોથળીનો ઉપયોગ કરે છે એથી કાંઈ નુકશાન થાય છે કે?

પતિઃ–હા, એમ કરવાથી પુરુષને વીર્યસ્રાવ તથા સ્ત્રીને પ્રદરનો વ્યાધિ લાગુ પડે છે.

પ્રકરણ ૫ મું

દંપતિની શય્યા

પત્નીઃ–આજે તમે મ્હને સ્ત્રી પુરુષના બિછાના સંબંધીની જાણવા લાયક હકીકત સમજાવો.

પતિઃ–ત્હેં મહત્વની વાત યાદ આપી છે. સ્ત્રી પુરુષો એક ઘરમાં એક જ બિછાનામાં સુવાનો કરીને સુઇ રહેતાં જોવામાં આવે છે. નિદ્રાથી સઘળું કષ્ટ દૂર થાય છે. નિદ્રાથી જ શરીરનું તથા મનનું સ્વાસ્થ્ય જાળવી શકાય છે.

પત્નીઃ–ખરી વાત છે. સારી ઊંઘ નથી આવતી તો માણસને કાંઈ ચેન પડતું નથી; પરંતુ પતિ પત્ની એક બિછાનામાં સુઇ રહે એથી કાંઈ નુકશાન છે કે ?

પતિઃ–પતિ પત્નીએ એક જ ઓરડામાં જૂદા જૂદા બિછાનામાં સુઇ રહી ઉત્તમ સ્વાસ્થ્ય મેળવ્યાનાં ઘણાં ઉદાહરણો છે; છતાં કોઇ કોઈ સ્થળે સ્ત્રીપુરુષ એક બીછાનામાં સુઇ રહેતાં હોવા છતાં તેથી તેમને કંઇ નુકશાન થતું નથી.

પત્નીઃ–તમે કેવી ગાંડી વાત કરો છો ? સ્ત્રીપુરુષ એક બિછાનામાં કેમ ન સુઇ રહે ?

પતિઃ–એનાં ઘણાં કારણો છે. ઊંઘતી વખતે બન્નેના શ્વાસ પ્રશ્વાસથી વાયુ ઝેરી થાય છે તથા ફેફસાં અને ચામડીમાંથી દૂષિત બાષ્પ નીકળી બન્નેના સ્વાસ્થ્યને બગાડે છે.

પત્નીઃ–તમારા કહેવા ઉપરથી એમ લાગે છે કે, સ્ત્રીપુરુષે એક બિછાનામાં સુઇ રહેવું જોઇએ નહિ.

પતિઃ-પ્રથમ મ્હારી વાત સાંભળી લે. સ્રીપુરુષની ઉમ્મર સરખા હોય તો એક બિછાનામાં સૂઇ રહેવાથી તેમને કાંઇ નુકશાન થતું નથી; પરંતુ રોગી અગર વૃદ્ધ પતિ યુવતી સ્રી સાથે એક બિછાનામાં સૂઇ રહે છે તો નુકશાન થાય છે. એવી સ્થિતિમાં યુવતી સ્રીને વિવિધ પ્રકારના રોગ લાગુ પાડવાનો સંભવ રહે છે. વળી ખાસ કરીને સ્રી અગર પુરુષમાંથી જો કોઇને ક્ષય કિંવા બીજો કોઇ સ્પર્શજન્ય રોગ હોય તો તેમણે એક બિછાનામાં સૂઈ રહેવું જોઇએ નહિ.

પત્નીઃ-હવે હું તમારી વાતનો આશય સમજી. હવે કહો જોઇએ કે, સ્રી પુરુષે કેવા સ્થળે કેવા બિછાનામાં સૂઇ રહેવું જોઇએ ?

પતિઃ-ત્હારા આ પ્રશ્નનો ઉત્તર આપતાં પૂર્વે એકત્ર શયન સંબંધીની બીજી કેટલીક અગત્યની હકીકત કહું છું. જે સ્રી પુરુષો એક જ બિછાનામાં સૂઈ રહે છે તેમનાં મન વિષય ભોગવવા વિશેષ લલચાય છે. જેટલો સંયમ રાખવો જોઇએ તેટલો તેઓ રાખી શકતાં નથી. વળી રાત્રે ૭ કે આઠ કલાક સુધી સ્રી પુરુષને પરસ્પરનાં અંગોનો સ્પર્શ થવાથી દંપતિનાં ચુમ્બકતત્વ (Magnetisny) સમાન થઇ જાય છે, અને તેથી તેમનો પરસ્પર પ્રત્યેનો પ્રેમ તેમજ આકર્ષણ ઓછું થાય છે. પ્રાણિશાસ્રનો એવો એક નિયમ છે કે, સાથે સૂઈ રહેનાર બે માણસમાં એક જણ પોતાની શક્તિનો વ્યય કરે છે તથા બીજું તેનું આકર્ષણ-શોષણ કરે. આમ હોવાથી એકઠાં સૂઇ રહેનાર બે માણસોમાંથી જે માણસ પોતાના તંતુબળને બહાર કાઢે છે એટલે કે શક્તિનો વ્યય કરે છે તે અસ્વસ્થ બની જઇ બિછાનામાં આળોટ્યા કરે છે; તેને સુખશાન્તિદાયિની નિદ્રા આવતી નથી. એ માણસ સ્હવારે બિછાનામાંથી ઉઠયા પછી ચ્હીડીઉં, ઉદાસ અને અસ્વસ્થ જોવામાં આવે છે. જે માણસ એ તંતુબળનો સંચય કરે છે તેને

ગાઢ નિદ્રા આવતી હોઇ સ્હવારે બિછાનામાંથી ઉઠયા પછી તે પ્રફુલ્લ અને શાન્ત જોવામાં આવે છે. હવે કેવા સ્થળે કેવા બિછાનામાં સૂઈ રહેવું જોઇએ તે કહું છું. જે ઓરડામાં હવા અજવાળું આવી શકતું હોય તે સૂઈ રહેવા માટે પસંદ કરવો જોઇએ. ઉત્તમ પ્રકારે હવા આવી શકે તેમ હોય એવા સ્થળે બિછાનાં બિછાવવાં જોઇએ. બિછાનાંઓને દિવસે તડકે સુકવવાં જોઇએ. નિદ્રાવસ્થામાં શરીરમાંથી એક પ્રકારની બાષ્પ નીકળે છે. એ બાષ્પથી શય્યા દૂષિત થાય છે. બિછાનાં તડકે સુકવવાથી એ દોષ દૂર થાય છે. બિછાનાની ચાદર બીજે ત્રીજે દિવસે બદલી નાખવી જોઇએ.

પ્રકરણ ૬ ઠ્ઠું

સુસંતાન મેળવવા માટે ઉપાય

પતિઃ—આજે ત્હારું મ્હોં આમ ચિંતાતુર કેમ બની ગયું છે? જે મુખના હાસ્યથી આખું ઘર પ્રકાશી રહેવું જોઇએ એ પૂર્ણચંદ્ર સમાન મુખ ઉપર આજે મેઘનો અંધકાર છવાયલો કેમ જોવામાં આવે છે?

પત્નીઃ—આજે પ્રમિલાનો પત્ર આવ્યો છે. તેને સંતાન નહિ થતું હોવાથી પત્રમાં તેણે ઘણો અફસોસ દર્શાવ્યો છે. તેની સાસુ વંશરક્ષા માટે પ્રમિલા ઉપર શૉક્ય લાવવા તૈયાર થઈ છે.

પતિઃ—ખરું છે, સ્ત્રી એક સાપણનો જેટલો ભય નથી રાખતી તેટલો ભય શૉકયનો રાખે છે. ગમે તેમ હો, ત્હારી બ્હેન પ્રમિલાનું શરીર કેવું છે? તેની ઉમ્મર બહુ મ્હોટી થઈ છે કે?

પત્નીએ મૃદુ હાસ્ય કરી કહ્યું: "હું કાંઇ વૈદ્ય ડૉક્ટર નથી કે મ્હારી બ્હેનનું શરીર કેવું છે એ તેની નાડી તપાસીને કહી શકું?

તેની ઉમ્મર ફક્ત સોળ વર્ષની છે. શરીર બ્હારથી મજબૂત દેખાય છે; આમ છતાં ઋતુસ્રાવ વખતે તેને કષ્ટનો અનુભવ થાય છે એમ મ્હેં સાંભળ્યું છે.

પતિઃ—આજકાલ આપણા દેશમાં ઘણા ખરાબ રીવાજ ચાલે છે. ન્હાની ઉમ્મરની છોકરીને સાસરે રહેવા દેવી એ ઘણું ખોટું છે. એથી વિવિધ પ્રકારનું નુકશાન થાય છે. જે કન્યાઓ બાળલગ્નનો ભોગ થઈ પડી હોય તેઓ જ્યાં સુધી ઉમ્મર લાયક ન થાય ત્યાં સુધી તેમને સાસરે મોકલવી જોઈએ નહિ. ન્હાની ઉમ્મરે સંસાર માંડવાથી સ્ત્રીની જનનેન્દ્રિય નિર્બળ બની જાય છે અગર સ્ત્રીને સંતાન થતાં નથી.

પત્નીઃ ખરું છે, સંતાન થતાં નથી એટલું જ નહિ પણ સ્ત્રી ઘણા રોગોના ભોગ થઈ પડે છે. જે સ્ત્રીને સંતાન ન થાય એનો જન્મ વૃથા છે.

પતિઃ—નારીજીવનના કર્તવ્ય અને સંતતિરક્ષણ સબંધીનું જ્ઞાન દરેક સ્ત્રી પુરુષને હોવું જોઈએ.

પત્નીઃ—ત્યારે તમે એક એક મ્હને સમજાવો. હું એ હકીકત સમજી લઈ પ્રમિલાને લખી મોકલીશ.

પતિઃ—વંધ્યા તરીકે જીવન ગાળવું એના જેવું દારુણ દુર્ભાગ્ય સ્ત્રી માટે બીજું એક પણ નથી.

પત્નીઃ—સંતાન વગરનું ઘર ફૂલ વગરના બગીચા જેવું છે અથવા પંખી વિનાના પાંજરા જેવું શોભાહીન છે.

પતિઃ—સ્ત્રીજાતિનામાં સંતાન માટે જ સહુથી વિશેષ માયા છે?

પત્નીઃ—ન કેમ હોય? સંસારમાં સંતાનની ખોટ પૂરી પાડી શકે

એવી બીજી કોઇ વસ્તુ નથી. સુખ માટે જેવી રીતે આહાર, પાણી અને વાયુની જરૂર છે તેવી જ રીતે સંતાનની પણ જરૂર છે.

પતિઃ-આ સંસારમાં સેંકડો—હજારો—યુવતીઓના સ્વાસ્થ્યનો ભંગ કુરીવાજોને લીધે થાય છે. પછી તેઓ વિવિધ પ્રકારનાં કષ્ટ વેઠી જીવનને ભારરૂપ સમજી અકાળે મરણને શરણ થાય છે યા તો જીવનાં સુધી દુઃખ વેઠે છે. આજકાલ બીજા દેશોની સાથે સરખામણી કરતાં આપણા દેશમાંજ નિર્બળ સ્ત્રીઓની સંખ્યા વિશેષ છે. આજકાલની સ્ત્રીઓ વિશેષ પરિશ્રમ પણ કરી શકતી નથી. તેમની આવી દુર્દશા માટે તેઓ એકલી નહિ પણ પુરૂષો સુદ્ધાં જવાબદાર છે. રમણીકુસુમ અતિશય સુંદર હોવા છતાં પીડાદિ રૂપ કીટ તેમાં પ્રવેશ કરે છે એ ઘણા ખેદનો વિષય છે. વિધાતાનું વિધાન એવું છે કે, સ્ત્રીઓ સંતાનોને જન્મ આપી લોકસંખ્યામાં વધારો કરે; પરંતુ જ્યારે સ્ત્રી વાંઝણી રહે ત્યારે તેના ગર્ભમાં કાંઇ દોષ હોવો જોઇએ એમ જ સમજવું.

પત્નીઃ-સ્ત્રી એક વૃક્ષ સમાન છે. અને સંતાન તેના ફળ સ્વરૂપ છે. જેવી રીતે નિસ્તેજ અને કીટાણુવાળા વૃક્ષ ઉપર સુંદર ફળ થતાં નથી તેવી જ રીતે રોગિણી સ્ત્રીને સુસંતાન જન્મતાં નથી. નિસ્તેજ વૃક્ષ ઉપર મુખ્યત્વે કરીને ફળ થતું જ નથી. ધારો કે, કદાચ ન્હાનું ફળ થાય છે તો તે સ્વાદિષ્ટ હોતું નથી. પરિપક્વ થતાં પહેલાં જ તે જમીન ઉપર પડી જાય છે અને પાકે છે તો પણ ઉપયોગમાં આવતું નથી. દુર્બળ રોગિણી સ્ત્રીને સંતાન જન્મતાં જ નથી, જન્મે છે તો નિર્બળ હોઇ ન્હાનપણમાં જ મૃત્યુ પામે છે તથા દૈવયોગે જીવે છે તો પણ બીમાર રહી દુઃખમાં જીવન પૂર્ણ કરે છે! તાત્પર્ય એ છે કે, કંટકમય વનવૃક્ષ ઉપરથી સ્વાદિષ્ટ ફળ જેવી રીતે

મળતું નથી તેવી જ રીતે રોગી માતાપિતાના સંયોગથી બળવાન અને નિરોગી સંતાનો ઉત્પન્ન થતાં નથી. આ વિષયના અજ્ઞાનથી ઘણાં હસમુખાં બાળકો અજ્ઞાની માબાપને રડાવી કાળમુખનો કોળીઓ થઇ પડે છે! બાળકની માતા થવું એ કાંઈ જેવા તેવા સુખની વાત નથી.

પતિઃ–સંતાન ન થાય તો તેથી હદ ઉપરાંત શોક થતો નથી; પરંતુ થઇને જો મરી જાય છે તો તેથી ઘણો જ ખેદ થાય છે. સંતાનના વિયોગ જેવો શોક વિશ્વસંસારમાં બીજો કોઇ નથી.

પત્નીઃ–વંશના રક્ષણ માટે જેવી રીતે સંતાનોની જરૂર છે તેવી જ રીતે તેઓ બળવાન અને દીર્ઘાયુ જન્મવાની પણ જરૂર છે.

પતિઃ–એમાં કાંઇ સંદેહ નથી. જે સઘળા નિયમો પાળવાથી સુસંતાનો જન્મી તેઓ દીર્ઘાયુ ભોગવે એ નિયમો હરેક સ્ત્રી પુરૂષે જાણવાની અતિશય જરૂર છે. સંતાન થવાની અને તેઓ જીવતાં રહેવાની સરખી જરૂર છે તો પછી ગર્ભસંચાર તરફ વિશેષ નજર રાખવાની પણ જરૂર છે.

પત્નીઃ–તમારૂં કહેવું હું બરાબર સમજી શકી નહિ. તમે કહો છો એ વાત કાંઇ માણસના હાથમાં નથી કે તે તેના તરફ નજર રાખી શકે.

પતિઃ–પ્રથમ તું મ્હારૂં કહેવું સાંભળી લે. ગર્ભાધાન, ગર્ભ ધારણ કરવાની યોગ્યતા અને ગર્ભ ધારણ કરવા યોગ્ય વખત એ સઘળું સમજ્યા પછી સંતાનને જન્મ આપવો જોઇએ. પશુની માફક ઇંદ્રિય સુખ માટે સ્ત્રીગમન કરવું કોઇ પણ રીતે ઉચિત નથી. બાપ અગર માતાના શરીરમાં જો રોગ હોય છે તો એ રોગ વંશાનુક્રમિક સંતાનમાં પણ ઉતરે છે.

પત્નીઃ—ત્યારે માબાપનાં મન સંયોગ વખતે પવિત્ર હોવાં જોઇએ, શરીર નિર્મળ હોવાં જોઇએ ખરું ને?

પતિઃ—હા, એટલા માટેજ આપણાં પ્રાચીન આર્યશાસ્ત્રોમાં ગર્ભાધાનને એક મુખ્ય સંસ્કાર ગણવામાં આવ્યો છે. ગર્ભાધાન સમયના મંત્રનો અર્થ હરેક નરનારીએ જાણવા જોઇએ.

પત્નીઃ—ત્યારે તમે મ્હને એ મંત્રનો અર્થ સમજાવો.

પતિઃ—એનો ભાવ એવો છે કે, અતિ ઉત્તમ, પવિત્ર, આનંદપૂર્ણ, સારાં લક્ષણોવાળું સુસંતાન સ્ત્રીને જન્મો. આવી કામના વાળીનેજ શાસ્ત્રમાં સંતાન ઉત્પન્ન કરવાની વિધિ છે. આપણાં શાસ્ત્ર અનુસાર ગર્ભાધાન થાય છે તો સુસંતાન જન્મે છે.

પત્નીઃ—ત્યારે તો આપણે શાસ્ત્રકારોના ઉપદેશ અનુસાર વર્તવું જોઇએ. આજકાલ અંગ્રેજી અભ્યાસ કરી હિંદુ નરનારીઓ શાસ્ત્રકારોના ઉપદેશ તરફ દુર્લક્ષ્ય કરતાં જોવામાં આવે છે.

પતિઃ—એજ આપણો મ્હોટો દોષ છે. આર્ય ઋષિ મુનિઓએ પુષ્કળ વિચાર કર્યા પછી શાસ્ત્રો રચ્યાં છે. શાસ્ત્રનો ઉદ્દેશ ઘણો મહાન્ છે. પોતાના કુળની વૃદ્ધિ માટેજ ગર્ભાધાન વગેરે સંસ્કારોની વ્યવસ્થા થયેલી છે. સંસારમાં કુળ અને પુત્ર એક મહા વૃક્ષ સમાન છે. इह सर्वस्व-फलिनः कुलपुत्र-महाद्रुमाः । એ કુળ અને પુત્ર રૂપ મહાવૃક્ષથીજ સંસારનાં સઘળાં ફળ ફળે છે.

પત્નીઃ—ઘણાં પુણ્યોને પરિણામેજ સત્પુત્ર જન્મે છે. સત્પુત્રની માતા થવું એ સ્ત્રીજાતિ માટે મહાન્ સૌભાગ્યનો પ્રકાર છે.

પતિઃ—શાસ્ત્ર પણ એમજ કહે છેઃ—

तत्संदर्शनाद्भवं पुण्यं जन्मान्तर-सुखप्रदं ।
सुखप्रदोऽपि सत्पुत्रः प्राणेभ्योऽपि सुनिश्चितम् ॥

પત્ની:-તમારો ઉપદેશ મને ઘણો ગમે છે. આ વિષયની વિશેષ હકીકત સાંભળવાની મ્હારી પ્રબળ ઇચ્છા છે. આવી ઉપયોગી ચોપડીઓ વાંચવાની ખોટી રીતે વાર્તા અને નાટકોનાં પુસ્તકો શા માટે વાંચતી હશે ?

પતિ:-તેમ ન હોય તો પછી દેશની દુર્દશા કેવી રીતે થાય ? આપણા દેશમાં સારી વસ્તુનો જોઇએ એવો સત્કાર ભાગ્યે જ થાય છે.

પત્ની:-ગમે તેમ હો, પણ તમે જે વાત કહેવા માંડી છે એ સંબંધીની સઘળી હકીકત મ્હને બરાબર સમજાવો.

પતિ:-આ વિષય ઘણો ગહન છે. એકદમ બધી હકીકત સાંભળવાથી તું તેને યાદ રાખી શકીશ કે કેમ એ માટે શંકા રહે છે. નારીજીવન સુખી રાખવું હોય, વંશનું રક્ષણ કરવું હોય, સુસંતતિ મેળવવી હોય તો સહુથી પ્રથમ વિવાહ અને શરીરની તંદુરસ્તી તરફ ધ્યાન રાખવું જોઇએ. આજે વાતમાં ને વાતમાં વખત ઘણો વીતી ગયો છે તેથી આજે વાત બંધ કરીએ છીએ. કાલે આ વાતને લગતો બીજો એક મહત્વનો વિષય હું તને સમજાવીશ.

પ્રકરણ ૭ મું

વિવાહથી જ વંશનું રક્ષણ થાય છે.

'कार्येषु मंत्री करणेषु दासी,
धर्मेषु पत्नी क्षमया धरित्री ।
स्नेहेषु माता शयनेषु रंभा,
रंगे सखी लक्ष्मण ! सा प्रियामे ॥

પતિ:-पुत्रार्थे क्रियते भार्या. સંતાનપ્રાપ્તિ એ જ વિવાહનો મુખ્ય

ઉદ્દેશ છે. પરમેશ્વરે આ મહત્ કાર્ય માટે સ્ત્રી અને પુરુષની ઉત્પત્તિ કરી છે. સંતાનોને જન્મ આપી તેમનું રક્ષણ કરવાનું કાર્ય સ્ત્રીએ બજાવવાનું છે.

પત્નીઃ–અમે તો એમ જ સમજીએ છીએ કે, સંસારી થઇ રાંધવું, ઘરકામ કરવું એ જ સ્ત્રીજાતિનું કર્તવ્ય છે. સંસારનું કામ આટોપના અમે અમારું કામ આટોપાયું સમજીએ છીએ.

પતિઃ–એ સમજ ભૂલભરેલી છે. સ્ત્રીએ ઘરનું કામકાજ કરવું જોઇએ એ ખરું છે: પરંતુ તેનું મુખ્ય કર્તવ્ય વંશનું રક્ષણ કરવાનું છે. સંસારમાં સ્ત્રી આનંદરૂપિણી તથા સકળ સુખનું મૂળ છે. દયા, માયા વગેરે જે સઘળા સારા ગુણ છે એ ગુણોથી ઈશ્વરે સ્ત્રીજાતિના હૃદયને શોભાવ્યું હોય છે. સ્ત્રી સંકટ સમયે સ્વામીનું રક્ષણ કરે છે, દુઃખી વખતમાં સાંત્વન આપે છે. સ્ત્રી પતિ પાસે સ્વર્ગની દેવી અને આનંદપ્રતિમા લેખાય છે.

પત્નીઃ–એ તો જાણ્યું ઠીક, હવે જે હકીકત જાણવા જેવી હોય તે મ્હને જણાવો.

પતિઃ–વિવાહ કરતાં પહેલાં પુત્ર તથા કન્યાના વંશ જોવો જરૂરનો છે. વિચારી જો કે, તું આંબાઓ રોપે તો શું કરે? જે વૃક્ષનું ફળ સારું, સ્વાદિષ્ટ અને મ્હોટું હોય તે વૃક્ષ અર્થાત્ આંબાના ગોટલાઓને જ તું રોપે. ખરાબ બીજ રોપી સારા ફળ મેળવી શકાય છે કે?

પત્નીઃ–ના. સારી વસ્તુ છોડી ખરાબ વસ્તુનો ઉપયોગ શા માટે કરવો જોઇએ?

પતિઃ–ઘણાં મૂર્ખ માણસો એવો ઉપયોગ પણ કરે છે. વિવાહ કાર્યમાં આજકાલ વરવધૂની યોગ્યતા કરતાં લક્ષ્મીની યોગ્યતા તરફ

વિશેષ લક્ષ્ય આપવામાં આવે છે. ઘણા માણસો તંદુરસ્ત કુટુંબની દરિદ્ર કન્યાનો ત્યાગ કરી લક્ષ્મીવલ્લભની નિર્બળ કન્યાનો હાથ સ્વીકારે છે. વિવાહ એ ઘણો ગંભીર વિષય છે. કેવળ ધન સંપત્તિ નહિ જોતાં, પવિત્ર લોહી અને પવિત્ર કુળ શીલ જોઇને જ વિવાહ કરવો ઉચિત છે.

પત્નીઃ–આપણા દેશનાં કેટલાં માણસો એ તરફ ધ્યાન આપે છે ? સહુ કોઇ પૈસાપાત્ર શોધે છે. કુળ શીલ, શુદ્ધ, શોણિત આરોગ્ય એ મુહત્વના વિષયો તરફ દુર્લક્ષ થતું જોવામાં આવે છે. હવે હું સમજી શકી છું કે, નિરોગી ગરીબ વર સારું; પરંતુ દુર્બળ પૈસાદાર વર ખોટું.

પતિ.–ખરું છે. જો ઊંડી દૃષ્ટિથી જોવામાં આવે તો આરોગ્ય એજ આ સંસારમાં ખરું ધન છે અને તેથી જ એમ કહેવામાં આવે છે કે પહેલું સુખ તે જાતે નર્યા. જેઓ લક્ષ્મીના લોભથી પોતાના વંશના સ્વાસ્થ્યનો વિનાશ કરે છે તેમના જેવાં દુર્ભાગી મહાપાપી બીજાં કોઈ નથી. સ્વાસ્થ્ય આગળ તુચ્છ ધનનું કાંઇ મૂલ્ય નથી.

પત્નીઃ–મુખ્યત્વે કરીને સંતાનને માબાપનું સ્વાસ્થ્ય વારસામાં મળે છે. એથી જે માબાપ રોગી હોય છે તો સંતાન દુર્બળ થાય છે. માબાપના રોગોનું કષ્ટ અબોધ, નિર્દોષ સંતાનોને પણ ભોગવવું પડે છે.

પતિઃ–તેથી જ મ્હારું એમ કહેવું છે કે, દરેક રીતનો વિચાર કરીને પુત્ર કન્યાઓનો વિવાહ કરવો જોઇએ રોગ એક વંશમાંથી બીજા વંશમાં ન ઉતરે એ તરફ પણ ધ્યાન આપવું જોઇએ. હું કહી ચુકયો છું કે સ્વાસ્થ્ય અથવા આરોગ્ય આગળ પૃથ્વીની કોઇ પણ સંપત્તિ મૂલ્યવાન્ નથી. જેઓ પ્રકૃત પાત્રમાં પ્રથણ સ્થાપન નથી

કરી શકતાં તેઓ દુર્દૈવનો ભોગ થઇ પડે છે તથા નિર્મળ સુખનો તેમને સહજ પણ અનુભવ થતો નથી. જેઓ કેવળ પૈસાની આશાથી છેતરાય છે તેઓ ચિર કાળ સુધી દુઃખ ભોગવે છે.

પત્નીઃ—આપણે બાળ બચ્ચાંઓનો વિવાહ કરવા ઉતાવળાં બની જઇએ છીએ; પરંતુ તેમના ભવિષ્યના સુખદુઃખનો બિલકુલ વિચાર કરતાં નથી.

પતિઃ—ભવિષ્યનો વિચાર નહિ કરતાં વિવાહ કરવાથી કેટલું દુઃખ ભોગવવું પડે છે એ વિષયનું જ્ઞાન આપણા દેશનાં માણસોમાં નથી. વળી કેવળ વર કન્યાનું સ્વાસ્થ્ય જોઇનેજ તેમનો વિવાહ કરવો જોઇએ નહિ; તે સાથે તેમનાં માતાપિતાનું સ્વાસ્થ્ય પણ જોવું જોઇએ.

પત્નીઃ—તમારી હકીકત જેમ જેમ સાંભળું છું તેમ તેમ વિવાહનું ગુરુત્વ હું સમજી શકું છું. પ્રત્યેક ગૃહસ્થ જો તમે કહો છો તે તે પ્રમાણે વિચાર કરી પુત્ર અગર કન્યાનો વિવાહ કરે તો સંસારનું સુખ ઘણું વધી ગયા સિવાય રહે નહિ.

પતિઃ—એમાં સંદેહ જેવું કંઇ નથી. સ્ત્રી પુરૂષનું સ્વાસ્થ્ય સારૂં હોતું નથી તો વિવાહનો ઉદ્દેશ સિદ્ધ થતો નથી. આજકાલ આપણા દેશનાં માણસોએ વિવાહની ક્રિયાને ઢીંગલા ઢીંગલીની રમતનું રૂપ આપ્યું છે પ્રાચીનકાળમાં એમ નહોતું. સંતાનોને જન્મ આપવો, તેમને ઉછેરી મોટાં કરવાં, હમેશાં અતિથિ અભ્યાગત તથા સગાં સંબંધીઓને જમાડવાં, ઘરસંસારનું કામકાજ કરવું. તે ઉપરાંત ધર્મકાર્ય, પરિચર્યા, વિશુદ્ધ રતિ, પિતૃ પુરૂષો તથા પોતાનાં સંતાનોદ્વારા સ્વર્ગ ભોગવવું એ સઘળાં ગંભીર કાર્યો સ્ત્રી સિવાય થઇ શકતાં નથી, મનુ ભગવાને કહ્યું છે કે,

उत्पादनमपत्यस्य जातस्य परिपालनम् ।
प्रत्यहं लोकयात्रायाः प्रत्यक्षं स्त्रीनिबंधनम् ॥
अपत्य-धर्मकार्याणि शुश्रूषा रतिरुत्तमा ।
दाराधीनस्तथा स्वर्गः पितॄणामात्मनश्च ह ॥

પત્નીઃ–એકલી સ્ત્રીથી એ બધાં કાર્યો થઈ શકે કે ? પતિ કાયા અને પત્ની છાયા રૂપ છે.

પતિઃ–એ કાયા અને છાયા અર્થાત્ પતિપત્ની પરસ્પર મળીને ધર્મ, અર્થ તથા કામ વિગેરે સંપાદન કરે એમ શાસ્ત્ર જણાવે છે.

धर्मे अर्थे च कामे च नातिचरितव्यं ।

પત્નીઃ–એટલું બધું શાસ્ત્રજ્ઞાન આજકાલની મ્હારા જેવી સ્ત્રીઓમાં ક્યાંથી હોય ? ગોરદેવના આવી મંત્રોચ્ચાર કરી બે હાથ એક કરે છે એટલે વિવાહની ક્રિયા સમાપ્ત થઈ જાય છે !

પતિઃ–વર કન્યા વિવાહમંત્રનો અર્થ સમજતાં નહિ હોવાથી તેમને એ ક્રિયાની કાંઈ ખબર પડતી નથી. તેનો અર્થ એવો છે કે, 'સૌભાગ્ય નિમિત્ત હું ત્હારો હાથ સ્વીકારું છું. તું મ્હારી સાથે વૃદ્ધ થા. સવિતા પુરન્ધિ વગેરે દેવતાઓએ ઘરની ગૃહિણી તરીકે તને મ્હારા હાથમાં આપી છે. હું લક્ષ્મી વિનાનો છું: તુ લક્ષ્મી છે. ત્હારા સિવાય હું લક્ષ્મીહીન છું. હું સામવેદ છું: તું ઋગ્વેદ છે. હું સ્વર્ગ છું: તું પૃથ્વી છે. તેથી તું મ્હારા તરફ ફર. આપણે વિવાહ કરીએ, આપણે વીર્યનું રક્ષણ કરીએ, સંતાનો ઉત્પન્ન કરીએ. એ સંતાનો દીર્ઘાયુષી થાઓ. આપણું સો વર્ષનું પરમાયુ થાઓ. આપણે એક બીજાં તરફ અનુરાગી થઈએ. આપણે સો વર્ષ સુધી

હવી એ દીર્ઘકાળ સુધી એક બીજાને સંભાળીશું. *

પત્ની:–એ મંત્રો પોપટની માફક નહિ ઉચ્ચારાવતાં બરાબર સમજાવ્યા હોય તો કેવું સારું! એમ કરવાથી ઘણો ઉપકાર થવાનો સંભવ છે.

પતિ:–એ ખરૂં છે. જો સમજવામાં આવે તો માણસ એ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે. હરેક કાર્યના દોષ અને ગુણની સમજ આપવાની ખાસ જરૂર છે.

પત્ની:–ઠીક, હવે કહો જોઇએ કે. બાળક બાળકિઓના વિવાહ ન્હાની ઉમ્મરે કરવાથી શું નુકશાન થાય છે?

પતિ:–ત્હારો આ પ્રશ્ન ઘણો મહત્વનો છે. હું તને તે બરાબર સમજાવું છું. કન્યા ન્હાની ઉમ્મરે સાસરે જાય છે તો તે સાસુસસરાને માબાપની માફક જુએ છે. ન્હાની ઉમ્મરથી પરસ્પર મમતા ઉત્પન્ન થઇ શકે છે. બાલ્યાવસ્થામાં અંતઃકરણ ઘણું કોમળ હોય છે. એ વખતે મનને લતાની માફક ઇચ્છામાં આવે એવી રીતે વાળી શકાય

---

* ॐ गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जरदष्टिर्यथा सः। भगोऽर्यमा देवः सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः। अमोहमस्मि सा त्वं सा त्वमस्यमोहहं सामाहमस्मि ऋक् त्वं द्यौरहं पृथिवी त्वं तावेहि विवहावहै सहरेतो दधावहै प्रजां प्रजनयावहै पुत्रान् विन्द्यावहै बहूंस्ते सन्तु जरदष्टयः संप्रियौ रोचिष्णू सुमनस्यमानौ। पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतम्।

मम व्रते ते हृदयं दधामि मम चित्तमनुचित्तं ते अस्तु।
मम वाचमेकमना जुषस्व प्रजापतिस्त्वा नियुनक्तु मह्यम्॥
प्राणैस्ते प्राणान् सन्दधाम्यस्थिभिरस्थीनि मांसैर्मांसानि त्वचा त्वचम्॥

છે. મ્હોટી ઉમ્મરે એમ બની શકતું નથી; પરંતુ તેથી ન્હાની ઉમ્મરે બાળિકાને સ્વામી પાસે જવા દેવી જોઇએ નહિ.

પત્નીઃ–તમે ઘણી નવાઇ જેવી વાત કહો છો! પત્ની થઇ તે પતિનું મુખ ન જુએ?

પતિઃ–મુખ જોવામાં કાઇ દોષ નથી; પરંતુ ન્હાની ઉમ્મરે ગર્ભ રહેવાથી કેટલું બધું નુકશાન થાય છે એ તું જાણે છે કે? આપણાં ચિકિત્શાસ્ત્રોમાં એવી વિધિ છે કે, પચીસ વર્ષથી ન્હાની ઉમ્મરનો પુરુષ અને સોળ વર્ષથી ન્હાની ઉમ્મરની સ્ત્રી જો ગર્ભાધાન કરે છે તો એ ગર્ભમાંના સંતાનની માતાના ઉદરમાંજ ખરાબી થાય છે અને જો કદાચ તે જન્મે છે તો દીર્ઘ કાળ સુધી જીવતું નથી તથા તેની ઇંદ્રિયો ઘણી દુર્બળ રહે છે.* ન્હાની ઉમ્મરનાં બાળક બાળકાઓનાં વિવાહનો નિષેધ શા માટે કરવામાં આવે છે એ તું હવે સમજી શકી કે? તેથી મ્હારું એમ કહેવું છે કે, ન્હાનપણમાં વિવાહ કરી વર કન્યાને અમુક કાળ માટે અલગ રાખવાં એજ ઉત્તમ છે. વળી જો મ્હોટી ઉમ્મરે વિવાહ કરવામાં આવે છે તો વિશેષ સારું પરિણામ આવે છે; પરંતુ મ્હોટી ઉમ્મરની કન્યાઓ શ્વસુરપક્ષને જોઇએ એવો સંતોષ આપી તેમનો પ્રેમભાવ પ્રાયઃ પ્રાપ્ત કરી શકતી નથી.

પત્નીઃ–તેથી જ આપણા દેશમાં મ્હોટી ઉમ્મરની કુમારિકાઓ તરફ આદરભાવ જોવામાં આવતો નથી. તેઓ જો શ્વસુરપક્ષને તુચ્છ-

---

* ऊनषोडशवर्षायामप्राप्तपञ्चविंशतिः ।
यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः स विपद्यते ।
जातो वा न चिरं जीवेत् जीवेद्वा दुर्बलेन्द्रियः ।
तस्मादत्यन्तबालायां गर्भाधानं न कारयेत् ॥ सुश्रुत ।

ગણી મરજી પડે તેમ વર્તે તો એ ઘણું દુઃખનો વિષય કહેવાય. ન્હાની કન્યાઓ સાસરે જઈ શ્વશુરપક્ષનાં માણસો સાથે જલદી હળીમળી જાય છે.

પતિઃ—આજકાલ બાળવિવાહ ધીમે ધીમે ઓછા થતા જાય છે. હવે લોકો કન્યા અગીઆર બાર વર્ષની ઉમ્મરની થાય છે એટલે જ તેનો વિવાહ કરે છે. એ ઉમ્મરે વિવાહ કરી બે ત્રણ વર્ષ સુધી વર કન્યાને અલગ રાખવામાં આવે તો વધારે સારું.

પત્નીઃ—તમારી ગણત્રી બરાબર છે. એ તરફ સમજુ નરનારીઓએ દુર્લક્ષ કરવું જોઈએ નહિ.

પતિઃ—એ ગણત્રી પ્રમાણે વર્તવાથી દેશનું કેટલું બધું કલ્યાણ થઈ શકે તેમ છે એ કહી શકાય તેમ નથી. આપણા પૂર્વજોના વખતમાં ઘણી સારી રીત હતી. એ રીત પ્રમાણે વર્તવામાં જ જનસમાજના શ્રેયનો સમાવેશ થએલો છે. સગોત્રમાં અથવા પિતામહ અને માતામહના વંશમાં ત્રણ પુરુષમાં વિવાહનો નિષેધ છે. વંશનું રક્ષણ કરવા માટે એ ઘણો ઉત્તમ નિયમ છે.

પત્નીઃ—પિતૃ અગર માતૃકુળના ત્રણ પુરુષમાં વિવાહ કરવાથી શો દોષ છે?

પતિઃ—ઘણો દોષ છે. વિચારી જો કે, એક જ જમીનમાં હમ્મેશાં ખેતી કરવામાં આવે છે તો જમીન નિર્જીવ થઈ જાય છે અને પાક સારો નીપજતો નથી. તેવી જ રીતે એક વંશમાં સર્વદા સંતાનો ઉત્પન્ન કરવાથી એ વંશ ધીમે ધીમે ક્ષીણ થઈ જાય છે. જે જાતિમાં એવી વિવાહની રીત ચાલૂ છે તે જાતિમાં કાણાં, લુલાં, લંગડાં, બોબડાં અર્થાત્ વિકળ અંગનાં સંતાનો જન્મે છે. આપણામાં તેમ થતું નથી. એકજ વંશમાં વિવાહ પ્રથા ચાલૂ રહેવાથી વંશ

ખરાબ થઇ જાય છે તેથી આપણાં શાસ્ત્રોએ તેનો નિષેધ કર્યો છે.

પત્નીઃ—ત્યારે તો શાસ્ત્રકારોએ એ ઉત્તમ કર્યું છે. વંશ ઉત્તમ રાખવા હોય તો શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે વર્તવું જોઇએ.

પતિઃ—વળી પુત્ર કન્યાનો વિવાહ કરતી વખતે એક બીજા વિષય તરફ પણ લક્ષ્ય આપવાની જરૂર છે. પોતાનાં સંતાનો સુદૃઢ, નિરોગી અને સુંદર થાય એવી હરેકની ઇચ્છા હોય છે; પરંતુ કેવળ ઇચ્છાથી કાંઇ સફળ થતું નથી. તે પ્રમાણે વર્તન પણ કરવું જોઇએ.

પત્નીઃ—એમાં શો શક! માણસો સમજતાં હોય તો તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે. શું કરવાથી સંતાનો નિરોગી, દીર્ઘાયુષી અને સુંદર થઇ શકે છે?

પતિઃ—ફૂલ અગર ફળ જોઇતું હોય તો જેવી રીતે સારાં બીજ રોપી તેનું પાલન કરવું પડે છે તેવી જ રીતે નિરોગી, દીર્ઘાયુષી અને સુંદર સંતાનો જોઇતાં હોય તો માતા પિતા પણ નિરોગી, નિર્મળ અંતઃકરણનાં અને રૂપવાન હોવાં જોઇએ.

પત્નીઃ—એ ખરું છે; પરંતુ જે માબાપો દેખાવડાં ન હોય તેમને સુંદર સંતાનો નથી થઇ શકતાં કે?

પતિઃ—એ સંબંધી હું તને એક વાત કહું છું. એક માણસનો ચહેરો ઘણો કદરૂપો હતો. થોડા દિવસ પછી તેને એક પુત્ર થયો તે પણ બાપના જેવો બદસુરત હતો એ સંતાન જોઇને માબાપનાં મનને ઘણું દુઃખ થવા લાગ્યું. પછી કોઇ ડૉક્ટરને તેમણે સુંદર સંતાન મેળવવાનો ઉપાય પૂછ્યો. ડૉક્ટરે ઉપદેશ આપ્યો કેઃ—'તમે જ્યારે સૂઇ રહો ત્યારે બન્ને બાજૂએ અને પગ તરફ પણ ત્રણ સુંદર બાળકોની છબીઓ પલંગ ઉપર રાખજો.

પત્નીઃ—એટલે શું?

પતિઃ—એનો અર્થ એવો છે કે, માબાપની પેલી છબીઓ ઉપર નજર પડ્યા કરે તથા પોતાને પણ એવું સુંદર સંતાન થવાની ઇચ્છા રહે. જેવો માબાપના મનનો ભાવ હોય છે તેવાંજ સંતાન તેમને થાય છે. વળી જેઓ સ્વભાવતઃ સુંદર અને સદાચારી હોય છે તેમનાં સંતાનો સુંદર તથા સદાચારી થાય એમાં નવાઇ જેવું શું છે?* આજે વિશેષ વખત નથી; નહિ તો જે જે કારણોથી વંશ ઉત્તમ રહે છે, તે કારણો હું તને કહી સંભળાવત. કાલે હું તને એ સઘળી હકીકત કહી સંભળાવીશ.

પ્રકરણ ૮ મું

વર કન્યાની પસંદગી

'श्यामा सुकेशी तनुलोमराजी ।
सुभ्रूः सुशीला सुगतिः सुदन्ता ।
वेदी-त्रिमध्या यदि पंकजाक्षी ।
कुलेन हीनापि विवाहनीया ॥'

પતિઃ—મેં તને વિવાહની જે વાત કહી છે તેમાં એમ જણાવ્યું છે કે, વિવાહ કરતાં પહેલાં વર કન્યાની પસંદગી કરી જોઇએ; કારણ કે વર કન્યાના વંશના ગુણ દોષ બરાબર જોયા સિવાય તેમનો વિવાહ કરવો કોઇ પણ રીતે ઉચિત નથી.

---

* इच्छेतां यादृशं पुत्रं तद्रूपचरितांश्च तौ ।
चिन्तयेतां जनपदां स्तदाचारपरिच्छदौ ॥ वाग्भट.

પત્નીઃ–એ વાત મ્હારા સ્મરણમાં છે. રોગી, ખરાબ સ્વભાવનાં કિંવા મૂર્ખ બાળક બાળિકાનો વિવાહ કરતાં તેનું પરિણામ કદાપિ સારું આવતું નથી.

પતિઃ–વળી વંશ સારો નથી હોતો તો સંસારમાં કદાપિ સત્કાર્ય કરી શકાતું નથી. એટલા માટે જ વંશ સારો રાખવા માટે આપણાં શાસ્ત્રોમાં વર કન્યાને પસંદ કરવાની વિધિ દર્શાવેલી છે.

પત્નીઃ–એ વિધિ સઘળાં માણસોએ સમજી લઈ તે પ્રમાણે વર્તવું જોઈએ.

પતિઃ–એમાં શો સંદેહ ? મનુ ભગવાને કહ્યું છે કે, પુષ્કળ ધન-સંપત્તિ હોય તો પણ દુરાચારી, પુત્ર સંતાનહીન, મૂર્ખ, રુંવાટીવાળા, અર્શ, ક્ષય, અજીર્ણ, મૃગી, ધવલ અને કુષ્ઠગ્રસ્ત કુળની કન્યાનો પરિત્યાગ કરવો. વિશેષમાં એમ પણ કહ્યું છે કે, ભાઇ વગરની તથા અજ્ઞાત-પિતૃકા કન્યા સાથે વિવાહ કરવો નહિ.

પત્નીઃ–જે કન્યાને ભાઈ ન હોય તે કન્યા સાથે પરણવાથી શો દોષ છે?

પતિઃ–એ જ દોષ છે કે, ભાઇ વગરની સ્ત્રીના ગર્ભથી પુત્ર સંતાન ઉત્પન્ન થવાની આશા ઘણી થોડી રહે છે.

પત્નીઃ–એમ થવાનું કારણ શું છે ?

પતિઃ–કારણ એ જ હોય એમ લાગે છે કે, એ કન્યા માબાપ તરફથી બહુ સંતાનને જન્મ આપવાના ગુણમાં બીજ મેળવી શકતી નથી.

પત્નીઃ–મ્હને પણ એ વાત કાંઇક અંશે ખરી લાગે છે. ઘણા મ્હોટા વંશના લોકમાં કન્યા જ બાપની પાછળ વારસ થતી જોવામાં આવે છે.

પતિઃ—પુત્રને અભાવે જ કન્યા વડિલની સંપત્તિની વારસ થાય છે. જે સબળા એવા વંશની કન્યા સાથે વિવાહ કરે છે એ વંશનો અમુક કાળ પછી લોપ થાય છે. એવા નિર્બળ કુળમાં જ દત્તકપુત્ર લેવામાં આવતા નજરે પડે છે.

પત્નીઃ—કેવો ભયંકર સર્વનાશ! વર કન્યાની પસંદગી માટે આટલી બધી સંભાળ રાખવી જોઇએ?

પતિઃ—અવશ્ય. એટલું જ નહિ પરંતુ વિચારી જુઓ કે. અમુક કુટુંબને અમુક કઠિન રોગ લાગુ પડ્યો છે તથા એ રોગથી એ કુટુંબનાં બાળકો મરી જાય છે એવા કુટુંબના પુત્ર સાથે કોઈ કન્યાનો વિવાહ કરવાથી અથવા કોઈ કુટુંબમાં સ્ત્રીને એવો રોગ હોય એવી સ્થિતિમાં બાળકી અને બાળકનો વિવાહ કરવાથી માતા પિતાના શરીરનાં રોગનાં બીજ મળી જઇને પ્રબળ રોગથી સંતાન ઉપર હુમલો કરી શકે છે. માટે જ ઘણી સાવધાનતાથી વર કન્યાની પસંદગી કરી વિવાહ કરવા જોઇએ.

પત્નીઃ—તમે કહો છો એવી સંભાળ આજકાલ કોણ રાખે છે? માબાપની અજ્ઞાનતાને પરિણામે કેટલા આર્યસંસારો દુઃખના આગાર રૂપ બની ગયા છે!

પતિઃ એ અજ્ઞાનને લીધે જ અસંખ્ય વંશોનો વિનાશ થઇ જાય છે. રોગ, શોક અને દુર્વ્યવહારથી ઘણા વંશો દુઃખપૂર્ણ બની જાય છે. તાત્પર્ય એ છે કે, વર કન્યાના દોષથી જ વંશનો લોપ થાય છે.

પત્નીઃ—વર કન્યાના કયા દોષોથી વંશનો લોપ થાય છે એ કૃપા કરી સમજાવશો કે?

પતિઃ—જે માબાપને મરેલાં બાળક અવતરતાં હોય તેમનાં સંતાન સાથે વિવાહ થતાં વંશનો લોપ થાય છે. એ સંબંધી ગૅલ્ટન નામના એક વિચક્ષણ તત્વદર્શીએ વિચાર કરી જોયો છે કે, બે પરિવારનાં કેવળ એકેક બાળક સાથે વિવાહ કરવાથી વંશરક્ષાની આશા રહેતી નથી.

પત્નીઃ—તેથી જ આપણા દેશમાં જન્મપત્રિકા જોઇ, ગ્રહનક્ષત્રાદિનો યોગ મેળવી વિવાહ કરવાની રીત ચાલુ થઇ હશે!

પતિઃ—હા. એમ જ છે. વરકન્યા સંબંધી એટલું ધ્યાન રાખવું કે, ખુબ લાંબાં, ઘણાં મ્હોટાં અથવા ઠીંગણાં સાથે વિવાહ કરવા ઉચિત નથી.

પત્નીઃ—તેથી શો દોષ છે?

પતિઃ—એથી વંશ ખરાબ થાય છે. ઠીંગણા પુરુષોનાં બાળક મુખ્યત્વે કરી ઠીંગણાં જ થાય છે. હું તને પ્રથમ કહી ચુકયો છું કે, માબાપના શારીરિક અને માનસિક ગુણ દોષ સંતાનમાં ઉતરે છે.

પત્નીઃ—ખરું છે. એટલા જ માટે લોકો સુંદર વર કન્યા શોધે છે. સંતાન અનુકરણકારી જીવ છે. તેથી જ કોઇ સંતાન માબાપનું, કોઇ કાકા કાકીનું તથા કોઇ દાદા દાદીનું અનુકરણ કરે છે તથા કોઈ પૂર્વજના દોષગુણનું અનુકરણ કરતું જોવામાં આવે છે.

પત્નીઃ—વાત ખરી છે. વર અગર કન્યાને હાથે અગર પગે ૭ આંગળાં હોય છે તો તેમનાં બાળકોને પણ ૭ આંગળાં થાય છે. હબસીઓના વાળ બરડ ગુચ્છાદાર તથા શરીર કાળાં હોવાથી તેમનાં સંતાનો પણ તેવાં જ થાય છે.

પત્નીઃ—સારે તો ઉત્તમ વંશ જોઇ વર કન્યાની પસંદગી કરવી જોઈએ. કેવળ બાળક બાળિકાનો રંગ જોઈ વિવાહ કરવો ઉચિત નથી.

પતિઃ– ત્હેં ખરું કહ્યું છે. સંતાનને પિતા અને માતાના વંશના ફળ સ્વરૂપ સમજવું જોઇએ; તેથી જ માના પિતાના કુળની બરાબર તપાસ કર્યા પછી વર કન્યાની પસંદગી કરવી જોઇએ. આ સંબંધી જાણવા જેવી અને સમજવા જેવી ઘણી હકીકત છે. બાકી રહેલી હકીકત હું તને આવતી કાલે સમજાવીશ.

પ્રકરણ ૯ મું

પતિભક્તિ

'धन्या सा जननी लोके धन्यास्सौ जनकः पुनः ।
धन्यः स च पतिः श्रीमान येषां गेहे पतिव्रता ॥'

પતિઃ–સ્ત્રીજાતિને માટે પતિભક્તિ જ પરમ ધર્મ છે. જે ઘરમાં પતિવ્રતા સાધ્વી સ્ત્રીજાતિનો વાસ છે એ ઘરની જનનીને તેમજ જનકને ધન્ય છે! એ શ્રીમાન્ પતિને ધન્ય છે! ખરી રીતે જોવા જતાં પતિ તરફ પત્નીની આંતરિક ભક્તિશ્રદ્ધા નથી હોતી તો સંસારનું બંધન કદાપિ દૃઢ થતું નથી.

પત્ની:-ખરી વાત છે, જે સ્ત્રી પતિની ભક્તિ સેવા નથી કરતી તેનું નારીજીવન વૃથા છે.

પતિઃ–પતિવ્રતા સ્ત્રી સ્વર્ગીય પદાર્થ સ્વરૂપ છે. એ ઉત્કૃષ્ટ પદાર્થ પરમેશ્વરે પુરુષજાતિને અર્પણ કર્યો છે. પુરુષને માટે સ્ત્રી મંત્રી, રત્ન અને અમુલ્યવાન્ હીરાના આકાર સ્વરૂપ છે; પ્રણયિનીનો કંઠસ્વર વીણા જેવો છે; તેનું હાસ્ય અને ચુંબન સ્વામી માટે સ્નિગ્ધ પ્રકાશ છે; સહધર્મિણીનો હસ્ત સ્વામીના અવલંબન સ્વરૂપ છે. સ્ત્રીનો પ્રિ-

શ્રમ પતિના સુખભંડાર સ્વરૂપ છે. સ્ત્રીનો નિયમિત વ્યય પતિની લક્ષ્મીના લીલાનિકેતન રૂપ છે; પતિવ્રતા સ્ત્રીના ઓષ્ઠ વિશ્વાસજનક મંત્રણા-સ્વરૂપ છે. તેનું પવિત્ર વક્ષઃસ્થળ ચિંતા ટાળવાના ઔષધ સ્વરૂપ છે તથા સ્ત્રીની સેવા સ્વામી માટે સ્વર્ગીય આશીર્વાદ સ્વરૂપ છે! સ્ત્રી, પુરુષના જીવન ઉપર આધિપત્ય કરી તેના સુખ તથા આનંદમાં વધારો કરી તેની ચિંતા દૂર કરે છે.

પત્નીઃ—જે ભાગ્યવતી સ્ત્રી પતિભક્તિમાં લીન રહેલી હોય તેને માટે તમારું આ કથન હરેક રીતે ખરું છે.

પતિઃ—સાધ્વી સ્ત્રી પૃથિવીની સઘળી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ છે, અને દુરાચારી સ્ત્રી પુરુષના ભાગ્યમાં કાળસર્પિણી તેમજ ભયંકર શાપ સ્વરૂપ છે.

પત્નીઃ—ખરી વાત છે. કયી રીતે વર્તવાથી સ્ત્રીપતિના અંતરાત્માને પ્રસન્ન કરી શકે છે એ હકીકત આજે મ્હને સમજાવો.

પતિઃ—વિચારી જો કે, એક પુષ્પવૃક્ષ ખરીદી આણ્યું છે. એ પુષ્પવૃક્ષને હમ્મેશાં પાણી પાવામાં આવે, તેની દેખરેખ રાખવામાં આવે તો પછી એ પુષ્પવૃક્ષ અંતરને આનંદિત કરે એવી સુગંધ ફેલાવે છે. એવું થતાં આનંદ ન થાય કે? પછી એ પુષ્પવૃક્ષ ઉપર પ્રેમ ન ઉપજે કે?

પત્નીઃ—ના કેમ ઉપજે? પુષ્પનો આદર કોણ નથી કરતું?

પતિઃ—એવી જ રીતે પતિ પણ મન પ્રાણ રૂપી મૂલ્ય આપી સ્ત્રી સ્વરૂપ પુષ્પવૃક્ષ ખરીદે છે; પરંતુ એ વૃક્ષના પુષ્પમાં જો સ્નેહ, મમતા, સરળતા, પતિભક્તિ વગેરે સૌરભ અને સૌન્દર્ય ન હોય તો એ પ્રેમને પાત્ર ક્યાંથી થઇ શકે? પતિ સ્ત્રી તરફ જેવું વર્તન ચલા-

વતાં સ્ત્રી સુખી થઇ શકે છે તેવું જ વર્તન સ્ત્રીએ પતિ તરફ ચલાવી પતિને સુખી કરવો જોઇએ. એમ કરવાથી જ પતિનો પ્રેમ મેળવી શકાય છે. સ્ત્રીપુરુષ વચ્ચે સદ્ભાવ ઉત્પન્ન થયા સિવાય સંસારમાં કોઇ પણ રીતે સુખી થઇ શકાતું નથી. વળી યથાર્થ પ્રેમ ઉત્પન્ન થયા સિવાય સુસંતતિ થતી નથી.

પત્નીઃ–પ્રેમ સાથે સંતતિનો શો સંબંધ છે ?

પતિઃ–સ્ત્રીપુરુષના મનના ભાવ ઉપર જ સંતાનનું હિત અહિત આધાર રાખે છે. તંદુરસ્તી અને પ્રેમ સિવાય સુસંતતિ ઉત્પન્ન થતી નથી.

પત્નીઃ–એ ખરી વાત છે. સ્ત્રી પુરુષનો પરસ્પર વિશુદ્ધ પ્રેમ નથી હોતો તો તેમના મનમાં શાન્તિ પણ નથી હોતી. મનની અશાન્ત સ્થિતિમાં જે સંતાન થાય છે તે ઘણું કરીને સારું થતું નથી.

પતિઃ–પ્રેમ કહો યા ભક્તિ કહો એ એક જ છે. જે સ્ત્રી અંતઃકરણપૂર્વક પતિ ઉપર પ્રેમ કરતી નથી તેના અંતરમાં પતિ માટે કદાપિ ભક્તિ ઉપજતી નથી.

પત્નીઃ–એ વાત ખરી છે. પતિ તરફ ભકિત ન દર્શાવે એ સ્ત્રીને પાપિષ્ઠા સમજવી જોઇએ. સ્વામી જ સ્ત્રીજાતિનો ગુરુ તથા તેમનો આલોક તેમ જ પરલોકનો આધાર છે. પતિભક્તિ સિવાય સ્ત્રીની અન્ય ગતિ નથી.

પતિઃ–પતિભકિત જ સ્ત્રીજાતિનો પરમ ધર્મ છે. પતિ જ સ્ત્રીનો દેવતા, ગુરૂ સ્ત્રીનો આલોકનો ધર્મ, તીર્થ અને વ્રત છે, તેથી સ્ત્રીએ અન્ય સકળ ધર્મનો ત્યાગ કરી પતિની પૂજા કરવી જોઇએ.

પત્નીઃ–પિતાજી એમ કહેતા હતા કે, છાયા જેવી રીતે દેહની, જ્યોત્સ્ના જેવી રીતે ચંદ્રની, વિજળી જેવી રીતે મેઘની અનુસારિણી

છે તેવી જ રીતે સ્ત્રીએ સ્વામીની અનુસારિણી થવું જોઇએ.

પતિ:–પતિવ્રતા નારીના પુણ્યના બળથી પિતૃકુળ, માતૃકુળ અને શ્વસુરકુળનાં સ્ત્રી પુરુષો સ્વર્ગ સુખ ભોગવે છે.

પત્ની:–યથાર્થ છે. જે સ્ત્રીપુરુષમાં નીતિનું શિક્ષણ નથી તેઓ કદાપિ સુખી થઇ શકતાં નથી. સ્વામી દુર્દશામાં સપડાયલો, રોગી, દુર્બળ, વૃદ્ધ અગર દુઃખી હોય તો પણ સાધ્વી સ્ત્રી કોઈ પણ રીતે તેની અશ્રદ્ધા કરતી નથી.

પતિ:–પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો એ જ છે; પરંતુ અત્યંત ખેદનો વિષય એ છે કે, આજકાલ હિંદુ ગૃહસંસારોમાંથી એ પરમ ધર્મનો લોપ થવા માંડ્યો છે. આજકાલની યુવતીઓ થંડઓાર બાનુઓ છે,–સાક્ષાત સર્પિણીઓ છે. વાતમાં ને વાતમાં મ્હોં ચઢાવી તેઓ કલહ કંકાસ કરે છે, ધણીને રઝળતો મૂકી પિયરમાં પલાયન કરી જાય છે. તેમને બોડીસ, પોલકાં, ફેન્સી સાડીઓ અને મોંઘા અલંકારો પહેરી ટાપટીપથી ફરવાનું ગમે છે. બીચારો ધણી આજકાલની સ્ત્રીના ત્રાસથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારે છે!

પત્ની:–એવી સ્ત્રીને કુળકલંકિની જ કહી શકાય. એવી સ્ત્રીઓ સંસારમાં ભયંકર અશાન્તિ ઉત્પન્ન કરે છે.

પતિ:–અને એ અશાન્તિના અગ્નિથી સંસારનું સકળ સુખ બળીને ખાકસાર થઇ જાય છે.

પત્ની:–આજકાલ પતિભક્તિના અભાવથી જ પાપની વૃદ્ધિ થાય છે. પતિ જ સ્ત્રીજાતિનો મુખ્ય અલંકાર છે. જે ભાગ્યવતી સતી પતિને પ્રસન્ન રાખી સદાચારથી વર્તે છે, પ્રાણ પાથરી પતિની સેવા કરે છે તેનો નારીજન્મ સાર્થક થયો લેખાય છે.

પતિઃ–આજકાલની ધર્મશૂન્ય કેળવણી પામી સ્ત્રીજાતિ તેમના જીવનના મુખ્ય કર્ત્તવ્ય રૂપ પતિભક્તિ રત્નને ગૂમાવી બેસે છે.

પત્નીઃ–ભક્તિ વિના મુક્તિ ક્યાંથી થઈ શકે? પતિસેવા એ જ સ્ત્રીને માટે મોક્ષ મેળવવાનું સાધન છે.

પતિઃ–ઇચ્છાનુસાર પત્ની મળવી એ પુરુષના ભાગ્યના બહુ પુણ્યનું ફળ છે. જે ભાગ્યવાન્ પુરુષ એ પુણ્ય મેળવવા સમર્થ થાય છે તેને માટે આ અસાર સંસાર આનંદધામ સ્વરૂપ બની જાય છે.

પત્નીઃ–રામચંદ્રજીએ અપૂર્વ સ્નેહમયી સીતાદેવીને વિનાં અપરાધે વનમાં કાઢી હતી. ભયંકર વન જંગલમાં એકલી સીતાને પુષ્કળ દુઃખ પડવા છતાં તેની પતિભક્તિમાં લેશ માત્ર ન્યૂનતા આવી નહોતી. તેણે અશ્રુપ્રવાહ વહેવડાવી કેવળ પોતાના ભાગ્યનોજ તિરસ્કાર કર્યો હતો.

પતિઃ–કેવળ રસોઇ બનાવી પતિને ભોજન કરાવ્યાથી અગર તો બીજું ઘરકામ કરી પતિના કાર્યમાં મદદ કરવાથી પતિસેવા પૂર્ણ થતી નથી. પતિ શું કરવાથી સંતુષ્ટ થાય તેમ છે, પતિ સ્ત્રીનો કેવો વ્યવહાર જોવાની ઇચ્છા રાખે છે એ સ્ત્રીએ સદૈવ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવું જોઇએ. પત્નીએ કદાપિ પતિની સ્થિતિથી પોતાની સ્થિતિને ચઢીઆતી કરવાની ઇચ્છા રાખવી જોઇએ નહિ. પત્નીએ નિરંતર પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવું જોઇએ. પતિની રૂચિ, અભિપ્રાય અને અન્ય માનસિક ભાવ સાથે પત્નીએ પોતાના ભાવને એકત્ર કરી દેવાનો યત્ન કરવો જોઇએ. પતિ પત્નીમાં લેશમાત્ર ભિન્નતા હોવી જોઇએ નહિ. તેઓ એકાત્મ સ્વરૂપ છે. સ્ત્રીએ પતિ જે વસ્ત્રાલંકારો આપે તે લઇને સંતુષ્ટ રહેવું જોઇએ. તેણે અધિક લોભ લાલસા રાખવાં જોઇએ નહિ.

પત્નીઃ-ખરું છે. વાસ્તવિક રીતે જોવા જતાં પતિ જ સ્ત્રીનો મૂલ્યવાન્ અલંકાર છે. તેજ સ્ત્રીનું સૌભાગ્યછત્ર છે.

પતિઃ-આપણાં શાસ્ત્રોમાં પણ એમ લખેલું છે કે, જેને પતિ-પ્રેમની પ્રાપ્તિ થઇ છે તેને સઘળી પ્રાપ્તિ થઇ છે; પરંતુ જે સ્ત્રી પતિપ્રેમથી વંચિત છે તેને માટે સંસારની બીજી કોઈ પણ વસ્તુ સુખજનક થતી નથી.

પ્રકરણ ૧૦ મું

ઋતુપરીક્ષાથી વંધ્યત્વ-નિરૂપણ.

पूर्वं पश्येदृतुस्नाता यादृशं नरमंगना ।
तादृशं जनयेत् पुत्रं ततः पश्येत् पतिं प्रियम् ॥

..ીઃ-તે દિવસે તમે એમ કહ્યું હતું કે, ઋતુ જોઇ ગર્ભ રહેશે કે કેમ તે કહી શકાય છે. આજે તમે એ હકીકત મ્હને સમજાવો.

પતિઃ-એ વિષયની હકીકત સમજવા માટે ઋતુ સંબંધી પુષ્કળ જ્ઞાન હોવું જોઇએ. આદ્ય ઋતુ, સહજ ઋતુ, કષ્ટ ઋતુ, ઋતુ સંબંધી પીડા, ઋતુપરીક્ષાથી વંધ્યત્વ નિરૂપણ, આર્ત્તવ (ઋતુ પ્રસંગે જે લોહી નીકળે છે તે) જોઇ જરાયુની પીડા નક્કી કરવી, કેવા આર્ત્તવથી ગર્ભને નુકસાન પહોંચે છે, ઋતુ પ્રસંગે શા નિયમો પાળવા જોઇએ એ બધું સમજ્યા સિવાય ગર્ભ રહેશે કે કેમ એ સમજી શકાતું નથી.

પત્નીઃ-એ બધી હકીકત એક સાથે સમજાવશો તો હું યાદ રાખી શકીશ નહિ. તમે યથાક્રમે એ હકીકત સમજાવો.

પતિ:—સ્ત્રીજાતિના જીવનમાં ત્રીસ વર્ષ સુધી ઋતુકાળ કાયમ રહે છે. એ મુદતની અંદર ઋતુ બંધ થઇ જાય તો કાંઇ પીડા થઇ છે કિંવા ગર્ભ ધારણ કરવાની શક્તિને નુકસાન પહોંચ્યું છે એમ સમજવું જોઇએ.

પત્ની:—ત્યારે જો સ્ત્રી નિયમિત રીતે દૂર ન બેસે તો તેથી ઘણું નુકશાન છે, કે કેમ ?

પતિ:—હા, ઘણુંજ નુકસાન છે. પ્રત્યેક માસે સારી રીતે રજ ના નીકળે તો સ્ત્રી સુસ્થ તેમજ પ્રફુલ્લ મનથી સંસારસુખ ભોગવી શકતી નથી. આ ઋતુની અડચણથી જ ઘણા મોટા માણસોની સ્ત્રીઓ પણ સંતાનનું મોં જોવા કમનસીબ રહે છે. ફળ જોતાં જ જેવી રીતે વૃક્ષની સ્થિતિ સમજી શકાય છે તેવી જ રીતે જરાયુ સુસ્થ તેમજ સંતાન ધારણ કરવા સશક્ત છે કે કેમ એ ઋતુદ્વારા સમજી શકાય છે.

પત્ની:—એટલે ?

પતિ:—પ્રતિ માસે સ્ત્રીને નિયમિત રીતે રજ નીકળતું હોય તો તે ગર્ભમાં સંતાન ધારણ કરી યોગ્ય સમયે સંતાનને જન્મ આપી શકે છે.

પત્ની:—ત્યારે માસિક ઋતુસ્રાવમાં હરકત આવે એટલે ગર્ભને હરકત આવશે એમજ સમજવું જોઇએને ? જો એમ જ હોય તો આરંભથી જ એ રોગની ચિકિત્સા કરાવવી જોઇએ.

પતિ:—ખરું છે. તે સાથે એ પણ ધ્યાનમાં રાખ કે, ઋતુના સમયનો ત્રણ સ્થિતિમાં ભાગ થઇ શકે છે.

પત્ની:—તે કેવી રીતે ?

પતિઃ–તદ્દન પહેલી વખતે ઋતુ દેખાવી. પછી પ્રત્યેક માસે નિયમિત રીતે ઋતુ દેખાવી તથા ગર્ભ ધારણનો વખત ત્રીજી સ્થિતિ ઋતુ બંધ થાય તે છે. ઋતુ બંધ થયા પછી રજ નીકળતું નથી અને ગર્ભ પણ રહેતો નથી. સ્ત્રી પ્રથમ બારથી પંદર વર્ષની ઉમ્મરે રજસ્વળા કિંવા ઋતુમતી થાય છે. અને લગભગ પચાસેક વર્ષની ઉમ્મરે રજોદર્શન બંધ થાય છે.

પત્નીઃ–ત્યારે રજોદર્શનની પ્રથમ સ્થિતિમાં શું કરવું જોઇએ?

પતિઃ–ઋતુદર્શનમાં કોઇ પણ પ્રકારની હરકત ન આવે એ તરફ પ્રત્યેક સ્ત્રીએ પ્રથમથી લક્ષ્ય આપવું જોઇએ. પહેલી સ્થિતિમાં જો અનિયમિતતા થઇ જાય છે તો સ્ત્રીજાતિને વિવિધ પ્રકારની પીડા થવાનો સંભવ રહે છે. બીજી મહત્વની વાત એ છે કે, રજ નિયમિત રીતે નથી નીકળતું તો ગર્ભ રહેવામાં હરકત નડે છે. ત્રીજી સ્થિતિમાં એ લક્ષ્યમાં રાખવાનું છે કે, ઋતુ બંધ થતાં કોઇ પણ પ્રકારનો રોગ હુમલો ન કરી બેસે એવો પ્રયત્ન કરવો.

પત્નીઃ–ત્યારે તો ઋતુની ત્રણે સ્થિતિમાં પુષ્કળ સાવધાન રહેવું જોઇએ કેમ?

પતિઃ–અવશ્ય. એ ત્રણ સ્થિતિમાંથી કોઇ પણ સ્થિતિમાં કાંઇ હરકત આવે છે તો વિવિધ પ્રકારના રોગ સ્ત્રીના શરીરમાં ઘર કરી બેસે છે. ઋતુદર્શનની પ્રાથમિક સ્થિતિ એ સ્ત્રીઓની બાલ્યાવસ્થા અને યુવાવસ્થા વચ્ચેની સીમાની રેખારૂપ છે. એ ઉમ્મરે જ ખરી રીતે જોવા જતાં બાળિકા નારીજીવનમાં પ્રવેશ કરે છે.

પત્નીઃ–એ વાત સત્ય છે. એ ઉમ્મરે સ્ત્રીનું શરીર જાણે કે તદ્દન નવીન રૂપ ધારણ કરે છે.

પતિ:–એ ઉમ્મરે યૌવનનો આરંભ થતો હોવાથી બાળિકાનું શરીર વધે છે, અંગ પ્રત્યંગ પૂર્ણ થાય છે તથા મનના ભાવ તેજ તેમજ ઉન્નત થાય છે. એ વખતથી બાળિકાને યુવતી કહેવામાં આવે છે.

પત્ની:–એ ઉમ્મરે સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે છે કેમ ?

પતિ:–એમાં એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ. પ્રથમ ઋતુનું દેખાવું એ ગર્ભ ધારણ કરવાનો પ્રથમ વખત છે ખરો; પરંતુ યૌવનની એ પ્રથમ અવસ્થામાં સ્ત્રીના શારીરિક અવયવોનો સર્વાંશે વિકાસ થયેલો હોતો નથી. યુવાવસ્થાનો આરંભ થયા પછી બે ત્રણ વર્ષે સ્ત્રી ગર્ભ ધારણ કરે છે તો સારું પરિણામ આવે છે.

પત્ની:–ત્યારે યુવાવસ્થાના આરંભમાં ગર્ભ રહે છે તો નુકસાન થાય છે કે ?

પતિ:–હા, ઘણુ જ નુકસાન થાય છે. યૌવનનો સંપૂર્ણ વિકાસ થતાં પહેલાં સહવાસ કરવામાં આવે છે તો સબળ અંગ દુર્બળ બની જાય છે, શરીર પૂર્ણતા પ્રાપ્ત કરી શકતું નથી. વળી બીજું મુખ્ય નુકસાન એ છે કે, એ સ્થિતિમાં ગર્ભ રહે છે તો પ્રસવ વખતે વિવિધ પ્રકારની વિપદ નડવાનો સંભવ રહે છે.

પત્ની:–એનું કારણ શું ?

પતિ:–એનું કારણ એજ છે કે, પ્રસવ પ્રસંગે શિશુનું મસ્તક સહેલાઇથી બ્હાર નીકળી શકવા જેવું સ્ત્રીનું આંતરિક શરીર બંધાયલું હોતું નથી.

પત્ની:–તેથી જ જેને ન્હાની ઉંમરે પ્રસવ થાય છે તેને ઘણું દુ:ખ ભોગવવું પડતું જોવામાં આવે છે ખરું ને ?

પતિ–દુખ ભોગવવું પડે છે એટલુંજ નહિ પરંતુ કોઇ કોઇ દાખલામાં તો સુવાવડીનું પ્રસવ પ્રસંગે મૃત્યુ સુદ્ધાં થાય છે, કોઈ દાખલામાં ગર્ભમાંનું બાળક મરી જાય છે અને કદાચ બાળક જન્મે છે તો ઘણું જ દુર્બળ રહે છે.

પત્નીઃ–આપણા દુર્ભાગી દેશમાં આટલી બધી હકીકત કોણ જાણે છે ? પુત્ર પુત્રીનો વિવાહ કરતાંની સાથે માબાપ પૌત્રપૌત્રીનું દર્શન કરવાની ઇચ્છા દર્શાવે છે.

પતિઃ–એ ભ્રમને લીધે જ દેશવાસીઓનું ઘણું અહિત થાય છે. અકાળે કોઇ પણ વસ્તુ પરિપક્વ થતી નથી એ હરેક ધ્યાનમાં રાખવું જોઇએ. જે બાળિકાઓનાં ગુહ્ય અંગ પરિપક્વ ન થયાં હોય તેઓ જો સહવાસ કરે છે તો તેમની તંદુરસ્તીનો નાશ થાય છે અને એવી હાલતમાં જો કદાચ સંતાન જન્મે છે તો તે અશકત અને રોગી થાય છે.

પત્નીઃ–હવે હું સમજી શકી કે, ન્હાની ઉમ્મરે ગર્ભ રહેવાથી ઘણું નુકસાન થાય છે.

પતિઃ–એ ઉપરાંત બીજું એક ઘણું મ્હોટું નુકસાન થાય છે; તે એ છે કે એથી વંશનો નાશ સુદ્ધાં થાય છે.

પત્નીઃ–એટલે ?

પતિઃ–એટલે એ જ કે, એવાં અશક્ત અને રોગી સંતાનોનાં વંશજો યથાક્રમે વિશેષ અશક્ત અને રોગી થતાં જાય છે અને પરિણામે તેમની ઉત્પાદક શક્તિ સર્વથા ક્ષીણ થઈ જાય છે.

પત્નીઃ–હવે બરાબર સમજી. પ્રથમ રજોદર્શન થયા પછી બે ત્રણ વર્ષે સ્ત્રીને સ્વામીને ઘેર જવા દેવી જોઇએ. વારું હવે કહો જોઇએ કે, દર મહિને રજોદર્શન થવાનો કાંઇ નિયમ છે કે ?

પતિ–હા, મુખ્યત્વે કરીને પ્રત્યેક માસે સ્ત્રી રજોવતી થાય છે. પહેલી વખતે જે તારીખે જે વખતે તે દૂર બેસે છે તેજ તારીખે અને તેજ વખતે બીજે મહિને પણ તે દૂર બેસે છે. કોઈ કોઈ સ્ત્રી ત્રણ ત્રણ અઠવાડીએ દૂર બેસતી જોવામાં આવે છે; પરંતુ મુખ્યત્વે કરીને સ્ત્રીજાતિ અઠ્ઠાવીસ દિવસને અંતરે દૂર બેસે છે તથા પ્રત્યેક વખતે ત્રણથી પાંચ દિવસ સુધી રજ વહે છે. કોઇ કોઇ સ્ત્રીને દૂર બેઠા પછી આઠ દશ દિવસ સુધી પણ રજ વહેતું જોવામાં આવે છે.

પત્ની–ઠીક, સ્ત્રી નિયમિત રીતે દૂર ન બેસે તો ગર્ભ નથી રહેતો કે?

પતિ–કોઈ કોઇ વખતે અમુક સ્ત્રી નિયમિત રીતે દૂર નહિ બેસતી હોવા છતાં તેને ગર્ભ રહેલો જોવામાં આવે છે; પરંતુ એવા દાખલા ઘણા થોડા હોય છે.

પત્ની–બધા દેશની સ્ત્રીઓ સરખી ઉમ્મરે જ દૂર બેસે છે કે?

પતિ–ત્હારા આ પ્રશ્નમાં ઘણી અજ્ઞાનતા સમાયલી છે. આપણા દેશની બાળિકાઓ બારથી પંદર વર્ષની ઉમ્મરમાં પ્રથમ દૂર બેસે છે. મોજશોખમાં દિવસો ગુજારનારી બાળિકાઓ દશ અગીઆર વર્ષની ઉમ્મરે પ્રથમ દૂર બેસતી જોવામાં આવે છે. ગામડાની બાળિકા કરતાં શહેરની બાળિકા વ્હેલી દૂર બેસે છે.

પત્ની–આપણા દેશની બાળિકાઓ એટલી ન્હાની ઉમ્મરે દૂર કેમ બેસતી હશે?

પતિ–આપણો દેશ ગરમ હોવાથી બાળિકાઓ ન્હાની ઉમ્મરે રજસ્વળા થાય છે. કેટલીક બાળિકાઓ એટલી ન્હાની ઉમ્મરે પુત્રવતી થતી પણ જોવામાં આવે છે. દશ વર્ષની બાળિકાએ સંતાનને જન્મ આપ્યાનાં કેટલાંક ઉદાહરણો પણ આપણા દેશમાં નજરે પડે છે.

પત્નીઃ–એ તો ઘણી ખરાબીની વાત કહેવાય. એથી બાળિકાની તંદુરસ્તી બગડે છે.

પતિઃ–ઠંડા દેશોમાં વીસથી માંડી ત્રીસ વર્ષની ઉમ્મરે સ્ત્રીઓ રજસ્વળા થાય છે. દેશની આબોહવા પ્રમાણે ન્હાની કિંવા મ્હોટી ઉમ્મરે ઋતુ દેખા દે છે; તે સાથે એ પણ યાદ રાખજો કે, જે દેશમાં ન્હાની ઉમ્મરે ઋતુ દેખાય છે તે દેશમાં સ્ત્રીઓ વ્હેલી ઘરડી થઇ જાય છે.

પત્ની–ઋતુના લોહી સંબંધી કાંઇ જાણવા જેવું છે કે?

પતિઃ–હા. એ લોહીના દોષથી જ ગર્ભસંચારમાં વ્યાઘાત જન્મે છે. ઋતુનું લોહી જો કે આકાર અને ગુણમાં ઘણા અંશે શરીરના લોહી જેવું હોવા છતાં ખરી રીતે જોતાં તેમાં ફર્ક છે. ઋતુનું લોહી સારી સ્થિતિમાં સાધારણ લોહીની માફક જામી જતું નથી. એ રક્ત અગર આર્તવ જરાયુની અંદરથી નીકળે છે. શરીરનો કોઇ ભાગ કાપતાં જેવું તાજું લોહી જોવામાં આવે તેવું જ તાજું લોહી ઋતુનું જોવામાં આવે છે. ફર્ક એટલો છે કે, આર્તવ અર્થાત્ ઋતુનું લોહી જામી જતું નથી. જે યુવતીના આર્તવનું લોહી જામી જાય તેને એ લોહી નીકળતી વખતે ઘણું દુઃખ થાય છે તથા જ્યાં સુધી એ દોષ દૂર થતો નથી ત્યાં સુધી સ્ત્રીને ગર્ભ રહેતો નથી. આર્તવનું લોહી જામી જતું હોય તો અગમચેતીથી તેની ચિકિત્સા કરવી જોઇએ. બરાબર ચિકિત્સા કરવામાં આવતાં એ દોષ દૂર થાય છે અને સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે છે.

પત્નીઃ–વારું, ન્હાની ઉમ્મરમાં અટકાવ શા કારણોથી બંધ થઈ જાય છે?

પતિ:–સગર્ભાવસ્થામાં તથા સંતાનોનું સ્તનદૂધ પાઇ પાલન કરવામાં આવે છે એ વખતે તેમ જ જરાયુમાં કાંઈ રોગ લાગુ પડે છે તે વખતે અટકાવ બંધ થઇ જાય છે.

પત્ની:–તે સિવાય બીજું કાંઇ કારણ નથી કે ?

પતિ:–છે, સ્ત્રી ઘણી દુર્બળ હોય છે અથવા તેને કોઇ કઠિન રોગ થયો હોય છે તો અટકાવ બંધ થાય છે.

પત્ની:–ત્યારે સગર્ભાવસ્થામાં પણ કેટલીક સ્ત્રીઓને અટકાવ દેખાય છે તેનું શું કારણ છે ?

પતિ:–કેટલાક વિજ્ઞ ચિકિત્સકોનો એવો અભિપ્રાય છે ખરો; પરંતુ તે ભૂલ ભરેલો જ છે.

પત્ની:–અટકાવ જ્યારે દેખા દે છે ત્યારે પછી એ અભિપ્રાયને ભૂલ ભરેલો કેમ કહી શકાય ?

પતિ:–એનું કારણ એ છે કે, જે વખતે સ્ત્રીને ગર્ભ રહે છે તે વખતથી જ જરાયુનું મુખ બંધ થઇ જાય છે. એ મુખ બંધ થયા પછી અટકાવ ક્યાંથી નીકળી શકે ?

પત્ની:–ત્યારે જે અટકાવ આવે છે તે ક્યાંથી નીકળે છે ?

પતિ:–કોઇ કોઇ વખતે મહિનાને અંતે એક દિવસ અગર એકાદ કલાક માટે એક પ્રકારનું લોહી નીકળે છે ખરું; પરંતુ ખરી રીતે એ આર્તવનું લોહી હોતું નથી. એ લોહી જરાયુમાંથી જ નીકળતું હોવા છતાં તે સ્વાભાવિક લોહી હોય છે–આર્તવનું હોતું નથી.

પત્ની:–તમે હમણાં કહ્યું છે કે, બાળકને સ્તનદૂધ પાઇ ઉછેરતી વખતે અટકાવ બંધ થઇ જાય છે; પરંતુ સઘળી સ્ત્રીઓમાં એમ જોવામાં આવતું નથી.

પતિ:–ખાસ કરીને એ વખતે અટકાવ બંધ રહે છે. અપવાદ નરીકે એવી સ્થિતિમાં એકાદ સ્ત્રી ઋતુમતી અને ગર્ભવતી નજરે પડે છે. એમની સંખ્યા ઘણી થોડી હોય છે તથા કોઇ કોઇની એવી ધારણા હોય છે કે, એવા સમયે ગર્ભ રહેવાથી સ્તનનું દૂધ સુમિષ્ટ અને સ્વચ્છ થાય છે.

પત્ની:–એવી સ્થિતિમાં ગર્ભ રહે એમાં કાંઈ નવાઇ જેવું નથી. ઋતુ દેખાતાં જ સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે તેમ છે એમ સમજવું જોઇએ.

પતિ:–એવી સ્થિતિમાં અર્થાત્ દુગ્ધવતી સ્ત્રી ગર્ભવતી થાય છે તો તેના સ્તનના દૂધનું પ્રમાણ ઓછું થાય છે તથા તેની મિષ્ટતા પણ ઓછી થાય છે.

પત્ની:–રજસ્વળા થયા પછી સ્ત્રીઓએ કેમ વર્તવું જોઇએ તે તો હજી તમે કહ્યું નહિ.

પતિ:–યથાક્રમે હું તને બધી હકીકત કહું છું. સ્ત્રી રજસ્વળા હોય એ સમયે ભૂલેચુકે પણ તેણે જીવહિંસા કરવી નહિ, બ્રહ્મચર્ય પાળવું, ચટાઈ અગર કુશાની શય્યા કરી સૂઈ રહેવુ. પતિનું મુખ જોવું નહિ, માટીના પાત્રમાં અગર પાંદડામાં મગની દાળ અને ભાતનો ત્રણ દિવસ સુધી ખોરાક લેવો. રુદન કરવું નહિ, ચંદન વગેરેનું લેપન કરવું નહિ, નેત્રોમાં અંજન કરવું નહિ, સ્નાન કરવું નહિ, દિવસે સૂઇ રહેવું નહિ, આમ તેમ ભટકવું નહિ, બહુ ઉંચા અવાજ સાંભળવા નહિ, ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ, ઘણો બકવાદ કરવો નહિ, પરિશ્રમ કરવો નહિ, નખ વગેરેથી જમીન ખોતરવી નહિ, પવનના ઝપાટા વિશેષ આવતા હોય એવા સ્થળે બેસવું નહિ. સંતાનપ્રાપ્તિની ઇચ્છા રાખનાર રજસ્વળા નારીએ આ નિયમો અવશ્ય પાળવા જોઇએ.

પત્નીઃ—જે સ્ત્રી આ નિયમોનું ઉલ્લંઘન કરે છે તેને શું થાય છે?

પતિઃ—એ નિયમોનું ઉલ્લંઘન કરવાનો દોષ ગર્ભના સંતાનમાં ઉતરે છે. રજોદર્શન વખતે સ્ત્રી રડે છે તો સંતાનની આંખો ખરાબ થાય છે, નખ ઉતારે છે તો બાળક ખરાબ નખવાળું થાય છે, તેલ વગેરે પદાર્થોનું મર્દન કરે છે તો બાળક દુષ્ટ રોગી થાય છે, ચંદન વગેરેનો લેપ અને સ્નાન કરવાથી બાળક મુખ્યત્વે કરી દુઃખી થાય છે, સુરમો કાજળ કિંવા અંજન લગાવવાથી સંતાન ઘણું કરી આંધળું થાય છે. રજસ્વલા સ્ત્રી દિવસે ઊંઘે છે તો સંતાન ઊંઘણસી અને આળસુ થાય છે, ઘણા ઉંચા અવાજો સાંભળે છે તો બહેરૂં થાય છે, વિશેષ પવનમાં રહેવાથી ઉન્મત્ત થાય છે.

પત્નીઃ—ત્યારે તો રજસ્વલા સ્ત્રીએ ઘણી સંભાળથી વર્તવું જોઇએ.

પતિઃ—હા, રજસ્વલાએ ઠંડુ પાણી અર્થાત્ બરફનું પાણી અને શીતળ શરબત પીવું નહિ. શરીરને પણ ઠંડી હવા લાગવા દેવી જોઇએ નહિ.

પત્નીઃ—ઋતુનું લોહી જોઈ સંતાન થશે કે કેમ એ જાણી શકાય છે એમ તમે કહી ચુક્યા છો તેથી હવે એ વાત સમજાવો.

પતિઃ—સ્ત્રીઓની ઋતુનું લોહી સહજ કાળાશ પડતું અને ગંધ વગરનું હોય છે, અળતાના રંગ જેવું તથા સસલાના લોહી જેવું અને ધોયા પછી દાઘ ન રહે એવું હોય છે તો તેને શુદ્ધ કહેવાય છે. ઋતુનું લોહી શુદ્ધ હોય છે તો જ ગર્ભને શુદ્ધ લોહીનું પોષણ મળી શકે છે તથા જન્મનાર બાળકને શુદ્ધ ધાવણ મળી શકે છે; કેમ કે, એક જ લોહીમાંથી રજ, ગર્ભનું પોષણ અને ધાવણ બનેલ હોય છે. સ્ત્રી પુરુષના જનન વ્યાપારમાં લોહી એ જ મુખ્ય વસ્તુ છે. જ્યાં

એ લોહીની અપૂર્ણતા કે અશુદ્ધતા હોય છે, ત્યાં જનન વ્યાપારની સઘળી ક્રિયા પણ અપૂર્ણ હોય છે. જેવી રીતે હોજરી અથવા આંતરડામાં લોહીનો પ્રવાહ ઓછો હોય તો તેની ક્રિયા અપૂર્ણ થાય છે તેવી જ રીતે સ્ત્રીપુરુષના જનન વ્યાપારમાં એટલે સ્ત્રીઅંડમાંના ઈંડાની વૃદ્ધિમાં સ્ત્રીસંબંધ સમયે પુરુષની જનનેન્દ્રિયમાં તથા ધાવણ વખતે છાતીમાં શુદ્ધ લોહીના પૂરા પ્રવાહની જરૂર છે. એવી જ રીતે ઋતુસમયમાં સ્ત્રી બીજના પોષણ માટે શુદ્ધ લોહીની જરૂર છે. જે સ્ત્રીઓની ઋતુનું લોહી ફીકું ગાઢ લાલ રંગનું તથા ઘણું જાડું હોય અર્થાત્ જામી જતું હોય તેને સંતાન થવાની આશા ઘણી ઓછી છે એમ સમજવું જોઇએ.

પત્નીઃ—ત્યારે એવું હોય તો શું કરવું જોઇએ?

• પતિઃ—સારા ચિકિત્સક પાસે ચિકિત્સા કરાવવાથી આર્તવ શોણિતના દોષ દૂર થઇ જાય છે. વળી આ પ્રસંગે બીજી પણ એક વાત જાણી રાખવી જોઇએ. કોઇ કોઇ સ્ત્રીને રક્તસ્રાવ વખતે રક્ત સાથે એક પ્રકારનો સફેદ પદાર્થ નીકળે છે. એ પદાર્થ જેમ જેમ વિશેષ નીકળે છે તેમ સ્રાવ ઓછો થાય છે અને કેટલેક લોહી બિલકુલ નીકળતું નથી. આવા રોગમાં સંતાન બિલકુલ થતું નથી.

પત્નીઃ—કોઇ કોઇ વખતે સ્રાવનું પ્રમાણ વિશેષ હોઇ તે ઘણા દિવસ ચાલૂ રહે છે; એથી કાંઇ નુકસાન થાય છે કે?

• પતિઃ—એ તો સર્વનાશની વાત કહેવાય. એથી ઘણું નુકસાન થાય છે. સ્રાવ ઘણા દિવસ ચાલૂ રહે છે તો શરીર દુર્બળ થાય છે અને સ્ત્રીમાં ગર્ભ ધારણ કરવાની શક્તિ રહેતી નથી. સ્રાવની અનિયમિતતા જોવામાં આવે તો સ્ત્રીને કાંઇ રોગ થયો છે એમ સમજવું જોઇએ. કેટલીક સ્ત્રીઓને થોડો વખત અટકાવ દેખા દઈ બંધ થઇ

જાય છે અને પછી કાંઈ પરિશ્રમ કરવામાં આવતાં, કોઇ પ્રકારની ઉત્તેજના થતાં પાછો તરત દેખા દે છે. એ પણ રોગનું લક્ષણ છે.

પત્નીઃ-એમ થતાં કાંઇ દુઃખ થાય છે કે?

પતિઃ-એવા દર્દમાં ક્ષણ કાળ માટે પણ શાન્તિ મળતી નથી. મુર્ચ્છા, હૃદયરોગ, બરડામાં અને પાસામાં દુઃખાવો વગેરે રોગ ઉપરોક્ત દોષથી લાગુ પડે છે.

પત્નીઃ-નિયમિત ઋતુ દેખાતી નથી તેમ જ ગર્ભનાં પણ લક્ષણ હોતાં નથી એવા દાખલા પણ જોવામાં આવે છે.

પતિઃ-એમ હોય તો તેને રોગ સમજવો જોઇએ. એવા રોગ તરફ બેદરકાર નહિ રહેતાં સત્વર ચિકિત્સાનો બંદોબસ્ત કરવો જોઇએ.

પત્નીઃ-તમે ઘણી વખત નિયમિત ઋતુની વાત કરી છેઃ પરંતુ નિયમિત ઋતુ કોને કહે છે?

પતિઃ-દરેક માસે બરાબર એક જ વખતે ઋતુ દેખા દે તો તેને નિયમિત કહી શકાય. આર્ત્તવના લોહીનો ગુણ અર્થાત્ વર્ણાદિ તથા તેનું પ્રમાણ સમાન હોય તો તેને નિયમિત કહી શકાય. આધુનિક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે, મધ્યમ અબોહવામાં વસનારી સ્ત્રીને દર માસે છથી આઠ આંઉસ શોણિત આર્ત્તવમાં જાય છે. ટ્રાલ નામના ડૉક્ટરનું કહેવું છે કે, નિરોગી સ્ત્રીને એકથી બે આંઉસ કરતાં વિશેષ લોહી જવું જોઇએ નહિ. ઘણું કરીને વિલાસી તથા રોગી સ્ત્રીઓનો શરીરનો બાંધો નિર્બળ હોવાથી તેમને પ્રમાણ કરતાં વિશેષ લોહી વહી જાય છે. સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે, અટકાવનો રક્તસ્રાવ નિયમમાં હોવો જોઇએ તથા તે રક્ત શુદ્ધ હોવું જોઇએ. એથી

સ્રી જ ગર્ભ ધારણ કરી શકે છે. વખત વીતી ગયા પછી અગર જલ્દી અટકાવ આવે એ રોગનું લક્ષણ છે.

પત્નીઃ—બીજા કોઈ કારણથી ઋતુની પીડા થઇ ગર્ભને હરકત પહોંચે છે કે?

પતિઃ—હા. સ્રીજાતિને ગર્ભસ્રાવ થયા પછી જો બરાબર કાળજીથી તેની સારવાર નથી કરવામાં આવતી તો ઋતુમાં પીડા થઇ પુનઃ ગર્ભ રહેવામાં હરકત પહોંચે છે. વળી બહુ સંતાન થવાથી, વારંવાર ગર્ભસ્રાવ થવાથી અને અસંત રક્તસ્રાવ થવાથી સ્રીને મુચ્છર્ાનો રોગ લાગુ પડે છે.

પત્નીઃ—એ બધાં કારણોથી શરીર ઘણું દુર્બળ થતું હોવાથી દુર્બળતાને લીધે મુચ્છર્ાનો રોગ લાગુ પડતો હશે?

પત્નીઃ—એમ જ છે. દુર્બળતાથી જ મુચ્છર્ાનો રોગ લાગુ પડે છે. તે સાથે એ પણ જાણવું જોઇએ કે, જેવી રીતે ઘણાં સંતાનો થવાથી એ રોગ લાગુ પડે છે તેવી રીતે બિલ્કુલ સંતાન નહિ થવાથી પણ લાગુ પડે છે.

પત્નીઃ—ત્યારે તો બીચારી સ્રીઓના દુઃખનો અંત જ નથી એમ કહેવું જોઇએ!

પતિઃ—વળી વંધ્યા સ્રીઓને એ રોગ જેટલા પ્રમાણમાં થાય છે તેટલા પ્રમાણમાં સંતાનવતી સ્રીઓને થતો નથી.

પત્નીઃ—મુચ્છર્ા રોગ લાગુ પડ્યા પછી સ્રીને છોકરાં થતાં નથી એવું જે કહેવામાં આવે છે તે ખરું છે કે?

પતિઃ—સારા ચિકિત્સક પાસે ચિકિત્સા કરાવી ઘણી સ્રીઓ

સંતાનવતી થઇ છે. કોઇ સ્ત્રીને એક સંતાન થયા પછી મુર્ચ્છાનો રોગ દૂર થઈ ગયેલો પણ જોવામાં આવ્યો છે.

પત્નીઃ—ઠીક, મુર્ચ્છા રોગનાં લક્ષણ શાં છે?

પતિઃ—એ રોગનાં ઘણાં લક્ષણો જોવામાં આવે છે. હું એક પછી એક કહું છું.

(ક) મુર્ચ્છાનો રોગ લાગુ પડતાં સ્ત્રીઓ વિવિધ રોગની નકલ કરે છે.

(ખ) એ રોગથી મન ઉદાસ, નિસ્તેજ અને વિમર્ષ બની જાય છે.

(ગ) કોઇ કોઇ વખતે રોગિણી રડે છે.

(ઘ) સર્વદા બીજાં માણસોની હાજરીમાં રહેવું ગમતું નથી; એકાંતમાં રહેવું ગમે છે.

(ઙ) મનમાં ઘણી બ્હીક રહે છે.

(ચ) છાતીમાં દુઃખાવો થાય છે. હાંફ ચડે છે.

(છ) કોઇ કોઈ વખતે રોગિણીને પાસામાં વેદના થાય છે. કોઈ વખતે શરીરના એક સ્થળે તો કોઇ વખતે બીજા સ્થળે વેદના થાય છે.

(જ) કોઇ વખતે પક્ષાઘાત થયા જેવો ભાસ થાય છે અને હાથપગ હલાવી શકાતા નથી.

(ઝ) આ સઘળાં લક્ષણો ઘણા સમય સુધી કાયમ રહેતાં નથી. રોગિણી કોઇ વખતે ધનુષ્ટંકાર જેવી બની જાય છે અને કોઈ વખતે તેના દાંત સજ્જડ થઇ જાય છે.

(૫) રોગ ઉપસ્થિત થતાં નિર્મળ પાણી જેવો સ્રાવ વિશેષ પ્રમાણમાં થાય છે.

પત્નીઃ—આટલી બધી વેદના દૂર થઇ શકે ખરી કે?

પતિઃ—હા, સુયોગ્ય વિજ્ઞ ચિકિત્સકદ્વારા ચિકિત્સા કરાવવામાં આવે તથા નિયમપૂર્વક વર્તવામાં આવે તો અવશ્ય આરામ થાય. જે સઘળી યુવતીઓ વંધ્યા તથા પતિસહવાસથી વંચિતા હોય છે તેમને જ ઋતુરોધ વખતે જરાયુના વિવિધ રોગ થાય છે.

પત્નીઃ—ઠીક, કોઇ સ્ત્રીને નિયમિત ઋતુ દેખાતી હોવા છતાં તે એકાએક બંધ થઇ જાય તો તેને ગર્ભ રહ્યો છે એમ સમજવું જોઇએ કે, જરાયુમાં રોગ લાગુ પડ્યો છે એમ સમજવું જોઇએ?

પતિઃ—પ્રથમ તેની ઉમ્મર કેટલી છે એ જોવું જોઇએ? ગર્ભ રહેવાનો વખત વીતી ગયો છે કે નહિ તે તપાસવું જોઇએ. ઋતુ બંધ છતાં ગર્ભ રહ્યાનાં બીજાં લક્ષણો દેખાય છે કે કેમ તે જોવું જોઇએ. સ્ત્રીને કાંઇ રોગ લાગુ પડ્યો હોય તો તે તથા તેનું સાધારણ સ્વાસ્થ્ય કેવું છે એ તરફ ધ્યાન આપવું જોઇએ, સ્ત્રીને શ્વેતપ્રદરનો રોગ હોય તો તે તથા ગર્ભાશયમાંથી બીજો કોઈ પદાર્થ નીકળે છે કે કેમ એ સંબંધી પરીક્ષા કરવી જોઇએ. એ બધું તપાસ્યા પછી મૂળ કારણ સમજી શકાય છે.

પત્નીઃ—ઠીક, સ્ત્રીને કેટલી ઉમ્મરે અટકાવ દેખાતો બંધ થાય છે.

પતિઃ—પીસ્તાળીસેક વર્ષની ઉમ્મર થઈ હોય તો તેના અટકાવની મુદત પૂર્ણ થઈ છે એમ સમજવું જોઇએ; કારણ કે એટલી ઉમ્મર પછી ઘણી થોડી સ્ત્રીઓ સગર્ભા થતી જોવામાં આવે છે. વળી એ ઉમ્મરે કેટલીક સ્ત્રીઓને અટકાવ અનિયમિત વખતે દેખા દે

છે એ પણ લક્ષ્યમાં રાખવું જોઇએ; અર્થાત્ આગલે મહિને જે વખતે અટકાવ દેખાયો હોય છે; તેનાથી જૂદા વખતે થોડી અગર લાંબી મુદતના અંતરે અટકાવ દેખાય છે. બરાબર અઠ્ઠાવીસ દિવસને અંતરે દેખાતો નથી.

પત્નીઃ—વારૂં, સ્ત્રીને અટકાવ જ્યારે છેવટનો બંધ થાય છે ત્યાર તેના ચહેરામાં કાંઈ ફેરફાર થાય છે કે?

પતિઃ—હા. યૌવનાવસ્થા અને તારુણ્યાવસ્થા પસાર કરી સ્ત્રી વૃદ્ધાવસ્થામાં સંચાર કરે છે એટલે અટકાવ બંધ થાય છે. એ વખતે શરીર પુષ્ટ થાય છે, શરીરનાં હાડકાં માંસથી ઢંકાઇ જાય છે, ગાલ ભરાઈ જાય છે. એ વખતે જો ગર્ભ રહે છે તો સ્ત્રીનું શરીર પ્રથમ મ્હોટું દેખાય છે; પરંતુ પછીથી કેવળ એકલું પેટ મ્હોટું દેખાય છે, અને બીજાં અંગ પ્રત્યંગ ક્ષીણ થઇ જાય છે. એ વખતે સ્ત્રીનું સામાન્ય સ્વાસ્થ્ય કેવું છે તે તરફ ખાસ દૃષ્ટિ રાખવી જોઇએ; કારણ ઘણી વખતે જરાયુની પીડાને લીધે પણ અટકાવ બંધ થઈ જાય છે. વળી વૃદ્ધાવસ્થામાં પદાર્પણ કરતાં સ્વાભાવિક રીતે જ્યારે અટકાવ દેખાતો બંધ થાય છે ત્યારે જે લક્ષણો જોવામાં આવે છે તે હું તને એકે એકે કહું છું.

(ક) અટકાવનું પ્રમાણ અચોક્કસ હોય છે. ક્વચિત્ ઘણું થોડું હોય છે.

(ખ) અટકાવનો રંગ કોઇ વખતે ગાઢ લાલ, કોઇ વખતે શાહી જેવો કાળો અને કોઇ વખતે મલિન લાલ હોય છે.

(ગ) ઋતુકાળનો કઈ નિયમ રહેતો નથી.

(ઘ) કોઇ કોઇને જાણે કે ગર્ભસ્રાવ થયો હોય એટલો બધો રક્તસ્રાવ થાય છે.

(ક) છેવટની વખતે પુષ્કળ રક્તસ્રાવ થઈ તદ્દન બંધ થઇ જાય છે.

પત્નીઃ—બધી સ્ત્રીઓને છેવટની વખતે એમ થાય છે કે ?

પતિઃ—ના, જેઓ સાદો ખોરાક ખાય છે, હમ્મેશાં મહેનત કરે છે તેમને મુખ્યત્વે કરી કોઇ વિશેષ લક્ષણુ દેખાતું નથી. અટકાવ પોતાની મેળે જ બંધ થઈ જાય છે અને પછી દેખાતો નથી. વળી એ વખતે એમને કોઈ પણુ પ્રકારના દુઃખનો અનુભવ પણુ થતો નથી. એ વખતે સ્ત્રીઓનું કેવળ શરીર વધે છે. કેટલીક સ્ત્રીઓનું પેટ એટલું મ્હોટું થાય છે કે, તેઓ ગર્ભવતી હોય એવો ભ્રમ થાય છે.

પત્નીઃ—ઋતુ બંધ થતાં બીજાં કાંઇ લક્ષણો જોવામાં આવે છે કે ?

પતિઃ—હા. કોઇ કોઈ સ્ત્રી અમુક પ્રકારનું દુઃખ વેઠે છે. કોઇને પીઠ ફૂટે છે, કોઇને આંખો ઉપરના ભાગમાં વેદના થાય છે, કોઇની છાતી લાલચોળ બની ફુલી જાય છે, કોઇને મુખ અને કંઠ લાલચોળ બની જાય છે, કોઈ કોઈ સ્ત્રીના નાકમાંથી લોહી પડે છે અને થોડા વખત પછી તે પોતાની મેળે બંધ થઇ જાય છે, કોઇ સ્ત્રીને અર્શની આંકુ પેટમાંથી લોહી નીકળે છે. વિશેષ પ્રમાણુમાં લોહી ન નીકળે તો ભય રાખવાની જરૂર નથી; કારણુ એ લોહી પડતું પોતાની મેળે બંધ થઇ જાય છે. હવે કાલે હું તને બીજી હકીકત સમજાવીશ.

પ્રકરણ ૧૧ મું

સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ

પતિ:—વંશનું રક્ષણ કરવું હોય તો સંતાન ઉત્પન્ન કરવાની શકિતના મૂળમાં જે વીર્ય અને રજ છે તેને વિશુદ્ધ રાખવા તરફ પુષ્કળ ધ્યાન આપવું જોઇએ.

પત્ની:—તમે જે કહો છો તે હું બરાબર સમજી શકી નથી.

પતિ:—વિચાર કરીજો કે, ખેતી કરવી હોય તો પ્રથમ બે વિષય તરફ નજર રાખવી જોઇએ. અર્થાત્ બીજ સારું હોવું જોઇએ તથા જે જગ્યાએ બીજ રોપવામાં આવે તે રસાર્દ્ર કિંવા ફળદ્રુપ હોવી જોઇએ.

પત્ની:—એ વાત ખરી છે. ખરાબ બીજથી અગર ખરાબાની જમીનથી વૃક્ષલતા થતાં નથી અને થાય છે તો પણ નકામાં જેવાં થાય છે.

પતિ:—માણસોને માટે પણ એમ જ છે. વીર્ય એ જ બીજ છે. જો કોઇ કારણથી વીર્ય બગડે છે તો સંતાન થવામાં હરકત પહોંચે છે. વળી બીજ સારું હોય અને ક્ષેત્ર સારું ન હોય તો તેથી પણ અહિત થાય છે.

ध्रुवं चतुर्णां सान्निध्याद्गर्भः स्याद्विधिपूर्वकः ।
ऋतुक्षेत्राम्बु बीजानां सामग्र्यादङ्कुरो यथा ॥

અર્થાત્ જેવી રીતે પૃથ્વીમાં ઋતુ, ક્ષેત્ર, અંબુ, બીજ એટલે કે, સમય, ખેતર, જળ અને બીજ એ ચાર સામગ્રીઓથી અંકુર

ઉત્પન્ન થાય છે તેવી જ રીતે (૧) ઋતુ (ગર્ભનો વખત) અર્થાત્ સ્ત્રી રજસ્વળા થાય ત્યારથી સોળ દિવસ, (૨) ક્ષેત્ર (શુદ્ધ ગર્ભાશય), (૩) અંબુ (શુદ્ધ રજ), (૪) બીજ (શુદ્ધ વીર્ય) એ ચાર વસ્તુઓથી વિધિપૂર્વક ગર્ભ રહે છે. તું વીર્યને બીજ અને આર્તવને ક્ષેત્ર સમજ. એ બન્ને વિશુદ્ધ અર્થાત્ કોઇ પણ રીતે દૂષિત ન હોય તો ગર્ભનું રક્ષણ થાય છે.

પત્ની:—ત્યારે તો સ્ત્રી અને પુરુષ બન્નેએ સાવધાન રહેવું જોઇએ.

પતિ:—હા. બળ વીર્ય, સૌન્દર્ય, પરમાયુ ગમે તે કહે, જો વીર્ય અને આર્તવ વિશુદ્ધ હોય છે તો એ સર્વ સારું રહે છે તથા એ દૂષિત થતાં બધી ખરાબી થાય છે. એથી જ શાસ્ત્રમાં વીર્યનો નાશ કરવાનો નિષેધ કરતાં કહ્યું છે કે.

मरणं बिन्दुपातेन जीवनं बिन्दु धारणात ।

પત્ની:—આ સઘળી જરૂરી હકીકત સમજાવે છે કોણ અને તે ધ્યાનમાં પણ રાખે છે કોણ?

પતિ:—વીર્યના નાશથી જ આપણા દેશની દિવસે દિવસે વિશેષ દુર્દશા થાય છે.

પત્ની:—એના નિવારણનો ઉપાય શો છે?

પતિ:—આત્મસંયમથી વીર્યનું રક્ષણ કરી શકાય છે. નિયમિત રીતે ઇન્દ્રિયો ચલાવવાથી વિકારવૃત્તિને અંતરમાં પ્રવેશ કરવાનો અવકાશ મળતો નથી. ઇશ્વરે સ્ત્રીપુરુષની સૃષ્ટિ શામાટે કરી છે? તેઓ સંયત સદાચારી થઇ, ધર્મ પાળી, યથા સમયે સુસંતતિ ઉત્પન્ન કરે એ જ ઇશ્વરનો હેતુ છે.

પત્ની:—પરંતુ આજકાલ એ ઇશ્વરી હેતુને કોણ ધ્યાનમાં રાખે છે? શાસ્ત્રોના નિયમને ચાલૂ જમાનામાં કોણ પાળે છે?

પતિ:—માણુસો અનિયમિત રીતે સ્વેચ્છાપૂર્વક વર્તતાં હોવાથી જ વિવિધ પ્રકારે અનિષ્ટ થાય છે કારણ ક્ષેત્ર અને બીજના સારા ખોટા ઉપર અનાજના સારા ખોટાનો આધાર છે તેવી જ રીતે વીર્ય અને રજના સારા ખોટા ઉપર સારી ખોટી સંતતિનો આધાર છે.

પત્ની:—હવે હું સમજી. જો વંશનું રક્ષણુ કરવું હોય, સુસંતતિ ઉત્પન્ન કરી વંશના ગૌરવને જાળવી રાખવું હોય તો વીર્ય અને રજ ઉત્તમ રાખવાં જોઇએ.

પતિ:—તું બરાબર સમજી છે. વીર્ય નિર્મળ હોય છે તો શારીરિક બળ અને માનસિક બળ સતેજ રહે છે, બુદ્ધિ તીક્ષ્ણુ રહે છે, સ્મરણુશક્તિ વધે છે. વીર્યનો ક્ષય થતાં શરીર અને મન દુર્બળ બની જાય છે, રંગરૂપ ઉડી જાય છે, યુવાવસ્થામાં વૃદ્ધાવસ્થાની દુર્બળતા દર્શન દે છે. આયુષ્ય ઘટી જાય છે 'ભાવપ્રકાશ' નામક ગ્રંથમાં લખ્યું છે કે,

आयुष्मन्तो मन्दजरा वपुर्वर्णबलान्विताः ।
स्थिरापचितमांसश्च भवन्ति स्त्रीपुसंवताः ॥

અર્થાત્ સ્ત્રીજાતિ વિષે સંયમ એટલે મનોનિગ્રહથી વર્તનારા પુરુષો આયુષ્યમાન્, ઘડપણુ ધીમે ધીમે મોડું આવે એવા, શરીરે બળવાન્, સારા વર્ણુવાળા અને સ્થિર તેમજ મજબૂત શરીરવાળા થાય છે.

પત્ની:—ત્યારે તો સમજુ માણુસે વીર્યનો વૃથા ક્ષય કરવો જોઇએ નહિ.

પતિઃ—વીર્યરક્ષણ એટલે બ્રહ્મચર્યનું પાલન. બ્રહ્મચર્ય આર્ય લોકોએ સ્થાપેલા ચાર આશ્રમોમાંના પ્રથમ આશ્રમનો પવિત્ર વિધિ છે. બ્રહ્મચર્યની અવસ્થા ઘણી પવિત્ર અને નિર્વિકારી હોવી જોઇએ. યુવાનીનો સંપૂર્ણ પ્રાદુર્ભાવ થતાં પહેલાંની અવસ્થાને બ્રહ્મચર્યાશ્રમ કહેવામાં આવે છે. સંપૂર્ણ પવિત્ર રહી બ્રહ્મચર્ય ધર્મ પાળી વીર્યનું રક્ષણ કર્યા પછી યોગ્ય ઉમ્મરે લગ્ન કરી માણસ સંસારી થાય છે એટલે તેણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો એમ કહેવામાં આવે છે.

પ્રત્નીઃ—ત્યારે તો આપણા પ્રાચીન હિંદુસ્તાનમાં માનવજીવન માટે ઘણી સારી વિધિ વ્યવસ્થા હતી એમ જ કહેવું જોઇએ.

• પતિઃ—પ્રાચીન કાળમાં આપણા દેશના પુરુષો ઓછામાં ઓછી પચીસ વર્ષની ઉમ્મર થતાં સુધી બ્રહ્મચર્ય પાળતા હતા. અમુક મહામતિ પુરુષોએ ૪૮ વર્ષ સુધી તથા કેટલાકોએ જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળ્યાના દાખલાઓ પણ પ્રાચીન હિંદુસ્તાનના ઇતિહાસમાં છે. સ્ત્રીઓ પણ સોળથી પચીસ વર્ષની ઉમ્મર થતાં સુધી બ્રહ્મચારિણી રહેતી હતી. લગ્ન થતાં પહેલાં સ્ત્રી-પુરુષો પવિત્રતાથી પોતાનું જીવન અભ્યાસાર્થી તરીકે ગુજારતાં હતાં. આમ હોવાથી જ પ્રાચીન આર્ય પ્રજા વીર્યવાન્, બળવાન્ અને આયુષ્યમાન્ હતી.

• પત્ની—એ બધી વિધિવ્યવસ્થા આપણા પ્રાચીન પંડિતોએ કરી હશે કે ?

પતિઃ—હા, સુશ્રુત નામક વૈદક ગ્રંથકારે લખ્યું છે કે, શરીરમાં ધાતુઓની વૃદ્ધિ ૧૬ થી ૨૫ વર્ષની ઉમ્મર સુધીમાં થાય છે. પચીસમે વર્ષે યુવાવસ્થા પ્રાપ્ત થાય છે. તે પહેલાં શરીરનાં સર્વ અંગો અને હાડકાં સંપૂર્ણ વિકાસ પામેલાં હોતાં નથી. પચીસમે

ચાળીસ વર્ષની ઉમ્મરમાં યૌવનનું રક્ષણ થઇ સઘળી ધાતુઓ પુષ્ટ થાય છે.

પત્ની:—ખરું છે. શરીર સશક્ત થયા સિવાય સંસારમાં ભિન્ન થનું જોઇએ નહિ.

પતિ:—વિષય એવી વસ્તુ છે કે, આત્મસંયમથી તેને દબાવી રાખવામાં નથી આવતી તો તે વધતી જાય છે. મનુ ભગવાને કહ્યું છે કે, વિષયો ભોગવવાથી વિષયની કદાપિ શાન્તિ થતી નથી; પણ અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિની જેમ વૃદ્ધિ થાય છે તેમ વિષયં ભોગવવાથી તેની વૃદ્ધિ થાય છે. દેહમાં જ્યાં સુધી વીર્ય હોય છે ત્યાં સુધી દેહ સુંદર દેખાય છે. નવયુવાની આવતાં સ્ત્રીપુરુષના ચહેરાં કેવા મનોહર બની જાય છે ?

પત્ની:—ખરું છે. તેથી જ વર-કન્યા ઉમ્મર લાયક ન થાય ત્યાં સુધી તેમને સંસારકાર્યમાં પડવા દેવાં જોઇએ નહિ, કેમ ?

પતિ:—હા, વીર્ય પરિપક્વ થતાં પહેલાં જો તેનો ઉપયોગ કરવામાં આવે છે તો પુરુષના આયુષ્યનો ક્ષય થાય છે, તેની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો નિર્બળ બની જાય છે. વીર્ય પરિપક્વ અને નિર્મળ હોય છે તો શરીર સશક્ત રહી દીર્ઘાયુ ભોગવી શકાય છે.

પત્ની:—ત્યારે તો ખોટી રીતે વીર્યનો નાશ કરવો જોઇએ નહિ.

પતિ:—ખરું છે. શરીરમાં જ્યાં સુધી વીર્ય સંચિત હોય છે ત્યાં સુધી શારીરિક સૌંદર્ય વધતું રહે છે. યુવાનીના આરંભ કાળમાં યુવક યુવતીઓના ચહેરા કેવા મનોહર દેખાય છે ! જે માણસ કદરૂપું હોય છે તે પણ યુવાનીના આરંભમાં સ્વરસ્વરૂપવાન બને છે.

પત્નીઃ—ત્યારે બાળકો યોગ્ય ઉમ્મરનાં ન થાય ત્યાં સુધી તેમને ઘરસંસાર કરવા દેવો ન જોઇએ કેમ ?

પતિઃ—હા. વીર્ય પરિપક્વ થતાં ન થતાંમાં જો તેનો ઉપયોગ કરવામાં આવે છે તો શરીર વિશેષ કાળ સુધી ટકી શકતું નથી. વિશેષ પ્રમાણમાં વીર્યનો નાશ થતો હોવાથી જ આજકાલ આપણા દેશમાં રોગી, દુર્બળ, અકાળવૃદ્ધ બાળકો નજરે પડે છે.

પત્નીઃ—ત્યારે એ અનિષ્ટ કેવી રીતે અટકાવી શકાય ?

પતિઃ—શાસ્ત્રનો ઉપદેશ પાળવાથી એ અનિષ્ટ દૂર થઇ શકે તેમ છે. વીર્ય વિશેષ પ્રમાણમાં એકઠું થઇ શકે, તેના દુરુપયોગથી વંશનો વિનાશ ન થાય એ માટે અમુક તિથિઓએ શાસ્ત્રોએ સ્ત્રી-ગમનનો નિષેધ કરેલો છે. વળી સ્ત્રી ઋતુમતી હોય એ વખતે પણ તેનો સહવાસ વર્જ્ય ગણેલો છે.

પત્નીઃ—કયી તિથિઓ માટે નિષેધ કરેલો છે ?

પતિઃ—આઠમ, અમાસ, બન્ને પખવાડીઆંની ચૌદશ, બારસ, રવિસંક્રાંતિ. એ સકળ તિથિઓ સહવાસ માટે વર્જ્ય છે.‡ એ સિવાય અમુક નક્ષત્રો અને વારનો પણ નિષેધ છે.

પત્નીઃ—કેવળ વીર્યનું રક્ષણ થાય એ હેતુથી ઋતુ પ્રસંગે સહવાસનો નિષેધ કરેલો છે કે ?

પતિઃ—ના, તેનું કારણ બીજું છે. રજોદર્શનના ચોથા દિવસ પછી ગર્ભાધાન થાય તો તેથી સંતાનનું વિશેષ કલ્યાણ થાય છે.§

‡ षष्ठ्यष्टमीममावस्यामुभे पक्षे चतुर्दशी ।
मैथुनं नोपसेवेत [illegible] प्रिया ॥

§ चतुर्थी प्रभृत्युत्तरोत्तरां प्रजाति: श्रेयसी ।

પત્નીઃ—આવા સદુપદેશ તરફ માનવજાતિ દુર્લક્ષ્ય કરે છે એ દુઃખનો વિષય છે.

પતિઃ—ઋષિઓ આપણા કલ્યાણની કામનાથી ઘણી વિધિ વ્યવસ્થા કરી ગયા છે; પરંતુ આજકાલના શિક્ષણથી એ પ્રાચીન પદ્ધતિનું વિસ્મરણ થવા લાગ્યું છે.

પત્નીઃ—એ દુર્લક્ષ્ય અને વિસ્મરણનાં માઠાં ફળ ભોગવવાં પડે છે; છતાં લોકોની આંખો ઉઘડતી નથી એ નવાઈ જેવું છે.

પતીઃ—ઋતુમતી સ્ત્રી રજઃસ્રાવ બંધ થતાં સ્નાન કરી શુદ્ધ થાય છે ત્યારે જ તે ગર્ભ ધારણ કરવા યોગ્ય ગણાય છે. રજસ્રાવ બંધ ન થાય ત્યાં સુધી સ્નાન તેમજ સહવાસ કરવાં જોઈએ નહિ.† શાસ્ત્રની એ સઘળી વિધિનું ઉલ્લંઘન કરવાથી બાળક અલ્પાયુ થાય છે. યહુદી જાતિના શાસ્ત્રમાં એવી આજ્ઞા કરેલી જોવામાં આવે છે કે, સ્ત્રી રજસ્વળા થયા પછી નવ દિવસ વીત્યા પછી સહવાસ કરવો જોઈએ. યહુદી લોકો પોતાના શાસ્ત્રની એ આજ્ઞા પાળતા હોવાથી જ દુનિયાના સકળ દેશો કરતાં એ લોકોનાં બાળકો વિશેષ બળવાન્, હૃષ્ટપુષ્ટ અને દીર્ઘાયુષી જોવામાં આવે છે.

પત્નીઃ—આપણા આ કમભાગ્ય દેશના લોક આટલું જોવા સાંભળવા છતાં જાણે કે આંધળા અને બહેરા થઈ ગયેલા છે! હિંદુ જાતિનો સર્વસ્વનો નાશ થતો હોવા છતાં તે તરફ કોઈનું લક્ષ્ય નથી.

પતિઃ—બીજી એક મહત્વની વાત સાંભળ. જ્યાં સુધી સંતાનનો જન્મ ન થાય ત્યાં સુધી વંશનું રક્ષણ કરવા માટે ઋતુકાળમાં સહવાસ કરવો એ કર્તવ્ય છે. ઈચ્છાનુસાર અર્થાત્ પશુભાવથી સહ-

---

† रजस्युपरते साध्वी स्नानेन स्त्री रजस्वला ।

વાસ કરવો જોઇએ નહિ. શાસ્ત્રે પણ એવા સહવાસનો નિષેધ કરેલો છે. આપણાં શાસ્ત્રોની વ્યવસ્થા કેવી ચમત્કારિક છે! વારંવાર પશુભાવથી સહવાસ કરવાથી વીર્ય અને રજ દોષયુક્ત થાય છે તથા યથારીતી સહવાસથી વીર્ય અને રજ શુદ્ધ રહે છે. એવા શુદ્ધ વીર્ય અને રજના સંયોગથી જ સુંદર, દીર્ઘાયુષી સંતાનો જન્મે છે અને તેથી જ વંશનું રક્ષણ થાય એ હેતુથી ઋષિઓએ સહવાસની વિધિ દર્શાવી છે.

પત્નીઃ—તમારી વાત ખરી છે. આજકાલ આપણે શાસ્ત્રના સદુપદેશ તરફ દુર્લક્ષ્ય કરવા માંડયું છે. ખરી રીતે જોવા જતાં આપણા જેવાં મૂર્ખ માણસો બીજા કોઈ દેશમાં નહિ હોય.

પતિઃ—આપણે જો મૂર્ખ ન હોત તો દેશના સર્વસ્વનો આવી રીતે નાશ થાત નહિ. આપણે જો શાસ્ત્રને અનુસરી, ઋતુનાં લક્ષણ સમજી ગર્ભાધાન કરીએ તો જ હરેક રીતે સુફળ ઉત્પન્ન થવાનો સંભવ છે.

પત્નીઃ—જેવી રીતે વિશુદ્ધ વીર્ય અને રજના સંયોગથી સુસંતતિ ઉત્પન્ન થાય છે તેવી રીતે દૂષિત વીર્ય અને રજના સંયોગથી શું નુકસાન થાય છે?

પતિઃ—દૂષિત વીર્ય અને રજના સંયોગથી ઉત્પન્ન થતાં સંતાનો દુર્બળ અને રોગી થાય છે.

પત્નીઃ—ત્યારે તો આપણો પોતાનો દોષ હોવા છતાં આપણે વિધાતા ઉપર ખોટો દોષ મૂકીએ છીએ. ઠીક, વીર્ય અને રજ કયાં કારણોથી દૂષિત થાય છે?

પતિઃ—એનાં ઘણાં કારણો છે. પશુભાવથી સંયોગ કરી વીર્યનો

વૃથા ઉપયોગ, અસ્વાભાવિક ગમન, યોગ્ય ઉમ્મર થતાં પૂર્વે સહવાસ કિંવા અકુદરતી રીતે વીર્ય અને રજને માર્ગ આપવો, પારાનો ઉપયોગ, ઉપદંશ વગેરે ગરમીના રોગ, અનિયમિત સ્ત્રીગમન એ સઘળાં કારણોમાંનાં અમુક કારણોથી સ્ત્રી તથા પુરુષને વંધ્યત્વદોષ લાગુ પડે છે.

પત્ની:—મૂર્ખ માણસો એ સઘળું જાણ્યા સિવાય પોતાના સુખના માર્ગમાં પોતે જ કાંટા બિછાવે છે!

પતિ:—ખરું છે. જે કાર્યથી શરીર નિર્બળ બની જાય છે અને સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ દૂર થાય છે એ કાર્ય કાંઇ ઓછું ભયંકર ન ગણાય.

પત્ની:—દેહ અને વંશનો નાશ થતાં માનવની સઘળી આશા અભિલાષાઓનો અંત આવી જાય છે. હું એમ ધારું છું કે, મનુષ્યો કરતાં પશુઓ એ વિષયમાં વિશેષ સાવધાન રહે છે.

પતિ:—ત્હારી ધારણા ખરી છે. પશુઓ મનુષ્યોની માફક અનિયમિત વર્તતાં નથી. નિયમિત સમયે પ્રયોજનીય પ્રસંગે સહવાસ કરતાં હોવાથી જ પ્રત્યેક સહવાસથી તેઓ ગર્ભ ધારણ કરી શકતાં જોવામાં આવે છે. વિશેષ સહવાસ કરવાથી વીર્ય તરલ અર્થાત્ પાતળું થઇ જાય છે; પાતળા વીર્યથી કદાપિ સંતાન થતું નથી. વીર્ય એ જ પુરુષનું જીવન છે. આમ હોવાથી વીર્યનો વૃથા નાશ ન થાય એ માટે તેણે સાવચેત રહેવું જોઇએ.

પત્ની:—આ સઘળી ઉપયોગી વાતો આજકાલ કેટલાં માણસો જાણે છે? વળી કેવળ જાણવાથી પણ શો લાભ છે? જાણવા છતાં તે પ્રમાણે વર્તવામાં ન આવે તો કાંઇ લાભ નથી.

પ્રકરણ ૧૨ મું

હસ્તમૈથુન

પતિઃ—અતિવિહાર કિંવા અનિયમિત સહવાસથી સ્વાસ્થ્યનો નાશ થાય છે એમ હું કહી ચુક્યો છું; અસ્વાભાવિક ઉપાયથી વીર્ય-પાત કરવાથી પણ સ્વાસ્થ્યનો નાશ થાય છે.

પત્નીઃ—એટલે ?

પતિઃ—યૌવનનો આરંભ થતી વખતે સેંકડો બાળક-બાળિકાઓ એવા અન્યાય કાર્યથી અશક્ત તથા રોગી બની જાય છે.

પત્નીઃ—તમારી વાત હું હજી બરાબર સમજી શકી નથી.

પતિઃ—હું તને સમજાવું છું. યૌવનનો આરંભ થતાં કામ-પ્રવૃત્તિનો વિકાસ થાય છે. એ વખતે બાળક-બાળિકાઓનું કોઇ કોઇ અંગ એવું ઉત્તેજિત બની જાય છે કે, કોઇ કારણથી એ અંગ ઉપર હાથ પડતાં એક પ્રકારના સુખનો અનુભવ થાય છે. એ સુખની લાલચથી મૂર્ખ બાળક-બાળિકાઓ એ અંગને હલાવી શરીર તથા મન દુર્બળ બનાવી દે છે.

પત્નીઃ—વિના કારણ વીર્યનો વ્યય કરવાથી ઘણું નુકસાન થાય છે એમ તો તમે કહી ચુકયા છો.

પતિઃ—ટૂંકમાં એટલી વાત યાદ રાખવી જોઇએ કે, વીર્ય એ જ માણસના સ્વાસ્થ્ય તથા જીવનનો ખરો આધાર છે. એનો વૃથા નાશ કરવાથી ઘણું અનિષ્ટ થાય છે.

પત્નીઃ—સારે બાળક-બાળિકાઓ દુષ્કર્મથી દૂર રહે એ સંબંધી ખાસ ધ્યાન આપવું જોઇએ.

પતિઃ—એવી વાત સહેલાઇથી કરી શકાય છે; પરંતુ ધ્યાન રાખવાનું કાર્ય ઘણું કઠિન છે.

પત્નીઃ—ક્યા કારણથી એ કુકર્મની વૃદ્ધિ થાય છે ?

પતિઃ—સોબતના દોષથી જ એ ખરાબ ટેવ લાગુ પડે છે. ખરાબ સોબતથી બાળક બાળિકાઓને અલગ રાખવામાં આવે છે તો એ કુટેવનું કાંઇક અંશે નિવારણ થઇ શકે છે; પરંતુ એ કુટેવનું સર્વાંશે નિવારણ કરવાનું કામ ઘણું કઠિન છે.

પત્નીઃ—ખરી વાત છે. જ્ઞાની માણસો પણ જ્યારે સામાન્ય ઈંદ્રિયસુખ ભોગવવા પશુનું રૂપ ધારણ કરે છે ત્યારે પછી અલ્પબુદ્ધિવાળાં બાળક બાળિકાઓની શી વાત કરવી ?

પતિઃ—જુવાનીને દિવાની કહેવામાં આવે છે એ કથનમાં કાંઇ ખોટું નથી. ઈંદ્રિયો જ્યારે પ્રબળ થઇ જાય છે ત્યારે કોઇનો ઉપદેશ અંતરમાં સ્થાન મેળવી શકતો નથી; આમ છતાં જો માણસ એમ સમજી શકે કે તે જેને અમૃત ધારે છે તે હળાહળ ઝેર છે તો તે એવા કુકર્મનો ભોગ થઈ પડે નહિ. ઈંદ્રિયો ઉત્તેજિત બની જાય છે એટલે માણસની સારાસારનો વિચાર કરી જોવાની બુદ્ધિ દૂર થાય છે તથા કોઇ સદુપદેશ આપે છે તો તે વિરક્ત બની જાય છે.

પત્નીઃ—એ વિરક્તિ સર્વસ્વના નાશનું કારણ થઇ પડે છે.

પતિઃ—ખરી વાત છે. મન ઈંદ્રિયસુખ ભોગવવા એટલું બધું ચંચળ બની જાય છે કે, એને સ્થિર કરી શકાતું નથી.

પત્ની:—ત્યારે એ ગુપ્ત પાપમાંથી બાળક બાળિકાઓને બચાવવાનો કોઇ માર્ગ નથી કે ?

પતિ:—ઉપાય છે; પરંતુ ઉતાવળ કરવાથી હિતને બદલે વિપરીત પરિણામ આવે છે. યુક્તિપૂર્વક મિષ્ટ વચનથી એ ગુપ્ત પાપથી કેવું ભયંકર અનિષ્ટ થાય છે એ ઉત્તમ પ્રકારે મર્યાદિત ભાષામાં સમજાવવું જોઇએ. જે સઘળાં બાળક બાળિકાઓનું ચરિત્ર ખરાબ હોય છે તેમની સોબત ક્ષણ કાળ માટે પણ કરવા દેવી જોઇએ નહિ. હમેશાં નીતિ તથા ધર્મના ઉપદેશનાં પુસ્તકો વાંચવા આપવાં જોઇએ. જે પુસ્તકોના વાંચનથી ઇંદ્રિય વૃત્તિઓ ઉત્તેજિત બની જાય તેમ હોય એવાં પુસ્તકો તેમની નજરે પણ ન પડવા દેવાં જોઇએ.

પત્ની:—આવા સહેલા ઉપાયો હોવા છતાં એ કુટેવ માટે ચિંતા રાખવાની શી જરૂર છે ?

પતિ:—ઘણી જરૂર છે. ઘણી વખત બાળક બાળિકાઓને જે કાર્ય કરવાની ના કહેવામાં આવે છે એ કાર્ય કરવા તરફ તેઓ લલચાય છે અને પરિણામે સારું કરવા જતાં ખોટું થઇ બેસે છે.

પત્ની:—એ ગુપ્ત ક્ષણિક સુખમાં તેમના સર્વસ્વના નાશનું વિષ સમાયલું છે એમ જો તેઓ જાણતાં હોય તો કદાપિ એવું અપકર્મ કરે નહિ.

પતિ:—બાળક બાળિકાનું કોઇ અંગ યૌવનનો આરંભ થતાં પૂર્વે ખીલેલું હોય છે; યૌવનનો આરંભ થતાં એ અંગ વિશેષ વિકસિત થાય છે. એ કોમળ અંગ સ્વચ્છ કરતી વખતે સુખનો અનુ-

ભવ થવાથી પણ બાળક બાળિકાઓ હસ્તક્રિયા જેવા અપકર્મનો ભોગ થઇ પડે છે. એ કુકર્મથી કામપ્રવૃત્તિ વિશેષ પ્રબળ થઇ જાય છે.

પત્નીઃ—બીજા કોઇ રોગથી કામપ્રવૃત્તિ પ્રબળ નથી થતી કે ?

પતિઃ—થાય છે. પેટમાં કૃમિ થતાં ગુહ્યદ્વાર ઉપર ચળ આવે છે અને તેથી કામવૃત્તિ ઉત્તેજિત થાય છે.

પત્નીઃ—ત્યારે ટૂંકમાં એમ જ સમજવું જોઇએ કે, કામવૃત્તિ ઉત્તેજિત ન થાય એમ કરવું જોઇએ ખરું ને !

પતિઃ—હા. અપક્વ બુદ્ધિમાં ઈંદ્રિયોનું ઉત્તેજિત થવું અને ઉન્મત્ત માણસના હાથમાં જીવલેણ હથિયાર આવવું એ બન્ને સરખું છે.

પત્નીઃ—એ વાત હું સમજી શકી છું. ગુપ્ત પાપ છુપી રીતે તુષાનલની માફક સળગી ઉઠી યુવક યુવતીઓનાં જીવન ખાકસાર કરી નાખે છે.

પતિઃ—પોતાની આખી ઉમ્મરમાં આવા ગુપ્ત પાપથી મુક્ત રહ્યાં હોય એવાં ઘણાં થોડાં માણસો હશે.

પત્નીઃ—અતિવિહાર કરતાં ઈંદ્રિયોના અસ્વાભાવિક વ્યવહારથી વિશેષ નુકસાન થાય છે કે ?

પતિઃ—હા, સંપૂર્ણ યુવાની આવ્યા સિવાય વીર્ય પરિપક્વ થતું નથી. અપક્વ વીર્યનો ખોટી રીતે વ્યય કરવાથી શરીર વ્યાધિ-મંદિર બની જાય એમાં નવાઇ જેવું શું છે ?

પત્નીઃ—ખરાબ સોબતથી બાળકોને એ કુટેવ લાગુ પડતી હોવાથી તેમની હિલચાલ ઉપર સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી જોઇએ કેમ ?

પતિઃ—હા. બાળકો જો ન્હાનપણથી ખરાબ સોબતમાં પડી બગડી જાય તો પછી તેમને સુધારવાનું કામ અશક્ય થઇ પડે છે.

પત્નીઃ—એક રીતે જોવા જતાં હિંદુ જાતિનો નિર્બળ, ભીરુ કહી સહુ તિરસ્કાર કરે છે. એ દુર્બળ જાતિનાં બાળકો મનુષ્યત્વના બીજરૂપ વીર્યનો અસ્વાભાવિક પાપથી દુરુપયોગ કરે તો પછી વંશ નિર્વીર્ય અને અલ્પાયુ થાય એ સ્પષ્ટ છે.

પતિઃ—ખરી વાત છે. વંશને ઉન્નત તથા શક્તિશાળી કરવો હોય તો સંતાનો કોઈ પણ પ્રકારનું ગુપ્ત પાપ ન કરી શકે એવી ખાસ સંભાળ રાખવી જોઇએ.

પત્નીઃ—તમારી વાત સાંભળી હું સારી રીતે સમજી શકી છું કે, ખોટી રીતે ઈંદ્રિયોનો ઉપયોગ કરવાથી ઘણું ખરાબ પરિણામ આવે છે.

પતિઃ—હસ્તક્રિયા જેવી કુટેવ લાગુ પડવાથી બાળક બાળિકાઓની કેવી દયાજનક દુર્દશા થાય છે એ સંબંધીનાં કેટલાંક ઉદાહરણો હું તને કહું છું. અમુક વર્ષ પૂર્વે હાઇસ્કૂલનો એક વિદ્યાર્થી વાઈના દર્દની સારવાર માટે એક ડૉકટરની દેખરેખમાં હતો. એની ઉમ્મર લગભગ અઢારેક વર્ષની હતી. આગલાં બે વર્ષોમાં તે ઘણાં દવાખાનાંઓમાં ગયો હતો; પરંતુ તેને કાંઈ ફાયદો થયો નહોતો. એ વિદ્યાર્થીએ તથા તેના પિતાએ વિશેષ અભ્યાસ કરવાથી વાઈનું દર્દ થયું છે એમ જણાવ્યું હતું. એ દર્દનું ખરું કારણ જાણવાનો કોઇએ પ્રયત્ન કર્યો નહોતો. તેના બાપનો તે એકનો એક છોકરો હતો. એ છોકરાને પંદર દિવસને અંતરે વાઇની ફીટ (Epileptic fit) આવતી હતી. તેનું માથું ઘણુંખરો વખત દુઃખ્યા કરતું હતું.

તેની સ્મરણશક્તિ અત્યંત ક્ષીણ થઇ ગઇ હતી. મુખમુદ્રા નિસ્તેજ બની ગઈ હતી. અઠવાડીઆમાં બે ત્રણ વખત તેને સ્વપ્નમાં વીર્યસ્રાવ થતો હતો. એ વિદ્યાર્થીના પિતાને કાર્યને અંગે બ્હારગામ રહેવું પડતું હોવાથી તેણે દરદી દીકરાને ઉપરોક્ત અનુભવી ડૉકટરની દેખરેખમાં રાખ્યો હતો. યુક્તિપ્રયુક્તિથી કેટલાક પ્રશ્નો પૂછી એ ડૉકટરે છોકરાને મુખે તેને દરદ લાગુ પડવાનું મુખ્ય કારણ જાણી લીધું. બે ત્રણ વર્ષથી એ છોકરાને હસ્તક્રિયાની કુટેવ લાગુ પડી હતી. ઊંડી તપાસ કરી ડૉકટરે એમ પણ જાણી લીધું કે, એ કુટેવ એના એક સોબતીએ એને શીખવાડી હતી. એ સોબતીએ આરંભમાં એવું સમજાવ્યું હતું કે, 'વિષયવૃત્તિ ઉત્તેજિત થતાં તેને જો કોઈ પણ રીતે તૃપ્ત કરવામાં નથી આવતી તથા વીર્યને બ્હાર નીકળવાનો માર્ગ નથી મળતો તો વીર્ય સ્વપ્નમાં સ્ખલિત થાય છે; એમ થવાથી માણસ અશક્ત બને છે અને ધીમે ધીમે નપુંસક બની જાય છે.'

પત્નીઃ—અફસોસનો વિષય એ છે કે, આવી મૂર્ખતા ભરેલી સલાહથી બીચારાં નિર્દોષ અજ્ઞાની બાળકો પોતાનું અમૂલ્ય જીવન ક્ષણ માત્રમાં ધૂળધાણી કરે છે. ઠીક, પછી એ વિદ્યાર્થીનું શું થયું ?

પતિઃ—ડૉકટરે એને જ્યારે એણે કરેલી ગંભીર ભૂલનું ભયંકર પરિણામ સમજાવ્યું ત્યારે એને ઘણો પશ્ચાત્તાપ થયો તથા એ કુટેવનો ત્યાગ કરવાનો એણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. આમ હોવા છતાં એક મહિનામાં બે વખત તેણે હસ્તક્રિયા કરી તથા ડૉકટર પાસે જઈ રડી પડી તેણે કહ્યું, 'મ્હારાથી રહી શકાતું નથી!' ડૉકટર તરફથી તેને સમજણ સાથે ધમકી આપવામાં આવી. છેવટે ફરીથી કદાપિ એ કુકર્મ નહિ કરવાની વિદ્યાર્થીએ પ્રતિજ્ઞા કરી. પછીથી પીટ પંદર દિવસને બદલે એક મહિનાને અંતરે થવા લાગી.

ડૉક્ટરે એને એક કાગળ ઉપર લખી આપ્યું કે, 'તું જાણી જોઇ ત્હારા સર્વસ્વનો નાશ કરે છે. તું ત્હારી પાપી કુટેવ છોડી દે; નહિ તો મૃત્યુ ત્હારો ભોગ લેવા આવે છે એમ સમજજે.'‡ જ્યારે જ્યારે વિષયેચ્છા થાય ત્યારે ત્યારે એ કાગળ વાંચવાની ડૉક્ટરે તેને ભલામણ કરી. આ યુક્તિથી તે હસ્તક્રિયાના દોષથી મુક્ત થવા લાગ્યો તથા અંતે તેની શારીરિક અને માનસિક સ્થિતિમાં સુધારો થયો.

પત્નીઃ—બીજાં પણ એવાં એક બે ઉદાહરણ મ્હને કહી સંભળાવો.

પતિઃ—બે છોકરીઓ ડૉક્ટર ફૂટ નામના વિદ્વાન્ ચિકિત્સક પાસે ઔષધોપચાર કરાવવા ગઇ હતી. તેમનાં બન્નેનાં શરીર ઘણાં દુર્બળ બની ગયાં હતાં. એ છોકરીઓનું વર્ણન કરતાં ડૉક્ટર ફૂટે લખ્યું છે કે, 'જ્યારે એ છોકરીઓનો પિતા એમને મ્હારી પાસે સારવાર માટે લઇ આવ્યો ત્યારે એ છોકરીઓની સઘળી હકીકત મ્હેં સાંભળી લીધી. પછી તેઓ અકુદરતી કુટેવનો ભોગ થઇ પડી છે કે કેમ એ સંબંધી એક પત્ર લખી મ્હેં એમને પૂછ્યું. ઉત્તરમાં એમણે બન્નેએ પોતાની ભૂલ કબૂલ કરી. પછી મ્હારી સલાહથી તેમણે એ કુટેવ છોડી દીધી. પરિણામે તેમની સઘળી ખરાબીઓ જેવી કે સોમરોગ, નિદ્રાનાશ, સ્નાયુઓની શિથિલતા, વંધ્યત્વ વગેરે દૂર થઇ ગયું.' એવી જ રીતે ડેસલેણ્ડા નામના એક વિદ્વાન્ ડૉક્ટરે લખ્યું છે કે, 'ન્હાની ઉમ્મરથી જ એને હસ્તક્રિયાની કુટેવ લાગુ પડી હતી. છેવટે એની કામવૃત્તિ એટલી હદ સુધી વધી ગઈ કે, તે જાહેર

‡ "........! You are destroying yourself. Leave unclean habit, otherwise death is coming."

વેશ્યાનો ધંધો કરવા લાગી. આમ છતાં તેની કુટેવ નહિ છૂટવાથી તે અકાળે મૃત્યુ પામી.'

પત્નીઃ—એ કેવી મૂર્ખતા કહેવાય ? ! ક્ષણિક સુખ માટે મરણુને શરણુ થવું કોઇ પણુ વ્યક્તિ માટે ઉચિત નથી.

પતિઃ—કહેવાનું તાત્પર્ય એ છે કે, હસ્તક્રિયાની કુટેવથી શરીર હાડકાંના માળા જેવું અને દુર્બળ બની જાય છે. વિચાર, વિવેક, બુદ્ધિ અને સ્મરણુશક્તિ નિસ્તેજ થાય છે, લોહીના અભાવથી શરીર ફીકકું પડી જાય છે, મ્હોં ઉદાસ દેખાય છે, આંખો ઊંડી ઉતરી જાય છે. વળી એ કુટેવથી વીર્ય એટલું બધું પાતળું થઇ જાય છે કે, સાધારણુ ઉત્તેજનાથી તે બ્હાર નીકળે છે, વારંવાર સ્વપ્નસ્ત્રાવ થાય છે, ખોરાક પચી શકતો નથી, આંખોમાં બળતરા બળે છે, માથું ભમ્યા કરે છે, કોઇ પણુ કામમાં ચિત્ત લાગતું નથી, દરદીનું શરીર સુકાતું જાય છે, હાથ પગ અને બરડામાં કળતર થાય છે, ચિત્ત હમ્મેશાં ઉદાસ રહે છે, મળ મૂત્રનો ત્યાગ કરતી વખતે વીર્ય જેવો સફેદ પદાર્થ બ્હાર નીકળે છે, નજીવી મહેનત કરવાથી હૃદય ધબકી ઉઠે છે, મન ખ્હીકણ અને વહેમી બને છે, દરદીને એકાંતમાં રહેવું ગમે છે, બિભત્સ વાંચન વાંચવા જીવ લલચાય છે, નાડી ક્ષીણુ થાય છે, હૃદયનો કોઇ રોગ થઇ આવે છે, મગજને જરૂર જેટલું લોહી નહિ મળવાથી મગજનો કોઇ રોગ થાય છે. જનનેંદ્રિયને વારંવાર ઉત્તેજિત થવાની ટેવ પડેલી હોવાથી તેની નસો નિર્બળ થઇ જાય છે અર્થાત્ ઢીલી પડે છે. દરદીની સ્થિતિ છેવટે એટલી બધી નિર્બળ બને છે કે, તે સ્ત્રીસંભોગ માટે નાલાયક નીવડે છે. કુદરતી સંયોગ વખતે મનની ઉત્તેજના વિશેષ હોય છે તો પણુ જનનેંદ્રિય થોડો વખત જાગ્રત રહી પાછી સુસ્થ બને છે.

પત્નીઃ—એ જીવલેણુ કુટેવથી બીજા ક્યા રોગ થાય છે?

પતિઃ—ક્ષય થવાનું એક કારણુ એ કુટેવ પણુ છે. એ કુટેવથી ગડગુમડ તથા ભગંદર વગેરે રોગ થાય છે. ભગંદર થવાનું મુખ્ય કારણુ લોહીની ખરાબ સ્થિતિ છે, તથા હસ્તક્રિયાની ટેવથી લોહીનું સત્વ ચાલ્યું જતું હોવાથી તે બગડે છે. હસ્તક્રિયાનાં કેટલાંક દરદીઓને નજીવી મહેનતથી એટલો બધો શ્વાસ ચઢે છે કે તેમનાથી શ્વાસ લઈ જ શકાતો નથી. નિયમિત વખતે નિદ્રા આવતી નથી, સૂઇ ઉઠ્યા પછી આંખે અંધારી આવે છે, શરીરમાં કળતર થાય છે, સ્નાયુઓ શિથિલ થઇ જઇ લબડી પડે છે, શરીરમાં ઘણું કરીને જીર્ણજ્વર ઘર કરી બેસે છે, ક્વચિત્ ગુરદાનું દરદ થઇ પગ ઉપર સોજો આવે છે, રાત્રે સૂતી વખતે અને સ્હવારે ઉઠતી વખતે ઉધરસ હેરાન કરે છે. એ ચિહ્ન દેખાયા પછી ઉપર કહ્યું તેમ ક્ષયનો જીવલેણુ રોગ લાગુ પડે છે. પ્રથમ ઉધરસમાં કફના બળખા આવે છે તથા ધીમે ધીમે એ બળખા પરુ જેવું રૂપ ધારણુ કરે છે. આવી સ્થિતિમાં દરદી ભાગ્યે જ વિશેષ સમય જીવી શકે છે.

પત્નીઃ—હસ્તક્રિયાની કુટેવ ધરાવનારને માથે લોહી ચઢી જાય છે એ વાત ખરી છે કે?

પતિઃ—હા. એ દરદને અપસ્માર કહે છે. કુદરતી સંયોગ કરવા જેટલી શક્તિ હોય છે તો જ મનમાં જુસ્સો આવે છે; તે સિવાય આવતો નથી. હસ્તક્રિયાની કુટેવમાં શક્તિ નહિ હોવા છતાં મનમાં જુસ્સો અગર ઉત્તેજના આવે છે; તેથી માથાની નસોમાં લોહીનો અયોગ્ય જથ્થો ભરાય છે અને ક્વચિત્ મુર્ચ્છા આવી મૃત્યુ સુદ્ધાં થાય છે. એ દરદને અંગ્રેજીમાં ઍપોપ્લેક્ષી કહે છે. આ રોગ ઉપરાંત

અતિશય નિદ્રા, મુર્ચ્છા, શરીરના એકાદ અંગનું રહી જવું, આંચકી, યકૃતના વ્યાધિ, બહેરાશ, મૂત્રાશયના રોગ વગેરે અનિષ્ટ કર્તા વિવિધ વ્યાધિઓ આ કુટેવથી થાય છે. કોઈ કોઇ દરદીને આ કુટેવથી બહેરાપણું પણ આવે છે. જેવી રીતે ખરાબ સંયોગથી પ્રમેહ થાય છે તેવી રીતે આ કુટેવથી થવાનો સંભવ રહે છે. દરદીને તેની પ્રકૃતિ અનુસાર આ સઘળા રોગોમાંથી અમુક રોગ લાગુ પડે છે.

પત્નીઃ—ત્યારે તો અતિમૈથુન કરતાં હસ્તક્રિયાથી માણસની વિશેષ ખરાબી થાય છે.

પતિઃ—હસ્તદોષ અતિમૈથુન કરતાં વિશેષ નુકસાનકારક હોઇ તેનાં કારણો હું જણાવું છું. સ્ત્રીસંયોગ પરાધીન હોવાથી તેની તક ઘણી થોડી મળે છે; પરંતુ હસ્તક્રિયા સ્વાધીન હોવાથી તે ગમે તે વખતે મરજી હોય એટલી વખત થઇ શકે છે અને તેથી વિશેષ શક્તિ જાય છે.

પત્નીઃ—એ તો એક કારણ થયું. બીજાં કયાં કારણો છે?

પતિઃ—ઘણાં કારણો છે. સ્ત્રીસંયોગ પ્રસંગે દૃઢ તથા જાગ્રત ઇંદ્રિયની આવશ્યકતા છે અને તેથી એ કાર્ય શક્તિ પ્રમાણે કરી શકાય છે; પરંતુ હસ્તક્રિયા ઈંદ્રિય શિથિલ હોવા છતાં થઈ શકે છે; એથી માણસ શક્તિ ઉપરાંત વીર્ય કાઢી નાખે છે.

પત્નીઃ—ત્રીજું કયું કારણ છે?

પતિઃ—સ્ત્રીસંયોગ વખતે શબ્દ, સ્પર્શ, દર્શન વગેરે જૂદી જૂદી ઈંદ્રિયો કાર્ય કરે છે; એવી રીતે મહેનત વહેંચાઇ જતી હોવાથી થોડો શ્રમ લાગે છે; પરંતુ હસ્તક્રિયામાં વિષયસુખની પરાકાષ્ટાએ પહોંચવા એ ભિન્નભિન્ન કાર્યો એકલા મનને એટલે કલ્પનો-

શક્તિને કરવાં પડે છે. એથી મનને ઘણી મહેનત પહોંચે છે અને શક્તિનો વિશેષ વ્યય થાય છે.

પત્ની:—હવે ચોથું કારણ કહો.

પતિ:—સ્ત્રીસંયોગ પ્રસંગે જ્ઞાનતંતુઓ નૈસર્ગિક ઉત્તેજનાથી જ ઉત્તેજિત બને છે તથા મૈથુનની ક્રિયાનો વેગ ક્રમે ક્રમે વધતો જાય છે; પરંતુ હસ્તક્રિયામાં સ્વાભાવિક ઉત્તેજના નહિ હોવાથી તે લાવવા માટે મનને ઘણી મહેનત કરવી પડે છે. વળી એ કાર્ય ઘણા આવેશમાં થતું હોવાથી શરીરને સખ્ત આચકો લાગે છે તથા કાર્ય સમાપ્ત થયા પછી આખું શરીર અશક્ત બની ગયેલું જણાય છે.

પત્ની:—હજી કોઇ કારણ બાકી રહ્યું છે કે ?

પતિ:—હા. મગજ સિવાય શરીરના સઘળા અવયવો કરતાં જનનેંદ્રિયમાં જ્ઞાનતંતુઓનો વિશેષ સમૂહ હોય છે. સંભોગ વખતે શારીરિક, રાસાયનિક અને ઘર્ષણ એવા ત્રણ પ્રકારથી વિદ્યુત્ જનનેંદ્રિયના જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે, અને તેથી જ સ્ત્રીસંભોગ પ્રસંગે આનંદનો અનુભવ થાય છે. હસ્તક્રિયામાં એકલી ઘર્ષણ વિદ્યુતનો જ ઉપયોગ થાય છે. સંભોગ વખતે સ્ત્રીપુરુષના અત્યંત ગાઢ તથા અનુરાગયુક્ત આલિંગનથી શારીરિક વિજળી—આત્મવિદ્યુત્ પ્રકટ થાય છે. જેવી રીતે સોડા અને એસિડ જેવા બે વિરુદ્ધ પ્રકૃતિના પદાર્થોનું પરસ્પર મિલન થતાં વિજળીનું બળ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે સંયોગ વખતે શિશ્ન અને યોનિના વિરુદ્ધ પ્રકૃતિના રસોનું મિલન થવાથી રાસાયનિક વિજળી ઉત્પન્ન થાય છે. યોનિલિંગ અને શિશ્નના ઘર્ષણથી ઘર્ષણ વિજળી ઉત્પન્ન થાય છે.

પત્ની—હજી એ વાત હું બરાબર સમજી શકી નથી.

પતિઃ—શારીરિક અને રાસાયનિક વિજળી સ્ત્રીપુરુષના સમાગમથી નવીન ઉત્પન્ન થાય છે અને તેથી સ્ત્રીપુરૂષને પરસ્પર વિજળીનું બળ પ્રાપ્ત થાય છે; પરંતુ ઘર્ષણ વિજળીથી એવું નવીન બળ ઉત્પન્ન નહિ થતું હોવાથી એ વિજળી જ્ઞાનતંતુઓમાંથી ખેંચાય છે; એ ખોટ કોઈ પણ પ્રયત્નથી પૂરી કરી શકાતી નથી. સ્પષ્ટ વાત એ છે કે, શારીરિક અને રાસાયનિક વિજળીથી શરીરને શક્તિ મળે છે તથા ઘર્ષણ વિજળીથી શરીરની શક્તિ ઓછી થાય છે. આમ હોવાથી સ્ત્રીસંયોગ કરતાં હસ્તક્રિયાની કુટેવથી ઘણું નુકસાન થાય એ ખુલ્લું છે.

પત્નીઃ—એ કુટેવ લાગુ પડતાં તેને કેવી રીતે ઓળખી શકાય છે?

પતિઃ—એ કુટેવ બધી પડે છે એટલે એને સહેલાઈથી ઓળખી શકાય છે. એવા દરદીનો ચહેરો જ તેનાં કૃત્યોનો આયનો થઈ પડે છે. જે લાલી અને તંદુરસ્તી યુવાનીમાં હોય છે તે આવા દરદીનામાં હોતાં નથી. ચહેરો ચિંતાતુર બની જાય છે, ચામડી ખડબચડી દેખાય છે, કોઇ કોઇ દાખલામાં ચામડીનો રંગ સીસાના રંગ જેવો જણાય છે, આંખોનું તેજ ઘટી ગયેલું હોઇ આંખો ઊંડી ઉતરી ગયેલી દેખાય છે, ઓષ્ઠમાં કુદરતી લાલાસ દેખાતી નથી, દરદી એકાંતમાં રહેવાનું પસંદ કરે છે, તેના માથા ઉપરના વાળ ખરવા માંડે છે, દાંતની સફેદી ઓછી થાય છે, આખું શરીર બેડોળ બને છે, યુવાન અવસ્થા હોવા છતાં વૃદ્ધાવસ્થા દેખાય છે. આ સઘળાં લક્ષણો ઉપરથી હસ્તક્રિયાના દરદીને સહેલાઇથી ઓળખી શકાય છે.

પત્નીઃ—હસ્તક્રિયાની કુટેવ કેવી રીતે દૂર કરી શકાય છે?

પતિઃ—આ રોગ કિંવા કુટેવનો મુખ્ય ઉપાય મનને અંકુશમાં

રાખવું એ છે. દરદીને ખરાબ સોબતથી દૂર રાખવાની કાળજી રાખવી. ઇચ્છા તથા ઉત્તેજના દબાય એવા પ્રયત્ન કરવા. કુકર્મ નહિ કરવાનો એક વખત દૃઢ સંકલ્પ કર્યા પછી એ સંકલ્પનો જો એક વખત ભંગ થાય છે તો બાજી પાછી બગડે છે. જ્યાં સુધી મન ઉપર અંકુશ નથી રાખી શકાતો ત્યાં સુધી સઘળા ઔષધોપચાર વૃથા થાય છે; ગમે એવાં અકસીર ઔષધોની બિલ્કુલ અસર થતી નથી. આમ હોવાથી દરદીનું મન અંકુશમાં રહે એમ પ્રથમ કરવું જોઇએ. દરદીને એકાંતમાં બિલ્કુલ રહેવા દેવું નહિ. વિચારશક્તિ નવરી પડવાથી તે અસલ કાર્ય તરફ આકર્ષાય છે. દરદી અવકાશનો વખત માણસોની સાથે ગમ્મતમાં કાઢે છે એટલે એને એક પ્રકારનો નિર્દોષ આનંદ મળે છે. તે ઉપરાંત અવકાશના વખતમાં દરદીએ નીતિ તથા ધર્મગ્રંથો વાંચવા જોઇએ; તે સાથે મગજ થાકી જાય ત્યાં સુધી વાંચવું નહિ એ નિયમ ધ્યાનમાં રાખવો જોઇએ. બીભત્સ પુસ્તકોને હાથ પણ લગાડવો જોઇએ નહિ.

પત્નીઃ—એ ઉપરાંત કાંઇ કરવું જોઇએ કે ?

પતિઃ—હા. મનને સુધારવાના એ ઉપાયોની સાથે શરીર સુધારવાના ઉપાય પણ કરવા જોઇએ. શરીર સહન કરી શકે એટલી કસરત કરવી જોઇએ, ખુલ્લી હવામાં સ્હવારે અને સ્હાંજે ફરવા જવું જોઇએ, ફરતી વખતે બનતાં સુધી સજ્જન, સદાચારી અને બુદ્ધિશાળી સ્નેહીને સાથે રાખવો જોઇએ. સ્નેહી અગર મિત્રની પસંદગી કરવામાં સહુથી વિશેષ ધ્યાન આપવું જોઇએ. નદી કે તળાવમાં તરવાની કસરતથી સારો ફાયદો થાય છે.

પત્નીઃ—એ સિવાય બીજા કાંઈ ઔષધોપચાર ન કરવા જોઇએ કે ?

પતિ—ઔષધોપચાર પણ કરવા જોઇએ. કેટલાક વૈદ્યો પાસે આવા દરદીઓ જાય છે ત્યારે મૂળ કારણને નહિ જાણતાં તેઓ રોગનાં ચિહ્નો જે બીજા રોગોને મળતાં આવે છે એ ઉપરથી ભૂલાવો ખાઈ એવા રોગોનો ઉપાય કરે છે; પરંતુ તેથી દરદીને કાંઇ અસર થતી નથી. ગમે તે વૈદ્ય કે ડૉક્ટર પ્રથમ બળવર્દ્ધક જેને ઈંગ્રેજીમાં ટૉનિક કહે છે એવી દવાઓ આપે છે; પરંતુ એથી દરદીને કાયમનો ફાયદો થતો નથી. સ્નાયુઓ ઉપર એવી ટૉનિક. દવાઓની અસર થોડા વખત માટે થાય છે. વળી એવી દવાનું પ્રમાણ વધી જાય છે અગર તો તે ઘણા વખત સુધી આપવામાં આવે છે તો તેથી શરીરને ઉલટું નુકસાન થાય છે. લોહી સુધારી તે પૂર્ણ સ્વચ્છતામાં અને પૂરતા પ્રમાણમાં નસોમાં ફરતું થાય એ જ મુખ્ય ઉપાય આ દરદમાં પ્રથમ કરવાની જરૂર છે.

પત્ની—એવી રીતે નસોમાં લોહી ફરતું થવાથી શો લાભ થાય છે?

પતિ—વીર્ય એ લોહીનું સત્વ છે. એ સત્વ પાછું આવવા માટે લોહીને તેની તંદુરસ્ત હાલતમાં લાવે, એનું પ્રમાણ વધારે, તેની સાથે સ્નાયુઓ, નસો અને જ્ઞાનતંતુઓને શક્તિ આપે તથા મગજ સુધારે એવી દવાઓનું મિશ્રણ કરી દરદીને આપવાથી ફાયદો થાય છે. આ દરદ માટે કોઈ એક જ દવા બસ નથી. એક જ સમયે શરીરને પોષણ આપે, સ્નાયુઓને પુષ્ટ કરે, શરીરમાં ગરમી લાવે તથા મનને ઉત્સાહમાં રાખે એવી મિશ્ર દવાઓની આ દરદમાં જરૂર પડે છે. જનનેંદ્રિયને ઉત્તેજિત કરનારી દવાઓમાં મુખ્યત્વે કરીને નશો હોય છે, તેથી તેની પહેલી માત્રાથી જે અસર થાય છે તેથી બમણો ગેરલાભ દવાનો નસો ઉતરી ગયા પછી થાય છે.

એવી માદક દવાથી જીવનશક્તિ ક્ષીણ થાય છે. આ દરદમાં એવી દવાઓ નહિ આપતાં દરદીને ધીમે ધીમે પણ કાયમનો ફાયદો થાય એવી દવાઓ આપવાની જરૂર છે. વળી જે રોગ જલ્દી થાય છે તે જલ્દી મટે છે અગર તો જલ્દી મારે છે અને જે રોગ ધીમે ધીમે થાય છે તે ધીમે ધીમે જ મટે છે. તાત્પર્ય એ છે કે, આ દરદમાં માદક પદાર્થની માફક ઇંદ્રિયોને એકદમ નહિ ઉશ્કેરતાં તેઓ ધીમે ધીમે સતેજ થઇ સ્ફુર્તિમાં આવે, નિર્બળ બની ગયેલા અવયવોને પુનઃ સશક્ત બનાવે તથા શરીરની સઘળી શક્તિને એક સાથે સજીવન કરે એવી દવાઓનો ઉપયોગ કરવો જોઇએ. *

પ્રકરણ ૧૩ મું

ઋતુસ્રાવનાં દરદો.

પતિ—આપણા દેશમાં એવી કોઇ સ્ત્રી ભાગ્યે હશે કે ઋતુસ્રાવ વખતે એને ગમે તે એક પ્રકારની હરકત ન ભોગવવી પડતી હોય. ઋતુસ્રાવનાં દરદો ઘણાં વિકટ તથા પ્રાણહારક હોઇ એ દરદો લાંબા કાળ સુધી કાયમ રહે છે તો સ્ત્રી સંતાનને જન્મ આપી શકતી નથી અર્થાત્ તેને વંધ્યત્વ પ્રાપ્ત થાય છે.

પત્ની:—ત્યારે એ વિષયનું જ્ઞાન પ્રત્યેક સંસારી સ્ત્રીએ મેળવી લેવું જોઇએ.

---

* આ દવાઓની માહિતી મેળવવા માટે અમારા તરફથી પ્રસિદ્ધ થયેલું 'આરોગ્યસચિત્ર કોકશાસ્ત્ર' નામનું પુસ્તક વાંચો.

પ્રકાશક.

પતિ—ઋતુસ્રાવ બે રીતે રોકાઇ જાય છે. એક રીતમાં ઋતુસ્રાવ નિયમિત નહિ થતાં અનિયમિત રીતે પેડુમાં કાંઈ પણ વેદના થયા સિવાય થાય છે, બીજી રીતમાં પેડુમાં પુષ્કળ વેદના થઇ અનિયમિત રીતે રક્તસ્રાવ થાય છે. ઘણી ખરી સ્ત્રીઓને ઋતુસ્રાવનું આ બીજી રીતનું દરદ લાગુ પડેલું જોવામાં આવે છે.

પત્ની—દુઃખ થયા સિવાય ઋતુસ્રાવ થાય તેને દરદ કેવી રીતે ગણી શકાય ?

પતિ—અનિયમિત રક્તસ્રાવ થાય એ એક પ્રકારનું દરદ જ છે. દુઃખ અગર વેદના થયા સિવાય અનિયમિત રક્તસ્રાવ થાય તેનું કારણ એ છે કે, સ્ત્રીના શરીરમાં જોઇએ એટલું લોહી હોતું નથી. ગર્ભસ્થાનમાં જ્યારે સોજો કે બીજો કાંઇ વિકાર હોય છે ત્યારે રજોદર્શન વખતે વેદના થાય છે.

પત્ની—એ સિવાય બીજાં કયાં કારણોથી એવી વેદના થાય છે ?

પતિ—એકાએક ટાંઢ લાગવાથી, વિલાસી ટેવોથી અને લાંબા વખતના અજીર્ણ રોગથી પણ રજોદર્શન વખતે વેદના થાય છે. જે સ્ત્રીઓ નિર્બળ હોય છે તેમનો ઋતુસ્રાવ પણ ખેંચાઇ જાય છે.

પત્ની—એમ થાય ત્યારે શું કરવું જોઇએ ?

પતિ—ગર્ભ રહેવાના કારણથી રજોદર્શન બંધ થયું હોય તો એ સંબંધીની ચોક્કસ ખાત્રી કરી લેવી; એ સિવાય બીજા કોઇ કારણથી તે બંધ થઇ જાય છે તો પરિણામ પ્રાણહારક આવે છે. દુર્બળ બાંધાવાળી સ્ત્રીઓનું રજોદર્શન બંધ થઇ જાય છે તો તેમને ક્ષયનો જીવલેણ રોગ લાગુ પડે છે. સબળ બાંધાવાળી સ્ત્રીઓનું રજોદર્શન બંધ થતાં તેમને હૃદય, લિવર, હોજરી વગેરેમાં

કોઇ રોગ લાગુ પડે છે. કોઇ કોઇ વખતે માનસિક રોગ પણ લાગુ પડે છે.

પત્ની—આ તો તમે સંસારી એટલે પરણેલી સ્ત્રીઓની વાત કરી; પરંતુ જો કોઈ કુમારિકા રજોદર્શન વખતે વેદના અનુભવતી હોય તો ?

પતિ—એવી સ્થિતિમાં તેનો જલ્દી વિવાહ કરી નાખવો હિતકારક છે.[1]

પત્ની—સ્ત્રીને રજોદર્શન વખતે પુષ્કળ વેદના થતી હોય તો શું કરવું જોઇએ ?

પતિ—એ ઘણું ગંભીર તથા ગુંચવાડા ભરેલું દરદ છે, અને તેથી જ એ દરદ લાગુ પડવાનું કારણ શોધી કાઢવામાં ઘણી મુશ્કેલી નડે છે. એ દરદ ઘણાં કારણોથી ચાલુ રહે છે. ગર્ભસ્થાનની કોઇ બીમારીને લીધે, ક્વચિત્ એમાં આવેલા સોજાને લીધે, લોહી બગડવાને લીધે અગર સંતાનબીજસ્થાનની બગડેલી સ્થિતિને લીધે એ વેદના ચાલુ રહે છે.[2] આ દરદમાં ક્વચિત્ અનિયમિત રક્તસ્રાવ થાય છે તો ક્વચિત્ ખુલાસાથી થાય છે. ઘણો અસલ દુ:ખાવો થાય છે. જ્યારે લોચા જેવો એટલે કે, જામી ગયેલો રક્તસ્રાવ થાય

૧ ડૉક્ટર ઍશવેલ કહે છે કે, "Marraige often cures amenorrhœa."

૨ ડૉક્ટર ઍશવેલ આ દરદથી દુ:ખી થતી સ્ત્રીઓ માટે કહે છે કે, "Single woman are perticularly prove to it, and it often seems to be associated with a tendency to strong mentll imotion."

છે ત્યારે જ દુઃખાવો ઓછો થાય છે; પરંતુ થોડો વખત વીતી ગયા પછી પાછો દુઃખાવો ચાલૂ થાય છે. આ દરદથી પીડાતી સ્ત્રીઓને ઋતુ આવવાની હોય છે ત્યારે બે દિવસ અગાઉથી ખબર પડે છે; કેમ કે બે દિવસ અગાઉથી છાતીમાં શૂળો ભોંકાતી હોય એવી વેદના એમને થાય છે, માથું દુખે છે, મ્હોં લાલચોળ બની જાય છે, પેઢુ ભારે થઇ ગયેલું જણાય છે. પછી પીડા શુરૂ થાય છે. એ પીડા કોઇ વખતે એક બે દિવસમાં જ નરમ પડી જાય છે.

પત્ની—ગર્ભ રહ્યા સિવાય રજોદર્શન બંધ થઇ ગયું હોય તો શા ઉપચાર કરવા જોઇએ?

પતિ—જો સ્ત્રી સશક્ત હોય અને તેની ઋતુ બંધ થઈ ગઇ હોય તો રોજ ચાલવાની ઘણી કસરત કરવી જોઇએ, સાદો તથા જલ્દી પચે એવો ખોરાક લેવો જોઇએ, સ્વચ્છ હવા આવતી હોય અને સંપૂર્ણ પ્રકાશ આવતો હોય એવા સ્થળે રહેવું જોઇએ. ઋતુ લાવનારી દવાને ઇંગ્રેજીમાં ઍમૅનૅગૉગ (Emmnagogue) કહે છે. ઋતુ બંધ થવાનું કારણ જાણવામાં ન આવે ત્યાં સુધી આ દરદમાં કોઇ પણ દવા વાપરવાની સલાહ આપી શકાતી નથી. ઋતુસ્રાવનાં દરદો ઉપર સામાન્ય રીતે ઉપયોગી થઇ પડે એવી એક એલેટ્રિસ કૉર્ડિયલ (Aletris cordial) નામની દવા અમેરિકામાં શોધી કાઢવામાં આવી છે.

પત્નીઃ—એ દવા ઋતુસ્રાવનાં કયાં કયાં દરદોમાં વાપરી શકાય છે?

પતિઃ—ઋતુસ્રાવનું અટકી જવું, અસહ્ય વેદના સાથે ઋતુધર્મનું દેખાવું, પ્રમાણ કરતાં વિશેષ ઋતુનું વહી જવું, [illegible],

ગર્ભસ્થાનનું ખસી જવું, ગર્ભનું અધુરી મુદતે પડવું, સંતાનબીજની નિર્બળતાને લીધે અગર તો 'ઓવરી'ની બગડેલી સ્થિતિને લીધે વંધ્યત્વ લાગુ પડવું વગેરે દરદો ઉપર એ દવા ખાસ વાપરવામાં આવતી હોય તે વિલાયતી દવાઓ વેચનારની દુકાનેથી મળી શકે છે. એ દવા કેવી રીતે કેટલા પ્રમાણમાં દરદીને આપવી જોઇએ. એ બાટલી સાથે આવતા માહિતીપત્રમાં લખેલું હોય છે.

પત્નીઃ—કેટલીક સ્ત્રીઓ લગ્નમાં જવાનું હોય છે ત્યારે અગર તો બીજા કોઇ એવા પ્રસંગે ઋતુકાળની મુદતને લંબાવવાનો પ્રયત્ન કરે છે; એથી કાંઇ નુકસાન થાય છે કે ?

પતિઃ—હા, ઋતુના નિયમિત વખતને રોકવાનો પ્રયત્ન કરવો એ ગંભીર ભૂલ કરવા જેવું છે. અજ્ઞાની સ્ત્રીઓ ઋતુ અટકાવવા માટે આઇસ, સોડા કે લેમોનેડનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરે છે. કેટલીક સ્ત્રીઓ ઋતુની મુદતમાંથી જલ્દી પરવારી જવા માટે સંચળ, વાંસકપુર વગેરે દેશી વસ્તુઓ મલાઇ અથવા માખણ સાથે ખાય છે; પરંતુ એથી ઘણું અહિત થાય છે.

પત્નીઃ—રજોદર્શન વખતે પુષ્કળ વેદના થતી હોય તો શું કરવું જોઇએ ?

પતિઃ—એવા દરદનો ઉપાય કોઈ અનુભવી લેડી ડૉક્ટર અગર ચિકિત્સક પાસે કરાવવો જોઇએ; કેમ કે વેદના થવાનું કારણ જાણ્યા સિવાય એ દરદમાં કોઇ દવા આપી શકાતી નથી. જો યોનિની કોઇ ખામીથી વેદના થતી હોય તો તેનો ઉપાય અનુભવી ચિકિત્સક સિવાય બીજાથી થઇ શકતો નથી. સંતાનબીજસ્થાન ઉપર સોજો આવવાથી ગર્ભસ્થાનનું મ્હોં સંકોચાઇ ગયું હોય છે તો તેથી પણ

વેદના થાય છે. એ વેદના ડૉકટર અગર ચિકિત્સક સહેલાઇથી મટાડી શકે છે. છતાં વેદના મટાડવાના જે સહેલા ઘરગથ્થુ ઉપાય છે એ હું જણાવું છું. વેદનાનો આરંભ થતાં જ દરદીએ દિવસમાં ત્રણ વખત ગરમ પાણીમાં બેસવું તથા દરેક વખતે ઓછામાં ઓછા અડધા કલાક સુધી પાણીમાં બેસી રહેવું. (૨) દરેક કલાકને અંતરે અડધો ગ્રેઇન 'પલ્વીસ ઇપીકૅપ' પાણીમાં ચાલૂ આપવું. એથી ઋતુસ્રાવ ખુલાસાથી થાય છે. જો ઇપીકૅપથી ઉલટી થવા જેવું લાગે તો કલાકને બદલે બબ્બે કલાકને અંતરે આપવું. (૩) એ ઉપરાંત 'એપીઓલ' નામની દવાની પેટન્ટ ગોળીઓ વેદના મટાડવામાં અકસીર છે. 'એન્ટીફીબ્રીન' અને 'એન્ટી પાઇરીન' નામની ઓળખાતી દવાઓ પણ એ વેદના ઉપર આપી શકાય છે; છતાં એ દવાઓનો ઉપયોગ ડૉકટરની સલાહ લઇને કરવામાં જ વિશેષ સલામતી છે.

પત્ની:—એ દરદમાં ઉપયોગી થઈ પડે એવી દેશી દવાઓ નથી કે ?

પતિ—પુષ્કળ છે. (૧) વખત થઇ જવા છતાં સ્ત્રીને રજોધર્મ બિલકુલ ન દેખાયો હોય અને શરીરમાં તાવ આવતો હોય તો તેનો નિયમિત ઉપાય કરવો. પછી અજીર્ણ અગર પાચનશક્તિની મંદતા દૂર કરવા કરીઆતાનું ચૂર્ણ તોલો ૦ા, સોડા બાયૅ કાર્બ તોલો ૦ા મેળવી દિવસમાં બે વખત આપવું. કડુ તોલો ૦ા, સાકર વાટેલી તોલો ૦ા મેળવી દૂધ સાથે ૦ા તોલો દિવસમાં એક વખત પાવું. (૨) શરીર સશક્ત હોય તો એક બે સારા જુલાબ લેવા. આ દરદમાં સોનામુખી, એળીઓ અને વિલાયતી મીઠાના જુલાબ લેવા સારા છે. નારાયરસ અગર બીજી નેપાળાવાળી દેશી બનાવટ આ

દરદમાં હરકત વગર આપી શકાય છે. (૩) દર મહિને સ્ત્રીને વેદના થાય તથા ઋતુ આવશે એમ લાગે તો તેને ઉપર કહ્યું તેમ કમરબુડ ગરમ પાણીમાં બેસાડવી. (૪) મજીઠ તોલા અઢી અને લવીંગ તોલો ૦। દોઢ શેર પાણીમાં ઉકાળી સાત આઠ તોલા રહે એટલે ઉતારી એમાંથી અઢી તોલા જેટલું પાણી દિવસમાં એક વખત પીવું. એ દવાથી રજોધર્મ દેખાય છે અને જીર્ણજ્વર દૂર થાય છે. (૫) જાંગના અંદરના ભાગમાં એટલે સાથળના મૂળમાં રાઇનું પ્લાસ્ટર મારવાથી લોહીનું નીચે ખેંચાણ થઇ ઋતુસ્રાવ દેખાવામાં મદદ થાય છે. રાત્રે ક્ષારવાળા ગરમ પાણીમાં પગ બોળવાથી પણ ફાયદો થાય છે. (૬) રજોધર્મ વખતે રજને બદલે સફેદ પાણી નીકળતું હોય તથા રજોધર્મનાં ચિહ્ન દેખાઇ થોડો નિયમિત રજસ્રાવ દેખાતો હોય તો તેથી શરીર નિર્બળ એટલે કે ક્ષીણ થઇ જાય છે. એવી સ્ત્રીઓને પૌષ્ટિક ખોરાક આપવો જોઇએ.

પત્નીઃ—આ બધી દવાઓ તો જે સ્ત્રીને વખત થઇ જવા છતાં ઋતુ ન દેખાતી હોય તેને આપવાની વાત તમે કરી; પરંતુ ઋતુ દેખાયા પછી બંધ થઈ જાય અગર દૂર બેઠા પછી ઋતુસ્રાવ ખેંચાઇ જાય તો શું કરવું તથા એવું દરદ સ્ત્રીજાતિને શાથી લાગુ પડે છે?

પતિઃ—ઋતુસ્રાવ એક વખત દેખાયા પછી બંધ થઈ જવાનાં અમુક કારણો તો હું તને કહી ચુક્યો છું. ઋતુના દિવસમાં સ્ત્રીને શરદી લાગવાથી, છોવાળી જમીન ઉપર સુઇ રહેવાથી, ભેજ લાગવાથી, ઘણા ઠંડા પાણીથી ન્હાવાથી, ઋતુના દિવસોમાં બરફ,

આઇસ્ક્રીમ વગેરે ઠંડા પદાર્થો ખાવાથી એક વખત દેખાયલી ઋતુ એકાએક બંધ થઇ જાય છે. વળી એકાએક ભય અગર ચિંતા ઉપજતાં મનને જે ધક્કો પહોંચે છે તો તેથી પણ ઋતુ દેખાતી બંધ થાય છે. ઋતુમાં આવેલી સ્ત્રીને કોઇ સખત દરદ, તાવ વગેરે થઇ આવે છે તો તેથી પણ અટકાવ બંધ થાય છે.

પત્નીઃ—કયાં લક્ષણો જોવામાં આવતાં સ્ત્રીને એ દરદ લાગુ પડેલું જાણી શકાય છે ?

પતિઃ—ઋતુસ્રાવ એકાએક બંધ થવાથી સ્ત્રીને અમુક પ્રકારની વેદના થયા સિવાય રહેતી નથી. ઋતુ એકાએક બંધ થતાં થોડો ઘણો તાવ આવે છે, માથું દુઃખે છે, પુષ્કળ તૃષા લાગે છે, કોઇ વખતે ફેફસાંનો, મગજનો કે ગર્ભાશયનો વરમ થઇ આવે છે. તે સાથે પેડુ, કમર અને પેટમાં સખ્ત ઝાટકા વાગે છે. કેટલીક સ્ત્રીઓને એટલો બધો સખ્ત તાવ આવે છે કે તેઓ બેહોશ બની જાય છે, કાંઇ ખવાતું નથી, ઝાડાની કબજીઆત થાય છે. કેટલીક સ્ત્રીઓના શરીરમાં તો અમુક દરદો ઘર કરી બેસી હમ્મેશાં તેમને હયરાન કરે છે

પત્નીઃ—એવા પ્રસંગે શા ઔષધોપચાર કરવા જોઇએ ?

પતિઃ—આવું દરદ લાગુ પડતાં સ્ત્રીના શરીરમાંથી કોઇ પણ રીતે લોહી ઓછું થાય અગર નીકળે ત્યારે અમુક હદ સુધી હૃદયને ધક્કો પહોંચે છે તથા ખાટા પદાર્થો ખાવાની ઇચ્છા થાય છે; છતાં એ ઇચ્છા દબાવી ખાટા પદાર્થો ખાવા જોઇએ નહિ.. (૨) બંધ થઇ ગયેલી અગર ખેંચાઇ ગયેલી ઋતુ પાછી લાવવા માટે સ્ત્રીને ભરપુર ગરમ પાણીમાં બેસાડવી તથા તેને ગરમ કરેલું પાણી પીવા

આપવું. (૩) દસ્તનો ખુલાસો થાય તથા પસીનો થાય એવી દવાઓ આપવી; હલકો ખોરાક આપવો, આમ કરવા છતાં જો તાત્કાળિક પુનઃ ઋતુ ન દેખાય તો ઉતાવળ નહિ કરતાં બીજા ઋતુકાળ (મહિના) સુધી રાહ જોવી.

પત્નીઃ—ઠીક એ વાત સમજી; પરંતુ કેટલીક સ્ત્રીઓને ઋતુ પ્રસંગે હદ કરતાં વિશેષ લોહી વહી જાય છે. એથી કાંઇ નુકસાન થાય છે કે ?

પતિઃ—ઘણું નુકસાન થાય છે. એવા દરદથી પીડાતી સ્ત્રીઓને કેટલીક વખતે મહિનામાં એક કરતાં વધુ વખત ઋતુ દેખાય છે. શરીરની નિર્બળતાને લીધે ગર્ભાશયની લોહીની નસો નિર્બળ થઇ જવાથી અત્યાર્ત્તવ (વિશેષ પ્રમાણમાં લોહીનું વહેવું) નું દરદ થાય છે. ગરમ આબોહવાની અસરથી પણ ગર્ભાશયની નસો ઢીલી પડી જઇ એ દરદ લાગુ પડે છે. કેટલીક મજબૂત બાંધાની સ્ત્રીઓના શરીરમાં જ્યારે લોહીનું પ્રમાણ વધી જાય છે ત્યારે પણ વિશેષ રક્તસ્ત્રાવ થતો જોવામાં આવે છે. ગર્ભાશય સ્થાનભ્રષ્ટ થવાથી અગર તો ગર્ભાશયમાં ગાંઠનું દરદ થવાથી પણ એ દરદ લાગુ પડે છે. સુગર્ભા સ્ત્રીને પ્રસવ થયા પછી ગર્ભાશયમાં જો ઓરનો એકાદ કકડો રહી ગયો હોય છે તો તેથી પણ આ રોગ થાય છે. કુમારિકાની ઇંદ્રિયો અતિશય ઉત્તેજિત બને છે તો તે અત્યાર્ત્તવ રોગનો ભોગ થઇ પડે છે. તરતની પરણેલી સ્ત્રીને બીજા કોઇ કારણ સિવાય અત્યાર્ત્તવ દેખાય તો તેથી વિષયેચ્છા ઘણી તીવ્ર છે એમ સમજી લેવું છે. ગર્ભાશયના સડાના દરદથી, એકાએક પુષ્કળ વજન ઉપાડવાથી, પડી જવાથી, ભયભીત બનવાથી અગર તો વિશેષ ઉત્તેજિત

થવાથી, કસુવાવડ થયા પછી અને પહેલાં આ અત્યાર્ત્તવનું દરદ સ્ત્રીઓને લાગુ પડે છે.

પત્નીઃ—એ ભયંકર દરદના જે ઔષધોપચાર તમે જાણતા હો તે મ્હને કહો.

પતિઃ—ઔષધોપચાર કરતાં પહેલી અત્યાર્ત્તવમાં જે લોહી વહી જાય તે આર્ત્તવ કિંવા રજોધર્મનું છે કે કેમ તેની પરીક્ષા કરવી જોઇએ.

પત્નીઃ—એવી પરીક્ષા કેવી રીતે કરી શકાય ?

પતિઃ—ઋતુના લોહી અને શરીરના અવયવોના લોહીમાં અમુક ફરક હોય છે. ઋતુના લોહીનો રંગ ખુલ્લો હોય છે તથા તે ત્રણથી છ દિવસ સુધી રહે છે તથા કદાપિ જામી જતું નથી. ગર્ભાશયમાંથી નીકળતું લોહી જો જામેલું કે કડકાના આકાર જેવું જણાય તો તે અટકાવનું નથી એમ સમજવું જોઇએ.

પત્નીઃ—ઠીક, હવે એ દરદના એટલે કે અત્યાર્ત્તવના ઔષધોપચાર કહો.

પતિઃ—આ દરદમાં ડિજીટેલીસ નામની ઇંગ્રેજી દવા, પીળી કરેણુ, ધોળી કરેણુની છાલ તથા સોમલ વપરાય છે; પરંતુ એ દવાઓ ઝેરી હોવાથી પ્રમાણ કરતાં વિશેષ વાપરવામાં આવે છે તો દરદીની જીંદગી જોખમમાં આવે છે. એ દવાઓ વિદ્વાન્ ડૉક્ટર કે અનુભવી ચિકિત્સકની સલાહ સિવાય વાપરવી જોઇએ નહિ. ડૉક્ટર કિંવા ચિકિત્સકની મદદ આવે તે પહેલાં આ દરદ જણાય તો દરદીની કમર અને પેઢુનો ભાગ ઉંચો રહે એવી રીતે તેને બિછા-

નામાં સુવાડવી જોઇએ. દરદી સ્ત્રીની કમર નીચે એક તકીઓ કે ઉશિકું ગોઠવવાથી તેના પેઢુનો ભાગ ઉંચો રહે છે. જે સ્ત્રીઓને વિશેષ અટકાવ આવવાનો ભય રહેનો હોય તેમણે અટકાવ આવતાં પહેલાં આવી રીતે બિછાનામાં સુઇ રહી આરામ લેવો જોઇએ. તે ઉપરાંત એક જાડું લુગડું લઈ તેની બે ત્રણ ગડી વાળી, ઠંડા પાણીમાં ભીંજાવી પેઢુ ઉપર મૂકયા કરવું. એમ કરવાથી અટકાવ બંધ થાય છે. કેટલાક ડૉક્ટરો આવા વખતે પેઢુ ઉપર બરફની કોથળી (આઇસ બેગ) મૂકાવે છે. આમ છતાં એ વાત ખાસ ધ્યાનમાં રાખવી કે આ બધા ઠંડા ઉપચાર અટકાવના ત્રણ દિવસ વીતી ગયા પછી કરવા તથા અડધા કલાક કરતાં વધુ વખત શીતોપચાર ચાલૂ રાખવો નહિ. ત્રણ ત્રણ કલાકને અંતરે એવા શીતોપચાર કરવા. હાથ પગ ગરમ રાખવા માટે તેના ઉપર ગરમ પાણી ભરેલી બાટલીઓ મૂકવી. દરદીના ચિત્તને શાન્ત રાખવું, જલ્દી પચી શકે એવો હલકો ખોરાક આપવો, દરદીએ પુરુષ સહવાસનો ત્યાગ કરવો તથા બનતા સુધી ઠંડા જળથી સ્નાન કરવું. શરીર ઉપર અને તેમાં પણ મુખ્યત્વે કરીને કમર ઉપર ઢીલાં કપડાં પહેરવાં.

પ્રકરણ ૧૪ મું

પ્રદર

પતિઃ—આજે તને અહીં આવતાં વિલંબ કેમ થયો?

પત્નીઃ—ઘરનું કામકાજ આટોપતાં થોડી વાર લાગી. આજે મને કયો વિષય સમજાવશો?

પતિઃ—આજે હું તને પ્રદરનો વિષય સમજાવું છું. સ્ત્રી-જાતિના પ્રસવદ્વારમાંથી એક પ્રકારનો પાતળો પદાર્થ નીકળી એ સ્થાનને સર્વદા ભીંજાવી રાખે છે; પરંતુ જ્યારે એ પદાર્થ વિશેષ પ્રમાણમાં, વિકૃત સ્વરૂપમાં અનિયમિત રીતે નીકળે છે ત્યારે તેને પ્રદર કહેવામાં આવે છે.

પત્નીઃ—સ્ત્રીજાતિને એ દરદ કયી ઉમ્મરે લાગુ પડે છે?

પતિઃ—સ્ત્રીઓને સર્વ સમયે એ દરદ લાગુ પડી શકે છે; છતાં મુખ્યત્વે કરીને એ દરદ યૌવનમાં લાગુ પડવાનો વિશેષ સંભવછે.

પત્નીઃ—બાળિકાઓને પણ એ દરદ લાગુ પડે છે કે?

પતિઃ—હા.

પત્નીઃ—ઠીક, પ્રદર રોગનાં લક્ષણો કયાં છે?

પતિઃ—પ્રસવદ્વારમાંથી જો સફેદ, હરિદ્રા અથવા લાલ પાતળો પદાર્થ નીકળતો જોવામાં આવે તો તે પ્રદર છે એમ સમજી શકાય છે.

પત્નીઃ—એ પદાર્થમાંથી કોઈ જાતની ગંધ આવે છે કે?

પતિઃ—કેટલીક સ્ત્રીઓના પ્રદરમાંથી ગંધ આવે છે અને કેટ-લીકનામાંથી બિલકુલ નથી આવતી.

પત્નીઃ—પ્રદરના રંગ જૂદા જૂદા કેમ હોય છે?

પતિઃ—પ્રસવદ્વારમાંથી જે પ્રદર નીકળે છે તે પાતળો અને લાલ હોય છે.

પત્ની—ત્યારે એ સિવાય બીજા સ્થળેથી પણ પ્રદર નીકળતો હશે એમ લાગે છે.

પતિઃ—હા. જેમના જરાયુમાં ક્ષત અર્થાત્ ઘા થઈ પ્રદર નીકળે છે તેનો રંગ જૂદી જાતનો હોય છે. એવી રીતે જૂદાં જૂદાં કારણોથી જૂદી જૂદી જાતનો રંગ દેખાય છે.

પત્નીઃ—એ દરદ અગર રોગ પ્રબળ થતાં શું થાય છે?

પતિઃ—રોગીનો ચહેરો ખરાબ થઇ જાય છે; મ્હોં ફીકું પડી જાય છે, પાચનશક્તિ મંદ થાય છે, પેઢુ તથા કમરમાં વેદના થાય છે. હાથ પગ ઠંડા રહે છે, દુર્બળતાને લીધે કોઈ પણ કાર્ય કરવામાં ઉત્સાહ આવતો નથી.

પત્નીઃ—ઠીક, પ્રદરનું દરદ લાગુ પડતાં રક્તસ્રાવ તદ્દન બંધ થાય છે કે?

પતિઃ—કોઇ કોઇ દાખલામાં તદ્દન બંધ થાય છે તથા કોઇ કોઇ દાખલામાં થોડો રક્તસ્રાવ થતો જોવામાં આવે છે.

પત્નીઃ—એ દરદ લાગુ પડવાથી રોગીને કાંઇ નુકસાન થાય છે કે?

પતિઃ—હા, નજીવી મહેનત કરવાથી હૃદય જોરથી ધબકી ઉઠે છે, શ્વાસ લેતાં પણ વેદનાનો અનુભવ થાય છે. કોઈ કોઇ વખતે નાક અગર તો બીજા કોઇ અવયવમાંથી લોહી નીકળે છે.

પત્નીઃ—કયાં કારણોથી એ દરદ લાગુ પડે છે?

પતિઃ—શારીરિક અને માનસિક બન્ને કારણોથી પ્રદરનું દરદ લાગુ પડે છે.

પત્નીઃ—એ વાત હું સમજી શકી નથી; બરાબર સ્પષ્ટતાથી સમજાવો.

પતિ:—પ્રથમ હું શારીરિક કારણો દર્શાવું છું; પછી માનસિક કારણો દર્શાવીશ.

પત્ની:—હા, એમ જ કરો.

પતિ:—શારીરિક નિયમના ઉલ્લંઘનથી અગર શરીર ઉપર અત્યાચાર કરવાથી જો એ દરદ લાગુ પડે તો તેને શારીરિક કારણ કહી શકાય તથા ચિંતા, શોક, દુઃખ વગેરેથી લાગુ પડે તો માનસિક કારણ કહી શકાય. ઘણા દિવસ સુધી બાળકને ધવડાવવાથી, પુષ્કળ રક્તસ્રાવ અગર તો કોઇ કારણથી રક્તનો ક્ષય થવાથી, શરીર દુર્બળ થવાથી પ્રદરનું દરદ લાગુ પડે છે. વળી જે સ્ત્રીઓ આળસુ તથા વિલાસી હોવા સાથે ખાંસીનું દરદ ભોગવતી હોય છે તેમને એ દરદ લાગુ પડે છે.

પત્ની:—ત્યારે વિલાસી થવાથી સ્ત્રીને ઘણું નુકસાન થાય છે, કેમ ?

પતિ:—હા. શહેરમાં રહેતી આળસુ તથા વિલાસી સ્ત્રીઓમાં જ મુખ્યત્વે કરીને પ્રદરનું દરદ જોવામાં આવે છે: ગામડામાં રહેતી મહેનતુ સ્ત્રીઓમાં પ્રદરના દરદનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. વળી સ્ત્રીજાતિને બીજા એક સ્થાનિક કારણથી પણ એ દરદ લાગુ પડે છે.

પત્ની—સ્થાનિક કારણ કોને કહી શકાય ?

પતિ:—શરીરની અંદર કોઇ સ્થળે કોઇ જુલમ થવાથી જો રોગ થાય અગર દરદ લાગુ પડે તો તેને સ્થાનિક કારણ કહેવામાં આવે છે. વિશેષ સહવાસ, આત્મમૈથુન, પ્રસવદ્વારને હમ્મેશાં અસ્વચ્છ રાખવું, મળદ્વારમાં ન્હાના ન્હાના કૃમિ થવા, હરસ, પ્રસાવયંત્રની

પીડા વગેરે કારણોથી પણ પ્રદરનું દરદ થાય છે. જો સ્ત્રીનું શરીર ભારે પણ દુર્બળ હોય છે, હૃદય અને શ્વાસયંત્ર ક્ષીણ હોય છે તો તેથી પણ એ દરદ લાગુ પડે છે.

પત્નીઃ—ત્યારે માબાપના દોષથી પણ એ દરદ થાય છે, કેમ ?

પતિઃ—માબાપના દોષથી સંતાનોને જે વિવિધ પ્રકારના રોગ લાગુ પડે છે એ સંબંધીની હકીકત હું તને પછી સમજાવીશ. આજે તો હું કેવળ પ્રદરના દરદની જ હકીકત સમજાવું છું. ઘણી દુઃખદાયક પ્રસવવેદના, તંગ કપડાં પહેરવાં, ઉજાગરા કરવા, ચ્હા, કૉફી તથા મસાલાવાળા પદાર્થો ખાવા વગેરે કારણોથી પણ પ્રદર થાય છે.

પત્નીઃ—એ પ્રદર ઓછા વત્તા પ્રમાણમાં નીકળે છે કે ?

પતિઃ—હા, હરેક વખતે ઋતુ થતાં પહેલાં કે પછી તથા ગર્ભાવસ્થામાં પ્રદર વિશેષ પ્રમાણમાં નીકળે છે. આરંભમાં પ્રદર સ્વચ્છ લાળચોળ જેવો હોય છે, થોડા દિવસ પછી તે ઘટ્ટ થઇ તેનો રંગ બદલાય છે; કોઇ કોઇ વખતે પાતળા દૂધ જેવો દેખાય છે. એ દરદ વધુ વખત રહે છે એટલે તેનો રંગ હળદર જેવો તથા રતાશ પડતો થાય છે.

પત્નીઃ—વિશેષ સમય સુધી પ્રદરનું દરદ કાયમ રહેવાથી દુઃખ પણ વિશેષ થાય છે કે ?

પતિઃ—હા.

પત્નીઃ—કયી રીતે વર્તવાથી એ દરદને વધતું અટકાવી શકાય છે ?

પતિઃ—પ્રદરનું દરદ ભોગવતી સ્ત્રીએ દરદ મટે ત્યાં સુધી પુરુષના સંસર્ગથી દૂર રહેવું જોઇએ, બાળક જો ધાવતું હોય તો ધાવણુ છોડાવી દેવું જોઇએ, ગરમ તીખા તમતમતા મસાલા અને પદાર્થો ખાવા ન જોઇએ. જો ચ્હા, કૉફી પીવાની ટેવ હોય તો તે છોડી દેવી. રાઇતું, અથાણું ખાવું નહિ; ખપતો હોય તેણે પણ માંસ મચ્છીનો ખોરાક છોડી દેવો. બિછાનું નરમ તથા સુંવાળું રાખવું, કબજીઆત થવા દેવી નહિ, દસ્તની કબજીઆત રહેતી હોય તો તે દૂર કરવી. સ્વચ્છ ખુલ્લી હવામાં ફરવા જવું, મનને પ્રસન્ન રાખવું અને બની શકે એટલી કસરત કરવી.

પત્નીઃ—એ સાથે બીજી દવાઓ કરવી જોઇએને ?

પતિઃ—હા, પરંતુ તે પૂર્વે પ્રદરના દરદના ભેદ જાણવાની જરૂર છે. એ ભેદને (૧) ભગપ્રદર (૨) વરાંગપ્રદર અને (૩) ગર્ભાશયપ્રદર કહી શકાય છે. ભગપ્રદરને બાળપ્રદર પણ કહી શકાય છે; કેમ કે મુખ્યત્વે કરીને ન્હાની છોકરીઓને પ્રદર લાગુ પડતાં તેને ભગપ્રદર કહે છે. છોકરીઓને પ્રદરનું દરદ લાગુ પડતાં તેઓ સુંવાળી જગ્યાને ખજવાળે છે; એથી યોનિઓષ્ઠ છોલાયલા, લાલાશ પડતા તથા સુજેલા દેખાય છે. કોઇ કોઈ વખતે ચાંદુ પડે છે તથા યોનિદ્વારમાંથી દુર્ગંધ આવે છે.

પત્નીઃ—ઠીક, એ બાળપ્રદર કેવી રીતે મટાડી શકાય છે ?

પતિઃ—(૧) સ્હવારે ઉઠી દરદવાળા ભાગને સાધારણ ગરમ પાણીથી ધોઈ નાખવો જોઇએ. ધોતી વખતે અંદર થોડો બોરીક એસીડ કે આમળાંનો ભુકો નખાય તો સારું. રાત્રે સૂઈ રહેતી વખતે દરદના સ્થાન ઉપર ધોયલું કે સાદું ઘી ચોપડવું, વેસેલીન એક ઔંસ

ઝીંક ઑક્ષાઈડ એક ડ્રામમાં મેળવી ચોપડવાથી પણ લાભ થાય છે. (૨) જો લોહીના વિકારથી પ્રદરનું દરદ લાગુ પડયું હોય તો પૌષ્ટિક અને રક્તશુદ્ધિ કરનારા ઉપાય અજમાવવા. (૩) ઘણી ન્હાની ઉમ્મરમાં આ દરદ લાગુ પડયું હોય તો ચુનાનું નીતારેલું પાણી તથા દૂધ પાવું. (૪) જો કૃમિથી દરદ લાગુ પડયું હોય તો ખાખરાનાં બી મધમાં ચટાડવાં. (૫) જેઠીમધ અને વાવડીંગનું ચુર્ણ સમાન ભાગે લઈ મધ તથા ઘીમાં આપવું.

પત્ની:—હવે વરાંગપ્રદરનો ભેદ, લક્ષણ તથા ઔષધોપચાર સમજાવો.

પતિ:—વરાંગમાંથી નીકળતો પ્રવાહી પદાર્થ મુખ્યત્વે કરી સફેદ દહીં જેવો જણાય છે. સગર્ભા સ્થિતિમાં સ્વચ્છ પાતળો પ્રવાહી પદાર્થ નીકળે છે. સંસ્કૃત પંડિતો એને સોમરોગના નામથી ઓળખાવે છે. દર મહિને આવતા ઋતુકાળના બે દિવસ પહેલાં અગર પછી બે ત્રણ દિવસ સુધી થોડો પ્રવાહી પદાર્થ નીકળે છે. કેટલાકના મત પ્રમાણે એ વિકારોનો પ્રદરના દરદમાં સમાવેશ થતો નથી. એ દરદનાં સ્થાનિક તથા સર્વાંગિક એવાં બે કારણો છે. સ્થાનિક કારણોમાં યોનિમુખ, કમળ, ગર્ભાશય વગેરેમાં થતી બળતરા, ચાંદાં વગેરેનો સમાવેશ થાય છે અને સર્વાંગિક કારણોમાં નિર્બળતા, રક્તવિકાર, ઉપદંશ, ક્ષય, પાંડુરોગ વગેરેનો સમાવેશ થાય છે. જેવી રીતે બાળકને વિશેષ ધવડાવવાથી એ દરદ થાય છે તેવી રીતે અતિ વિષયભોગથી પણ થાય છે. આર્ત્તવ એટલે ઋતુનાં દરદોથી પણ પ્રદરનું દરદ સ્ત્રીજાતિને લાગુ પડે છે. સ્ત્રીઅંગમાંથી સફેદ દહીં કે છાશ જેવો પ્રવાહી પદાર્થ નીકળે છે એને સામાન્ય રીતે ધાત કહે છે. કમરમાં દુખાવો થાય છે, પાચનશક્તિ મંદ થાય છે, શરીરમાં કળ-

તર થાય છે, ચિત્ત ઉદાસ અને સ્વભાવ ચ્હીડીઓ થાય છે, મગજ ખાલી પડી ગયું હોય એમ લાગે છે, હાથે પગે લાહ્ય બળે છે, આંખો બળે છે, જીર્ણજ્વર ક્ષય તથા પાંડુરોગ જેવાં ચિહ્ન જોવામાં આવે છે. તે સાથે યોનિમાર્ગના મુખ ઉપર અને કમળમુખ ઉપર લાહ્ય બળે છે. એ ભાગ થોડો સુજેલો અને રાતો થયેલો દેખાય છે. મુખ્યત્વે કરીને વરાંગપ્રદર પ્રસવ થયા પહેલાં એટલે ચૌદ વર્ષથી માંડી વીસ વર્ષની ઉમ્મર અંદરની સ્ત્રીઓને થાય છે. ગર્ભાશય પ્રદર વિશેષ પ્રૌઢ ઉમ્મરે એટલે એક બે વખત પ્રસવ થયા પછી, ઘણી સુવાવડો આવવાથી કે એકાદી સુવાવડથી થાય છે. ગર્ભાશય પ્રદર થયા પછી મુખ્યત્વે કરીને સ્ત્રી ગર્ભ ધારણ કરી શક્તી નથી.

પત્ની—ત્યારે વરાંગપ્રદર મટાડવા શું કરવું જોઇએ ?

પતિ—થયેલો પ્રદર વરાંગપ્રદર છે કે ગર્ભાશય પ્રદર છે તેની પ્રથમ ખાત્રી કરવી જોઇએ. ખરું કારણ જાણ્યા પછી ઘણા દિવસ સુધી ઔષધોપચાર કરવા જોઇએ. સ્થાનિક અને સર્વાંગિક બન્ને જાતના ઔષધોપચાર એક સાથે કરવાથી વિશેષ લાભ થાય છે દરદીના શરીરનું લોહી સારી રીતે ફરતું રહે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, શરીરના સઘળા અવયવોની ક્રિયાને પોષણ મળે અને તે સાથે ઠંડી કે ગરમી નહિ લાગતાં પ્રકૃતિ સમશીતોષ્ણ રહે એવાં ઔષધો આપવાં જોઇએ. ઈંગ્રેજી ઔષધોમાં ક્વિનાઇન, લોહ, ફેરી એટ ક્વિનાઇન સાઇટ્રસ, પેપ્સીન વગેરે ઔષધો દરદીની પ્રકૃતિનો વિચાર કરી ઉચિત પ્રમાણમાં આપવાં જોઇએ. તે ઉપરાંત કોડલીવર ઑઇલ, માલ્ટાઇન, સ્કૉટ ઇમલશન વગેરેમાંથી ડૉક્ટર ભલામણ કરે એ ઔષધ આપવું.

પત્ની:—આ તો તમે અંગ્રેજી ઔષધોની વાત કરી. આ દરદનાં દેશી ઔષધો નથી કે ?

પતિ:—ન કેમ હોય ? ઘણાંય છે. (૧) તાજી ગળોનો રસ આંઉસ ૨, ગોળ તોલો ૧, ઘી તોલો ૧ અને મધ તોલો ૦ા મળી કુલ અઢી તોલા મેળવી દરદીએ સવારે પીવું. (૨) પાંડુરોગ જેવું જણાતું હોય તો બપોરે જમ્યા પછી લોહભસ્મ એક રતિથી એક વાલ જેટલી લેવી. (૩) હાથે પગે તેલ ચોળાવવું. (૪) કમરમાં ઘણી વેદના થતી હોય તો ચોપચીનીનું ચુર્ણ તોલો ૦ા મધ તથા દીવેલ સાથે મેળવીને લેવું તથા ઉપર ગરમ દૂધ પીવું. એ ઉપચારોની સાથે સ્થાનિક ઉપચારો પણ કરવા જોઇએ. શરીરના ગુહ્ય ભાગોને ગરમ પાણીથી ધોઈ સ્વચ્છ રાખવા, બાવળની છાલના ઉકાળાથી ગુહ્ય ભાગો ધોવાથી પણ ફાયદો થાય છે. પુરુષ સંસર્ગથી સદંતર દૂર રહેવું.

પત્ની:—ગર્ભાશય પ્રદર લાગુ પડ્યો હોય તો શું કરવું ?

પતિ:—દરદીને ગરમ પાણીમાં બેસાડવું, ગરમ પાણીનો શેક કરવો, પૌષ્ટિક દવાઓ આપવી, લાળ ઓછી થાય તથા આર્ત્તવ શુદ્ધ થઈ નિયમિત આવે એવા ઉપાયો યોજી પ્રદર માટે બીજા જે ઉપાયો કહ્યા છે તે કરવા.

પ્રકરણ ૧૫ મું

સ્ત્રીજાતિનાં ગુપ્ત દરદો

પતિઃ—આજે હું તને સ્ત્રીજાતિનાં છુપાં સાંસારિક દરદોની યથાક્રમે માહિતી આપું છું. આ ઉપયોગી વિષય હરેક સ્ત્રીએ જાણવાની અનિવાર્ય અગત્ય છે; કેમ કે જે દરદોને સામાન્ય દરદો કહેવામાં આવે છે તે પણ જો ઘણા વખત સુધી કાયમ રહે છે તો ભયંકર સ્વરૂપ ધારણ કરે છે.

પત્નીઃ—આવા ઉપયોગી વિષયનું જ્ઞાન મેળવવા હું ઘણી ઉત્સુક છું.

પતિઃ—કેટલીક વખત સ્ત્રીઓને યોનિના ઉપરના ભાગ ઉપર ઘણી ખરજ થઇ આવે છે. કોઇ વખતે આ દરદ મુખ્ય ઉપદ્રવ તરીકે દેખાય છે તો કોઇ વખતે બીજા કોઇ દરદને લીધે થઇ આવેલું જણાય છે.

પત્નીઃ—સ્ત્રીને એ દરદ લાગુ પડવાથી શું થાય છે?

પતિઃ—યોનિના મુખ ઉપર (બ્હારે) ઘણી ખરજ આવે છે, વિશેષ ખણવાથી કોમળ ચામડી છોલાઇ જાય છે અને તેથી લાય બળે છે. કોઇ કોઇ વખતે તો કીડી અગર વીંછી કરડ્યો હોય એવી અસહ્ય વેદના થાય છે. ગરમ પદાર્થો ખાવાથી ખરજનું દરદ વધી જાય છે.

પત્નીઃ—કયી ઉમ્મરે સ્ત્રીજાતિને એ દરદ લાગુ પડે છે?

પતિઃ—એ દરદમાં ઉમ્મરનો કાંઇ નિયમ રહેતો નથી. મુખ્યત્વે કરીને બાળિકાઓ તથા ન્હાની મ્હોટી સ્ત્રીઓ સહુને એ દરદ લાગુ

પડે છે. જે સ્ત્રીનું શરીર મેદથી વૃદ્ધિ પામ્યું હોય તેને આ દરદ લાગુ પડવાનો વિશેષ સંભવ છે. પરિશ્રમ કરતી ગામડાની સ્ત્રીઓ કરતાં સુખી તથા વિલાસી નાગરિક જીવન ભોગવતી સ્ત્રીઓને આ દરદ વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે.

પત્ની:—ખરજનું દરદ ક્યાં ક્યાં કારણોથી થાય છે?

પતિ:—એ દરદનો આહારવિહાર સાથે વિશેષ સંબંધ જોવામાં આવે છે. કબજીઆત કરે એવા પદાર્થો તથા તીખાતમતમતા ગરમ પદાર્થો ખાવાથી આ દરદ થાય છે. કોઇ કોઇ દાખલામાં આ દરદ માબાપ તરફથી વારસામાં પણ મળે છે. ગર્ભાશય તથા કમળનાં દરદો, દાહ, ચાંદા, મૂત્રદ્વારના મસા, પ્રદર, અર્શ, મધુપ્રમેહ, કૃમિ વગેરે દરદોમાંથી પણ ખરજનું દરદ થઇ આવે છે. કેટલીક વખતે તો કેવળ એ ખરજને લીધે ગર્ભસ્રાવ કે ગર્ભપાત પણ થઇ જાય છે.

પત્ની:—સ્ત્રીઓ એ દરદને સામાન્ય સમજી તે તરફ દુર્લક્ષ્ય કરે છે; પરંતુ તમે કહો છો એ ઉપરથી દરેક સ્ત્રીએ એ દરદ લાગુ પડતાં તેને દૂર કરવાના ઉપાય યોજવા જોઇએ.

પતિ:—ખરી વાત છે. ખરજનું દરદ વૃદ્ધિંગત થાય છે એટલે તે યોનિના મુખ આગળથી વધી મળદ્વારના મુખ અર્થાત્ ગુદા સુધી પહોંચે છે. ઉન્હાળાના દિવસોમાં મુખ્યત્વે કરીને દરદનું જોર રાત્રે વધે છે તથા દરદીને નિદ્રા આવતી નથી. ઉજાગરા તથા અજીર્ણને લીધે દરદી સ્ત્રીની પ્રકૃતિ દિવસે દિવસે લેવાતી જાય છે, દરદવાળા ભાગ ઉપર કપડાનો સ્પર્શ પણ સહન કરી શકાતો નથી. ખરજને લીધે ઇંદ્રિયવૃત્તિઓ ઉત્તેજિત થતી હોવાથી એ દરદમાંથી હસ્તક્રિયાની કુટેવ લાગુ પડે છે. વિશેષ ખરજને લીધે કોઇ કોઇ વખતે યોનિમુખ

સુજી જાય છે. ખરજનું દરદ ધીમે ધીમે યોનિના અંદરના ભાગોમાં પણ ફેલાય છે તથા તેમ થતાં યોનિની અંદર પણ અસહ્ય બળતરા બળે છે. દરદીને કોઇ કોઇ વખત એટલી બધી ખરજ ઉપડે છે કે, તે પરવશ બની, લાજલજ્જા છોડી દરદની જગ્યા ખંજવાળે છે. વળી એ દરદની ચેપી અસર સ્ત્રીના પતિને પણ લાગુ પડે છે. એ દરદમાં જે ચેપી પ્રવાહી પદાર્થ ઝરે છે તે જે જે સ્થળે લાગે છે તે તે સ્થળે ખરજનું દરદ થાય છે.

પત્નીઃ—ત્યારે એ દરદ કેવી રીતે મટાડી શકાય છે?

પતિઃ—પ્રથમ તો દરદ જે કારણોથી લાગુ પડયું હોય તે પારખી કાઢી તેને લગતા ઉપાય કરવા જોઇએ. ગરમ ખાનપાનના પદાર્થોનો સદંતર ત્યાગ કરવો, માંસ મચ્છી વાપરતાં હોય તેણે તેનો ત્યાગ કરવો. ચરબીને વધારે નહિ એવો હલકો એટલે કે જલ્દી પચે એવો ખોરાક લેવો. ચ્હા કૉફી પીવાની ટેવ હોય તો છોડી દેવી. દારુને સ્પર્શ પણ કરવો નહિ. શુરુઆતમાં એક બે સાદા જુલાબ લઇ મળશુદ્ધિ કરવી.

પત્નીઃ—એ ઉપરાંત બીજી કયી દવાઓ વાપરવી જોઇએ?

પતિઃ—હિમજ તોલો ૧, સોનામુખીનાં પાન તોલો ૧, કાળી દ્રાક્ષ તોલો ૧, ગરમાળાનો ગોળ તોલો ૧, નસોતર તોલો ૧ તથા સંચળ તોલો ૧ એ સઘળી દવાઓને અધકચરી કરી તેના ત્રણ ભાગ કરવા. એમાંનો એક ભાગ પાશેર પાણીમાં રાત્રિ ભીંજાવી, સ્હવારે સહજ ગરમ કરી, ચોળી કપડાથી એ પાણી ગાળી લેવું. પછી બબ્બે કલાકને અંતરે બબ્બે આંઉસ પાણી પીવું.

પત્નીઃ—બીજો કયો ઉપાય છે?

પતિઃ—ત્રિફળા તોલો ૧, ગંધક તોલો ૦I, વાવડીંગનું ચુર્ણ તોલો ૦I એ બધું એકઠું કરી રાત્રે ૦I થી ૦II તોલા સુધી મધ અને ઘી સાથે ચાટવું.

પત્નીઃ—હવે ત્રીજો ઉપાય કહો.

પતિઃ—ગુલાબનાં ફુલ તોલો ૧, મજીઠ તોલો ૧, નસોતરનું ચુર્ણ તોલો ૧, હરડે તોલો ૧, મીંઢી આવળનાં પાનનું ચુર્ણ તોલા ૪, દળેલી સાકર તોલા ૮ એ બધાને બારીક વાટી ૦I થી ૦II તોલા સુધી સ્હવારે અગર રાત્રે ઠંડા પાણી સાથે લેવું.

પત્નીઃ—ઠીક સમજી.

પતિઃ—જે ઔષધો કહ્યાં તેની સાથે સ્થાનિક ઉપચાર પણ કરવા જોઈએ. દિવસમાં બે વખત ઠંડા પાણીની પીચકારી લેવી જોઈએ. ઠંડા પાણીનાં પોતાં મૂકવાથી પણ ખરજ ઓછી થાય છે, ધંતુરાનાં પાનના રસનાં પોતાં મૂકવાથી પણ ઠંડક થાય છે. કપુર તોલો ૧, કાથો તોલો ૧, હીરાદખણ તોલો ૧, ઇલાયચી તોલો ૧, કાંટાવાળું માયું તોલો ૧, એ પાંચ વસ્તુઓ વાટી ધોયલા ઘીમાં મેળવી ચોપડવાથી ખરજ, વેદના તથા બળતરા નરમ પડે છે.

પત્નીઃ—આ બધા ઉપચાર ઘરગથ્થુ હોઈ હરેક સ્ત્રી સહેલાઈથી કરી શકે તેમ છે.

પતિઃ—જો પ્રસવ માર્ગ અથવા ગર્ભાશયમાંથી નીકળતા પ્રવાહી પદાર્થથી ખરજ થઇ હોય તો દિવસમાં બે ત્રણ વખત ગરમ પાણીથી ગુહ્ય ભાગો ધોઇ નાખવા તથા યોનિમાર્ગમાંથી નીકળતા પ્રવાહનો બીજે સ્પર્શ ન થાય એ માટે ગ્લીસરાઇન ઑફ્ બૉરેક્ષ નામની દવા કે જે દરેક વિલાયતી દવાઓ વેચનારની દુકાનેથી મળી શકે છે તેમાં રૂનું પોતું ભીંજાવી યોનિમુખ ઉપર રાખવું.

પત્નીઃ—રાત્રે નિદ્રા ન આવતી હોય તો શું કરવું ?

પતિઃ—એકથી બે વાલ જેટલી સેકેલી ભાંગ થોડી સાકર સાથે મેળવીને આપવાથી નિદ્રા આવે છે. પોટાશ બ્રોમાઇડ નામની દવા પણ ઊંઘ લાવે છે.

પત્નીઃ—ખરજનું દરદ સમજાવી તેના ઉપાય તમે સમજાવ્યા, હવે બીજા દરદની હકીકત સમજાવો.

પતિઃ—કેટલીક સ્ત્રીઓના પ્રસવમાર્ગમાં સોજો થઇ આવે છે. જેવી રીતે પ્રદર અથવા ધાતુક્ષયના દરદને સ્ત્રીજાત સહેલાઇથી ઓળખી શકે છે તેવી જ રીતે આ દરદને પણ ઓળખી શકે છે. યોનિના મુખથી ગર્ભાશય સુધી સંભોગ માટે જે પોલાણવાળો ભાગ હોય છે તેને યોનિમાર્ગ કહે છે, તથા એ માર્ગમાં સોજો થઈ આવતાં તેને પ્રસવમાર્ગનો સોજો સમજવામાં આવે છે.

પત્નીઃ—ક્યાં ક્યાં કારણોથી એ દરદ સ્ત્રીજાતિને લાગુ પડે છે.

પતિઃ—પ્રમેહ અગર ચાંદીનો ચેપ લાગવાથી, પ્રસવ વખતે થયેલા દરદથી, યોનિમાર્ગમાં ગર્ભ અટકાવવાના હેતુથી જે રબરની રીંગ પહેરવામાં આવે છે તે પણ બરાબર 'લાગુ નહિ પડવાથી, પુરુષદ્વારા બળપૂર્વક સંયોગ થવાથી, શીતળા, ઓરી કે ઝેરી તાવની અસરથી, બહુ ગરમ અગર તો બહુ ઠંડા પાણીની પીચકારી લેવાથી, ગુહ્ય ભાગને અસ્વચ્છ રાખવાથી, ગરમ પદાર્થો અને દારૂનો ઉપયોગ કરવાથી, અતિવિહાર તથા હસ્તક્રિયા કરવાથી એ દરદ લાગુ પડે છે.

પત્નીઃ—એ દરદ કેવી રીતે ઓળખી શકાય છે ?

પતિઃ—યોનિના મુખ ઉપર પીડા થાય છે, ખરજ આવે છે, સોજો આવ્યો હોય એ સ્થળે લાહ્ય બળે છે, ઉનવા થયો હોય એમ

લાગે છે, કમર તથા જંઘાઓમાં દરદ થાય છે, અંદરનો ભાગ સુજી લાલ થયેલો હોઇ આંગળીનો સ્પર્શ કરવાથી સુકો જણાય છે. આ સઘળાં દરદની શુરુઆતનાં લક્ષણો છે. બે ત્રણ દિવસ પછી સોજા-વાળા ભાગમાં પરૂ થાય છે તથા યોનિમાર્ગમાંથી એ પરૂ બ્હાર નીકળે છે. આવી સ્થિતિમાં કેટલીક સ્ત્રીઓ દરદનું ખરું સ્વરૂપ નહિ સમજતાં તેને ચેપી પ્રમેહ સમજી બેસે છે. ઘણું કરીને પ્રમેહથી ઘણો સખ્ત સોજો થાય છે અને તેની સાથે બદની ગાંઠો ઉપડેલી જણાય છે. પ્રમેહ સિવાય બીજાં કારણોથી યોનિમાર્ગમાં સખ્ત સોજો થયો હોય છે તો તે થોડા દિવસમાં નરમ પડી જાય છે. પ્રમેહનું દરદ ચેપી હોવાથી તેનો સોજો થયા પછી બીજાં ઘણાં દરદો થવાનો સંભવ રહે છે. પ્રમેહનો ચેપ સ્ત્રીના શરીરમાંથી સદંતર દૂર થતો નથી તથા દરદી સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી. વસ્તુસ્થિતિ આવી હોવાથી સોજો કયા કારણથી થઇ આવ્યો છે તેની પ્રથમ ચોક્કસ ખાત્રી કર્યા પછી દરદને અનુસરતા ઉપચાર કરવા જોઇએ.

પત્નીઃ—પરીક્ષા કર્યા પછી જો એમ માલૂમ પડે કે, પ્રસવ-માર્ગમાં સોજો થયો છે તો કેવા ઔષધોપચાર કરવા જોઇએ?

પતિ—(૧) આરંભમાં સખત દરદ તથા વેદના શાન્ત કરવા માટે દરદી સ્ત્રીએ કમર ડુબે એટલા ગરમ પાણીમાં બેસવું જોઇએ. (૨) પોસ્તનાં ડોડવાં નાખી ગરમ કરેલું પાણી કોકરવરણું થાય એટલે તેની બસ્તી અર્થાત્ ડુશ લેવી. (૩) એલાદિગણ થોડું ઘી નાખી ગુલાબજળમાં વાટી ચોપડવાથી અગર પોટલીના રૂપમાં લેવાથી ફાયદો થાય છે. (૪) સોજાવાળી જગ્યાએ ધંતુરાના પાનના રસનાં પોતાં મૂકવાથી લાભ થાય છે. (૫) ગરમાળાની શીંગ, કાળી દ્રાક્ષ,

દીવેલ ઉત્તમ પ્રકારનાં રેચક હોઇ દરદીને તેનો જુલાબ આપવો તથા ખુલાસીને પેશાબ થાય, લોહીમાં સુધારો થાય, નિદ્રા આવે તથા શરીરને શક્તિ આપે એવો ખોરાક તથા દવાઓ લેવી. (૬) સુરજમુખીના ઝાડમાં ફુલ આવે તે પહેલાં ઉખાડી લીધેલું મૂળ ઓરશીઆપર ઘસી લગભગ બે આંઉસ જેટલા ચોખાના ધોવણ સાથે થોડું મધ મેળવીને આપવું. (૭) ઈંગ્રેજી ઔષધ વાપરવા ઇચ્છનારે ટિંક્ચર ઓપીઅમ એક ડ્રામ સવા રતલ ગરમ પાણીમાં મેળવી પીચકારી મારવી. (૮) ઊંઘ આવે એ માટે પોટાસ બ્રોમાઇડ ડૉકટરની સલાહ લઈ યોગ્ય પ્રમાણમાં આપવો. (૯) બરાબર મળ-શુદ્ધિ થવા અને પાચન થવા માટે ફ્રુટ સૉલ્ટ આપવું.

પત્ની—એ દરદમાં કાંઇ પરેજી પાળવી જોઇએ કે ?

પતિ:—જરૂર પાળવી જોઇએ. તીખા તમતમતા તથા ખાટા ખારા પદાર્થો નહિ ખાતાં સાદો ખોરાક ખાવો જોઇએ. દારૂ, રાઇ, અથાણાં વગેરે ગરમ પદાર્થો છોડી દેવા જોઈએ, પુરુષ સાથેનો સહવાસ (સંજોગ) બંધ કરવા જોઇએ, ભેજવાળી જગ્યાએ રહેવું ન જોઇએ. જો પ્રમેહના ચેપથી સોજાનું દરદ થઇ આવ્યું હોય તો સાથે સાથે પ્રમેહના ઔષધોપચાર કરવા જોઇએ. પ્રમેહના ઇલાજમાં કોપેબાનું તેલ, ચણકબાબનું તેલ તથા સુખડનું તેલ વપરાય છે. દેશી ઔષધોમાં લીંબોળીનું તેલ તથા સરસવાનું તેલ પીવા આપી શકાય છે. દરેક જાતનું તેલ દૂધની અંદર ડૉકટરની સલાહ પ્રમાણે અમુક ટીપાં આપી શકાય છે.

પત્ની—હવે બીજા ગુપ્ત દરદની હકીકત સમજાવો.

પતિ:—ગર્ભાવસ્થામાં તથા મુખ્યત્વે કરીને જે સ્ત્રીઓ પહેલી જ વખતે ગર્ભ ધારણ કરે છે તેમને કોઇ કોઇ વખતે સ્તનપીડા

થઇ આવે છે. એ પીડા દૂર કરવા માટે સ્તનને ઠંડા પાણીથી વારં-વાર ધોવા જોઇએ અગર તો તેના ઉપર ઠંડા પાણીથી ભીંજાવેલું કપડું વીંટાળી રાખવું જોઇએ. એથી વેદના ઓછી થાય છે. કોઇ કોઇ વખતે આ દરદ કેવળ તંગ કપડાં પહેરવાથી થઇ આવે છે, આમ હોવાથી ગર્ભિણીએ હમ્મેશાં ઢીલાં તથા હલકાં કપડાં પહેરવાં જોઇએ.

પત્ની:—એ તો ઘણો સહેલો ઉપાય છે.

પતિ:—ગર્ભાવસ્થામાં માસિક રજોદર્શન અગર રક્તસ્રાવ બંધ થઇ જાય છે, પરંતુ કોઇ કોઇ વખતે અનિયમિત આહારવિહારને કારણે ગર્ભાવસ્થામાં રજોદર્શન થાય છે. આવા વખતે ઔષધો-પચારોથી રજસ્રાવને બંધ કરવા કરવા કરતાં સગર્ભા સુંદરીના આહારવિહાર ઉપર ધ્યાન આપવાની વિશેષ જરૂર છે. ઠંડી હવા, ભેજવાળી જગ્યા, ખુલ્લા પગે ફરવું, ભેજવાળી જગ્યામાં સુઇ રહેવું અગર બેસવું, ઠંડા જળથી સ્નાન કરવું, વિશેષ સમય સુધી ઉભા રહેવું, વિશેષ ખાવું, વિશેષ મહેનત કરવી, ભય તથા ક્રોધ ઉપજવો, જુલાબ લેવો એ સઘળાં કારણોથી રક્તસ્રાવ વધે છે તેથી તેનો ત્યાગ કરવો જોઇએ. ઘણોખરો વખત બિછાનામાં સૂઈ રહેવું જોઇએ તથા હલકો ખોરાક લેવો જોઇએ; એમ કરવાથી રક્તસ્રાવ આપો-આપ બંધ થઈ જાય છે.

પ્રકરણ ૧૬ મું.

ગરમીનાં ભયંકર દરદો.

પતિ:—આજે હું તને ગરમીનાં ભયંકર દરદો સંબંધી જરૂરી માહિતી આપું છું.

પત્ની:—ક્યાં ક્યાં દરદોને ગરમીનાં દરદો ગણી શકાય છે!

પતિ:—પોચી ચાંદી અગર ટાંકી, કઠિન ચાંદી અગર ટાંકી, વિષસ્ફોટક, ઉપદંશ, તેજાગરમી તથા પ્રમેહનાં દરદોને ગરમીનાં દરદો ગણી શકાય છે. કોઇ કોઇ વખતે ગરમીનું એક દરદ લાગુ પડ્યા પછી તેની જો બરાબર સારવાર કરવામાં નથી આવતી તો ગરમીનાં બીજાં દરદો પણ લાગુ પડે છે. મ્હેં જે ગરમીનાં દરદો કહ્યાં છે તે મુખ્યત્વે કરીને વ્યભિચારી નરનારીઓને જ લાગુ પડે છે. બજારમાં બેસતી વેશ્યાઓમાં સેંકડે નેવુ ટકા જેટલી વેશ્યાઓ ગરમીના રોગનો ભોગ થઈ પડેલી હોય છે તથા જે દુરાચારી પુરુષો હવસના ગુલામ બની એવી વેશ્યાનો સંગ કરે છે તેઓ પણ ગરમીનાં દરદોનો ભોગ થઈ પડી એ જીવલેણ દરદો પોતાની સ્ત્રીઓ તથા બાળકોમાં ફેલાવી કુદરતના ગુન્હેગાર બને છે. મ્હેં ગરમીનાં જે દરદો જણાવ્યાં છે એ દરદોમાંના દરેકનું ઝેર તથા જંતુઓ જુદી જુદી જાતનાં હોય છે. પ્રમેહ અગર ગોનોરીઆનાં જંતુઓ બે અડધા ચક્રની જોડી જેવાં વળ ખાધેલાં હોય છે. ચેપ વગરનાં સ્ત્રી પુરુષો ગમે એટલો અતિવિષય કરવા છતાં ગરમીનાં દરદોનો ભોગ થઇ પડતાં નથી; પરંતુ સંગમ કરનાર સ્ત્રી પુરુષમાંથી ગમે તે એકને ગરમીના દરદનો ચેપ લાગેલો હોય છે તો એ ચેપ બીજા સાથીને પણ અવશ્ય લાગે છે.

પત્ની:—સ્ત્રીપુરુષના સંગમ સિવાય બીજી કોઇ રીતે એ દરદનો ચેપ લાગુ પડે છે કે?

પતિ:—હા, મા અગર બાપનામાં જો ગરમીનો રોગ હોય છે અને તેમને બાળક થઇ જીવતાં રહે છે તો એ કમનસીબ બાળકોનામાં ગરમીનું દરદ વારસામાં ઉતરે છે. ચેપી દરદીના હાથની હથેળી અગર શરીરના બીજા કોઇ સ્થળે જો ગરમીનું દરદ ફૂટી નીકળેલું હોય છે તો તેની સાથે હાથ મેળવનાર અગર શરીરના બીજા ભાગને સ્પર્શ કરનારને ચેપ લાગુ પડે છે. ચુંબન કરવાથી, ચેપી દરદીનાં કપડાં પહેરવાથી, ચેપી દરદીના વાસણમાં જમવાથી, ચેપી દરદીનાં પાણી પીવાનાં પવાલાં, ન્હાના કપ વગેરેનો ઉપયોગ કરવાથી ચેપી દરદીના હજામતના સામાન એટલે કે અસ્ત્રા કાતર વગેરે સાફ કર્યા સિવાય એનાથી બીજા માણસની હજામત કરવાથી ગરમીનો ચેપ લાગુ પડે છે. નિર્દોષ બાળકોમાં પણ એ રોગ જુદી રીતે ફેલાય છે. ચેપવાળી આયા અગર સગાંસંબંધીઓના ચુંબનથી, ચેપી સ્ત્રીનું ધાવણ ધાવવાથી ઉછરતાં બાળકોનાં રમકડાંને ચેપી દરદીના હાથ અડકવાથી નિર્દોષ બાળકોમાં પણ એ રોગ ફેલાય છે. અનીતિનો ધંધો કરનારી પ્રત્યેક સ્ત્રીને ગરમીનું દરદ વહેલું અગર મોડું જરૂર લાગુ પડે છે. એવી સ્ત્રીઓના જાર પણ પોતાના દુરાચારના ફળ તરીકે એ દરદનો શિકાર થાય છે.

પત્ની:—ત્યારે જે માણસને ગરમીનો ચેપ લાગ્યો હોય તેને અસ્પર્શ્ય સમજી તેનાથી દૂર રહેવું જોઇએ કેમ?

પતિ:—હા, એવા માણસના શરીરને તથા એ માણસના કામમાં આવતી કોઈ પણ વસ્તુને અડકવું જોઇએ નહિ. પાશ્ચાત્ય દેશમાં ગરમીનાં ચેપી દરદો માટે કઠોર કાયદા ઘડવામાં આવ્યા છે. ઈંગ્લંડ દેશમાં જો કોઈ પણ સ્ત્રી અગર પુરુષ જાણી જોઇને પોતાને લાગુ

પડેલો ગરમીનો ચેપ પોતાના નિર્દોષ સોબતીમાં ફેલાવે છે તો એવી સ્ત્રી અગર પુરુષનો ગુન્હો અદાલતમાં સાબીત થતાં ગુન્હેગારને કેદની સજા થાય છે તથા કેદખાનામાં તેના દરદની સારવાર કરવામાં આવે છે. લગ્ન થયા પછી બન્નેમાંથી જે કોઇ નિર્દોષ સાથીને રોગ લાગુ પડે છે તે કાયદા પ્રમાણે છૂટાછેડા મેળવી શકે છે. કેદખાનાંઓમાં જે માણસો એવાં દરદોથી પીડાતાં હોય છે તેમની ફરજીઆત સારવાર કરવામાં આવે છે. રજીસ્ટર્ડ થયેલા ડૉકટરો સિવાય બીજા કોઇથી એ દરદોની સારવાર કાયદા પ્રમાણે કરી શકાતી નથી.

પત્નીઃ—ડૉક્ટરો સિવાય બીજાથી ગરમીનાં દરદોની સારવાર શા માટે ન કરી શકાય?

પતિઃ—એનાં ઘણાં કારણો છે. ખાસ અનુભવી ડૉકટર જ ગરમીના દરદનું વાસ્તવિક રૂપ સમજી સાયન્ટિફિક અર્થાત્ વૈજ્ઞાનિક રીતે દરદની સારવાર કરી શકે છે. એક જર્મન શોધકે પુષ્કળ પરિશ્રમ કર્યા પછી ગરમીનાં દરદો ઉપર વિજળીની ઝડપે અસર કરે એવી દવા શોધી કાઢી છે. એ દવા કેવળ અનુભવી ડૉક્ટર પાસે લેવામાં જ દરદીની સલામતી છે.

પત્નીઃ—ગરમીનું દરદ થતાં બીજાં ક્યાં દરદો લાગુ પડે છે?

પતિઃ—માણસો ગાંડાં બની જાય છે તેનું મુખ્ય કારણ ગરમીનો રોગ છે. લકવાની બીમારી, અંધાપો, બહેરાપણું, મુગાપણું વગેરે ખામીઓ ગરમીના દરદનું પરિણામ હોય છે. ગરમીનું દરદ લાગુ પડતાં શરીર કદરૂપું તથા બેડોળ બને છે, નાક, દાંત તથા મ્હોં ઉપર ખોડ થાય છે અને એ ખોડખાંપણો ચેપી દરદનો ભોગ થઇ પડેલાં માબાપનાં બાળકોને પણ લાગુ પડે છે. સ્ત્રીજાતિને જે સાંસારિક

દુઃખદરદો લાગુ પડે છે તેનું કારણ પણ ખાસ કરીને ગરમીના ચેપનો ફેલાવો હોય છે. સ્ત્રીજાતિને એ ચેપ લાગુ પડતાં કસુવાવડો થાય છે, વાંઝીયાપણું આવે છે, મરેલાં બાળકો અવતરે છે તથા બાળક જીવતાં રહે છે તો તેઓ પણ દુબળાં, ખોડખાંપણવાળાં તથા વિકારી લોહીવાળાં હોય છે.

પત્નીઃ—ત્યારે ગરમીનાં દરદો ઘણાં ભયંકર ગણી શકાય.

પતિઃ—એમ જ છે. હું તને પ્રથમ પોચી ચાંદીની હકીકત સમજાવું છું. એનો ચેપ નરમ હોવાથી જ એને પોચી ચાંદી તરીકે ઓળખવામાં આવે છે. જો એની ચિકિત્સા ખોટી રીતે એટલે કે, કઠિન ચાંદી સમજી તે રીતે કરવામાં આવે છે તો દરદીને ઘણું સહન કરવું પડે છે. હું તને કહી ચુક્યો છું કે, કેટલીક વખતે ગરમીના એક દરદમાં ગરમીનું બીજું દરદ લાગુ પડે છે. આમ હોવાથી કેટલાક દાખલાઓમાં પોચી અને કઠિન બન્ને જાતની ચાંદીઓનો મિશ્ર ચેપ દરદીઓને લાગુ પડે છે. પોચી ચાંદીમાંથી નીકળતી રસીમાંનાં જંતુઓ ડ્યુક્રે-યુના, ઇ. નામથી ઓળખાય છે. દરદી સ્ત્રી અગર પુરુષના ગુપ્ત ભાગમાંની પોચી ચાંદીમાં એ જંતુઓ હોવાથી તેના સાથીના ગુપ્ત ભાગ સાથે પોચી ચાંદી સંભોગ વખતે ઘસાવાથી સ્વચ્છ સાથીમાં ચેપ લાગુ પડે છે. ચેપ લાગ્યા પછી એકથી ત્રણ અગર વધુ દિવસમાં એક સાથીના ગુપ્ત ભાગમાં બે અગર તેથી વધુ ન્હાની ફોલ્લીઓ થાય છે. એ ફોલ્લીઓ ફૂટે છે એટલે ખુલ્લી ચાંદી દેખાય છે. એ ચાંદીમાંથી રસી વહે છે. એ ચાંદી હાથથી દબાવી જોતાં પોચી લાગે છે; પરંતુ એમાં જો કઠિન ચાંદીનો મિશ્ર ચેપ ભળેલો હોય છે તો પોચી ચાંદી પણ કઠિન જણાય છે.

પત્નીઃ—પોચી ચાંદીનો ચેપ દરદીના લોહીમાં પ્રવેશ કરે છે કે ?

પતિઃ—ના. એ ચેપ ગુપ્ત ભાગ ઉપર જ રહે છે; છતાં દરદી બેદરકાર હોય છે તો તે એ ચેપને હાથ લગાડી બીજી જગ્યાએ ચેપ લગાડે છે. ગુપ્ત ભાગની રસી બીજે ઠેકાણે લાગવાથી ત્યાં પણ ચેપ લાગે છે તથા ત્યાં પોચી ચાંદી થાય છે. એ ચેપ લોહીમાં દાખલ નથી થતો તો પણ ગુપ્ત ભાગોમાંથી જાંઘ તથા કાતરાની ગાંઠોમાં દાખલ થાય છે તથા એ ગાંઠો સુજી મ્હોટી થાય છે. એને બદ કહે છે. બદ જાંઘની એક બાજૂએ અગર તો બન્ને બાજૂએ થાય છે. બદ મ્હોટી થતાં પોચી થઇ ગુમડાની માફક ફૂટે છે અને અંદરથી ચેપી રસી નીકળે છે. કોઇ કોઇ ઠેકાણે એ બદ ગંભીર રૂપ ધારણ કરે છે તથા આસપાસની બધી ચામડી સુજે છે, અને દરદીની જીંદગી જોખમમાં આવે છે. વળી કોઇ કોઇ દરદીની આખી ઇંદ્રિય તથા તેના ઉપરની ચામડી સુજે છે તથા ઇંદ્રિયને એવો મિશ્ર ચેપ લાગુ પડે છે કે આખી ઇંદ્રિય અગર તો તેનો અમુક ભાગ ખરી જાય છે.

પત્નીઃ—ત્યારે તો પોચી ચાંદીનું દરદ પણ જીવલેણ જ લેખી શકાય.

પતિઃ—વખતસર વૈજ્ઞાનિક સારવાર કરવામાં આવતાં દરદીને જલ્દી આરામ થઇ શકે છે. ગરમીનું ગમે તે દર્દ લાગુ પડતાં દરદીએ લજ્જાભયથી ચુપચુપ બેસી નહિ રહેતાં અનુભવી ડૉકટર પાસે ઔષધોપચાર કરાવવા જોઇએ.

પત્નીઃ—હવે કઠિન ચાંદીની હકીકત સમજાવો.

પતિઃ—કઠિન ચાંદીને સાધારણ રીતે તેજા ગરમી—સીફીલીસ—ના નામથી ઓળખવામાં આવે છે. એ દરદની ચાર સ્થિતિ છે. જો

કઠિન ચાંદીની બિલકુલ સારવાર કરવામાં નથી આવતી તો દરદી યથાક્રમે ચારે સ્થિતિ ભોગવી રીબીને અકાળે મરણને શરણ થાય છે; છતાં તે સાથે એ વાત સ્મરણમાં રાખવી જોઇએ કે, બધા દરદીઓમાં આ દરદની ચારે સ્થિતિ દેખા દે એવો કાંઇ નિયમ નથી. કેટલાક દરદીઓમાં કેવળ એકાદ સ્થિતિ દેખા દે છે તો કેટલાક સખ્ત ચેપ લાગવાથી થોડા મહિનામાં મૃત્યુ પામે છે.

પત્નીઃ—ત્યારે તો એ દરદનું એક પણ ચિહ્ન જોવામાં આવતાં સારા ચિકિત્સક પાસે સારવાર કરાવવી જોઇએ, કેમ?

પતિઃ—હા, એમ કરવાથી દરદને વધતું અટકાવી શકાવા ઉપરાંત તદ્દન સાજું કરી શકાય છે. સારવાર કરાવવામાં વિલંબ થાય છે તો દરદને મટતાં પણ વિલંબ થાય છે.

પત્નીઃ—કઠિન ચાંદીનું દરદ કેવી રીતે ઓળખી શકાય છે?

પતિઃ—સંભોગ કરવાથી અથવા બીજી કોઇ રીતે જો એક સાજા માણસને આ દરદનો ચેપ લાગે છે તો આરંભમાં ત્રણથી છ અઠવાડીઆં અગર વધુ ઓછા વખત સુધી દરદનું એક પણ ચિહ્ન જોવામાં આવતું નથી; પરંતુ એ વખત દરમ્યાન દરદનાં જંતુઓ શરીરમાં પ્રવેશ કરી પોતાની સંખ્યામાં લાખોનો વધારો કરી મૂકે છે. કેવળ એક બે જંતુઓ જ ચોવીસ કલાકમાં લાખો જંતુઓ પેદા કરી શકે છે. ગરમીનાં જંતુઓ ઘાની જગ્યાએ વધવાથી ત્યાં સોજો થઇ આવે છે અને તેથી કઠિન ફોલ્લી થાય છે. એ ફોલ્લી ફુટયા પછી કઠિન ચાંદી નજરે પડે છે. એમાંનાં જંતુઓ આસપાસની ગાંઠોમાં ફેલાય છે અને ત્યાં સોજો થઇ કઠિન ગાંઠો થાય છે. ચાંદી જો ઇન્દ્રિય ઉપર થઇ હોય છે તો સાથળમાં કઠિન બદો થાય છે.

ચાંદી ઓઇ નીચે થઇ હોય છે તો જડબા નીચેની તથા ગરદનની ગાંઠો સોજાથી કઠિન અને મ્હોટી થાય છે.

પત્નીઃ—કઠિન ચાંદીના દરદનું પરિણામ કેવું આવે છે ?

પતિઃ—કોઇ કોઇ દરદીની ચાંદી પોતાની મેળે સારવાર વિના જ થોડા દિવસમાં રૂઝાઇ જાય છે; પરંતુ લોહીમાં એનો ચેપ વધ્યા કરે છે, કેટલાક દરદીઓની ચાંદી વધીને આસપાસના ભાગોમાં ઘણો સોજો લાવે છે, કેટલાક દરદીઓને મિશ્ર જંતુઓનો સખ્ત ચેપ લાગવાથી જનનેન્દ્રિય સડી જાય છે તથા તેનો ન્હાનો અગર મ્હોટો ભાગ ખરી જાય છે. ટૂંકામાં એમ સમજવું જોઇએ કે, કઠિન ચાંદીનું દરદ એ કુદરતે આપેલી ચેતવણીનું ચિહ્ન છે. એ દરદમાં ગરમીનો ચેપ આખા શરીરમાં ફેલાઇ જતો હોવાથી બનતી ત્વરાએ વૈજ્ઞાનિક સારવાર કરાવવી જોઇએ તથા એ સારવાર ચાલૂ રાખવી જોઇએ.

પત્નીઃ—કઠિન ચાંદીના દરદની બીજી સ્થિતિમાં શો ફેરફાર થાય છે ?

પતિઃ—જો કઠિન ચાંદીની ઝડપથી વૈજ્ઞાનિક સારવાર નથી કરાવવામાં આવતી તો બીજી સ્થિતિનો આરંભ છ એક અઠવાડીઆંમાં થાય છે. એ સ્થિતિમાં શરીર નિર્બળ થઇ જાય છે, લોહી ઘણું બગડે છે, બેચેની, ઉલટી, તાવ, ખાંસી, ગળામાં દુખાવો, ગાંઠ વગેરેનો સોજો, માથાનો દુઃખાવો, શરીરે ચાઠાં વગેરે વિકાર દેખા દે છે. માથાના વાળ ખરી જવા માંડે છે, હાડકાં અને શરીરના સાંધાઓ દુઃખે છે, જ્ઞાનતંતુઓ સુજે છે, શરીર ઉપર ન્હાની મ્હોટી ફોલ્લીઓ થાય છે. એ રંગ બેરંગી ફોલ્લીઓને વિષફોટક (ઝેરનું ફૂટવુ) કહેવામાં આવે છે. ગરમીનો ચેપ આખા શરીરમાં ફેલાયલો હોવાથી, ભેજા તથા તેના પરદાઓના સોજાને લીધે ઊંઘ આવતી નથી, સ્મરણશક્તિ

નિર્બળ બને છે, આંખોની કીકીની આસપાસનાં કુંડાળામાં સોજો થાય છે, ગળું સુજી જઈ અવાજ બદલાય છે, કાળજું સુજી જઈ કમળો થાય છે, બરોળ સુજી તેનું કદ વધે છે, આંતરડાંઓ સુજે છે, મીઠી પેશાબનો વિકાર લાગુ પડે છે, પેશાબમાં લોહી વહે છે, અંડ સુજે છે સ્ત્રી તથા પુરુષના બ્હારના તથા અંદરના ગુપ્ત ભાગો ઉપર પોચી ગાંઠો થાય છે, સ્ત્રીની ઋતુ વધે છે યા ઘટે છે, સંધીવા થાય છે, હાથ પગ તથા નસો સુજી દુઃખાતા થાય છે. આ બીજી સ્થિતિ ભયંકર હોવા છતાં લાંબા વખતની વૈજ્ઞાનિક સારવારથી દરદ મટી શકે છે.

પત્નીઃ—ત્યારે દરદની બીજી બે સ્થિતિઓ ઘણી ભયંકર હશે કેમ ?

પતિઃ—એમાં શો શક ! ત્રીજી સ્થિતિમાં ગરમીનો ચેપ વિશેષ ઊંડો ઉતરવાથી શરીરના જે ભાગોમાં ઊંડા સોજો આવે છે એ ભાગો સડી ખરી જાય છે. તથા ત્યાં મ્હોટાં ભગંદરો પડે છે. દાખલા તરીકે ચામડી, હાડકાં નાક, ખોપરી વગેરે સુજીને ખરી જાય છે. એ ભાગોમાં ભગંદર પડે છે અને દરદી રીબાઇ રીબાઇને મરણ પામે છે.

પત્નીઃ—પોચી તથા કઠિન ચાંદીનું દરદ કયા દવાથી મટી શકે છે ?

પતિઃ—એ દરદની સારવાર ગરમીનાં દરદોના અભ્યાસી તથા અનુભવી ડૉક્ટર પાસે કરાવવી જોઇએ. ડૉક્ટર૰ લોકો એ દરદમાં ૬૦૬ તથા ૯૧૪ નંબરથી ઓળખાતી દવાઓ વાપરે છે. એક જરમન શોધકે અસંખ્ય અખતરાઓ કરી ૬૦૫ જાતની દવાઓ ગરમીનું દરદ દૂર કરવા શોધી કાઢી; પરંતુ એ સઘળી દવાઓ પૂરતી ફાયદાકારક નહિ જણાવાથી તેણે પોતાના અખતરા ચાલુ રાખ્યા. છેવટે ૬૦૬ નંબરની દવા ગરમીનાં દરદ દૂર કરવામાં અકસીર જણાઈ;

આમ છતાં એ શોધકે પોતાના અખતરા ચાલૂ રાખ્યા તથા તેણે અંતે ૯૧૪ નંબરની દવા શોધી કાઢી. એ શોધકની શોધખોળ પછી બીજા શોધકોએ પણ એ કાર્યમાં ઝંપલાવ્યું છે. ૬૦૬ તથા ૯૧૪ નંબરની દવા દરદીને વિજળી વેગે આરામ કરે છે.

પ્રકરણ ૧૭ મું

ગર્ભપરીક્ષા

પત્ની:—સ્ત્રીને ગર્ભ રહ્યો હોય તો તે કયાં ચિહ્નોથી ઓળખી શકાય છે એ હકીકત આજે સમજાવો.

પતિ:—રજોદર્શન બંધ થઇ જાય એ ગર્ભ રહ્યાનું મુખ્ય ચિહ્ન છે.

પત્ની:—પરંતુ તમે જ કહ્યું હતું કે, કેટલીક વખતે સ્ત્રીને અમુક રોગ લાગુ પડતાં તેને રજોદર્શન થતું નથી.

પતિ:—જો સ્ત્રીના શરીરમાં કોઇ પણ રોગ ન થયો હોય અને તેને ઋતુ દેખાતી બંધ થાય તો ગર્ભ રહ્યો છે એમ ચોક્કસ સમજવું.

પત્ની—તે સિવાય ગર્ભપરીક્ષાનાં બીજાં કાંઇ ચિહ્નો નથી કે?

પતિ—ઘણાં છે; છતાં રજોદર્શન બંધ થતું એ મુખ્ય ચિહ્ન છે. બીજાં ચિહ્નો કેવળ તેનાં પોષક છે.

પત્ની:—ગર્ભ ધારણ કરવાનો જે સમય સ્ત્રી માટે નક્કી થયેલો છે એ સમય દરમ્યાન ઋતુ એકાએક બંધ થાય છે તો પોતાને

ગર્ભ રહ્યો છે એમ હરેક પ્રસૂતિ જાણી શકે છે. તે સિવાય બીજાં ચિહ્નો હોય તે કહો.

પતિઃ—બીજું ચિહ્ન એ છે કે, સગર્ભાને પ્રભાતકાળે ઉલટી થાય છે.

પત્ની—એ ઉલટીથી દુઃખ થાય છે કે ?

પતિઃ—હા. વળી એ વખતે આહાર ઉપરથી રૂચિ ઉઠી જાય છે.

પત્ની—એ ઉલટી કેટલા વખત સુધી કાયમ રહે છે ? એને અટકાવવાનો કોઇ ઉપાય નથી કે ?

પતિ—સ્હવારે થોડું દૂધ પીવાથી ફાયદો થાય છે. ત્રણ ચાર માસ પછી એ ઉલટી આપોઆપ બંધ થઇ જાય છે. વળી તે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે, બધી ગર્ભિણીઓને કાંઇ ઉલટી થતી નથી, કોઇ કોઇ ગર્ભિણીને બિલ્કુલ ઉલટી થતી નથી. જે સધળી સ્ત્રીઓ પહેલાં એક વખત સગર્ભા થઇ ચુકી હોય છે તેઓ આ ચિહ્ન જોવામાં આવતાં પોતાને ગર્ભ રહ્યો છે એમ સમજી શકે છે.

પતિ—ઠીક છે, બીજાં કારણોથી પ્રભાતકાળે ઉલટી નથી થતી કે ?

પતિ—જો હોજરીમાં કાંઇ પીડા ન થઈ હોય અને આવી ઉલટી જોવામાં આવે તો ગર્ભ રહ્યો છે એમ ચોક્કસ સમજવું જોઇએ. વળી એક વખત ગર્ભ રહેતાં જેને એ ઉલટીનો અનુભવ થયો હોય છે તેઓ બીજી જાતની ઉલટી અને સગર્ભાવસ્થાની ઉલટીના ભેદને ઘણી સહેલાઇથી સમજી શકે છે; કારણ કે સગર્ભાવસ્થાની ઉલટી જૂદી જ જાતની હોય છે.

પત્નીઃ—હવે ગર્ભપરીક્ષાનાં બીજાં જે ચિહ્નો હોય તેની વિગત કહો.

પતિઃ—ત્રીજું ચિહ્ન બન્ને સ્તન મ્હોટા થવા એ છે. વળી સ્તનના અગ્રભાગમાં વેદનાનો અનુભવ થાય છે.

પત્નીઃ—એ ચિહ્ન ક્યારે જોવામાં આવે છે?

પતિઃ—ગર્ભ રહ્યા પછી બીજા મહિનામાં. વળી એ વખતે સ્તનના અગ્રભાગને દબાવવામાં આવે છે તો પાણી જેવું પાતળું દૂધ નીકળે છે. પ્રથમ ગર્ભ વખતે એ ઘણું વિશ્વાસજનક ચિહ્ન છે; કેમ કે, તે પહેલાં કદાપિ સ્તનમાં દૂધ દેખાતું નથી.

પત્નીઃ—એ વખતે સ્તનમાં બીજો કાંઇ ફેરફાર થાય છે કે?

પતિઃ—હા, બન્ને સ્તન કઠિન થઇ જાય છે, આગળની ડીંટડીનો ભાગ કાંઇક લાંબો અને ઉપસેલો દેખાય છે, વળી એ વખતે સ્તનમાં એક જાતની આસમાની રંગની નસ દેખાય છે, સ્તનની ડીંટડીનો રંગ કાળો થઇ જાય છે.

પત્નીઃ—એ સઘળાં ચિહ્ન કેટલા દિવસ પછી જોવામાં આવે છે?

પતિઃ—ગર્ભ રહ્યા પછી બીજા મહિને. બન્ને સ્તનની ડીંટડીઓ ઉપર જાણે કે કાળા રંગનો લેપ ચોપડ્યો હોય એવો ભાસ થાય છે અને તેમાંથી પાણી જેવો પદાર્થ નીકળી છાતી ઉપરનું કપડું ભીંજાઇ જાય છે.

પત્નીઃ—ત્યારે પહેલી વખતે સગર્ભા થયેલી સ્ત્રીનું આ ચિહ્ન ઘણું ખાત્રી લાયક ગણવામાં આવે છે કેમ?

પતિઃ—જે સ્ત્રીને એક બે સંતાન થયાં હોય છે તેના સ્તનની ડીંટડીઓ કાળાશ પડતી હોવા છતા ફરીથી ગર્ભ રહેતાં તે વિશેષ કાળાશ ધારણ કરે છે. ચોથા માસમાં ગર્ભિણીનું શરીર ધીમે ધીમે

મ્હોટું થતું જાય છે. કોઇ કોઇ સગર્ભા સ્ત્રીનું શરીર ત્રીજા અગર પાચમા માસથી મ્હોટું થતું જોવામાં આવે છે.

પત્નીઃ—ત્યારે સઘળી સગર્ભા સ્ત્રીઓનાં શરીર અમુક ચોક્કસ વખતે મ્હોટાં થતાં નથી એમ સમજવું જોઇએ.

પતિઃ—પરંતુ એ વખતે બીજું એક ચોક્કસ ચિહ્ન જોવામાં આવે છે. ગર્ભિણીનું શરીર વધતું જાય છે એટલે ગર્ભમાંના બાળકનું હરવું ફરવું તે જાણી શકે છે.

પત્નીઃ—ગર્ભવાસની નવ માસની મુદ્દતનો અડધો કાળ વીત્યા પછી એ ચિહ્ન જણાતું હશે !

પતિઃ—તે સાથે બીજો એક ગંભીર વિષય જણાય છે. મુખ્યત્વે કરીને પાંચ છ માસ પૂર્વે જ ગર્ભસ્રાવ થાય છે; પરંતુ ગર્ભિણીનું શરીર વધવા માંડે એટલે તેને ગર્ભસ્રાવ થાય એવો સંભવ નથી એમ જાણવું જોઇએ. એ વખતે ગર્ભિણી થોડી અશક્તિ અનુભવે છે. કોઇ કોઇનું માથું ફરે છે અને ઉલટી થશે એમ લાગે છે.

પત્નીઃ—ગર્ભનાં બીજાં કાંઇ ચિહ્નો છે કે ?

પતિઃ—હા. એ વખતે ગર્ભમાં કાંઇ હાલતું ચાલતું હોય એમ લાગે છે અને પેટ ધીમે ધીમે મ્હોટું તેમ જ કઠિન થતું જાય છે. પેટ ઉપર આંગળી દબાવવાથી ઘણું કઠિન દેખાય છે. ગર્ભનું બીજું એક એ ચિહ્ન છે ગર્ભ રહ્યા પછી થોડા દિવસે ગર્ભિણીના હાથ, પગ વગેરે સઘળાં અંગ પ્રત્યંગ શીર્ણ થતાં જોવામાં આવે છે. ઘણી રૂપવતી સ્ત્રી પણ થોડા દિવસ સુધી કદરૂપી દેખાય છે; પરંતુ એ સુંદરતા પાછી આવે છે. સ્ત્રી ગર્ભવતી થઇ છે કે કેમ એ મૂત્રપરીક્ષાથી પણ જાણી શકાય છે.

પત્નીઃ—ઠીક છે, જે સ્ત્રીને ગર્ભ રહેવાનો ન હોય તેની પરીક્ષા કેવી રીતે થઇ શકે છે ?

પતિઃ—સ્ત્રીના મૂત્રને થોડું ગરમ કરી તેમાં એક હીરો ડુબાવી રાખવો. ત્રણ દિવસ પછી એ હીરો બ્હાર કાઢતાં જો તે મલિન થયેલો દેખાય તો સ્ત્રીને સંતાન થવાની આશા નથી એમ સમજવું જોઇએ.

પત્ની—ઠીક છે, ઘણી સગર્ભા સ્ત્રીઓને રાત્રે ઘણી વખત પેશાબ કરવા ઉઠવું પડે છે તથા તેઓ એક પ્રકારની વેદના અનુભવે છે એ ખરી વાત છે કે ?

પતિ—હા. કેટલીક સ્ત્રીઓને એમ થાય છે ખરું. પેશાબ કરવા વારંવાર ઉઠવું પડતું હોવા છતાં તેનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. ગર્ભમાં બાળક હરફર કરવા માંડે છે એટલે એ વેદના ઓછી થઇ જાય છે. પેશાબનું દુઃખ દૂર કરવાનું એક ઉત્તમ ઔષધ છે. એક ચમચા જેટલી સ્પિરિટ ઇથર નાઇટ્રિક નામની દવા રાત્રે સૂઇ જતી વખતે પાણી સાથે પીવાથી વારંવાર પેશાબની હાજત થતી નથી.

પત્નીઃ—ગર્ભને પારખવાનાં બીજાં કયાં લક્ષણો છે ?

પતિઃ—બીજાં પણ ઘણાં લક્ષણો છે. ઉત્રની વિશેષતા, વિશેષ પ્રમાણમાં લાળ છૂટવી, ભુખ ઘટી જવી, જૂદા જૂદા પદાર્થો ખાવાની ઇચ્છા થવી તથા વારંવાર ચંચળ બની જવું એ સઘળાં ગર્ભ રહ્યાનાં લક્ષણો છે.

પત્નીઃ—ખરી વાત છે. કોઈ કોઇ ગર્ભિણી બીજા માણસની

સાથે વાત કરતાં કરતાં ઝોકાં ખાય છે, કોઈ કોઇ ગર્ભિણીને બહુ થુંકવું પડે છે, કોઈ કોઇ ગર્ભિણી શરૂઆતના થોડા મહિના સુધી કાંઇ ખાવા ઇચ્છતી નથી; જાણે કે ખોરાક જોતાં જ તે બ્હીએ છે. વળી કોઇ કોઇ ગર્ભિણીને ગર્ભ રહ્યા પછી પ્રથમના કરતાં વિશેષ ખોરાક જોઇએ છીએ.

પતિઃ—વળી કેટલીક ગર્ભિણીઓને સારા ખોરાકને બદલે ખોટા પદાર્થો ખાવાની ઇચ્છા થાય છે. બીજા વખતે જે પદાર્થો તરફ તેને અરૂચિ હોય છે એ પદાર્થો ગર્ભ રહ્યા પછી ખાવાની ઇચ્છા થાય છે. તાત્પર્ય એ છે કે, સગર્ભાવસ્થામાં આહાર સંબંધી વિચિત્ર રૂચિ જોવામાં આવે છે. કોઇ કોઈ ગર્ભિણીને દાંતની પીડા થતી જોવામાં આવે છે. તો કોઈ કોઇ ગર્ભિણીનો નાભિદેશ ધીમે ધીમે ઉંચો થતો જાય છે.

પત્ની—નાભિદેશ કયારે ઉંચો થાય છે એનો કાંઇ નિયમ છે કે?

પતિ—હા. જે વખતે ગર્ભમાંનું બાળક ફરકવા માંડે છે એ વખતથી જ નાભિદેશ ઉંચો થતો જાય છે. ગર્ભ રહ્યા પછી પ્રથમના બે ત્રણ મહિના સુધી નાભિ પેટની અંદર ઉતરી જાય છે અને પછી ઉંચી થતી જાય છે: પછી ગર્ભમાંનું સંતાન જેમ જેમ મ્હોટું થતું જાય છે તેમ તેમ નાભિદેશ ઉંચો થતો જાય છે. છેવટે તે પેટની સાથે સીધો થઇ જાય છે. એવા વખતે કસીને કપડાં પહેરવાથી સંતાનનું અનિષ્ટ થવાનો ભય રહે છે.

પત્નીઃ—તમે જે લક્ષણોની હકીકત કહી છે એ લક્ષ્યમાં રાખવાથી સહેલાઇથી ગર્ભની પરીક્ષા થઇ શકે તેમ છે. ગર્ભ રહ્યા પછી

કેવી રીતે વર્તવાથી ગર્ભનું રક્ષણ થાય છે, તથા ગર્ભિણી અને સંતાનનું અનિષ્ટ થતું થથી એ સંબંધી હજી તમે કાંઇ કહ્યું નથી.

પતિ—એક સાથે રામાયણનાં સાતે કાંડ ત્હારે સાંભળવા છે કે ? એ હકીકત હવે પછી હું તને સમજાવીશ. એક સાથે બધી હકીકત કહેવાથી તે સઘળી તું યાદ રાખી શકે નહિ.

પ્રકરણ ૧૮ મું

સગર્ભા સુંદરીનું કર્તવ્ય

પત્ની:—સગર્ભા સુંદરીએ ક્યા નિયમો પાળવા જોઇએ એ આજે તમે મ્હને સમજાવો.

પતિ:—ગર્ભાવસ્થાનો વખત ઘણો કઠિન છે. એ વખતે દરેક વિષયમાં સાવધાન રહેવું જોઇએ.

પત્ની:—એ વખતને પુનર્જન્મ કહેવામાં આવે છે એ કાંઇ ખોટું નથી.

પતિ:—એમ છતાં ભય રાખવાનું કાંઇ કારણ નથી. ઇશ્વરની યોજના એવી આશ્ચર્યજનક છે કે, નિયમ પ્રમાણે વર્તવાથી બાળક સ્વાભાવિક રીતે જ અવતરે છે. હવે ગર્ભાવસ્થામાં કેવી રીતે સ્નાન કરવું જોઇએ એ હું પ્રથમ કહું છું. એ અવસ્થામાં વરસાદના પાણીથી સ્નાન કરવામાં આવે છે તો ગર્ભસ્રાવ થવાનો વિશેષ સંભવ રહે છે. વળી કોઇ પણ પ્રકારના ખારા પાણીથી પણ સ્નાન કરવું ઉચિત નથી. સ્વચ્છ શીતળ જળથી સ્નાન કરવું ઉત્તમ છે.

પત્નીઃ—શીતળ જળથી સ્નાન કરી શરીર સ્વચ્છ રાખવાથી શો લાભ થાય છે ?

પતિ:—શીતળ જળથી સ્નાન કરવાથી શરીર જેવી રીતે સ્નિગ્ધ થાય છે તેવી જ રીતે સબળ અને ઉજ્વળ થાય છે. સ્નાન કરવાથી સ્વાસ્થ્ય સારું રહેવા ઉપરાંત નીતિજ્ઞાનની પણ વૃદ્ધિ થાય છે. અંતઃકરણ પવિત્ર હોય છે તો એમાં પવિત્ર સાધુભાવનો સંચાર થાય છે.

પત્નીઃ—એ તો જાણ્યું કે સમજી. ઠંડા પાણીથી સ્નાન કરવું એ સારું છે; પરંતુ બહુ ટંડી પડતી હોય તો શું કરવું ?

પતિ:—સાધારણ ગરમ પાણીથી સ્નાન કરવું. એથી ઘણા આરામનો અનુભવ થવા ઉપરાંત શરીરમાં સ્ફૂર્તિ રહે છે.

પત્નીઃ—આજકાલ સ્ત્રીઓ પોતાના વાળમાં સુગંધિત તેલો નાખે છે એ સંબંધી તમારો શો અભિપ્રાય છે ?

પતિ:—આજકાલ બજારમાં વેચાતાં મોંઘાં તેલો એકંદરે નુકસાનકારક છે. નારીએળના તેલ જેવું ઉત્તમ તેલ બીજું કોઈ નથી. એ તેલથી માથું અને વાળ સ્વચ્છ રહે છે તથા વાળ મજબૂત થાય છે.

પત્નીઃ—ઠીક, હવે અસલ વાત સમજાવો. સગર્ભાના કર્તવ્ય પ્રસંગે તેલની વાત કાઢી મ્હેં ભૂલ કરી છે.

પતિ:—સગર્ભા રમણીએ માથું નીચું નમાવી નીચે પડેલી ભારે વસ્તુને ઉંચે ઉંચકવી જોઇએ નહિ. વળી હાથ ઉંચા કરી ઉંચેથી કોઈ ભારે વસ્તુને નીચે પણ ઉતારવી જોઇએ નહિ.

પત્નીઃ—એમ કરવાથી શું નુકસાન થાય છે ?

પતિઃ—ગર્ભસ્રાવ થઇ જવાનો સંભવ છે. તે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે, સગર્ભા સ્ત્રીએ દોડવું જોઇએ નહિ, મ્હોટા કૂદકા ભરવો જોઇએ નહિ તથા નાચવું જોઇએ નહિ. એ નિષેધ તરફ દુર્લક્ષ્ય કરવાથી ગર્ભસ્રાવ અગર ગર્ભપાત થવાનો ઘણો સંભવ રહે છે.

પત્નીઃ—ત્યારે તો ગર્ભ રહ્યા પછી સ્ત્રીએ બિલકુલ હાલવું ચાલવું જોઇએ નહિ, કેમ ?

પતિઃ—તું ભૂલે છે. ઘરસંસારનું સામાન્ય કામકાજ સગર્ભા સ્ત્રી કરે તો તેથી નુકસાન નહિ પણ લાભ થાય છે. સગર્ભાવસ્થામાં રાત દિવસ બેસી રહેવાથી અગર તો પુષ્કળ ઊંઘવાથી ઘણું નુકસાન થાય છે. આળસુ ગર્ભિણીઓને જ વિશેષ સમય સુધી પ્રસવવેદના વેઠવી પડે છે તથા પ્રસવ થયા પછી પણ તેઓ ઘણું દુઃખ ભોગવતી જોવામાં આવે છે.

પત્નીઃ—તમારી આ વાત મ્હને ખરી લાગે છે. જે સગર્ભા સ્ત્રીઓ ઘરનું સાધારણ કામકાજ કરતી રહે છે તેમને ઘણી સહેલાઇથી પ્રસવ થાય છે તથા પ્રસવ થયા પછી ઘણી ઝડપથી તેઓ આરોગ્ય મેળવી શકે છે.

પતિઃ—કેવળ સગર્ભાવસ્થામાં જ નહિ પરંતુ હરેક અવસ્થામાં આળસ જ સગર્ભાના અનિષ્ટનું મૂળ છે. આળસ કરવાથી ઘરસંસારના કામમાં વ્યાઘાત થાય છે તથા સંસારની ઉન્નતિ થઈ શકતી નથી. આળસથી શરીર જડ અને મન હતાશ બની જાય છે. આળસથી ગર્ભવતી રમણી દુર્બળ થઇ જવા ઉપરાંત ગર્ભમાંનું બાળક પણ મરવા જેવું થઇ જાય છે, જે ગરીબ ઘરની સ્ત્રીઓ કામકાજમાં

ગુંથાયલી રહે છે તેમને પ્રસવ વખતે વિશેષ કષ્ટ વેઠવું પડતું નથી. વળી એવી સ્ત્રીઓ સુંદર તથા સશક્ત સંતાનોને જન્મ આપે છે. બીજી તરફ જોવા જતાં મ્હોટા ઘરની સ્ત્રીઓ સગર્ભાવસ્થામાં પલંગમાં પડી રહી ઊંધ્યા કરે છે, લેશ માત્ર પરિશ્રમ કરતી નથી; પરંતુ પ્રસવનો વખત જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ તેઓ વિશેષ ભયભીત બની જાય છે. પ્રસવ પ્રસંગે પણ તેમને વિશેષ દુઃખ વેઠવું પડે છે.

પત્નીઃ—ખરી વાત છે. વળી બીજું એક એ નુકસાન છે કે. સગર્ભા સ્ત્રી જો સદા સર્વદા સૂઇ રહે છે અગર જડની માફક બેસી રહે છે તો મન પ્રફુલ્લ રહી શકતું નથી.

પતિઃ—ચિત્તની એ અપ્રફુલ્લતાને લીધે જ છેવટે તે બીમાર માણસ જેવી થઇ જાય છે. ગર્ભના સંતાનની માનસિક શક્તિ ખીલવવા માટે સગર્ભાએ સદા સર્વદા પ્રફુલ્લ રહેવું જોઇએ.

પત્નીઃ—સગર્ભાવસ્થામાં સ્ત્રીએ કેવો પરિશ્રમ કરવો જોઇએ એ તેને સમજાવવું જરૂરનું છે.

પતિઃ—સગર્ભા સ્ત્રીએ દરરોજ કલાક બે કલાક વિશ્રામ લેવાની જરૂર છે. વળી થોડી મહેનત કર્યા પછી પાછો પા અડધો કલાક રાહત લેવી જોઇએ. બીજી એક અગત્યની વાત એ છે કે, પેટ અર્થાત્ ગર્ભ જો નીચે ઝુલી પડે અગર તો કોઇ બીજા કારણથી તેનું પતન થવાનો સંભવ જણાય તો સૂઇ રહેવાથી ઘણો લાભ થાય છે.

પત્નીઃ—ગર્ભ રહ્યા પછી સ્ત્રીએ ખાવાપીવામાં કયો નિયમ પાળવો જોઇએ ?

પતિઃ—પહેલાં એક બે માસ સુધી ખાવા પીવાનો કોઈ ખાસ નિયમ પાળવાની જરૂર રહેતી નથી; કેમ કે એ વખતે ઋતુ દેખાતી બંધ થવાથી લોહીના જમાવને લીધે શરીર અશક્ત બનતું નથી. વળી એ વખતે ગર્ભ ઘણો ન્હાનો હોવાથી તેના પોષણ માટે વિશેષ શક્તિની જરૂર પડતી નથી. આમ હોવાથી ગર્ભ રહ્યા પછીની પહેલી સ્થિતિમાં સ્ત્રીઓ ઉલટી, જ્વર, મનની ચંચળતા વગેરેથી ઉપજતો ક્લેશ અનુભવે છે. એવી સ્થિતિમાં વિશેષ ખાવાપીવાથી હિતને બદલે અહિત થવાનો વિશેષ સંભવ છે.

પત્નીઃ—ત્યારે ગર્ભ રહ્યા પછી શરુઆતમાં સ્ત્રીએ વિશેષ ખાવું પીવું જોઇએ નહિ કેમ ?

પતિ—હા. ગર્ભની પહેલી સ્થિતિમાં કોઇ કોઇ ગર્ભિણીને અંતર્દાહ, ગળામાં બળતરા તથા અગ્નિમાંદ્યના વિકાર જણાય છે. હોજરીની એવી હાલતમાં વિશેષ ખાવામાં આવે તો નુકસાન થાય એ દેખીતું છે.

પત્નીઃ—ત્યારે એ વખતે ભુખ હોય તે પ્રમાણેજ ખાવું જોઇએ કેમ ?

પતિઃ—હા. પછી ગર્ભમાંના સંતાનના આકાર જેમ જેમ મ્હોટો થતો જાય છે તેમ તેમ ક્ષુધા પણ વધે છે.

પત્નીઃ—એ ઇશ્વરી લીલા છે. પેટનું સંતાન ફરકવા માંડે છે તેમ તેમ તેના પોષણની જરૂરીઆત ઉભી થઇ સગર્ભા રમણીની ક્ષુધા સ્વાભાવિક રીતે વધે છે તથા તેના આહારનું પ્રમાણ વધી જાય છે.

પતિઃ—પરંતુ એવી સ્થિતિમાં ગમે તે પદાર્થ ખાવા જોઇએ નહિ. વાતુલ પદાર્થો ખાવાથી ગર્ભ કુબ્જ એટલે ખુંધો, આંધળો,

જડ કે ઠીંગણો થાય છે; પિત્તકારક પદાર્થો ખાવાથી માથામાં ટાલ પડેલો તથા પીંગળો થાય છે અને કફકારક પદાર્થો ખાવાથી કોઢીઓ અને પાંડુરોગી થાય છે. એમ વાગ્ભટ્ટનું કહેવું છે.

પત્નીઃ—ત્યારે ગર્ભિણીએ કેવા પદાર્થો ખાવા જોઇએ એ મ્હને સ્પષ્ટતાથી સમજાવો.

પતિઃ—સગર્ભા સુંદરીએ સાદા અને સારો ખોરાક ખાવો જોઇએ. સાદા ખોરાકમાં તાજાં ફળ, તાજી શાકભાજી, દ્રાક્ષ, નારંગી વગેરે તાજો-લીલો મેવો, અંજીર, આલુ વગેરે સુકો મેવો, થુલા સાથેની જાડા લોટની રોટલી, જાર બાજરીનો રોટલો, મગની તથા તુવેરની દાળ, તાજું દૂધ, ઘી, તાજી છાશ સાદો મસાલો વગેરે પદાર્થો લઇ શકાય છે. સગર્ભા સ્ત્રીએ પાણી અને દૂધ સિવાય બીજા પીવાના પદાર્થો છોડી દેવા જોઇએ. તીખા મસાલા અને ખારા ખાટા પદાર્થો ખાવાથી ઘણું પાણી પીવું પડે છે. વિશેષ પાણી પીવાથી પાચનશક્તિ મંદ થઇ જાય છે તથા એ બગાડની અસર ગર્ભની અંદરના બાળકને પણ લાગુ પડે છે.

પત્નીઃ—ત્યારે સગર્ભા સ્ત્રીએ કયા પદાર્થો ન ખાવા જોઇએ ?

પતિઃ—પચવામાં ભારે હોય એવા જડ પદાર્થો, મિષ્ટાન્ન, લાડુ, શીરો, લાપસી, મેંદાની કે ઝીણા લોટની રોટલી, મદ્ય, માંસ, કૉફી ચ્હા, જલદ મસાલા, ઘણા તીખા, ઘણા ગરમ, ક્ષારવાળા અને ખાટા પદાર્થો ખાવા જોઇએ નહિ. ઘણા ઠંડા કે પિત્ત કરે એવા પદાર્થોનો પણ ત્યાગ કરવો જોઇએ. દસ્તની કબજીઆત કરે એવી વસ્તુઓ ખાવી જોઇએ નહિ. વધારે ઘીવાળા અને તેલવાળા પદાર્થો ખાવાથી શરીરનાં હાડકાં વહેલાં કઠિન બની પ્રસવ વખતે હરકત કરે છે; તેથી

એવા પદાર્થોનો ત્યાગ કરવો. નવમા માસમાં સગર્ભા સ્ત્રીને દુધ ચોખા અને ઘીનો ખોરાક મુખ્યત્વે કરીને આપવો.

પત્નીઃ—સગર્ભા રમણીને અજીર્ણનો રોગ શાથી લાગુ પડે છે ?

પતિઃ—ભારે પદાર્થો ખાવાથી એ રોગ થાય છે તથા ગર્ભમાંના બાળકને એ રોગ વારસામાં મળે છે. અયોગ્ય અને અધિક ખોરાક, ઘણા અપવાસ, ઠાંસી ઠાંસીને ખાવું, ઘણા ગરમ પદાર્થો ખાવા, મીઠાઇઓ તથા મસાલાવાળા પદાર્થો વાપરવા, બહુ ઘી, અને ખાંડવાળી વસ્તુઓ ખાવાથી અજીર્ણ રોગ લાગુ પડે છે.

પત્નીઃ—જો સગર્ભા સ્ત્રીઓ આ વાત જાણતી હોય તો તેઓ કદાપિ જાણી જોઇને પોતાનું અને ગર્ભના સંતાનનું અહિત કરે નહિ.

પતિઃ—સગર્ભા સ્ત્રી માટે કેવાં હવાપાણીની જરૂર છે ?

પતિઃ—સગર્ભાવસ્થામાં ખુલ્લી હવા ઘણી હિતકારક છે. સગર્ભા રમણી જ્યારે ઊંઘતી હોય ત્યારે ખાસ કરીને તેને ખુલ્લી હવાની જરૂર પડે છે.

પત્નીઃ—અજ્ઞાની સ્ત્રીઓ એ વાતને બિલકુલ સમજતી નથી. તેઓ બારી બારણાં બંધ કરી હવાને અટકાવી સુઇ રહે છે. શીયાળાની ઠંડીમાં પણ ઘણા લોકો ઓરડામાં સળગતી સગડી રાખી બારી બારણાં બંધ કરી સુઇ રહે છે. એમ કરવાથી હવા વિશેષ બગડતી હશે ખરી કે ?

પતિઃ—બહુ ઠંડીને લીધે જો જરૂર જણાય તો સઘડી રાખવી; પરંતુ ખુલ્લી હવા આવી શકે એ માટે સુઇ રહેવાના ઓરડાનાં બારી બારણાં ખુલ્લાં રાખવાં જોઇએ. સગર્ભા રમણીના શયનગૃહમાં સૂર્યનો પ્રકાશ કે કિરણો આવી શકે એમ કરવું જોઇએ. તાપને રોકવા માટે પર્દા

બાંધવા જોઇએ નહિ. સૂર્યનો પ્રકાશ, સ્વચ્છ હવા અને ભીનાશ એ ત્રણના સંયોગથી જ વાવેલાં બીમાં અંકુર ફૂટે છે અને તેમાંથી રોપા થાય છે. એ રોપા વધી તેમાંથી પાન, પુષ્પ તથા ફળ આવે છે. અંધકારથી એમાંનું કાંઇ થઇ શકતું નથી અર્થાત્ અંધારી જગ્યાએ વાવેલું બી વૃથા જાય છે. માનવબીજની પણ એવી જ સ્થિતિ છે. જગતના સઘળા પ્રાણી પદાર્થોને સૂર્યના પ્રકાશ સિવાય તેજ, ગતિ કે શક્તિ મળતી નથી. જો સગર્ભા રમણી ઇચ્છાનુસાર સૂર્યપ્રકાશ અને વિશુદ્ધ વાયુનું સેવન કરે છે તો તેના ગર્ભમાંનું બાળક આનંદી તેજસ્વી અને નિરોગી થાય છે. અંધકારમાં રહેતી સગર્ભા રમણીનું બાળક કદરૂપું, ઢીલાં હાડકાંવાળું, વાંકી કરોડવાળું, નિસ્તેજ ચામડીવાળું અને રોગી થાય છે.

પત્નીઃ—પ્રકાશ જોવામાં આવતાં માનવનો જીવ પ્રફુલ્લ થાય છે. પ્રકાશ જ જીવન છે. પ્રકાશથી જ મનુષ્યના તેજ અને લાવણ્યની વૃદ્ધિ થાય છે એ વાત તમે કહેલી હકીકત ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે.

પતિઃ—વળી સગર્ભા રમણી માટે ગાઢ નિદ્રાની ઘણી અગત્ય છે. તેના શયનગૃહમાં ગડબડાટ ખખડાટ થાય એ ઇચ્છવા યોગ્ય નથી. વળી સગર્ભા રમણીએ ઉજાગરા કરવા જોઇએ નહિ, નાટકો જોવાં નહિ, ચિત્તને ઉશ્કેરે એવી વાતો સાંભળવી કે વાંચવી નહિ. ગર્ભિણીએ રાતના દશ વાગતાં પૂર્વે સૂઇ જવું જોઇએ.

પત્ની—ખરી વાત છે. રાત્રે સવેળા સૂઈ રહેવાથી સવારે વહેલાં ઉઠી શકાય છે.

પતિઃ—પ્રભાતકાળે ઉઠવાથી કેટલો બધો લાભ છે એ હું કહું

છું. પ્રભાતકાળની હવા શરીરને લાગવાથી તથા એ વખતે સાધારણ ઘરકામની મહેનત કરવાથી વૃદ્ધ યુવાન અને યુવાન બાળક જેવી સ્ફુર્તિ અનુભવે છે, શરીર તેજસ્વી બને છે. શરીરને નિરોગી રાખી દીર્ઘાયુષી થવું હોય તો પ્રભાતકાળે ઉઠવાની ટેવ પાડવી જોઇએ. ગર્ભિણી જો સ્હવારમાં વહેલી ઉઠી થોડો વખત ફરે છે તો તેને ઉલટી ભાગ્યે જ થાય છે અને સારી ભુખ લાગે છે.

પત્નીઃ—આવા સહેલા ઉપાય હોવા છતાં સગર્ભા રમણી કેટલી વખતે કેટલું બધું દુઃખ વેઠે છે એ વર્ણવી શકાય એમ નથી.

પતિઃ—વળી જે સ્ત્રીઓ પહેલી વખતે સગર્ભા થાય છે તેઓ શરમને લીધે પોતાને થતી હરેક પ્રકારની વેદના છુપાવી રાખે છે.

પત્નીઃ—પરંતુ એમ કરવાથી ઘણું ખરાબ પરિણામ આવે છે. રોગની તુલના અગ્નિ સાથે થઇ શકે છે. અગ્નિ જેવી રીતે કપડાથી ઢાંકી શકાતો નથી તેવી જ રીતે રોગને લજ્જાના આવરણમાં વિશેષ સમય સુધી છુપાવી શકાતા નથી. ઉગતા રોગ અને થતા શત્રુનો આરંભથી જ નાશ કરવો જોઇએ.

પતિઃ—બરાબર છે. આજકાલ ઘણી સગર્ભા રમણીઓ અજીર્ણનો રોગ ભોગવતી જોવામાં આવે છે. જો બરાબર ઉપચાર કરવામાં આવે તો એ રોગ દૂર થઇ શકે છે.

પત્નીઃ—પરંતુ સગર્ભાવસ્થામાં દવા લઇ શકાય કે?

પતિઃ—હા; છતાં એ સંબંધી એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે, સગર્ભાવસ્થામાં કોઇ પણ જાતનો રોગ જણાતાં બાહોશ ચિકિત્સક પાસે પ્રકૃતિની ચિકિત્સા કરાવવી. વળી એવા પ્રસંગે કોઇ પણ તીવ્ર ઔષધ અર્થાત્ તેજ દવાનો ઉપયોગ કરવો નહિ. જે ઔષ-



દોઢ મહિનાનું બાળક.

પૃષ્ઠ. ૧૪૫

ધોના ઉપયોગથી કાંઇ અહિત ન થાય એવાં ઔષધો જ વાપરવાં.

પત્નીઃ—હજી સગર્ભા રમણીના કર્ત્તવ્ય સંબંધી જે હકીકત કહેવાની રહી ગઇ હોય તે મ્હને કહી સંભળાવો. રોગના ઉપચાર સંબંધીની હકીકત પછી સાંભળીશ.

પતિઃ—ગર્ભિણી સ્ત્રીએ વાહન ઉપર સ્વારી કરવી નહિ, બહુ બોલવું તથા દોડવું નહિ, અયોગ્ય રીતે શરીરને વાંકું વાળવું નહિ, ઘણી મહેનત પડે એવું કામ કરવું નહિ, ઉજાગરો કરવો નહિ, દિવસે વિશેષ વખત સુધી ઊંઘવું નહિ, કદાપિ ક્રોધ કરવો નહિ, ભય લાગે એવા સ્થળે જવું નહિ, ભયંકર અકસ્માતો અને દિલને ધબકાવે એવા બનાવો બનતા હોય ત્યાં રહેવું નહિ તેમજ જવું નહિ, ગર્ભ રહ્યા પછી પ્રસવ થતા સુધી મન વચન અને કર્મથી બ્રહ્મચર્ય પાળી ધર્મ ધ્યાનમાં ચિત્ત લગાડવું, હમ્મેશાં શાન્તિ રાખવી, નીતિ તથા ધર્મની વાતો સાંભળવી, ચિંતા તેમજ શોક ત્યજી સદા સર્વદા આનંદમાં રહેવું. જે સ્ત્રીઓ આ સઘળા ઉપદેશ પ્રમાણે વર્તે છે તેમનાં બાળક ખોડખાંપણ વગરનાં અને માનસિક વિકાર વગરનાં થાય છે. આપણા વૈદકશાસ્ત્રોએજ આ સઘળો ઉપદેશ આપેલો છે.

પ્રકરણ ૧૯ મું.

ગર્ભરક્ષણના ઉપાય

પત્નીઃ—પહેલાં તમે એમ કહ્યું હતું કે, વંશનું રક્ષણ કરવું હોય તો પ્રથમ ગર્ભસ્રાવ અટકાવવાના ઇલાજ જાણવા જોઇએ; આજે મ્હને એ ઇલાજો જણાવો.

પતિઃ—પ્રથમ એ યાદ રાખવું જોઇએ કે, ચાર મહિના પૂર્ણ થતાં પૂર્વે જો ગર્ભાશયમાંથી ગર્ભ બહાર નીકળી જાય છે તો તેને ગર્ભસ્રાવ કહેવામાં આવે છે અને ચારથી સાતમા મહિના સુધીમાં ગર્ભ બહાર નીકળે છે તે ગર્ભપાત થયો કહેવામાં આવે છે. સાતમાથી નવમા મહિના સુધીમાં ગર્ભસ્થ સંતાન જન્મે છે તો તેને કવખતે જન્મેલું ગણવામાં આવે છે.

પત્નીઃ—કવખતે જન્મેલાં સંતાનો બચે છે કે?

પતિઃ—ઘણાં થોડાં બચે છે. કવખતે જન્મેલાં સંતાનોમાંના ઘણાંખરાંનું મરણ થતું જોવામાં આવે છે.

પત્નીઃ—કયી ઉમ્મરની સ્ત્રીઓને ગર્ભસ્રાવ થવાનો વિશેષ સંભવ હોય છે?

પતિઃ—ન્હાની ઉમ્મરની કન્યાઓ ગર્ભવતી થાય છે તો તેમને ગર્ભસ્રાવ થઇ જવાનો વિશેષે સંભવ હોય છે.

પત્નીઃ—એથી કાંઇ દુઃખ થાય છે કે?

પતિઃ—ઘણું દુઃખ થાય છે. ગર્ભસ્રાવ અને ગર્ભપાત જેવું દુઃખ સ્ત્રીજાતિ માટે બીજું એક પણ નથી. ખરી રીતે જોતા જતાં એ સ્વાભાવિક વિકાર નહી પણ કોઈ ખોટા કાર્યનું અથવા ભૂલનું પરિણામ હોય છે. ડૉક્ટર ટ્રૉલ નામના એક વિદ્વાને વ્યાજબી જ કહ્યું છે કે, સારા કૃત્યનું ફળ અફળ જતું નથી અને ખોટા કૃત્યની ખોટી અસર થયા વિના રહેતી નથી.

પત્નીઃ—ગર્ભસ્રાવ તેમજ ગર્ભપાતથી સ્ત્રીને શું નુકસાન થાય છે?

પતિઃ—જે સ્ત્રીને એક વખત ગર્ભસ્રાવ અગર ગર્ભપાત થાય છે તેને વારંવાર એમ થવાનો સંભવ રહે છે. ઉપરાઉપરી ગર્ભસ્રાવ

કે ગર્ભપાત થવાથી સ્ત્રીના આરોગ્યનો કાયમને માટે નાશ થાય છે તથા ઘણી વખતે સ્ત્રીનો જીવ પણ જોખમમાં આવે છે.

પત્નીઃ—કયી સ્ત્રીઓને ખાસ કરીને એ રોગ લાગુ પડે છે?

પતિઃ—શરીરે ઘણી જાડી તથા ઘણી કમતાકત સ્ત્રીઓને, ઋતુ વખતે પુષ્કળ દસ્તાન વહી જતું હોય તેમને, ગંડમાળા, ઉદરરોગ અને ગરમીના રોગવાળી સ્ત્રીઓને આ રોગ લાગુ પડવાનો વિશેષ સંભવ હોય છે. એ ઉપરાંત ગરમ મસાલાવાળા પદાર્થો, પચી ન શકે એવા જડ ભારે પદાર્થો, મિષ્ટાન્ન અને ચીકણા પદાર્થો, ચ્હા, કૉફી તથા દારૂ જેવાં જલદ પીણાં, ઉજાગરા ઉત્તેજના વગેરે કારણોથી ગર્ભસ્રાવ અગર ગર્ભપાત થઇ જાય છે.

પત્નીઃ—એ વિકાર થવાનાં બીજાં જે કારણો હોય તે પણ કહો.

પતિઃ—દસ્તની હમ્મેશાંની કબજીઆત, અતિસાર અર્થાત્ ઘણા ઝાડા થવા, તંગ કપડાં પહેરવાની ટેવ, પુષ્કળ પરિશ્રમ, અણધાર્યો ભય, ઉંચી જગ્યાએથી નીચે પડી જવું વગેરેથી પણ એ વિકાર થાય છે.

પત્નીઃ—ગર્ભસ્રાવ થયા પછી સ્ત્રીને કાંઇ થાય છે કે?

પતિઃ—હા. ગર્ભસ્રાવ થયા પછી પુષ્કળ લોહી વહી જાય છે અને પછી વારંવાર અનિયમિત રીતે લોહી વહી જાય છે. આવી રીતે દસ્તાન અનિયમિત જવાથી પ્રસવ કરતાં પણ વિશેષ વેદનાનો સ્ત્રીને અનુભવ થાય છે. કોઇ કોઈ સ્ત્રીને વાઇ અગર ઉન્માદનો વિકાર દર્દીમાં લાગુ પડે છે. સ્ત્રીના ચિત્તને ઘણો શોક થાય છે. કોઇ પણ સાંસારિક પ્રકારથી તેનું મન સંતુષ્ટ થતું નથી. આમ હોવાથી જ આપણામાં એવી કહેવત ફેલાઇ છે કે, ' સો સુવાવડ સારી પણ એક

કસુવાવડ ખોટી.' આમ હોવાથી ગર્ભસ્રાવ, ગર્ભપાત કે કસુવાવડ થવા ન પામે એ વિષયની પ્રથમથી સંભાળ રાખવી જોઇએ.

પત્ની:—ગર્ભસ્રાવ થતાં પહેલાં કયાં ચિહ્નો જોવામાં આવે છે ?

પતિ:—સગર્ભા સુંદરીને જ્યારે પીઠમાંથી અને ગર્ભાશયની આસપાસના સ્થાનમાંથી ઉપરા ઉપરી એક સરખી વીણો આવવા માંડે તથા પેટ જડ બની જઇ તેમાં દુખાવો ઉત્પન્ન થાય, પેશાબ ટીપે ટીપે બ્હાર નીકળે તેમજ પેટ ઉતરી આવ્યાનો ભાસ થાય એટલે ગર્ભસ્રાવ અવશ્ય થશે એમ સમજવું જોઇએ. જે સ્ત્રીને પહેલી વખતે ગર્ભસ્રાવ થાય છે તેને આ લક્ષણો છ સાત કલાક સુધી રહે છે. જે સ્ત્રીઓને વારંવાર ગર્ભસ્રાવ થનો હોય છે તેમની પીડા કવચિત્ લંબાય છે અને અઠવાડીઆ સુધી પીડા થયા પછી ગર્ભસ્રાવ થાય છે.

પત્ની:—ગર્ભસ્રાવ પ્રસંગે સ્ત્રીને એક સરખી પીડા થાય છે કે ?

પતિ:—ના, એ વિકારની ત્રણ અવસ્થાઓ છે એમ ધારી લે. પહેલી અવસ્થા ગર્ભસ્રાવ દેખાય તે પૂર્વેની છે, બીજી અવસ્થામાં ગર્ભસ્રાવનાં પ્રાથમિક ચિહ્નો જણાયા પછી વેદના સાથે લોહી વહેતું જોવામાં આવે છે. ત્રીજી અવસ્થામાં લોહીનો પ્રવાહ અટક્યા વિના સતત વહી જાય છે. પહેલી અવસ્થામાં કેવી વેદના થાય છે તે હું કહી ચુક્યો છું. એ પ્રસંગે પોતાને ગર્ભસ્રાવ થશે એમ સ્ત્રી સમજી શકે છે; પરંતુ ગર્ભસ્રાવ બિલકુલ થયો હોતો નથી. પ્રાથમિક ગર્ભ-સ્રાવનાં જે લક્ષણો મ્હેં કહ્યાં છે તે જણાવા ઉપરાંત ગર્ભિણીની શક્તિ અને ઉત્સાહ ક્ષીણ થઇ જાય છે, ક્ષુધા ઉડી જાય છે, સહજ જ્વર આવી થાપામાં, કમરમાં, કમરની આસપાસ તથા પેટના નીચેના

ભાગમાં સણકા ઉપડે છે. પ્રથમ આ સણકા થોડા થોડા વખતના અંતરે આવે છે; પરંતુ આગળ જતાં એ સણકા વિશેષ સમય સુધી રહે છે. સ્ત્રીનું શરીર મજબૂત હોય છે લોહીનો સ્રાવ જોરથી થઈ નાડી પણ જોરમાં ચાલે છે, નેત્રો ફરકે છે, માથું દુખે છે, શરીર તપી જાય છે, તરસ ઘણી લાગે છે, અન્ન ઉપર અરૂચિ થાય છે, કમરમાં સણકા આવે છે તથા ગર્ભાશય જડ બની ગયું હોય એમ લાગે છે.

પત્નીઃ—ગર્ભસ્રાવની પ્રથમ અવસ્થામાં કેવી સારવાર કરવી જોઇએ ?

પતિઃ—એ સ્થિતિમાં સગર્ભા રમણીને ઠંડી જગ્યામાં બિછાનામાં સૂઇ રહેવા દેવી, તેને ગરમ વસ્ત્ર બિલકુલ પહેરવા દેવાં નહિ, સાદો ખોરાક અને સ્વચ્છ શીતળ જળ આપવું તેમજ યોગ્ય ચિકિત્સક પાસે ઔષધોપચાર કરાવવા.

પત્નીઃ—બીજી અવસ્થામાં શું થાય છે ?

પતિઃ—જે રમણીને એક પણ વખતે ગર્ભસ્રાવનો વિકાર નથી થયો હોતો તે ગર્ભસ્રાવનાં સઘળાં લક્ષણોથી અપરિચિત હોવાથી કમર તથા તેની આસપાસના દુઃખાવાનો ભેદ સમજી શકતી નથી અને સારવારમાં વિલંબ થવ થી દર્દ વધી જાય છે તથા થોડો રક્તસ્રાવ જોવામાં આવે છે. રક્તસ્રાવ થતો જોવામાં આવે એટલે ગર્ભાશયની અંદરના ગર્ભવાળા ઈંડામાંથી અમુક અંશે જીવનપ્રવાહ ઓછો થયો છે એમ સમજવું જોઇએ. એ વખતે વિલંબ નહિ કરતાં જો તાત્કાળિક સારવાર કરવામાં આવે છે તો ગર્ભનું રક્ષણ થઈ શકે છે. ચિકિત્સક આવી પહોંચે તે પહેલાં સ્ત્રીને ઠંડા સ્થળે રાખવી તથા યોનિ

ઉપર અને પેઢુ ઉપર ઠંડા પાણીથી ભીંજાવેલું કપડું ગડી વાળીને મૂકવું. બરફના પાણીની કે ઘણા ઠંડા પાણીની યોનિમુખમાં પીચકારી મારવી. પીચકારી ન મળી શકે તો ઠંડા પાણીની છાલકો હાથથી મારવી તથા સપાટીનો ભાગ ઠંડો તેમજ ભીંજાયલો રહે એવી વ્યવસ્થા રાખવી. કમર નીચે કપડું રાખી કમરને ઉંચી રાખવી તથા ખભા તથા માથું વિશેષ ઉંચાં રખાવીને સગર્ભાને બિછાનામાં છતી સુવાડવી. લોહી વહી જતું અટકાવવાને યોનિમુખની અંદર પણ ઠંડા પાણીથી ભીંજાવેલો કકડો મુકી રાખવો તથા થોડા થોડા વખતને અંતરે એ કકડો બદલ્યા કરવો. ગર્ભિણીને દૂધ બરફ સાથે પાવું.

પત્નીઃ—ગર્ભસ્રાવની ત્રીજી સ્થિતિમાં શું થાય છે?

પતિઃ—એ સ્થિતિમાં લોહી જોરથી વહેવા માંડે છે. કોઇ કોઈ વખતે લોહી એટલા બધા પ્રમાણમાં વહી જાય છે કે, સ્ત્રીનું જીવન જોખમમાં આવે છે. આખા શરીરમાં વેદના થઇ તાણો આવે છે. ત્રીજી અવસ્થામાં ગર્ભસ્રાવનું નિવારણ થઇ શકતું નથી. એ પ્રસંગે યોગ્ય ઉપચાર કરવાથી ગર્ભિણીને બચાવી શકાય છે.

પત્નીઃ—ગર્ભસ્રાવ થઇ ગયા પછી શું કરવું જોઇએ?

પતિઃ—તેની સારવાર કરવા તરફ વિશેષ લક્ષ્ય આપવું જોઇએ. પ્રસવ પછી પ્રસૂતિની જેવી સારવાર કરવામાં આવે છે તેવી જ સારવાર ગર્ભસ્રાવ થઈ ગયા પછી ગર્ભિણીની કરવી જોઇએ. જો એ તરફ દુર્લક્ષ્ય કરવામાં આવે છે તો ગર્ભિણીનું શરીર હમ્મેશાંને માટે લથડી જાય છે. ગર્ભસ્રાવ થઇ ગયો હોય એવી રમણીને કોઇ પણ જાતનું કામ નહિ કરવા દેતાં સુવાડી રાખવી જોઇએ. તેને સાદો, જલદી પચે એવો ખોરાક આપવો જોઇએ. જે સ્ત્રીને પહેલાં એક બે

વખત ગર્ભસ્રાવ થઈ ગયો હોય તેની શક્તિ કાયમ રહે અને સ્વાસ્થ્ય સારું રહે એ તરફ ધ્યાન રાખવું જોઇએ. દરરોજ સ્હવારે ઠંડા પાણીથી તેને સ્નાન કરાવી ટૉવેલથી તેનું શરીર સાફ કરી નાખવું જોઇએ.

પત્ની—શીયાળામાં પણ તેને ઠંડા પાણીથી સ્નાન કરાવવું જોઇએ કે ?

પતિઃ—ઠંડીના દિવસમાં પાણી થોડું ગરમ કરી તે ઠંડું પડવા આવે એટલે તેનાથી સ્નાન કરાવવું જોઇએ. વરસાદના પાણીથી સ્નાન કરાવવામાં આવે છે તો ઘણો ફાયદો થાય છે. ગર્ભાવસ્થામાં પણ સ્નાન માટે ઠંડુ પાણી જ ઉત્તમ છે; પરંતુ એવી અવસ્થામાં વરસાદના પાણીથી સ્નાન કરાવવામાં આવતાં ગર્ભપાત થવાનો સંભવ રહે છે.

પત્ની—ત્યારે ગર્ભસ્રાવ અગર ગર્ભપાત એ સ્ત્રીજાતિ માટે ઘણો ભયંકર વિકાર છે. એથી ગર્ભિણીનું શરીર લથડી જાય છે, સંતાનોનો નાશ થાય છે અને વંશનું રક્ષણ થતું નથી.

પતિ—એ વાત ખરી છે. એટલા માટે જ ડૉકટરો એમ કહે છે કે, એક વખત ગર્ભપાત થતાં ફરીથી ગર્ભપાત થવાનો સંભવ રહે છે. આમ હોવાથી ગર્ભપાત થવાનું કોઇ લક્ષણ જણાય કે તરત ગર્ભિણીએ હમ્મેશાં વિશેષ વખત સુધી સુઇ રહેવું જોઇએ, ચિત્તને ચિંતાશૂન્ય રાખવું જોઇએ તથા મન શાન્ત રાખવું જોઇએ. એવી સ્થિતિમાં સાદો ખોરાક લેવો જોઇએ અને કોઈ પણ પ્રકારનો જુલાબ લેવો જોઇએ નહિ.

પત્ની—જો બંધકોશનું દર્દ હોય તો શું કરવું ?

પતિઃ—પેટ ઉપર દીવેલનો લેપ કરવાથી જુલાબનું કામ સરે છે. એવી હાલતમાં વિજ્ઞ ચિકિત્સકની સલાહ પ્રમાણે વર્તવું એ જ ઉત્તમ છે. કોઈ પણ વિષય તરફ દુર્લક્ષ્ય કરવું જોઈએ નહિ. ઘણી વખતે સાધારણ દુર્લક્ષ્યથી પણ ગંભીર નુકસાન થતું જોવામાં આવે છે.

પત્નીઃ—તમે જે હકીકત કહો છો એ એટલી બધી મહત્વની છે કે, જાણે બધું કામકાજ છોડી તમારી હકીકત જ સાંભળું એમ થાય છે. આજે વખત ઘણો વીતી ગયો છે; નહિ તો બીજી થોડી હકીકત અવશ્ય સાંભળત.

પતિઃ—આવતી કાલે હું તને બીજો એક અત્યંત મહત્વનો વિષય સમજાવીશ.

પ્રકરણ ૨૦ મું

ગર્ભમાં પુત્ર અગર કન્યા જાણવાના ઉપાય

પતિઃ—આજે હું તને એક અદ્‌ભુત વાત કહું છું. એ વાત જાણી ગર્ભમાં પુત્ર છે કે કન્યા એ સમજી શકાય છે.

પત્ની.—વાહ! એ તો ઘણી ઉત્તમ વાત કહેવાય. ગર્ભમાં પુત્ર છે કે કન્યા એ જાણવાની સહુને ઇચ્છા હોય છે. સગર્ભા થયા પછી પોતાને પુત્ર થાય એવી હરેક ગર્ભિણીની ઇચ્છા હોય છે. પુત્રનો જન્મ થયા સિવાય વંશનું રક્ષણ થઈ શકતું નથી.

પતિઃ—ત્હારી વાત ખરી છે; પરંતુ માબાપે પુત્ર કન્યા-ઉભ-

યને સમાન ગણવાં જોઇએ. આપણાં શાસ્ત્રોએ પણ કહ્યું છે કે, પુત્રની માફક કન્યાનું પણ પાલન કરી તેને શિક્ષણ આપવું જોઇએ. આપણાં શાસ્ત્રોએ કાંઈ કન્યા તરફ તિરસ્કાર દર્શાવવાનું જણાવ્યું નથી. કન્યાને સારું શિક્ષણ આપી, સુપાત્રને અર્પણ કરી પુત્રતુલ્ય સમજવી જોઇએ.

પત્ની—હમણાં એ સઘળી શાસ્ત્રની વાત પડતી મૂકી ગર્ભમાં પુત્ર છે કે કન્યા એ જાણવાનો ભેદ દર્શાવો.

પતિ—એ સંબંધી જે હકીકત કહું તે સર્વાંશે સત્ય છે એમ ભાર મૂકી હું કહી શકતો નથી; છતાં પૅકર્મેન નામક વિચક્ષણ ડૉક્ટરે એ ભેદનો ખુલાસો દર્શાવ્યો છે.

પત્ની—શો ખુલાસો દર્શાવ્યો છે ?

પતિ—મક્ષિકાઓ પ્રથમ સ્ત્રી ડિમ્બ અને પછી નર ડિમ્બનો પ્રસવ કરે છે. સ્ત્રીજાતિ માટે ઋતુનો જે વખત છે તેના આરંભમાં ગર્ભ રહે છે તો કન્યા અને પાછળથી ગર્ભ રહે છે તો પુત્ર જન્મે છે.

પત્નીઃ—એ સિવાય એ વાત જાણવાના બીજા ઉપાય નથી કે?

પતિઃ—છે. ગર્ભિણીનાં અમુક લક્ષણો જોઇને પણ ગર્ભની પરીક્ષા થઇ શકે છે; છતાં એ પરીક્ષામાં કેટલો સત્યાંશ હોય છે એ હું કહી શકતો નથી.

પત્ની—એ કયાં લક્ષણો છે ?

પતિ—ગર્ભની પહેલી સ્થિતિમાં કાંઇ કલ્પી શકાતું નથી; પરંતુ પ્રસવ થતાં પહેલાં થોડા માસ અગાઉથી અમુક લક્ષણો ઉપ-

રથી કલ્પના કરી શકાય છે. ગર્ભિણી કેવી રીતે સંતાનનું વહન કરે છે, પેટ વિશેષ ઉંચું છે કે થોડું, શરીરનો આકાર બહુ વધ્યો છે કે સામાન્ય, પેટ જમણી અને ડાબી બાજૂમાંથી કયી બાજૂએ વિશેષ ઉંચુ છે, ગળાની બળતરા અને ઉલટી છે કે કેમ વગેરે લક્ષણો જોઈ પુત્ર કિંવા કન્યાની પરીક્ષા કરી શકાય છે; છતાં એ પરીક્ષા ખરી જ નીવડે છે એમ ખાત્રીપૂર્વક કહી શકાય નહિ.

પત્ની.—પરંતુ તમે જે જાણતા હો તે મ્હને કહો.

પતિઃ—ગર્ભમાં પુત્ર હોય છે તો ગર્ભિણીનું શરીર સુંદર દેખાય છે, પેટની ડાબી બાજૂ કરતાં જમણી બાજૂ ઉંચી હોય છે; કેમ કે પુત્ર પેટની જમણી બાજૂએ અને કન્યા ડાબી બાજૂએ રહે છે. ગર્ભમાં પુત્ર હોય છે તો ગર્ભિણી જે ખોરાક ખાય છે તે પચે છે; પરંતુ કન્યા હોય છે તો પાચનશક્તિ મંદ થઈ જાય છે અને આહાર તરફ વિશેષ રૂચિ રહેતી નથી.

પત્ની—આ લક્ષણોદ્વારા પરીક્ષા કરવાનું કામ તો ઘણું સહેલું છે. હવેથી હું દરેક ગર્ભિણીના આહાર તરફ દષ્ટિ રાખીશ. બીજાં કયાં લક્ષણોથી ગર્ભસ્થ સંતાનની પરીક્ષા થઈ શકે છે?

પતિઃ—જો પુત્રનો પ્રસવ થવાનો હોય છે તો ગર્ભનો આકાર પિંડ જેવો હોય છે.[1] ગર્ભિણીની ડાબી આંખ કરતાં જમણી આંખ થોડી મ્હોટી થાય છે, પ્રથમ જમણા સ્તનમાં દૂધ ઉત્પન્ન થાય છે. જમણી તરફનો ઉરૂદેશ સુંદર તેમ જ પુષ્ટ થાય છે તથા મુખની

---

१ पुत्र–गर्भयुतायास्तु नार्या मासि द्वितीयके ।
गर्भो गर्भाशये लक्ष्यः पिण्डाकारोऽहपरं शृणु ॥

સુંદરતામાં વૃદ્ધિ થાય છે.[૨] ડૉક્ટરોનું પણ એમ કહેવું છે કે, ઋતુ પછી જો તરત ગર્ભ રહે છે તો મુખ્યત્વે કરીને કન્યા જન્મે છે અને જો ગર્ભ મોડો રહે છે તો પુત્ર થાય છે.

પત્નીઃ—સંતાનની પરીક્ષા કરવાનાં બીજાં લક્ષણો છે કે ?

પતિઃ—હા. પ્રસવનો નિયમિત વખત વીતી જવા છતાં જો પ્રસવ ન થાય તો ગર્ભમાં પુત્ર છે એમ ખાત્રીપૂર્વક સમજવું. વળી કેટલાકના મત પ્રમાણે પુત્ર કન્યાના ફરકવામાં પણ ભેદ રહેલો છે.

પત્ની—હવે શા કારણથી પુત્ર જન્મે છે તે કહો.

પતિઃ—વીર્યની વિશેષતાથી પુત્ર અને રજની વિશેષતાથી કન્યા જન્મે છે. વીર્ય અને રજની સમાનતાથી નપુંસક જન્મે છે.[૩]

પત્નીઃ—ગર્ભિણીનું પેટ જોઈ એ સમજી શકાય છે કે ?

પતિ.—હા. ગર્ભવતીનું પેટ બન્ને બાજૂએ ઉંચું અને વચ્ચે બૃહત્ હોય તો તે નપુંસકને જન્મ આપશે એમ જાણવું. ગર્ભમાં નપુંસક હોય છે તો પેટ અર્બુદાકાર અર્થાત્ ગોળ ફળના અડધા ભાગ જેવું દેખાય છે.[૪]

પત્નીઃ—કોઇ કોઇ ગર્ભિણી જોડકાં બાળકોને જન્મ આપે છે તેનું શું કારણ છે ?

---

२ दक्षिणाक्षि–महत्वं स्यात् प्राक्क्षीरं दक्षिणे स्तने ।
दक्षिणोरुः सुपुष्टः स्यात् प्रसन्न–मुखवर्णता ॥

३ आधिक्ये रेतसः पुत्रः कन्या स्यादार्त्तवेऽधिके ।
नपुंसकं तयोर्मध्ये यथेच्छा परमेश्वरि ॥

४ नपुंसकं यदा गर्भे भवेद्गर्भोऽर्बुदाकृतिः ।
उन्नते भवतः पार्श्वे पुरस्तादुदरं महत् ॥

પતિઃ—સહવાસ વખતે જો બીજ અગર શુક્ર અંતર્વાયુદ્વારા વિભક્ત થઇ ગર્ભાસયમાં પ્રવેશ કરે છે તો યમજ સંતાન થાય છે.

પત્નીઃ—યમજ સંતાન સ્વાભાવિક રીતે જ દુર્બળ હોય છે કે?

પતિઃ—હા.

પત્નીઃ—કયી જાતિમાં યમજ સંતાન અર્થાત્ જોડકાં બાળક વિશેષ જન્મે છે.

પતિઃ—ઇંગ્રેજ કરતાં આઇરિશ જાતિમાં જોડકાં બાળક વિશેષ સંખ્યામાં જન્મે છે.

પત્નીઃ—કોઇ કોઇ ગર્ભિણી બેથી પણ વિશેષ સંતાનોને એક સાથે જન્મ આપતી જોવામાં આવે છે. એવી સ્ત્રીઓની સંખ્યાનું કેવું પ્રમાણ છે?

પતિઃ—જોડકાં બાળકોને જન્મ આપનારી સ્ત્રીઓ કરતાં એવી સ્ત્રીઓની સંખ્યા ઘણી થોડી છે. ત્રીસ વર્ષની ઉમ્મર થઇ ગયા પછી જ એક સાથે વિશેષ સંતાનો થવાનો સંભવ છે. વળી જોડકાં બાળકોને જન્મ આપનારી તથા એક સાથે વિશેષ બાળકોને જન્મ આપનારી સ્ત્રીઓ હમ્મેશાં રોગી રહે છે.

પ્રકરણ ૨૧ મું

સગર્ભાની સારવાર

પત્નીઃ—આજકાલ આપણા દેશમાં સગર્ભા સુંદરીઓની સારવાર તરફ વિશેષ લક્ષ્ય આપવામાં આવતું નથી. સંબંધી જનોની

અજ્ઞાનતા અને બેદરકારીને લીધે ઘણી ગર્ભિણીઓને અસહ્ય દુ:ખ ભોગવવું પડે છે.

પતિ—ખરી વાત છે. હમ્મેશાં ગર્ભિણીને ખુલાસાથી દસ્ત ઉતરે એમ કરવું જોઇએ. કોઠો કબજ રહે એ સારું નથી. જે સગર્ભા રમણીઓને કોઠાની કબજીઆત રહે છે તેમને પ્રસવ પ્રસંગે ઘણું દુ:ખ વેઠવું પડે છે અને બાળકનું માથું જલ્દી બ્હાર આવી શકતું નથી.

પત્ની:—કોઠાની કબજીઆતથી બાળકના માથાને બ્હાર આવતાં કેમ હરકત પડતી હશે?

પતિ—મળ ભરાઈ રહેવાથી બાળકને નીકળવાનો માર્ગ બંધ રહે છે અને તેથીંજ બાળકના માથાને બ્હાર નીકળતાં હરકત પડે છે.

પત્ની:—આવી સહેલી વાત પણ આપણી સ્ત્રીઓ જાણતી નથી એ અફ્સોસનો વિષય છે.

પતિ:—જે સ્ત્રીને અજીર્ણ અથવા અગ્નિમાંદ્યનો રોગ હોય છે એ સ્ત્રીનું શરીર દુર્બળ હોય છે, તેને જોઇએ એવી ભુખ લાગતી નથી તથા બીજું પણ ઘણું દુ:ખ થાય છે.

પત્ની—ત્યારે અજીર્ણનો રોગ દૂર કરવા શું કરવું જોઇએ?

પતિ—સારું સ્વચ્છ અધોળેક દીવેલ પાવું. દીવેલ સિવાય સગર્ભા સ્ત્રીને બીજો કોઇ જુલાબ આપવો નહિ. કડક જુલાબ આપવાથી ઘણું નુકસાન થાય છે?

પત્ની—શું નુકસાન થાય છે.

પતિ—ગર્ભસ્રાવ અગર ગર્ભપાત થઇ જાય છે.

પત્નીઃ—પરંતુ કેટલાકનું કહેવું એવું છે કે, ગર્ભિણીને ઔષધ ખવડાવવું જોઇએ નહિ.

પતિ—એ ભૂલ છે. ઔષધ ખવડાવવાથી જ કાંઇ ગર્ભપાત થતો નથી. કેવળ ગર્ભપાત થવાનો સંભવ હોય એવાં ઔષધ આપવાં જોઇએ નહિ. આપણા લોક હિમ્મતથી ઔષધાદિ નહિ આપતા હોવાથી ઘણી સગર્ભા સ્ત્રીઓ દુઃખ વેઠી મરણને શરણ થાય છે. સગર્ભા સ્ત્રીને જો કોઇ રોગ લાગુ પડ્યો હોય તો પ્રથમ ઔષધાદિ આપી તેને આરામ કરવો જોઇએ; નહિ તો એકને બદલે બે જીવ જાય છે.

પત્ની—તમે જુલાબમાં દીવેલ પાવાનું કહ્યું; પણ કેટલીક સ્ત્રીઓને દીવેલ જોતાંની સાથે જ ઉલટી થાય છે; એવા વખતે શું કરવું?

પતિ—પાશેર અચ્છેર ગરમ દૂધ સાથે ભેળવીને પીવાથી ઉબકો આવતો નથી.

પત્ની—પરંતુ જો સ્ત્રીને ઘણા વખતથી ઝાડાની કબજીઆત હોય અને દીવેલ પાવાથી કાંઈ ફાયદો ન થાય તો શું કરવું?

પતિ—આ ત્હેં ઘણો ઉપયોગી પ્રશ્ન પૂછ્યો છે. એવી સ્ત્રીને માટે કાંઈ જૂદી વ્યવસ્થા કરવી જોઇએ.

પત્નીઃ—શી વ્યવસ્થા?

પતિઃ—જો ગર્ભિણીને હમ્મેશાં ઝાડાની કબજીઆત રહેતી હોય તો તેને નાસ્તાની સાથે ચોક્કસ નિયમથી સારા પાકા પપૈયા ખાવા આપવા; એથી ઝાડાની કબજીઆત મટી જાય છે.

પત્નીઃ—ત્યારે તો એ ઘણો સરળ તેમજ ઘરગથ્થુ ઉપાય છે. વળી પપૈયા બારે માસ મળી શકે છે. માનવજાતિ માટે એ ઘણું ઉપયોગી ફળ સમજવું જોઇએ.

પતિ—પાકા પપૈયા ખાવાથી ઝાડાની કબજીઆત મટવા ઉપરાંત શરીર મજબૂત થાય છે તથા લોહી ચોખ્ખું થાય છે.

પત્નીઃ—હવે બીજી શી વાત સગર્ભાની સારવારમાં ધ્યાનમાં રાખવાની જરૂર છે?

પતિઃ—જેવી રીતે સગર્ભાને સાફ દસ્ત આવવાની જરૂર છે તેવી જ રીતે રોજ છૂટથી પેશાબ થવાની જરૂર છે. જો સગર્ભા રમણીને હમ્મેશાં ઝાડા તથા પેશાબની છૂટ રહે છે તો પ્રસવ વખતે તેને કાંઇ પણ દુઃખ પડતું નથી.

પત્ની—જો સગર્ભાને પેશાબ ઓછો થાય છે તો તેથી કાંઈ નુકસાન થાય છે કે?

પતિઃ—પેશાબ ઓછો થાય એ ઘણો ભયંકર વિકાર છે. ઝાડાની કબજીઆત કરતા પણ પેશાબની કબજીઆતથી વિશેષ દુઃખ થાય છે. જે ખોરાકથી શરીર પુષ્ટ થાય છે અને તાકત આવે છે તેનાથી પણ એક પ્રકારનું વિષ ઉત્પન્ન થાય છે. એ વિષ પેશાબ અને પસીનાદ્વારા શરીરની બ્હાર નીકળે છે. હવે જો પેશાબ ઓછો થાય છે તો એ વિષનો અમુક ભાગ શરીરમાં રહે છે અને પૂરા દિવસે પ્રસવવેદના શરૂ થનાં પહેલાં કે વેદનાની શરુઆત વખતે કોઇ સ્થળે કાંઇ પણ ન હોય ત્યાં એકાએક ગર્ભિણીને એક જાતની વેદના થવા માંડે છે. એ વેદનાથી આખું શરીર ખેંચાય છે.

પત્ની—ત્યારે ગર્ભિણીને છૂટથી પેશાબ ન થતો હોય તો શું કરવું જોઇએ ?

પતિઃ—ગર્ભ રહ્યા પછી જેમ જેમ વખત વીતે છે તેમ તેનું પેટ મ્હોટું થાય છે. વળી બાળકના વધવા સાથે પેટનાં સઘળાં યંત્રો ઉપર તેનો ભાર પડે છે. એ કારણથી જ ગર્ભિણીને પેશાબ ઓછો ઉતરે છે. પેશાબની છૂટ રાખવા માટે ગર્ભિણીએ દરરોજ બરફ નાખી ઠંડુ કરેલું પાણી ત્રણ ચાર પવાલાં જેટલું પીવું જોઇએ.

પત્ની—વાહ ! આ ઉપાય પણ ઘણો સહેલો છે; પરંતુ ગામડાની અંદર બરફ ક્યાંથી મળે ? વળી શીયાળામાં તો માટલીનું પાણી પણ બરફ નાખ્યો હોય એવું ઠંડુ થઇ જાય છે; એ વખતે પણ બરફ નાખવો જોઇએ કે ?

પતિઃ—ના, શીયાળામાં બરફ નાખવાની જરૂર નથી. જે સ્થળે બરફ મળી શકતો હોય તે સ્થળે ઉનાળામાં બરફ નાખી ત્રણ ચાર પવાલાં જેટલું પાણી પીવું જોઇએ. બરફ વેચાતો ન મળી શકતો હોય ત્યાં ઉનાળામાં બીજા ઉપાયથી કામ લેવું જોઇએ.

પત્ની—એવો બીજો કયો ઉપાય છે ?

પતિ—ઠંડુ દૂધ અને પાણી સરખા ભાગે મેળવી રોજ સ્હવાર સ્હાંજ એકેક વાડકી જેટલું પીવું. એથી પેશાબ ખુલાસાથી થાય છે.

પત્નીઃ—ઠીક, હવે બીજી શી બાબત લક્ષ્યમાં રાખવી જોઇએ?

પતિઃ—ઝાડા તથા પેશાબની માફક ગર્ભિણીને પસીનો પણ છૂટથી થવો જોઇએ.

પત્નીઃ—પસીનો તો એની મેળે જ થાય છે.

પતિઃ—એ વાત ખરી છે; પરંતુ શરીર સ્વચ્છ રાખવામાં નથી આવતું તો જોઇએ એવો પસીનો થતો નથી. શરીરને ઘણો ઠંડો પવન લાગવાથી અને ઠંડીના દિવસોમાં બરાબર કપડાંથી ટાઢને નહિ રોકવાથી પસીનો થઇ શકતો નથી. ગર્ભિણીએ શરીરને સ્વચ્છ રાખવું જોઇએ, ઠંડીના દિવસોમાં પૂરતાં લૂગડાંલત્તાથી ટાઢને રોકવી જોઇએ, ચોમાસામાં વરસાદના પાણીથી પલળવું ન જોઇએ, શરીરને વિશેષ ઠંડો પવન ન લાગવા દેવો જોઇએ. આ કાર્યો કાંઈ અઘરાં કે ન બની શકે એવાં નથી. શરીરનું ટાઢથી રક્ષણ કરવાથી કફ, ઉધરસ, વાયુ, તાવ, પેટની પીડા, ગળાની વેદના તથા ચુંક એ દર્દો થતાં નથી.

પત્નીઃ—ખરું છે. આ વિષયથી અજ્ઞાની સગર્ભા રમણીઓ ઘણું કરીને એ બધાં દર્દો ભોગવતી જોવામાં આવે છે,

પતિઃ—સગર્ભા રમણીએ ખાનપાનમાં પણ ઘણી સંભાળ રાખવી જોઇએ. ગર્ભિણીએ કયા પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ એ હું કહી ચુકયો છું. ફરીથી કેવળ એટલું જ કહું છું કે, સહેલાઇથી પચી શકે એવો ખોરાક ખાવાથી લાભ છે. વળી એ ખોરાકમાં ત્રણ ગુણ હોવા જોઇએ.

પત્નીઃ—કયા કયા ?

પતિઃ—સાદો, બળદાયક અને સહેલાઈથી પચે એવો એ ત્રણ ગુણ તરફ ધ્યાન આપવું જોઇએ.

પત્નીઃ—કયા પદાર્થોમાં એ ત્રણે ગુણ હોય છે ?

પતિઃ—સારી જાતના ચોખાનો ભાત, મગની દાળ, તુવેરની દાળ, દૂધ, રોટલી, દૂધીનું શાક વગેરે પદાર્થો જલ્દી પચી જવા ઉપરાંત પુષ્ટિ આપે એવા છે.

પત્ની—ત્યારે ગર્ભિણીને કોઈ ખાટી વસ્તુ ન ખવડાવી શકાય કે?

પતિ—દાળ ભાત સાથે સારા પાકા લીંબુની એકાદ ચીરી આપવામાં હરકત નથી. સઘળી સગર્ભા સ્ત્રીઓ દાળભાત સાથે લીંબુ ખાય એ સારું છે.

પત્ની—ખાવા સંબંધી બીજું કાંઈ ધ્યાનમાં રાખવું જોઈએ કે?

પતિ—હા, ખોરાક વિશેષ ચાવીને ખાવાથી જલ્દી પચી જાય છે, ઉતાવળે ખાવામાં આવતો ખોરાક જલ્દી નહિ પચતાં અપચો ઉત્પન્ન કરે છે તથા અપચો થતાં બીજું દર્દ પણ થાય છે.

પત્ની—શું દર્દ થાય છે?

પતિ—સગર્ભા સ્ત્રીને અપચો થવાથી પેટની પીડા થાય છે અને ચૂંક આવતાં પ્રસવવેદના જેવી વેદનાનો અનુભવ થાય છે. એ વેદના વધે છે એટલે ગર્ભસ્રાવ, ગર્ભપાત કિંવા કસુવાવડ થાય છે.

પત્ની—નજીવી બેદરકારીથી કેવું ભયંકર પરિણામ આવે છે!

પતિ—હા. ખાતી વખતે બહુ પાણી પીવું જોઈએ નહિ. ખાતાં ખાતાં કે ખાઈ રહ્યા પછી તરત પુષ્કળ પાણી પીવામાં આવે છે તો ખોરાક પચતો નથી, પેટ ભારે થાય છે અને અજીર્ણનો રોગ લાગુ પડે છે.

પત્નીઃ—ત્યારે ક્યા વખતે પાણી પીવું જોઈએ?

પતિઃ—જમી રહ્યા પછી થોડો વખત વીતી ગયા બાદ પાણી પીવું સારું છે. જેનાથી પાણી સિવાય ન જ રહી શકાય તેણે ઘણું થોડું પાણી પીવું. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

પત્ની—ઠીક. પછી શું કરવું ?

પતિઃ—ખોરાક લીધા પછી કોઈ કામ નહિ કરતાં થોડો વખત વિશ્રાંતિ લેવી જોઇએ. વિશ્રાંતિ લેવાથી ખોરાક જલ્દી પચે છે; પરંતુ આ ઉપરથી એમ નથી માની લેવાનું કે, દિવસે ખાઈ ઉઠયા પછી તરત ઊંઘવું જોઇએ. દિવસે ખાઇને ઊંઘવાથી શરીર ભાંગ્યા તુટ્યા જેવું અને આળસુ બની જાય છે. કાંઇ કામ કરવાની ઇચ્છા થતી નથી અને આખો દિવસ સૂઇ રહેવાનું મન થાય છે. વળી દિવસે ઊંઘવાથી રાત્રે જોઇએ એવી સારી ઊંઘ આવતી નથી, રાત્રે ઉજાગરા થવાથી ખોરાક પચતો નથી તથા અપચાથી ગર્ભિણીને કેવું ગંભીર નુકસાન થાય છે એ હું કહી ચુકયો છું.

પત્ની—ગર્ભિણી મીઠાઇ મિષ્ટાન્ન જેવા ભારે પદાર્થો ખાય તો શું નુકસાન થાય છે ?

પતિ—એથી પેટમાંના સંતાનનું ઘણું અનિષ્ટ થાય છે. ગર્ભિણીએ કોઇ પણ ભારે વસ્તુ ખાવી જોઇએ નહિ તથા મોડી રાતે પણ ખાવું જોઇએ નહિ. ટૂંકમાં એ જ કે, ગર્ભિણીને અપચો થવો જોઇએ નહિ.

પત્ની—કેટલીક ગર્ભિણી સ્ત્રીઓને સ્હવારમાં બિછાનામાંથી ઉઠતાંની સાથે જ ઘણી ભુખ લાગે છે. એવા વખતે શું કરવું ?

પતિ—એવા વખતે પેટમાં પીડા ન થાય એવું ખાવાનું આપવું જોઇએ.

પત્ની—સગર્ભા સ્ત્રી વ્રત, ઉપવાસ તેમ જ એકાદશી કરે તેથી કાંઇ નુકસાન છે કે ?

પતિ—હા, ગર્ભિણી અપવાસ અર્થાત્ લાંઘણ કરે છે તો ગર્ભમાંનું બાળક દુઃખી થાય છે; ગર્ભિણીનું શરીર સશક્ત હોય છે તોજ પેટમાંનું સંતાન સશક્ત રહે છે. વળી સ્હવારે ઉઠતી વખતે સગર્ભાને જો અશક્તિ જણાતી હોય તો બિછાનામાંથી ઉઠતાં પહેલાં થોડું દૂધ પી લેવું.

પત્ની—ઠીક, પછી શું કરવું ?

પતિ—ગર્ભિણીએ પહેરવાનાં કપડાં સ્વચ્છ રાખવાં જોઇએ. વળી કપડાં કસીને તંગ નહિ પહેરતાં ઘણાં ઢીલાં પહેરવાં જોઇએ. તેણે વિશેષ પરિશ્રમ ન કરવો જોઇએ તથા હાથપગ જોડીને બેસી પણ ન રહેવું જોઇએ.

પત્નીઃ—સગર્ભા રમણી પરિશ્રમ નહિ કરતાં બેસી રહે છે તો શું નુકસાન થાય છે ?

પતિઃ—બેસી રહેવાથી શરીર અને મન આળસુ બની જાય છે. ગર્ભ રહ્યા પછી જે સ્ત્રી ઘરનું સામાન્ય કામકાજ કરતી રહે છે તેનું શરીર સશક્ત અને સ્ફુર્તિવાળુ રહે છે. પ્રસવ વખતે તેને વેદનાનો અનુભવ થતો નથી. નિયમિત શ્રમ કરવાથી શરીરમાં તાકત રહે છે.

પત્નીઃ—ત્યારે ધનવાન કુટુંબની સ્ત્રીઓ આળસુ થઇ બેસી રહેતી હોવાથી જ તેમને વિશેષ પ્રસવવેદના વેઠવી પડતી જોવામાં આવે છે; ખરું ?

પતિઃ—હા. વળી કોઇ કોઇ સ્ત્રીના પેટની ચામડી ઢીલી એટલે

કે ઝુલતી રહે છે. એવી સ્ત્રી સગર્ભા થતાં તેનું પેટ ઝુલી પડે છે તથા પેટ ઝુલી પડવાથી તેને દુઃખ થાય છે. જો પેટ ઝુલી પડતું જણાય તો એક કપડાથી પેટના ઝુલતા ભાગને ઉંચકીને બાંધી રાખવો જોઇએ. એ ભાગને એવી રીતે બાંધી રાખવાથી દુખ થતું નથી. બીજી કેટલીક સ્ત્રીઓ સગર્ભા થતાં તેમના પેટ વધતાં જાય છે તેમ તેમ ચામડી તણાઇને ચીરાઇ જવાની તૈયારીમાં હોય એમ લાગે છે અને એથી તેમને ઘણું દુઃખ થાય છે.

પત્નીઃ—એ દુ.ખ કેવી રીતે દૂર કરી શકાય છે?

પતિઃ—થોડું કોપરેલ લઈ નરમ હાથે પેટ ઉપર ચોપડી દેવું. એથી દુખ દૂર થાય છે. વળી સ્તનમા બહુ પીડા થતી હોય અને ધાવણના ભરાવાથી ફાટફાટ થઇ દુઃખ થતું હોય તો પણ તેલ ગરમ કરી સ્તન ઉપર ચોળવાથી આરામ થાય છે.

પત્નીઃ—હવે કેટલા નિયમો બાકી છે?

પતિઃ—બે જ; એ નિયમો ઘણા અગત્યના છે.

પત્નીઃ—તમે જે નિયમો સમજાવ્યા છે તે પણ કાંઇ ઓછા અગત્યના નથી.

પતિઃ—ગર્ભિણીને કોઈ સ્થળે એકલી જવા દેવી નહિ.

પત્ની—કેમ, એથી શી અડચણ છે?

પતિઃ—ગર્ભિણી જો ભય પામે છે અથવા ઝબકે છે તો નુકસાન થાય છે માટે જ હું આમ કહું છું.

પત્નીઃ—ભય પામવાથી તથા ઝબકવાથી શું નુકસાન થાય છે?

પતિઃ—એથી પેટમાંના સંતાનની જેવી દુર્દશા થાય છે તેવી જ

દુર્દશા ગર્ભિણીની થાય છે. કેટલીક વખતે ગર્ભિણી જો વિશેષ ભય પામે છે તો ગર્ભમાંનું સંતાન મરી જાય છે યા તો ગર્ભપાત થઇ જાય છે. વળી એવા પ્રસંગે ગર્ભિણીનો જીવ પણ ભયમાં આવે છે: ભય પામવાથી ગર્ભિણીને કોઇ જીવલેણ રોગ સુદ્ધાં લાગુ પડવાનો સંભવ છે.

પત્ની:—ત્યારે તો એ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

પતિ:—વળી જે સ્થળે ચેપી રોગ હોય તે સ્થળે ગર્ભિણીએ કદાપિ જવું જોઇએ નહિ.

પત્ની:—ચેપી રોગ કોને કહે છે ?

પતિ.—સ્પર્શાસ્પર્શથી જે રોગ થાય એને ચેપી રોગ કહેવામાં આવે છે. શીતળા, બળીઆ અથવા ઓરી ને ચેપી રોગ કહે છે. ક્ષય, દમ વગેરે પણ ચેપી રોગ છે. એવા રોગીની પાસે જવાથી કિંવા તેને સ્પર્શ કરવાથી એ રોગ લાગુ પડે છે.

પત્ની—ત્યારે સગર્ભા સ્ત્રીને શીતળા, ક્ષય કે દમનો ચેપી રોગ થાય તો શું પરિણામ આવે ?

પતિ:—શીતળા નીકળવાથી કદાચ ગર્ભિણી સ્ત્રી બચી જાય છે; પરંતુ તેના ગર્ભમાંનું સંતાન કોઇ પણ રીતે બચતું નથી. ગર્ભિણીને શીતળાનો રોગ થાય છે તો તેને જરૂર ગર્ભપાત થાય છે.

પત્ની—ત્યારે તો એ જીવલેણ રોગ ગણાય. ઠીક, ગર્ભિણી માટે બીજી શી સંભાળ રાખવી જોઇએ ?

પતિ—પહેલી વખતે સગર્ભા થયેલી સ્ત્રીને બીજી કોઈ સ્ત્રીના પ્રસવ પ્રસંગે હાજર રહેવા દેવી નહિ.

પત્ની:—કેમ, એથી શું નુકસાન થાય છે?

પતિ:—એવી પ્રથમ જ સગર્ભા થયેલી સ્ત્રીને બીજી સ્ત્રીનું પ્રસવકષ્ટ જોઈ ઘણો ભય ઉપજે છે અને એ ભયને પરિણામે તે પણ પોતાના પ્રસવકાળે દુઃખી થાય છે.

પત્ની:—આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

પતિ:—ગર્ભિણી છેવટે જે દિવસે ન્હાઇ હોય એ દિવસ બરાબર યાદ રાખવો જોઇએ.

પત્ની:—એ દિવસ યાદ રાખવાનું શું કારણ છે?

પતિ—મહિને મહિને જે વખતે સ્ત્રી રજસ્વળા થાય છે તે પ્રમાણે ગર્ભ રહ્યા પછી પણ એ વખતે (ઋતુકાળ પ્રસંગે) તેને અટકાવ આવવાનો હોય એવું કષ્ટ થાય છે. ગર્ભિણી સ્ત્રીઓ એ વાત સમજતી નથી હોતી તો તેઓ એ દિવસોમાં સંભાળ રાખતી નથી અને પરિણામે ગર્ભપાત થઈ જવાનો ભય રહે છે.

પત્ની—દર મહિને ઋતુનો જે વખત આવતો હોય એ વખતે ગર્ભિણીએ કેવી સંભાળ રાખવી જોઇએ?

પતિ:—એ વખતે શરીરને પરિશ્રમ પહોંચે એવું કોઇ કાર્ય કરવું જોઇએ નહિ, વિશેષ હરવું ફરવું જોઇએ નહિ.

પત્ની:—ઠીક, પછી?

પતિ:—ગર્ભિણીને પ્રથમના ત્રણ મહિના વિશેષ સાવચેતીથી રાખવી જોઇએ.

પત્ની—તેનું કાંઈ કારણ?

પતિ:—મુખ્યત્વે કરીને ત્રણ મહિનાની અંદરજ ગર્ભસ્રાવ

થઈ જવાનો ભય હોય છે. ત્યાર પછી ગર્ભનો નાશ થવાનો વિશેષ ભય રહેતો નથી.

પત્ની—ઘણી સ્ત્રીઓને પાંચ છ મહિને પણ ગર્ભપાત થતો જોવામાં આવે છે.

પતિઃ—એવું કોઇક જ દાખલામાં બને છે. વળી છ સાત મહિને ગર્ભનો નાશ થાય એને ગર્ભપાત થયો છે એમ ન કહી શકાય.

પત્નીઃ—એનું કાંઇ કારણ ?

પતિઃ—છ સાત મહિને જન્મેલું બાળક કોઇ કોઇ વખતે જીવતું રહી શકે છે.

પત્ની.—આ શું ખરી વાત છે ?

પતિઃ—હા. એ બાળકની ઘણી સંભાળ રાખવી જોઇએ.

પ્રકરણ ૨૨ મું

પ્રસૂતિગૃહ અને પ્રસવની ત્રણ સ્થિતિ

પત્ની.—પ્રસવ વખતે ગર્ભિણીને કેવા સ્થળે રાખવી જોઇએ એ વાત આજે મ્હને વિસ્તારથી સમજાવો.

પતિ—એ સ્થળ ઘણું સ્વચ્છ હોવું જોઇએ. વળી એ સ્થળે સારી રીતે પવન આવી શકે એવી વ્યવસ્થા હોવી જોઇએ. પ્રસૂતિગૃહમાં બિલકુલ ઠંડી હોવી જોઇએ નહિ. ભોંયતળીઆની જમીન ભેજ વગરની હોવા ઉપરાંત સુવાવડનો ઓરડો સારો તથા મ્હોટો હોવો

જોઇએ. શીયાળામાં અને વર્ષાઋતુમાં બારણું પૂર્વ દિશા તરફ અને ઉનાળામાં દક્ષિણ દિશા તરફ હોય તો સારું. એ ઓરડાની ઉત્તરે અને દક્ષિણે બે બારીઓ સ્હામ સ્હામી હોવી જોઇએ.

પત્ની:—આપણા દેશમાં તમે કહો છો એટલી સંભાળ ભાગ્યે જ કોઇ રાખતું હશે. અભણ માણસો ગમે તે સ્થળે સુવાવડીનો ખાટલો નાખે છે તથા એ સ્થળે અંધકાર અને ગંદકી પાર વિનાની હોય છે.

પતિ:—જો સુવાવડીના ઓરડામાં અંધકાર તેમજ ગંદકી હોય છે તો તેથી ઘણું નુકશાન થાય છે. આપણા દેશમા સુવાવડના ઓરડાની અંદર કેટલાં બધાં બાળકો મરી જાય છે એ તુ જાણે છે કે?

પત્ની:—હા, તેમના મૃત્યુનું કારણ અંધકાર તેમજ ગંદકી છે કે?

પતિ:—ના, એકલા સુવાવડના ઓરડા ઉપર સઘળો દોષ ન મુકી શકાય એમાં દાયણનો પણ દોષ હોય છે.

પત્ની:—એ બન્નેના શા દોષ હોય છે એ મ્હને સમજાવો.

પતિ:—સુવાવડના ઓરડામાં અંધકાર, ભેજ, ગંદકી વગેરેનો દોષ છે. એ ઓરડાનું ભોંયતળીઉ ભેજવાળું હોવાથી ઘણાં છોકરાં થોડા દિવસ જીવી મરી જાય છે. પેટની અંદર છોકરું કેટલી બધી ગરમીમાં રહે છે? અવતર્યા પછી એને ઠંડીમાં રાખવામાં આવે તો એ જીવતું નજ રહી શકે.

પત્ની:—ખરી વાત છે. ભેજવાળી જગ્યાએ સુઈ રહેવાથી મ્હોટાં માણસોને પણ શરદી થાય છે, ધાંટો બેસી જાય છે, સળેખમ થાય છે, કળતર થાય છે અને કદાચ તાવ પણ આવે છે. જ્યારે આમ છે ત્યારે પછી તરતનું જન્મેલું બાળક એથી માર્યું જાય એમાં કાંઇ

નવાઈ નથી. અજ્ઞાનતાને લીધે આપણે જાતે જ આપણાં બાળકોને મારી નાખીએ છીએ એમ કહેવું જોઈએ.

પતિઃ—એમાં કાંઈ ખોટું નથી. સામાન્ય બુદ્ધિદોષથી આપણે ભયંકર અનિષ્ટ કરીએ છીએ. ઘરમાં જે ઓરડો સહુથી સારામાં સારો તથા પ્રકાશ અને વાયુ આવી શકે એવો હોય એમાં જ સુવાવડીને સુવાડવી જોઈએ. સુવાવડના ઓરડાનો બીજો દોષ કોઈથી અજાણ્યો નથી. ઠંડી લાગવાથી તબિયત બગડશે એવા ભયથી ઘરના પુરુષ માણસો શીયાળામાં તથા શરદીના દિવસોમાં ગરમ કપડાં પહેરે ઓઢે છે, શાલ, ગલપટ્ટા, બ્લૅંકેટ કે કામળી વાપરે છે: પરંતુ સુવાવડી સ્ત્રીને એવું મલિન બિછાનું તથા કપડાં લત્તાં આપે છે કે, જેથી પ્રસૂતિનું અને તેના સંતાનનું ભાગ્યે જ રક્ષણ થઈ શકે. આ કેટલી બધી મુર્ખતા તથા અવિચારીપણું છે! પશુ પક્ષીઓનુ વર્તન પણ આપણાં કરતાં સારું હોય છે. હવે દાયણનો શો દોષ હોય છે એ સમજાવું છું. ખરી રીતે જોવા જતાં તરતના જન્મેલા બાળકની સારવાર કેવી રીતે કરવી જોઈએ એ વિષયનું જ્ઞાન દાયણને હોતું નથી. એની અજ્ઞાનતાનુ વિવેચન હું પછી કરીશ. વાસાનાં છોકરાંને તાણ થાય છે એ વાત ત્હેં સાંભળી છે કે?

પત્નીઃ—હા, છોકરું ખેંચાઈ જાય એને તાણ થઈ કહે છે.

પતિઃ—જે છોકરાંને એ રોગ લાગુ પડે છે તે કોઈ પણ રીતે બચતું નથી. આપણા અજ્ઞાની લોક એ તાણ થતી જોઈ ભૂત વળગ્યું ધારી ભુવા જતીને બોલાવી ઉજાણી નખાવી ધુપ ધુમાડા કરાવે છે.

પત્નીઃ—ભૂતને લીધે નહિ તો બીજા શાને લીધે એ દર્દ થતું હશે?

પતિ:—એ દર્દને ધનુર્ટંકાર અથવા ધનુર્વાના નામની ઓળ-ખવામાં આવે છે. ધનુર ધાયાથી જેવી રીતે શરીર ખેંચાઇ જાય છે અને દાંત બંધાઇ જાય છે તેવીજ રીતે તાણ થતાં બાળકનું આખું શરીર ખેંચાઇ જાય છે: દાંત બંધાઇ જવાથી તે ધાવી પણ શકતું નથી.

પત્ની:—એ રોગ બાળકને શાથી લાગુ પડે છે?

પતિ:—બાળકનું શરીર અસ્વચ્છ રાખવાથી એ રોગ લાગુ પડે છે. બાળક અવતર્યા પછી સાણુ અને સહન કરી શકાય એવું ગરમ પાણી લઈ તેના શરીરને સ્વચ્છ નથી કરવામાં આવતું તથા એ સ્વચ્છ કરેલા શરીરને દરરોજ સ્વચ્છ રાખવાની સંભાળ લેવામાં નથી આવતી તો એ રોગને આમંત્રણ કરવા જેવું થાય છે. ઘણી જગ્યાએ સુવાવડીઓ જેવી ગંદી રહે છે તેવી રીતે તેઓ છોકરાંઓને પણ ગંદકીમાં રાખે છે તેલ ચોળી ચોળી છોકરાંઓનાં શરીર ચીકણાં બનાવી દે છે, એ તેલ ચોળવાનું કામ હમ્મેશાં ચાલૂ રહે છે. એ તેલથી બાળકનાં બાળોતીયાં પણ ઘણાં મલિન બની જાય છે અને એ મલિનતા બાળકને વળગવાથી તેની ભુખ મરી જાય છે તેમજ તે બરાબર ધાવી શકતું નથી. જો કદાચ ધાવે છે કે ગળથુથી અગર દૂધ પીએ છે તો તે પચી શકતું નથી. વારંવાર દસ્ત કરે છે અને ઉલટી કરે છે એથી; બાળકનું શરીર લેવાઇ જાય છે, હાથ પગ પાતળી સોટી જેવા થઇ જાય છે અને પેટ ઉપસી આવે છે.

પત્ની:—એ બધું ગંદકીને લીધે જ થતું હશે કેમ?

પતિ:—હા. બાળકને સ્વચ્છ રાખવાથી તે સ્ફુર્તિમાં રહે છે, તેનુ શરીર સાજું તાજું રહે છે અને દિવસે દિવસે તે વિશેષ સશ-

ક્ત થતું જાય છે. વાસામાંના બાળકોને સ્વચ્છ રાખવાની પૂરતી સંભાળ લેવામાં આવે તો તેમનાં મરણનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયા સિવાય રહે નહિ.

પત્ની:—બીજા કોઇ કારણથી બાળકને ધનુર્વાનો રોગ લાગુ પડે છે કે?

પતિ:—હા, ઠંડી હવા લાગવાથી પણ કદાચ એ રોગ લાગુ પડે છે. બાળકના શરીરને ઠંડી હવા ન લાગે એ માટે ઘણી સંભાળ રાખવી જોઇએ.

પત્ની:—ત્યારે તો આપણા દેશની સ્ત્રીઓને ઉનાળામાં જ છોકરાં થાય તો સારું!

પતિ:—બધી ગર્ભિણીઓ માટે એમ બનવું અશક્ય છે; છતાં એટલી વાત ખરી છે કે, જે સગર્ભા સ્ત્રીઓને ઉનાળામાં પ્રસવ થાય છે તેઓ તથા તેમનાં સંતાનો ઠંડી અગર શરદીથી બચવા પામે છે.

પત્ની:—પ્રસૂતિગૃહમાં શું શું હોવું જોઇએ?

પતિ:—એ ઓરડામાં એક મ્હોટી સારી ચોકડી હોવી જોઇએ. પ્રસૂતિકા અને તેના બાળકને સ્નાન કરાવી શકાય એ માટે એવી ચોકડીની ઘણી જરૂર છે. વળી એ ચોકડીનું મલિન જળ પ્રસૂતિગૃહમાં નહિ રહેતાં બ્હાર નીકળી જાય એવી વ્યવસ્થા હોવી જોઇએ. સુવાવડીના ઓરડાને ચુનાથી ધોળાવી રાખવા જોઇએ અને ગરીબ સ્થિતિ હોય તો એ ઓરડાની ભીંતો લીપાવી રાખવી જોઇએ. એ ઓરડામાં કોઇ પણ જાતનો નિરુપયોગી સરસામાન રાખવો નહિ. બાળકનું પારણું સ્હામો પવન ન આવે એવા સ્થળે રાખવું, સુવાવડીનો ખાટલો ઉંચો તથા નવો ભરેલો રાખવો. એ ઉપરાંત નાળ કાપવા માટે સારી ધાર-

વાળી કાતર કે ચપ્પુ, પેટે પાટો બાંધવા માટે સ્વચ્છ વસ્ત્રના થોડા કડકા, નાળ બાંધવા માટે સારો મજબુત દોરો, દિવેલ અથવા તલનું તેલ, વિલાયતી સાબુ અગર ચણાનો લોટ, ગરમ તથા ઠંડું સ્વચ્છ પાણી, સઘડી, કોયલા, પંખો અને જાતિધર્મને લગતી વસ્તુઓ સુવાવડીના ઓરડામાં પ્રથમથી રાખવી જોઇએ. ઓર કાઢી નાખવા માટે એક હાંલ્લી અને કોડીઉં પણ રાખવું.

પત્ની—ગર્ભિણીને કયારે પ્રસવ થશે એ કેવી રીતે સમજી શકાય છે ?

પતિઃ—પ્રસવ થવાને આઠ દશ દિવસની વાર હોય છે ત્યારથી એનાં લક્ષણો જોવામાં આવે છે. એ લક્ષણો જોવામાં આવતાં સાવધાન રહેવું જોઇએ.' ઘર છોડી કોઇ સ્થળે જવું નહિ. ગર્ભ નીચે ઉતરતાં કોઇ કોઈ વખતે આઠ દિવસ અગાઉથી પેટ ઓસરી જાય છે અને તેથી શ્વાસોચ્છ્વાસ છૂટથી થવા માંડે છે, વારંવાર પેશાબ થાય છે, મરડો થાય છે અગર તો વારંવાર થોડો તેમજ પાતળો ઝાડો થાય છે. પેટમાં કોઇ દાબતું હોય અથવા પેટ અમળાતું હોય એવો ભાસ થાય છે તથા વેદના પણ થાય છે.

પત્નીઃ—એ વેદના કેવી હોય છે ?

પતિઃ—એ વેદના બે જાતની હોય છે; ખરી તેમજ ખોટી. પ્રસવ થવાને એક દિવસ કે અડધો દિવસ બાકી રહે છે એટલે ગર્ભિણીને પ્રથમ ધોળો અને પછી લાલ (રક્તમિશ્રિત) સ્રાવ થવા માંડે છે. એ સ્રાવ થવા માંડે તથા વીણો આવવા માંડે એટલે પ્રસવ જલ્દી થશે અગર બહુ બહુ તો ચોવીસ કલાકનો વખત લાગશે એમ સમજવું જોઇએ.

પત્ની:—તમે કહો છો એ લક્ષણો બધી સ્ત્રીઓને નિયમિત વખતે અને એક સરખાં દેખાય છે કે?

પતિ:—ના. દાખલા તરીકે કેટલીકનાં પેટ એક બે દિવસ અગાઉથી ઓસરી જાય છે. કેટલીકને સઘળાં લક્ષણો એટલાં જલ્દી જણાય છે કે, તેઓ પોતાની વ્યથાની વાત કોઇને કહે તે પૂર્વે જ પ્રસવ થઇ જાય છે; પરંતુ એવાં ઉદાહરણો ઘણાં થોડાં જોવામાં આવે છે. પોતાને ખરી વીણો આવે છે કે ખોટી એ સમજી શકવા જેટલું સુવાવડીમાં જ્ઞાન હોવું જોઈએ.

પત્ની:—ત્યારે ખરી તથા ખોટી વીણો કેવી રીતે ઓળખી શકાય?

પતિ:—પ્રસવકાળ નજીક આવે છે ત્યારે એટલે કે મુખ્યત્વે કરીને ગર્ભ રહ્યા પછી નવ મહિના વીતી જતાં ખરી વીણો ઉત્પન્ન થાય છે. પ્રસવકાળ પૂર્ણ થવો અર્થાત્ ગર્ભની પૂર્ણ સ્થિતિમાં આવવું એ ખરી વીણોનું કારણ છે. એ વીણો આવે છે એટલે અંદરથી કોઈ કાપતુ હોય એવો ભાસ થાય છે. એ વેદના પ્રથમ કમરના નીચેના ભાગમાંથી ઉત્પન્ન થઇ ધીમે ધીમે પેટમાં અને જાંઘોમાં પણ ફેલાય છે. આ વેદના નિયમિત પ્રમાણથી થઇ પ્રત્યેક વખતે વેદનાનો વખત લંબાતો જાય છે અને વેદના વધતી જાય છે. જો ખરી વીણો હોય છે તો યોનિમાંથી ચેપના રંગ જેવા સ્રાવ થવા માંડે છે તથા ગર્ભાશયનું મુખ (કમળમુખ) ધીમે ધીમે ઉઘડે છે. ગર્ભનાં પડની થેલી (તરિયો) ધીમે ધીમે આગળ આવે છે. આ સર્વ પ્રકાર યોનિમાં આંગળી ઘાલી પરીક્ષા કરવાથી દાયણને સમજાય છે.

પત્ની:—ખોટી વીણો કેવી રીતે ઓળખી શકાય છે?

પતિ.—એ ખોટી વીણો સગર્ભાવસ્થાના કોઇ પણ વખતે અર્થાત્

ગર્ભ પૂર્ણ થતાં પૂર્વે જ એકાએક આવવા માંડે છે. અજીર્ણ બંધકોશ ચિંતા, અતિશય પરિશ્રમ વગેરે કારણોથી ખોટી વીણો ઉત્પન્ન થાય છે. આ ખોટી વીણોમાં ખરી વીણોના જેવુ કાપવા જેવું દરદ થતું નથી. જેવી રીતે અજીર્ણથી પેટમાં દુ:ખે છે તેવી જ રીતે ખોટી વીણોથી એક જ સ્થળે દુ:ખે છે. આખા પેટમાં તેમજ જાંઘોમાં એ દુ:ખ ફેલાતું નથી. એ દુ:ખ અનિયમિત પ્રમાણથી થતું હોઇ તે ધીમે ધીમે વધતું નથી. ખોટી વીણોમાં યોનીમાંથી સ્રાવ થતો નથી તથા ગર્ભાશયનું મ્હોં પહોળું થતું નથી તેમજ ગર્ભનાં પડની થેલી આગળ ધસી આવતી નથી. ચાલાક દાયણ ખોટી વીણો તરત ઓળખી શકે છે. વીણો ખોટી છે એમ જણાય એટલે સ્વસ્થતાથી સૂઈ રહેવું તથા શેક વગેરે ઉપચાર કરવા. જરૂર જણાય તો હલકો જુલાબ આપવો.

પત્ની:—ગર્ભિણીને પ્રસવ કરાવનાર દાયણ કેવી હોવી જોઇએ ?

પતિ—સુવાવડીની વ્યવસ્થા રાખવાનું કામ ઘણું કઠિન છે. પ્રસવ વખતે અને તે પછી દશ બાર દિવસ સુધી બીજા માણસના મદદની વારંવાર જરૂર પડે છે. એવા વખતે દાયણને જરૂર બોલાવવી જોઇએ. જે દાયણને બોલાવવાની હોય તેની સાથે સુવાવડીની અગાઉથી ઓળખાણ થઇ હોય તો સારું નવમો મહિનો બેસે એટલે એવી ઓળખાણ કરાવી રાખવી. એથી પ્રસવ વખતે લજ્જા ઉત્પન્ન થતી નથી અને સંકોચવૃત્તિ રહેતી નથી. આજકાલ દાયણનો ધંધો લઇ બેઠેલી અજ્ઞાની સ્ત્રીઓને લીધે બાળરક્ષણ, બાળઉછેર અને સુવાવડીની યથોચિત સારવારનું કાર્ય ઘણું કઠિન થઇ પડયું છે. બાળક આડું આવ્યું હોય તો તેનો સમયસૂચકતા વાપરી છૂટકારો કરવાનું જ્ઞાન

દાયણને અવશ્ય હોવું જોઇએ. એનામાં ધીરજ, શાન્તિ, પ્રસંગાવધાનતા અને પ્રસવશાસ્ત્રનું જ્ઞાન હોવું જોઇએ. પેટમાં ઝીણો ? થવા માંડે એટલે તરત દાયણને બોલાવવી જોઇ"

પત્નીઃ—પ્રસવ થવાનો પ્રકાર કેવી રીતે વ્યવસ્થિત શકાય છે?

પતિઃ—એ પ્રકાર બરાબર લક્ષ્યમાં આવવા માટે તેની ત્રણ સ્થિતિ છે.

પત્નીઃ—એ ત્રણે સ્થિતિમાં શું થાય છે તે યથાક્રમે સમજાવો.

પતિઃ—ખરી વીણોનો આરંભ થઇ ગર્ભાશયના મુખમાંથી ગર્ભનું મસ્તક બ્હાર નીકળે એ પહેલી સ્થિતિ છે. એ સ્થિતિના આરંભમાં થોડી થોડી વોણો આવવા માંડે છે. એ વેદનાને લીધે ગર્ભાશયનું મુખ પહોળું થતું જાય છે. એ વખતે કેટલીક સ્ત્રીઓ બૂમો પાડે છે. વેદના વધે છે એટલે સ્ત્રી ઘણી અસ્વસ્થ બની જાય છે તથા કમર નીચે દાબી રાખવા કહે છે. અંતે ગર્ભાશયનું મુખ પુરૂ ઉઘડે છે અને સ્રાવમાં થોડું લોહી ભળેલું જણાય છે. એ વખતે સ્ત્રી આપોઆપ કરાંઝવા માંડે છે તથા ગર્ભનું ડોકું ગર્ભાશયના મુખમાંથી બ્હાર નીકળે છે. આ પહેલી સ્થિતિમાં કોઈ વખતે ઉલટી પણ થાય છે. જો ઉલટી થાય તો એ શુભ લક્ષણ છે; કેમ કે ઉલટી થવાથી ગર્ભાશયનું મુખ બરાબર પહોળું થયું છે એમ સમજાય છે. પહેલી સ્થિતિ ઘણું કરી બાર કલાક રહે છે.

પત્નીઃ—બીજી સ્થિતિમાં શું થાય છે?

પતિઃ—વેદના ઘણા જોરથી થાય છે, તથા વીણો ઘણી ઝડપથી આવે છે. ઘણુંકરીને એ વખતે જ ગર્ભનાં પડની કોથળી (તુશિયો) ફુટે છે તથા એકાએક કેટલુંક પાણી બ્હાર નીકળે છે. એ પાણીની

સાથે જ બાળક બ્હાર આવે તો ઘણું સારું. કોઇ કોઇ દાખલામાં ચિતો, ગિયો ફૂટ્યા પછી થોડી વારે બાળક બ્હાર આવે છે. આ વખતે સ્ત્રી મોટી વીણે કરાંઝવા માંડે છે તથા જે કાંઇ મળી આવે તે હાથમાં જોર ની રીતે રાખે છે. પ્રત્યેક વીણુ વખતે બાળક વધારને વધારે બહાર આવે છે. બાળક જન્મે છે એટલે બીજી સ્થિતિ પૂર્ણ થયેલી સમજવામાં આવે છે.

પત્નીઃ—પરંતુ એ સ્થિતિમાં તશિયો ન ફુટે તો શું કરવું ?

પતિઃ—પહેલી સ્થિતિમાં તર્જનીથી યોનિની પરીક્ષા કરવી તથા એ વખતે તશિયો ફુટે નહિ એવી સંભાળ રાખવી. જો કદાચ એ વખતે તશિયો ફાટી જાય છે તો પ્રસવ થતાં ઘણો વખત લાગે છે. બીજી સ્થિતિનો આરંભ થયા પછી યોનિની પરીક્ષા કરતાં તશિયો ફાટેલો નથી એમ જણાય તો આંગળીના અગ્રભાગથી કે નખથી તેને ફોડવો. એ ફાટયા પછી પ્રસવ થતા વાર લાગતી નથી. તશિયો ફાટતાં તેમાંનું થોડું પાણી બ્હાર નીકળે છે અને સ્ત્રીને ઘણું સુખ થાય છે; કેમ કે એ પછી ગર્ભ નીચે ઉતરે છે અને શ્વાસ બરાબર લઇ શકાય છે. તશિયો ફુટયા પછી ગર્ભાશય થોડો વખત આરામ લે છે અને પછી પાછી જોરથી વીણો શુરુ થાય છે. એ વીણો ઉપરા ઉપરી આવે છે. સ્ત્રી કરાંઝવા માંડે છે અને તેથી બાળકનું માથું નીચે આવતું જાય છે. વીણો નરમ પડતાં એ માથું પાછું ઉંચું જાય છે. એ વખતે તર્જનીથી યોનિની પરીક્ષા કરતાં ગર્ભાશયનું મુખ દેખાતું નથી કેમ કે યોનિ તથા ગર્ભાશય એક નળી જેવાં થયાં હોય છે. ગર્ભનું માથું યોનિમાં હોય છે. કોઇ વખતે ગર્ભાશયની ઉપરની બાજૂ ગર્ભના માથા ઉપર આંગળી વડે જણાય છે તથા કોઇ વખતે એ બાજુ છેક યોનિની બ્હાર નીકળેલી જણાય છે. છેવટે ગર્ભનું

માથું કછોટા (યોનિ અને ગુદદ્વારની વચ્ચેની જગ્યા) ની ઉપર આવીને તેને પહોળો કરે છે. આવી રીતે વારંવાર માથું ઉપર નીચે જવાથી કછોટા વગેરે બીજા સુંવાળા ભાગ ધીમે ધીમે પહોળા થાય છે અને એકદમ ફાટી જવાનો ભય રહેતો નથી. એથી સ્ત્રીને પણ આરામ મળે છે. દરેક વીણે સ્ત્રી ગર્ભને બ્હાર કાઢવા ઘણું જોર કરે છે. ગર્ભ બ્હાર નીકળતાં બીજી સ્થિતિ પૂર્ણ થઇ સમજવી જોઇએ.

પત્નીઃ—ત્રીજી સ્થિતિમાં શું થાય છે ?

પતિઃ—ઓર બ્હાર પડે છે. જેવી રીતે વીણો આવી બાળક જન્મે છે તેવી જ રીતે એકાદ વીણુ આવી ઓર બ્હાર નીકળે છે. બાળકના જન્મ્યા પછી પાંચ દશ પળમાં ઓર બ્હાર નીકળે છે. કોઇ વખત અડધો કલાક પણ લાગે છે. પહેલી સુવાવડ વખતે જો બરાબર વ્યવસ્થા રાખવામાં આવે તો ઓર પડતાં વિલંબ લાગતો નથી.

પત્નીઃ—પ્રસવ થતી વખતે પ્રસુતિ, દાયણ અને સગાંઓની શી ફરજ છે તે સમજાવો.

પતિઃ—એ વખતે ઝીણી ઝીણી બાબતો તરફ લક્ષ્ય રાખવું જોઇએ. કેટલીક વખત સાધારણ વેદના શુરુ થતાંજ પ્રસુતિ પોતાના ઠેકાણે જઇ સુઇ રહે છે; પરંતુ તેમ કરવાની જરૂર નથી. વીણો સારી રીતે ચાલુ થાય ત્યાં સુધી તેણે ઘરમાં આમ તેમ ફરવું જોઇએ. જમવાનો જે નિયમિત વખત હોય તે વખતે થોડું જમવું અથવા કાંજી, રાબ કે ખીર જેવા હલકો પદાર્થ લેવો. મળ શુદ્ધ ન થયો હોય તો આશરે દોઢ તોલો દીવેલ સુંઠના અગર સવાના ઉકાળામાં પીવું. દીવેલની પીચકારી ગુદદ્વારમાં આપવાથી પણ મળશુદ્ધિ થાય છે. મળશુદ્ધિ થઇ હોય તો સુવાવડીને વિશેષ દુઃખ પડતું નથી.

ગરમ પાણીથી કપડાના કુચાવડે પેટ સેકવાથી પણ મળશુદ્ધિ થાય છે અને પેશાબ પણ થાય છે. પેશાબ ન થતો હોય તો કેથેટર મૂકીને પેશાબ કાઢવો; એથી ગર્ભને બ્હાર નીકળવાને નરમ જગ્યા મળે છે. પહેલી સ્થિતિમાં આથી કાંઇ વિશેષ કરવાની જરૂર પડતી નથી. સુવાવડીએ ચિત્ત સ્થિર રાખી ઇશ્વરનું સ્મરણ કરવું

પત્ની:—બીજી સ્થિતિમાં શું કરવું જોઇએ?

પતિ:—બીજી સ્થિતિનો આરંભ થતાં હરવા ફરવાનું બંધ કરવું. સગર્ભાએ પોતાના ઓરડામાં બેસી રહેવું અગર સૂઈ રહેવું. આમ છતાં વેદનાને લીધે તેનાથી સ્થિર બેસી રહેવાતું કે સૂઇ રહેવાતું નથી. આભડછેટના ભયથી અગર સ્રાવને લીધે કપડાં બગડશે એમ ધારી કેટલીક જાતોમાં થોડાં કપડાં આપવાનો રીવાજ છે, એટલે પછી સારું નરમ ગાદલું મળવાની આશા કયાંથી રાખી શકાય? પરંતુ એનું પરિણામ ખોટું આવે છે. વેદનાનો તથા કરાંઝવાનો પરિશ્રમ કેવો હોય છે તે કેવળ પ્રસૂતા જ જાણે છે. પરિશ્રમથી તેનું આખું શરીર થાકી ગયેલું હોય છે તથા એવી સ્થિતિમાં તેને જો રોજના જેવું બિછાનું પણ ન મળે તો એ બીચારી ઘણી દુ:ખી થાય છે. બિછાનું ખરાબ ન થાય એ માટે ગોદડા ઉપરના નીચેના અડધા ભાગથી ઑઇલ કલોથ પાથરવું તથા તેના ઉપર ચાદર પાથરવી. એમ કરવાથી કેવળ ચાદર જ બગડે છે. જો આભડછેટનો બાધ હોય તો કંતાન અગર શણના કપડાની ખોળ કરી તેમાં પીંછાં, પરાળ વગેરે ભરી તળાઇ જેવું કરવું. દશ બાર દિવસ સુધી સુવાવડી સ્ત્રીને બિછાના સિવાય જે દુ:ખ વેઠવું પડે છે તે જોતાં બે ત્રણ ગોદડાં બગડે તે તરફ દુર્લક્ષ્ય કરવું એ જ સારું છે. સુવાવડીને સારું બિછાનું અને જોઇતા પ્રમાણમાં કપડાં નથી આપ-

વામાં આવતાં તો તેની તથા બાળકની પ્રકૃતિ બગડે છે. બિછાનું સારું તેમ જ નરમ મળે એ ઉત્તમ છે; પરંતુ તેવું ન મળે તો પણ સ્વચ્છતા તરફ ખાસ લક્ષ્ય આપવું જ જોઇએ. ગર્ભનાં પડ (તશિયો) ફુટ્યા પછી વીણુાના જોરથી ગર્ભ બ્હાર નીકળવા માંડે છે. ગર્ભનું માથું બ્હાર નીકળે તે સાથે જ દાયણે પોતાના જમણા હાથનો આધાર આપી જાળવીને સંભાળવું તથા બીજી એક સ્ત્રીએ ગર્ભિણીના પેટ ઉપર પોતાનો હાથ દાબી રાખવો. કોઇ કોઇ કપડાનો ઘટ્ટ પાટો બાંધે છે; પરંતુ તેના કરતાં હાથનું દબાણુ સારું છે. જેમ જેમ ગર્ભ બ્હાર નીકળે તેમ તેમ બ્હારથી ગર્ભાશય ઉપર હાથનો દાબ વધારવો. ગર્ભાશય ઉપર સંપૂર્ણ દબાણુ હોવું જોઇએ. દાબ નરમ પડવા દેવો નહિ. ગર્ભાશય સ્વાભાવિક રીતે જ સંકોચાય છે અને ગર્ભ બહાર નીકળે છે. ગર્ભિણીનો જલ્દી છુટકારો કરવા મૂર્ખ સ્ત્રીઓ તથા અજ્ઞાની દાયણો ગર્ભને બ્હાર ખેંચવાનો યત્ન કરે છે અગર તો આંગળાં ઘાલી બ્હાર તાણવાનો પ્રયત્ન કરે છે એ ઘણું ખોટું છે. સગર્ભાને સર્વથા સ્વસ્થ રહેવા દઇ ગર્ભને આપોઆપ બહાર નીકળવા દેવો જોઇએ. વીણો ન હોય એ વખતે વિના કારણુ કરાંઝવાનું જોર કરવાથી ગર્ભિણીને નુકસાન થાય છે.

પત્નીઃ—તમે જે હકીકત કહો છો તે જો દરેક સગર્ભા સુંદરી ધ્યાનમાં રાખે તો તેનું ઘણું હિત થઇ શકે તેમ છે.

પતિઃ—ગર્ભનું માથું યોનિ તરફ આવવા માંડે એટલે સ્ત્રીએ પલંગની કોર ઉપર નિતંબ (કુલા) આણી ડાબી બાજૂએ સૂઇ રહેવું તથા ઢીંચણુ પેટ તરફ વાળી બન્ને જાંઘોની વચ્ચે ઉશિકું મૂકવું. બાળકનું માથું જેમ જેમ નીચે આવતું જાય અને કછોટો ફુલવા માંડે એટલે દાયણે ડાબા હાથની આંગળી પર નરમ કપડું



ગર્ભનું માથું બ્હાર નીકળે એટલે દાયણે તે પોતાના જમણા હાથ ઉપર લઇ સ્વાભાવિક રીતે તે જેમ ફરે તેમ ફરવા દેવું.

પૃષ્ઠ ૧૮૧

વીંટાળી કછોટો તણાઇને ફાટે નહિ અને તેને ઇજા થાય નહિ એ માટે તે આગળીથી કછોટા ઉપર દબાણ કરવું. એ દબાણથી ગર્ભની બ્હાર નીકળવાની ગતિમાં રોકાણ ન થાય તથા કેવળ કછોટાને આધાર રહે એવી સંભાળ રાખવી જોઇએ. ગર્ભનું માથું બ્હાર નીકળે એટલે દાયણે તે પોતાના જમણા હાથ ઉપર લઇ સ્વાભાવિક રીતે તે જેમ ફરે તેમ ફરવા દેવું; પણ પોતાના હાથનો આધાર છોડવો નહિ. વેદનાના યોગથી ખભા તથા શરીર જેમ જેમ બ્હાર આવે તેમ તેમ માથું પોતાના શરીર તરફ આવવા દેવું. માથું અને ખભા બ્હાર નીકળતી વખતે હમણાં મ્હેં કહ્યું તેમ કછોટો દાબી રાખવો. વળી ધડ બ્હાર નીકળવામાં જો વિલંબ થાય તો દાયણે માથું ખાસ ધ્યાનથી પકડી બાળકની બગલમાં આંગળી ઘાલી ધીમે ધીમે યુક્તિથી શરીર થોડું બ્હાર ખેંચવું જેથી યોનિદ્વારનો ફાંસો ગળાને બેસી બાળક મરશે નહિ. આમ કરતાં પહેલાં હલકા હાથે યુક્તિથી સ્ત્રીનું આખું પેટ ચોળી જોવું. કોઇ કોઇ વખતે એવી રીતે પેટ ચોળવાથી બાળક જલ્દી બ્હાર નીકળે છે. એમ કરવાથી બાળક બ્હાર ન આવે તો બગલમાં આંગળી નાખી બાળકને કાઢવાનો પ્રયત્ન કરવો. એ પ્રયત્ન કરતી વખતે સ્ત્રીના ગર્ભાશય ઉપરનો દાબ જરા વિશેષ જોરથી કરવો.

પત્ની:—બાળકના બ્હાર નીકળ્યા પછી શું કરવું ?

પતિ:—બાળક બ્હાર નીકળ્યું એટલે બીજી સ્થિતિ પૂર્ણ થઇ. પછી ત્રીજી સ્થિતિનો આરંભ થાય છે. એ સ્થિતિમાં જ ઓર બ્હાર પડે છે. એ વખતે સ્ત્રીના પેટ ઉપરનો દાબ કાઢવો નહિ. જે યોગથી ગર્ભ બ્હાર પડે છે તે જ યોગથી એકાદ બીજી વીણ આવી ઓર બ્હાર પડે છે એમ હું પ્રથમ કહી ચુક્યો છું; પરંતુ દાયણ

જો અજ્ઞાની હોય છે તો તે એ વખતે ઘણી ઉતાવળ કરે છે કોઇ કોઇ દાયણ તો સ્ત્રીને ઉભી કરી તેના પેટ ઉપર પોતાનું માથું દબાવે છે; પરંતુ એ રીત ઘણી ખોટી છે. જો ઓર જલ્દી બ્હાર ન નીકળે તો તેને અંદર જ રહેવા દઇ બાળકની નાળ કાપવી. નાળ કેવી રીતે કાપવી એ હું તને હવે પછી સમજાવીશ. નાળ કાપ્યા પછી એક સ્ત્રીએ બાળકની સારવારમાં રોકાઇ જવું જોઇએ તથા બીજી એક સ્ત્રીએ નાળનો બીજો છેડો હાથમાં મજબૂત પકડી રાખી રહી રહીને ધીમેથી નીચે ખેંચી જોવો. ઓર ગર્ભાશયમાંથી છૂટે છે એટલે સ્વાભાવિક રીતે જ બ્હાર આવે છે.

પત્નીઃ—ઓર ગર્ભાશયમાંથી છુટી પડી છે કે નહિ એ કેવી રીતે જાણી શકાય છે?

પતિઃ—બાળકનો પ્રસવ થયા પછી થોડી વારે એક વીણુ આવી થોડો રક્તસ્રાવ થાય છે એ ઓર છુટી થયાનું લક્ષણ છે. વળી નાળ નરમ, પોચી, ઠંડી તથા નાડી (થડકા) વગરની હોય તો ઓર ગર્ભાશયમાંથી છુટી પડી છે એમ જાણવું. નાળ જો લોહીથી ભરેલી અને નાડી (થડકા) વાળી જણાય તો ઓર ગર્ભાશયને ચોંટેલી છે એમ સમજવું.

પત્નીઃ—ઓરને જલ્દી બ્હાર કાઢવાની દવા છે કે?

પતિઃ—હા. લિક્વિડ ઍક્ષ્ટ્રૅક્ટ ઑફ અરગટનાં વીસથી ચાળીસ ટીપાં અધોળ પાણી સાથે આપવાથી ગર્ભાશય સંકોચાઇ ઓર જલ્દી બ્હાર પડે છે તથા ગર્ભાશય સંકોચાય એ માટે બ્હારથી પેટ ઉપર હાથનું દબાણ કરવું તેમ જ ઠંડા પાણીથી ભીંજાવેલો કપડાનો કડકો ગડી વાળી પેટ ઉપર મૂકવો.

પત્નીઃ—ઓરને ખેંચીને બ્હાર કાઢવાથી શું થાય છે?

પતિ—એથી ઘણું નુકસાન થાય છે. ખેંચવાથી નાળ તૂટવાનો સંભવ રહે છે, એથી કોઇ કોઇ વખતે પુષ્કળ લોહી વહી જતાં સ્ત્રીની જીંદગી જોખમમાં આવી પડે છે. ઓર પડવાને વિલંબ લાગે છે તો કેટલીક સ્ત્રીઓ ઓર કાળજાને ચોંટી ગઇ છે એમ કહે છે; પરંતુ તેમનું આ કહેવું ખોટું છે. કાળજા સાથે ઓરનો કાંઇ સંબંધ નથી. ઓર પડતાં ઢીલ થાય તો ત્રણ માસા જવખાર ઉના પાણીમાં ઓગાળી પાવાથી અગર ઘીમાં પાવાથી જલદી બ્હાર પડે છે. ઓર પડે છે એટલે ત્રીજી સ્થિતિ પૂર્ણ થાય છે.

પ્રકરણ ૨૩ મું

ગર્ભ ધારણ કરવાનો સમય અને પ્રસવકાળનો નિર્ણય

પત્નીઃ—સ્ત્રીને ગર્ભ રહ્યા પછી પ્રસવ કયારે થશે એ જાણી શકવાનો ઉપાય છે. કે?

પતિઃ—આજે ત્હેં ઘણો અગત્યનો પ્રશ્ન પૂછ્યો છે. બાળક જેટલા વખત સુધી ગર્ભમાં રહે છે એ વખતને ગર્ભકાળ કહેવામાં આવે છે. સાધારણ રીતે ગર્ભકાળની મુદ્દત નવ મહિનાની સમજવામાં આવે છે; પરંતુ ખરી રીતે એ મુદ્દત નવ મહિના ઉપર થોડા દિવસ સુધી લંબાય છે. પાશ્ચાત્ય ડૉક્ટરોના અભિપ્રાય પ્રમાણે બાળક ૪૦ અઠવાડીઆં એટલે કે, ૨૮૦ દિવસ સુધી ગર્ભમાં રહે છે. જો ગર્ભસંચારનો દિવસ બરાબર માલૂમ પડતો નથી તો પ્રસવકાળની

ગણતરી બરાબર થઇ શકતી નથી. આપણાં આર્યવૈદ્યક શાસ્ત્રોમાં તથા કામશાસ્ત્રમાં સ્ત્રીઓનો સ્વાભાવિક ઋતુકાળ સોળ દિવસનો દર્શાવ્યો છે. એ સોળ દિવસોમાથી પ્રથમના ચાર દિવસ સુધી ઋતુ-સ્રાવ થાય છે તેથી એ દિવસોમાં મુખ્યત્વે કરીને ગર્ભ રહી શકતો નથી. પછીના બાર દિવસમાં ગર્ભ રહેવાનો સંભવ છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો પણ આ વાત સ્વીકારે છે. તેમનું કહેવું એવું છે કે, ઋતુ-સ્રાવ થઇ ગયા પછી જે ડિમ્બ ગર્ભાશયમાં આવે છે તે આઠ દિવસ સુધી જ જીવતું રહી શકે છે. ત્યાર પછી તે ચેતનારહિત થઇ જાય છે તેથી ગર્ભસંચાર ખાસ કરીને એ આઠ જ દિવસોમાં થાય છે. આમ છતાં પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોનું કહેવું એવું પણ છે કે, જે ડિમ્બ ઋતુસ્રાવ થતાં ગર્ભાશયમાં આવે છે તે કોઇ કોઈ વખતે ઋતુસ્રાવના વખતથી ચાર પાંચ દિવસ પહેલાં પણ ઉતરી આવે છે તેથી એવા વખતે પણ પુરુષ સાથેના સંભોગથી સ્ત્રી ગર્ભવતી થઇ શકે છે. ઘણા ખરા પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો ગર્ભકાળ ૨૮૦ દિવસનો માને છે. હિસાબ ગણવાની સહુથી સહેલી રીત તેમણે એ દર્શાવી છે કે, જે તારીખે ઋતુસ્રાવનો આરંભ થયો હોય એમાં સાત દિવસ મેળવી નવ મહિના જોડવાથી અગર ત્રણ મહિના ઘટાડવાથી બરાબર ૨૮૩ દિવસ થાય છે. એમાંથી ત્રણ દિવસ ઋતુસ્રાવના બાદ કરવામાં આવે છે તથા ચોથો દિવસ ગર્ભસંચારનો માની તે દિવસથી ૨૮૦ દિવસનો ગર્ભ-ધારણ કરવાનો વખત ગણે છે. જો કદાચ ગર્ભકાળમાં ફેબ્રુઆરી મહિનો આવે છે તો બે દિવસ વધારે ગણી લે છે; કેમ કે ફેબ્રુઆરી માસ અઠ્ઠાવીસ દિવસનો હોય છે. દર ચોથે વર્ષે ફેબ્રુઆરી માસમાં ૨૯ દિવસ આવતા હોવાથી એવા વખતે તેઓ ફક્ત એક જ દિવસ વધારે ગણી લે છે.

પત્ની:—એ વાત મ્હને દાખલો આપી સમજાવો.

પતિ:—ધાર કે એક સ્ત્રી માર્ચ મહિનાની ૧૦ મી તારીખે રજસ્વળા થઇ અને પછી તે સગર્ભા થઈ. એના પ્રસવકાળનો હિસાબ ગણતી વખતે મ્હેં કહ્યું છે તેમ સાત દિવસ ઉમેરતાં ૧૭ મી માર્ચ થઈ. ૧૭ માર્ચમાથી ત્રણ મહિના ઓછા કરવાથી અગર નવ મહિના ઉમેરવાથી ૧૭ મી ડિસેંબરનો દિવસ આવે છે. એ દિવસ એ સ્ત્રીના પ્રસવનો ગણી શકાય. તે જ પ્રમાણે ૫ મી જાન્યુઆરીએ રજસ્વળા થયેલી અને પછી સગર્ભા થયેલી સ્ત્રીનો પ્રસવકાળ ૧૨ મી ઑક્ટોબર ગણવો જોઇએ; પરંતુ વચ્ચે ફેબ્રુઆરી મહિનો આવતો હોવાથી એમાં બે દિવસ ઉમેરી તા. ૧૪ મી ઑક્ટોમ્બરનો દિવસ પ્રસવનો ગણવો જોઇએ. ગર્ભ રહ્યાનો દિવસ બરાબર માલૂમ નથી હોતો તો એ ગણતરી ખરી નિવડતી નથી તથા બચ્ચાનો જન્મ આઠ દશ દિવસ વહેલો અગર મોડો થાય છે. ઘણાંખરાં બાળકો ૨૭૪ થી ૨૮૦ દિવસમાં અવતરે છે. પાશ્ચાત્ય ડૉકટરોએ આ વખત નક્કી કરવા માટે હજારો સ્ત્રીઓનો હિસાબ રાખ્યો છે તથા અનેક પ્રકારની શોધખોળ કરી છે; આમ છતાં તેઓ આ સંદિગ્ધ સમય સિવાય કોઇ નિશ્ચિત સમય દર્શાવી શક્યા નથી. એનું મુખ્ય કારણ ગર્ભ રહ્યાનો દિવસ બરાબર માલૂમ નથી પડતો એ જ છે. જો કદાચ ગર્ભ રહ્યાનો દિવસ સમજવાનો કોઇ ચોક્કસ ઉપાય હોત તો પ્રસવનો ચોક્કસ દિવસ જરૂર સમજી શકાત. ઈંગ્લૅન્ડના એક ડૉકટરે એક વખતે ૧૧૪ બાળકોનો હિસાબ રાખ્યો હતો. એ હિસાબ પ્રમાણે ત્રણ બાળકો ૩૭ અઠવાડીઆમાં, ૧૩ બાળકો ૩૮ અઠવાડીઆમાં, ૧૪ બાળકો ૩૯ અઠવાડીઆમાં, ૩૩ બાળકો ૪૦ અઠવાડીઆમાં, ૨૨ બાળકો ૪૧ અઠવાડીઆમાં, ૧૫ બાળકો ૪૨ અઠવાડીઆમાં, ૧૦ બાળકો

૪૩ અઠવાડીઆમાં તથા ૪ બાળકો ૪૪ અઠવાડીઆમાં અવતર્યાં હતાં. આ હિસાબ ઉપરથી એમ માલૂમ પડે છે કે, બાળકોનું મ્હોટું પ્રમાણ ૪૦ અઠવાડીઆં એટલે કે ૨૭૪ થી ૨૮૦ દિવસમાં જન્મ્યું હતું. જેમનો જન્મ મોડી મુદતે થયો તેમના ગર્ભાધાનનો દિવસ સમજવામાં ભૂલ થઇ હોય એવો સંભવ છે. તે ઉપરાંત માતા પિતા તથા ગર્ભસ્થ બાળકની શારીરિક સ્થિતિને લીધે પણ પ્રસવકાળમાં થોડા દિવસનો ફરક પડવાનો સંભવ છે.

પત્નીઃ—આ તો તમે વિદેશી ડૉક્ટરોની વાત કરી; પરંતુ આપણા ઋષિમુનિઓએ એ સંબંધી મત દર્શાવ્યો નથી કે ?

પતિઃ—હવે હું એમનો જ મત તને કહી સંભળાવું છું. આપણા ઋષિમુનિઓ જંગલમાં રહેતા હતા, કંદ મૂળનો આહાર કરતા હતા તથા જટાવલ્કલ પહેરતા હતા; તેમની પાસે ચાલુ જમાનાના જેવાં યંત્રો નહોતાં તથા બીજાં સાધનો પણ નહોતા; આમ છતાં આ વિષય ઉપર તેમણે દોડાવેલી શોધક બુદ્ધિનો વિચાર કરતાં તેઓ સત્ય શોધી કાઢવામાં સમર્થ થયા હતા એમ સાફ સમજી શકાય છે. તેમનું કહેવું એવું છે કે, જે નક્ષત્રમાં ગર્ભાધાન થાય છે તે જ નક્ષત્રમાં નવ મહિના પછી બાળકનો જન્મ થાય છે. માતાના કોઇ રોગને લીધે અગર બીજા કોઇ કારણથી બાળક વહેલું જન્મે એ જૂદી વાત છે; નહિ તો બાળકનો જન્મ ઉપરોક્ત વખતે જ થાય છે. પંચાંગ તપાસી જોતાં આ વાતની સત્યતા સમજી શકાય છે. નવ મહિના નવ દિવસે પાછું એ જ નક્ષત્ર ફરી આવે છે. ઋતુના ત્રણ દિવસ પછી ગર્ભ રહેવાનો વિશેષ સંભવ હોવાથી ગર્ભ ધારણના વખતને ૨૮૩ દિવસનો ગણી ગર્ભ ધારણ તથા પ્રસવકાળની મ્હેં એક નોંધ કરી રાખી છે તે હું તને વાંચી સંભળાવું છું.

ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.	ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.
કારતક સુદ ૧—	શ્રાવણ સુદ ૧૦	કારતક વદ ૯—	ભાદરવા સુદ ૩
,, ૨	,, ૧૧	,, ૧૦	,, ૪
,, ૩	,, ૧૨	,, ૧૧	,, ૫
,, ૪	,, ૧૩	,, ૧૨	,, ૬
,, ૫	,, ૧૪	,, ૧૩	,, ૭
,, ૬	,, ૧૫	,, ૧૪	,, ૮
,, ૭—	શ્રાવણ વદ ૧	,, અમાસ	,, ૯
,, ૮	,, ૨	માગસર સુદ ૧	,, ૧૦
,, ૯	,, ૩	,, ૨	,, ૧૧
,, ૧૦	,, ૪	,, ૩	,, ૧૨
,, ૧૧	,, ૫	,, ૪	,, ૧૩
,, ૧૨	,, ૬	,, ૫	,, ૧૪
,, ૧૩	,, ૭	,, ૬	,, ૧૫
,, ૧૪	,, ૮	,, ૭—	ભાદરવા વદ ૧
,, ૧૫	,, ૯	,, ૮	,, ૨
કારતક વદ ૧	,, ૧૦	,, ૯	,, ૩
,, ૨	,, ૧૧	,, ૧૦	,, ૪
,, ૩	,, ૧૨	,, ૧૧	,, ૫
,, ૪	,, ૧૩	,, ૧૨	,, ૬
,, ૫	,, ૧૪	,, ૧૩	,, ૭
,, ૬	,, અમાસ	,, ૧૪	,, ૮
,, ૭—	ભાદરવા સુદ ૧	,, ૧૫	,, ૯
,, ૮	,, ૨	માગસર વદ ૧	,, ૧૦

ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ.		ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ.	
માગસર વદ	૨—	ભાદરવા વદ	૧૧	પોસ શુદ	૧૦—	આસો વદ	૪
,,	૩	,,	૧૨	,,	૧૧	,,	૫
,,	૪	,,	૧૩	,,	૧૨	,,	૬
,,	૫	,,	૧૪	,,	૧૩	,,	૭
,,	૬	,,	અમાસ	,,	૧૪	,,	૮
,,	૭—	આસો સુદ	૧	,,	૧૫	,,	૯
,,	૮	,,	૨	પોસ વદ	૧	,,	૧૦
,,	૯	,,	૩	,,	૨	,,	૧૧
,,	૧૦	,,	૪	,,	૩	,,	૧૨
,,	૧૧	,,	૫	,,	૪	,,	૧૩
,,	૧૨	,,	૬	,,	૫	,,	૧૪
,,	૧૩	,,	૭	,,	૬	,,	અમાસ
,,	૧૪	,,	૮	,,	૭—	કારતક સુદ	૧
,,	અમાસ	,,	૯	,,	૮	,,	૨
પોસ સુદ	૧	,,	૧૦	,,	૯	,,	૩
,,	૨	,,	૧૧	,,	૧૦	,,	૪
,,	૩	,,	૧૨	,,	૧૧	,,	૫
,,	૪	,,	૧૩	,,	૧૨	,,	૬
,,	૫	,,	૧૪	,,	૧૩	,,	૭
,,	૬	,,	૧૫	,,	૧૪	,,	૮
,,	૭—	આસો વદ	૧	,,	અમાસ	,,	૯
,,	૮	,,	૨	માઘ સુદ	૧	,,	૧૦
,,	૯	,,	૩	,,	૨	,,	૧૧

ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ.		ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ.	
પોસ વદ	૪	કારતક સુદ	૧૩	માઘ વદ	૧૧	માગસર વદ	૫
,,	૫	,,	૧૪	,,	૧૨	,,	૬
,,	૬	,,	૧૫	,,	૧૩	,,	૭
,,	૭	કારતક વદ	૧	,,	૧૪	,,	૮
,,	૮	,,	૨	,,	અમાસ	,,	૯
,,	૯	,,	૩	ફાગણ સુદ	૧	,,	૧૦
,,	૧૦	,,	૪	,,	૨	,,	૧૧
,,	૧૧	,,	૫	,,	૩	,,	૧૨
,,	૧૨	,,	૬	,,	૪	,,	૧૩
,,	૧૩	,,	૭	,,	૫	,,	૧૪
,,	૧૪	,,	૮	,,	૬	,,	૧૫
,,	૧૫	,,	૯	,,	૭	માગસર વદ	૧
માઘ વદ	૧	,,	૧૦	,,	૮	,,	૨
,,	૨	,,	૧૧	,,	૯	,,	૩
,,	૩	,,	૧૨	,,	૧૦	,,	૪
,,	૪	,,	૧૩	,,	૧૧	,,	૫
,,	૫	,,	૧૪	,,	૧૨	,,	૬
,,	૬	,,	અમાસ	,,	૧૩	,,	૭
,,	૭	માગસર સુદ	૧	,,	૧૪	,,	૮
,,	૮	,,	૨	,,	૧૫	,,	૯
,,	૯	,,	૩	ફાગણ વદ	૧	,,	૧૦
,,	૧૦	,,	૪	,,	૨	,,	૧૧

ઋતુનો છેલ્લો દિવસ.	ઉસવનો દિવસ.	ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.
ફાગણ વદ ૩—	માગસર વદ ૧૨	ચૈત્ર સુદ ૧૦—	પોષ વદ ૪
” ૪	” ૧૩	” ૧૧	” ૫
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” અમાસ	” ૧૩	” ૭
” ૭—	પોષ સુદ ૧	” ૧૪	” ૮
” ૮	” ૨	” ૧૫	” ૯
” ૯	” ૩	ચૈત્ર વદ ૧	” ૧૦
” ૧૦	” ૪	” ૨	” ૧૧
” ૧૧	” ૫	” ૩	” ૧૨
” ૧૨	” ૬	” ૪	” ૧૩
” ૧૩	” ૭	” ૫	” ૧૪
” ૧૪	” ૮	” ૬	” અમાસ
” અમાસ	” ૯	” ૭—	માઘ સુદ ૧
ચૈત્ર સુદ ૧	” ૧૦	” ૮	” ૨
” ૨	” ૧૧	” ૯	” ૩
” ૩	” ૧૨	” ૧૦	” ૪
” ૪	” ૧૩	” ૧૧	” ૫
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” ૧૫	” ૧૩	” ૭
” ૭—	પોષ વદ ૧	” ૧૪	” ૮
” ૮	” ૨	” અમાસ	” ૯
” ૯	” ૩	વૈશાખ સુદ ૧	” ૧૦

ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.	ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.
વૈશાખ સુદ ૨	માઘ સુદ ૧૧	વૈશાખ વદ ૯	ફાગણ સુદ ૩
” ૩	” ૧૨	” ૧૦	” ૪
” ૪	” ૧૩	” ૧૧	” ૫
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” ૧૫	” ૧૩	” ૭
” ૭	માઘ વદ ૧	” ૧૪	” ૮
” ૮	” ૨	” અમાસ	” ૯
” ૯	” ૩	જેઠ સુદ ૧	” ૧૦
” ૧૦	” ૪	” ૨	” ૧૧
” ૧૧	” ૫	” ૩	” ૧૨
” ૧૨	” ૬	” ૪	” ૧૩
” ૧૩	” ૭	” ૫	” ૧૪
” ૧૪	” ૮	” ૬	” ૧૫
” ૧૫	” ૯	” ૭	ફાગણ વદ ૧
વૈશાખ વદ ૧	” ૧૦	” ૮	” ૨
” ૨	” ૧૧	” ૯	” ૩
” ૩	” ૧૨	” ૧૦	” ૪
” ૪	” ૧૩	” ૧૧	” ૫
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” અમાસ	” ૧૩	” ૭
” ૭	ફાગણ સુદ ૧	” ૧૪	” ૮
” ૮	” ૨	” ૧૫	” ૯

ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.	ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ
જેઠ વદ ૧	—ફાગણ વદ ૧૦	અશાડ સુદ ૮	—ચૈત્ર વદ ૨
” ૨	” ૧૧	” ૯	” ૩
” ૩	” ૧૨	” ૧૦	” ૪
” ૪	” ૧૩	” ૧૧	” [illegible]
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” અમાસ	” ૧૩	” [illegible]
” ૭	—ચૈત્ર સુદ ૧	” ૧૪	” ૮
” ૮	” ૨	” ૧૫	” [illegible]
” ૯	” ૩	અશાડ વદ ૧	” ૧૦
” ૧૦	” ૪	” ૨	” ૧૧
” ૧૧	” ૫	” ૩	” ૧૨
” ૧૨	” ૬	” ૪	” ૧૩
” ૧૩	” ૭	” ૫	” ૧૪
” ૧૪	” ૮	” ૬	” અમાસ
” અમાસ	” ૯	” ૭	—વૈશાખ સુદ ૧
અશાડ સુદ ૧	” ૧૦	” ૮	” ૨
” ૨	” ૧૧	” ૯	” ૩
” ૩	” ૧૨	” ૧૦	” ૪
” ૪	” ૧૩	” ૧૧	” ૫
” ૫	” ૧૪	” ૧૨	” ૬
” ૬	” ૧૫	” ૧૩	” ૭
” ૭	—ચૈત્ર વદ ૧	” ૧૪	” ૮

ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ		ઋતુનો છેલ્લો દિવસ.		પ્રસવનો દિવસ.	
અશાડ વદ	અમાસ—	વૈશાખ સુદ	૯	શ્રાવણ વદ	૮—	જેઠ સુદ	૨
શ્રાવણ સુદ	૧	”	૧૦	”	૯	”	૩
”	૨	”	૧૧	”	૧૦	”	૪
”	૩	”	૧૨	”	૧૧	”	૫
”	૪	”	૧૩	”	૧૨	”	૬
”	૫	”	૧૪	”	૧૩	”	૭
”	૩	”	૧૫	”	૧૪	”	૮
”	૭—	વૈશાખ વદ	૧	”	અમાસ	”	૯
”	૮	”	૨	ભાદરવા સુદ	૧	”	૧૦
”	૯	”	૩	”	૨	”	૧૧
”	૧૦	”	૪	”	૩	”	૧૨
”	૧૧	”	૫	”	૪	”	૧૩
”	૧૨	”	૬	”	૩	”	૧૪
”	૧૩	”	૭	”	૬	”	૧૫
”	૧૪	”	૮	”	૭—	જેઠ વદ	૧
”	૧૫	”	૯	”	૮	”	૧
શ્રાવણ વદ	૧	”	૧૦	”	૯	”	૨
”	૨	”	૧૧	”	૧૦	”	૩
”	૩	”	૧૨	”	૧૧	”	૪
”	૪	”	૧૩	”	૧૨	”	૫
”	૫	”	૧૪	”	૧૩	”	૬
”	૬	”	અમાસ	”	૧૪	”	૭
”	૭—	જેઠ સુદ	૧	”	૧૫	”	૮

ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.	ઋતુનો છેલ્લો દિવસ.	પ્રસવનો દિવસ.
ભાદરવા વદ ૧—	જેઠ વદ ૯	આસો સુદ ૮—	અસાડ વદ ૨
” ૨	” ૧૦	” ૯	” ૩
” ૩	” ૧૧	” ૧૦	” ૪
” ૪	” ૧૨	” ૧૧	” ૫
” ૫	” ૧૩	” ૧૨	” ૬
” ૬	” ૧૪	” ૧૩	” ૭
” ૭	” અમાસ	” ૧૪	” ૮
” ૮—	અસાડ સુદ ૧	” ૧૫	” ૯
” ૯	” ૨	આસો વદ ૧	” ૧૦
” ૧૦	” ૩	” ૨	” ૧૧
” ૧૧	” ૪	” ૩	” ૧૨
” ૧૨	” ૫	” ૪	” ૧૩
” ૧૩	” ૬	” ૫	” ૧૪
” ૧૪	” ૭	” ૬	” અમાસ
” ૧૫	” ૮	” ૭—	શ્રાવણ સુદ ૧
” અમાસ	” ૯	” ૮	” ૨
આસો સુદ ૧	” ૧૦	” ૯	” ૩
” ૨	” ૧૧	” ૧૦	” ૪
” ૩	” ૧૨	” ૧૧	” ૫
” ૪	” ૧૩	” ૧૨	” ૬
” ૫	” ૧૪	” ૧૩	” ૭
” ૬	” ૧૫	” ૧૪	” ૮
” ૭—	અસાડ વદ ૧	” અમાસ	” ૯

પ્રકરણ ૨૪ મું

વારાંગનાગૃહ

પતિઃ—સંસારમાં જે સઘળાં પાપસ્થળો છે તેમાં સહુથી ભયંકર પાપસ્થળ વારાંગનાગૃહ છે. સંસારરૂપી બગીચામાં વેશ્યાઓ જ વિષવૃક્ષ સમાન છે. આજકાલના ઘણા ઉછરતા જુવાનો વેશ્યાના યાર બની પ્રમેહ, ચાંદી, ઉપદંશ આદિ જીવલેણ ભયંકર રોગના ભોગ થઇ પડી પોતાનું તથા પોતાના સંસારનું સત્યાનાશ વાળે છે. વેશ્યાગૃહોમાં જે રાક્ષસી જુલ્મો થાય છે તેનું શાબ્દિક ચિત્ર આલેખી શકાય તેમ નથી. જે સઘળા દુરાચારી પુરુષો પોતાની પશુવૃત્તિને વશ થઇ ગૃહસ્થઘરની પુત્રી તથા વહૂ તરફ કટાક્ષ ફેંકતાં સંકોચાતા નથી. તેમને માટે સહેલાઇથી વાસનાનું નિવારણ કરવા એવા એક માર્ગની આવશ્યકતા છે એ વાત ખરી છે; તેઓ કુળવતી કામિનીને પંઝામાં ફસાવવાનું કામ સહેલું નથી એમ સમજીને જ વારાંગનાને ત્યાં જવા માંડે છે અને તેથી જ આજે પણ સંસારમાં શાન્તિનું અસ્તિત્વ જોવામાં આવે છે. જો તેમ ન હોત તો પશુ જેવા લંપટ પુરુષોના અત્યાચારથી સમાજનું અધિક અનિષ્ટ થયા સિવાય રહેત નહિ. વેશ્યાગૃહોથી જો લાભ હોય તો કેવળ એટલો જ છે. ઊંડી દૃષ્ટિથી વિચાર કરી જોતાં માલૂમ પડે છે અમુક કારણોને લીધે સ્ત્રીઓને નાછુટકે વેશ્યાવૃત્તિ સ્વીકારવી પડે છે. એ કારણોમાંનું એક, પતિપ્રેમથી વંચિત રહેવું, બીજું બાળવૈધવ્ય, ત્રીજું અતિશય સાંસારિક ક્લેશ અને ચોથું અતિશય કામપ્રવૃત્તિ છે. મુખ્યત્વે કરી આ ચાર કારણોને લીધે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ સ્વીકારે છે.

સઘળા દેશોમાં બે જાતની વેશ્યાઓ જોવામાં આવે છે તથા તેમને ખાનગી અને જાહેરના નામથી ઓળખવામાં આવે છે. જેઓ જાહેર સ્થળે રહી જાહેર રીતે વેશ્યાવૃત્તિ કરે છે, સગાં સંબંધીઓ સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખતી નથી તેઓ જાહેર વેશ્યાઓ છે તથા જેઓ ઘરમાં બેસી ખાનગી રીતે પાપાચાર ચલાવે છે તેઓ ખાનગી વેશ્યાઓ છે. ખાનગી રીતે જેઓ પાપાચાર ચલાવે છે તેઓ જાહેર વેશ્યાઓ કરતાં વિશેષ ભયંકર છે. જાહેર રીતે જેઓ દેહની દુકાન માંડી બેઠી હોય છે તેમને સહુ ઓળખે છે; તેમના પંઝામાંથી છૂટી શકાય એવો માર્ગ પણ હોય છે; પરંતુ ખાનગી વેશ્યાઓને ઓળખવાનો કોઇ માર્ગ હોતો નથી. જેઓ ઘરમાં બેસી છુપી રીતે વિષયસેવન કરે છે તેઓદ્વારા જ વિશેષ ભ્રુણહત્યા થાય છે.

સંસારમાં પૈસા કમાવાના જે સઘળા માર્ગ છે તેમાં વેશ્યાવૃત્તિ ઘણો હલકો તથા નીચ માર્ગ છે. જે સતીત્વ રત્ન સમાજના, ધર્મના ભૂષણરૂપ છે, જે આલોક અને પરલોકને સુધારનાર છે એ સતીત્વ વેચી જે કુલટાઓ પાપી પેટનો ખાડો પૂરે છે તેમના પાપનો પાર રહેતો નથી.

વળી જાહેર વેશ્યાઓમાં પણ બે વર્ગ છે. એમાંનો એક વર્ગ કોઇ ચોક્કસ મકાનમાં રહી ઇચ્છાનુસાર રૂપ વેચી પૈસા કમાય છે તથા એ કમાણી પોતે ભોગવે છે. બીજા વર્ગની વેશ્યાઓનો તેમની કમાણી ઉપર કાંઇ હક્ક હોતો નથી. એકાદ કાળમુખી ડોશી બે ત્રણ અગર વિશેષ બાળિકાઓ ખરીદી તેમને અનીતિને રસ્તે ચઢાવી પૈસા કમાય છે. ખરીદાયલી બાળિકાઓને એ ડોશીની હરેક ઇચ્છાને માન આપી વર્તવું પડે છે તથા તેમનું કેવળ ખોરાકી પોષાકીનું ખરચ ધરવાળી ડોશી ઉઠાવે છે. એ સઘળી અભાગિની બાળિકાઓમાંથી

જો કદાચ કોઇ રોગી કિંવા બીમાર થતાં એક દિવસના અવકાશની પ્રાર્થના કરે છે તો દ્રવ્યલોભી ડોશી એ પ્રાર્થનાનો સ્પષ્ટ અસ્વીકાર કરે છે. બીમાર વેશ્યાઓને પણ ધંધે બેસાડી એ ડોશીઓ પોતાનો સ્વાર્થ સાધવામાં પાછી પ્હાની કરતી નથી. એ પત્થર જેવાં હૃદય ધરાવનારી ડોશીઓમાં દયાનો અંશ સુદ્ધાં હોતો નથી. ઉછરતી બાળિકાઓને અસ્વાભાવિક ઉપાયોથી બળપૂર્વક પાપમાર્ગે લઈ જઈ તેમનાં શરીરને અનેક અસાધ્ય રોગનાં મંદિર બનાવવા છતાં એ ડોસીઓ તેમનો છુટકારો કરતી નથી. એવી અભાગિની વેશ્યાઓ ઉપર ગુજરતા રાક્ષસી જુલ્મનો ઇતિહાસ સાંભળી ગમે એવા પાષાણુ માણસનું મન દ્રવીભૂત થયા સિવાય રહે નહિ. જે સઘળા જુવાનો દુર્બુદ્ધિને વશ થઇ એમની માયાજાળમાં ફસાય છે તેમને છેવટે ફકીર જેવા ભીખારી બની રસ્તે રસ્તે ભટકવું પડે છે. ધનવાનના પુત્રો એ શયતાન સ્ત્રીઓની જાળમાં ફસાઇ સઘળી બાપકમાઇ જોતજોતાંમાં ઉડાવી દે છે. એવી સોનાની ચઢીઓ પાસેથી કળાથી પૈસા પડાવવાનું કામ મુખ્યત્વે કરીને ઘરવાળી બંધી ડોશીઓ બજાવે છે. કોઇ કોઇ વખતે તો તેઓ આવેલા જુવાનને શરાબ પાઇ બેહોશ બનાવી તેની પાસેથી માલમત્તા કાઢી લઇ હાંકી કાઢે છે. વેશ્યા સ્ત્રીઓમાં શરમ જેવી વસ્તુ જ હોતી નથી દરરોજ અવનવા પુરુષો સાથે હસવાનો ખેલ કરતાં અગર કૃત્રિમ પ્રેમનું નાટક ભજવતાં તેઓ સહજ પણ શરમાતી નથી.

વેશ્યાઓનાં મકાનોમાં હમ્મેશાં કેવા બીભત્સ રસની અવતારણા થાય છે, કેવા ખૂનામરકીના કાળજાં કંપાવે એવા બનાવ બને છે, કેવી મારફાડ અને લૂંટફાટ થાય છે, કેવી બદમાશી અને લુચ્ચાઇ ખેલાય છે, કેટલાં ગૃહસ્થ કુટુંબનું સત્યાનાશ થાય છે એ વર્ણવી

શકાય તેમ નથી. વેશ્યાઓની માયાજાળને લીધે અનેક માતાઓ પુત્ર માટે, સ્ત્રીઓ પતિ માટે રાતદિવસ ઊનાં આંસુ સારે છે; સેંકડો–હજારો યુવકો બાપીકી લાખો રૂપિયાની મિલકત જોતજોતાંમાં ફના કરે છે.

વળી વેશ્યાગમનથી અનેક રોગોની ઉત્પત્તિ થાય છે. એ રોગોમાં ઉપદંશ અને પ્રમેહ સંક્રામક રોગ છે. આયુર્વેદ શાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે, એ રોગનું વિષ જેના શરીરમાં પ્રવેશ કરે છે તેના શરીરનું લોહી હમ્મેશાંને માટે દૂષિત થાય છે.

જો માતાપિતાનામાં ઉપદંશનો રોગ હોય છે તો તે સંતાનોને વારસામાં મળે છે. ઉપદંશના વિષવાળા વીર્યથી જન્મ પામતાં સંતાન પણ એ પીડાનો ભોગ થાય છે. વચ્ચે વચ્ચે તેના શરીર ઉપર સ્ફોટકનાં ચિહ્ન જોવામાં આવે છે. અનેક માણસો પશુતુલ્ય આચરણ આચરી પોતાના વંશનું આવું ભયંકર અનિષ્ટ કરે છે; સુખની આશાથી વેશ્યાગૃહમાં જઇ છેવટે દુઃખનો ભાર ઉપાડી ઘેર પાછા ફરે છે.

માણસ બુદ્ધિમાન હોવા છતાં વેશ્યાને ત્યાં, વખત વીતાડે તો તેના ઘરમાં ગુણિયલ ગૃહિણી નથી એમ જ સમજવું જોઇએ. જો યથાર્થ પતિપરાયણ સતી સ્ત્રી ઘરમાં હોય છે તો અતિ નરાધમ તેમ જ લંપટ પુરુષ પણ પાપમાર્ગનો ત્યાગ કરે છે. જેને ગુણવતી ગૃહિણી ન હોય તેને પાપમાર્ગે જતો કોણ અટકાવી શકે? એ સંબંધી પુરાણમાં એક સુંદર વાર્તા છે.

કાશી નજીક આવેલા કોઇ એક સ્થળે એક બ્રાહ્મણ રહેતો હતો. માણસ જેટલાં ખોટાં પાપકાર્યો કરી શકે એ સઘળાં તે કરતો હતો.

આમ હોવા છતાં એ બ્રાહ્મણની પતિવ્રતા સ્ત્રી ક્ષણ કાળ માટે પણ પતિનો તિરસ્કાર કરતી નહિ. તે સદૈવ એવા નરાધમ નિષ્ઠુર પતિની સેવામાં ગુંથાઈ રહેતી હતી. છેવટે એ બ્રાહ્મણને કોઢનો રોગ થયો. એવી રોગી હાલતમાં પણ એ સતી સ્ત્રીએ ખરા અંતઃકરણથી સહજ પણ તિરસ્કાર સિવાય પતિની સેવા કરવા માંડી. હમ્મેશાં તે પતિને ગંગાસ્નાન કરાવતી હતી. જે ઘાટ ઉપર તે પતિને લઈ જતી હતી એ ઘાટ ઉપર એક દિવસે એ જ ગામની લક્ષહીરા નામની મુખ્ય વારવનિતા સ્નાન કરવા આવી હતી. મરવા છતાં પાપીની પાપેચ્છા દૂર થતી નથી. એ સુંદરી કામિનીને જોઇ રોગી બ્રાહ્મણનું ચિત્ત વિચલિત થયું. તે જો કે સ્નાન કરી ઘેર પાછો તો ફર્યો; પરંતુ વિષયની ચિંતાથી રાત દિવસ તે ઘણો ઉદ્વિગ્ન રહેવા લાગ્યો. પતિવ્રતા સતી પ્રાણ પાથરી સેવા કરતી હોવા છતાં પતિને ચિંતાતુર જોઇ છુપી રીતે પતિની ચિંતાનું કારણ શોધવા લાગી તથા ઘણા પ્રયત્નને અંતે તે પતિની ચિંતાનું કારણ કળી શકી. સતીએ પતિની પાપેચ્છા પાર પાડી તેને સુખી કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. પોતાનો એ સંકલ્પ કેવી રીતે પાર પાડવો એ સંબંધીનો તે વિચાર કરવા લાગી. છેવટે તેણે એક ઉપાય નક્કી કર્યો. તે દરરોજ પરોઢીએ ઉઠી સતી લક્ષહીરા વેશ્યાને ત્યાં જઇ દાસીનું કામકાજ કરી આવવા લાગી. હમ્મેશાં એવું થતું જોઇ લક્ષહીરાને ઘણું આશ્ચર્ય લાગ્યું; છેવટે એક દિવસે લક્ષહીરાએ સતીની પાસે આવી તેને પ્રણામ કરી કહ્યું, "તમે બ્રાહ્મણ કન્યા છો. તમે શા માટે આ પાપિણીનું દાસીકાર્ય કરી તેના પાપમાં વૃદ્ધિ કરો છો? તમારી શી ઇચ્છા છે? જો આ પ્રાણ આપવાથી તમારી ઇચ્છા પાર પડે તેમ હોય તો તે આપવાને પણ હું તૈયાર છું. તમારા જેવાં પતિપ્રાણા સતીની સેવા

કરવાથી મ્હારાં અસંખ્ય પાપો કાંઇક અંશે ઓછાં થશે." પછી સતીએ સઘળી હકીકત લક્ષહીરાને કહી સંભળાવી. એ હકીકત સાંભળી લીધા પછી લક્ષહીરાએ કહ્યું, "એ માટે તમે ચિંતા કરશો નહિ. તમારા પતિને આજે જ મ્હારી પાસે મોકલજો." સંધ્યાકાળ પછી બ્રાહ્મણ ઘણા આનંદથી લક્ષહીરાને ઘેર ગયો; લક્ષહીરાએ આદર-સત્કારથી બ્રાહ્મણને બેસાડી આહારની સામગ્રી તેની પાસે મૂકી. તેણે એક માટીના પાત્રમાં ગંગાજળ તથા એક સોનાના પાત્રમાં સુવાસિત જળ મૂક્યું હતું; પુષ્કળ વિચાર કર્યા પછી બ્રાહ્મણે ગંગાજળ પી લીધું. એ વખતે લક્ષહીરાએ પૂછ્યું, "આવા સુવાસિત જળનો ત્યાગ કરી આપે ગંગાજળ કેમ પીધું?" બ્રાહ્મણે ઉત્તરમાં કહ્યું, "સકળ જળમાં ગંગાજળ શ્રેષ્ઠ હોવાથી જ મ્હેં તે પીધું છે." લક્ષહીરાએ વ્યંગમાં કહ્યું. "ત્યારે પછી ઘરનું ગંગાજળ છોડી આપ અહીં સુવાસિત જળ પીવા કેમ આવ્યા છો?" હવે જ બ્રાહ્મણને ભાન આવ્યું. તત્કાળ તે ઘેર પાછો ફર્યો; પતિવ્રતા પત્નીનો ઘણા દિવસનો પરિશ્રમ સફળ થયો તથા બ્રાહ્મણની મતિ ગતિ તે દિવસથી સુધરી ગઇ.

જ્ઞાન તથા પ્રેમ અલગ વસ્તુ છે. જ્ઞાની જનો વેશ્યાના પ્રેમ-માં-માયામાં ફસાતા નથી એમ તો ન જ કહી શકાય. વેશ્યાની મોહિની શક્તિ આગળ જ્ઞાની, મૂર્ખ, વૃદ્ધ, જુવાન—સહુ લાચાર બની જાય છે. પરમેશ્વર તરફનો પ્રેમ, માતાપિતા તરફનો સ્નેહ, સ્ત્રીની માયા, સંતાનો તરફની ભક્તિ એ સઘળું વેશ્યાની માયા પાસે હારી જાય છે. કેવળ એક જ વખત વેશ્યાનાં કુટિલ નયનબાણથી ઘાયલ થઇ અસંખ્ય જુવાનો આત્મસુખ ઉપર પાણી ફેરવે છે. સ્ત્રીનો હૃદયવિદારક વિલાપ, માતાપિતાના અંતરના ગાઢ નિશ્વાસ, વેશ્યાના

ચારનું હૃદય પીગળાવી શકે તેમ નથી. બીજાના સામાન્ય દુઃખથી જેનું હૃદય રડી પડતું હતું તે જ જો જો વેશ્યાની માયામાં ફસાય છે તો સંતાનોની ક્ષુધા તરફ પણ તે દુર્લક્ષ્ય કરે છે, સાધ્વી સ્ત્રીને આંસુ સારતી જોઇ તેનો ઉપહાસ કરે છે. હરેક પ્રકારનાં વિષ કરતાં વેસ્યાની માયા એ ભયાનક વિષ છે. આ સઘળા જરૂરી વિષય અત્યંત યત્નપૂર્વક પિતામાતાએ સંતાનોને સમજાવવા જોઇએ; કેમ કે, જો સંતાન એક વખત કુમાર્ગે ચઢી જાય છે તો પછી તેને બચાવવાનું કાર્ય કઠિન થાય છે.

પ્રકરણ ૨૫ મું

વ્યસનનું દુષ્પરિણામ

પતિઃ—નૃત્ય, ગીત અને સુરા એ વેશ્યા સાથે નિકટનો સંબંધ ધરાવે છે. વેશ્યાના વિલાસીઓ ભાગ્યે જ નૃત્ય, ગીત તથા સુરાના દાસત્વમાંથી બચી જાય છે. વેશ્યાને ત્યાં જનાર લંપટ પુરુષો શરમને હાંકી કાઢવા માટે શરાબની ખરાબ આદતના ગુલામ બને છે. કેટલાક એવા પુરુષો પણ છે કે, જેઓ વેશ્યાને ત્યાં નહિ જતા હોવા છતાં સુરાપાન કરે છે તથા વેશ્યાને ત્યાં જનારામાંના કોઇ કોઇ સુરાપાન કરતા નથી.

સુરા માદક પદાર્થોમાં મુખ્ય હોવાથી અત્રે એ જ વિષય પરત્વે વિવેચન કરવામાં આવે છે. ગાંજો, અફીણ, ભાંગ, ચરસ વગેરે પણ માદક પદાર્થો હોઇ શરીરનો નાશ કરનાર છે.

દારુડીઆ માણુસને સંસારમાં કાંઇ આકર્ષણુ હોતું નથી. સ્ત્રી-પુત્ર ક્ષુધાની વેદનાથી હાહાકાર કરતાં હોવા છતાં દારુડીઓ તે તરફ દુર્લક્ષ્ય કરે છે. તેને શરાબ મળતાં સ્વર્ગ મળ્યું હોય એમ જ લાગે છે. જે અભાગી માણુસો ટૂંકી કમાણીવાળા હોવા છતાં શરાબની આદતમાં સપડાય છે તેમના ઘરમાં હમ્મેશાં દંદ્વ યુદ્ધ જામે છે. શરાબની કેફને લીધે એવા માણસોથી કામ-ધંધો થઇ શકતો નથી; તે ઉપરાંત નજીવા કારણથી દારુડીઆ માણુસો ઉશ્કેરાય છે, એમની ટૂંકી આવકમાંથી એમની બુરી ટેવનું ખરચ પણુ નભી શકતું નથી. વળી જેઓ ધનવાન છે તેમણે માદકપદાર્થનું સેવન કરવું જોઇએ એમ કહેવાનો આશય નથી. હમ્મેશાં સંપત્તિનો સદુપયોગ કરવો જોઇએ. અર્થનો દુરુપયોગ કરવો એ અન્યાય તેમ જ અવનતિનું કારણુ છે.

સુરાની મત્તતાથી મુખ્યત્વે કરીને અકાળ મૃત્યુ થાય છે. સુરાપાનથી શરીરના સ્વાસ્થ્યનો હમ્મેશાંને માટે નાશ થાય છે. દારુની અસરથી લીવર બગડે છે અને પરિણામે શરીર રોગના મંદિર જેવું બની જાય છે. સુરાપાન કરનારાઓમાંના ઘણાખરા લીવરની બીમારીથી મરણુ પામે છે.

મનુસંહિતામાં સુરાપાનની અંધતા દર્શાવવામાં આવી છે, બાયબલમાં તેની અયોગ્યતાનો ઉલ્લેખ છે. કુરાનમાં સુરાને પિતાના લોહી સાથે સરખાવી છે. શંકરાચાર્યે કહ્યું છે કે, "મદ્ય શિક્ષણમાર્ગનો મહાન્ શત્રુ હોવાથી એની છાયાને પણુ સ્પર્શ કરવો જોઇએ નહિ." શરાબ સંબંધી યહુદીઓમાં એવી કહેવત છે કે, "Where Satan can not go in person, he sends wine."

જ્યાં શયતાન પોતે જઇ શકતો નથી ત્યાં શરાબને મોકલે છે. ચૌલિસ નામનો ગ્રંથકાર લખે છે કે,

‘Once the demon enters
    Stands within the door,
Peace and hope, glad-ness,
    Dwell there never more.’

એક વખત શરાબરૂપી રાક્ષસ પ્રવેશ કરે છે એટલે પછી તે કદાપિ બ્હાર નીકળતો નથી. પછી ત્યાં શાન્તિ, આશા અને આનંદ રહી શકતાં નથી. શેક્ષપીઅરના ગ્રંથોમાં તો શરાબની નિંદા સંબંધી ઘણાં ઉત્તમોત્તમ વચન જોવામાં આવે છે. એક સ્થળે એ લખે છે કે,

“Oh that men should put an enemy in their mouths. To steal away their brains, that we should with joy, pleasance revel and applause, transform ourselves in to beasts.”

આવા મદિરારૂપી શત્રુને લોક પોતાના મુખમાં રાખે એ કેવું આશ્ચર્ય છે ! એ તેમની બુદ્ધિ હરી લઇ છેવટે તેમને પશુ જેવા બનાવી દે છે.

સુવિખ્યાત કવિ અને બંગમહાત્મા માઇકલ મધુસુદન દત્તે કહ્યું છે કે, “ બંધુઓ ! જે ઉત્કટ રોગથી મ્હેં જીવ ગુમાવ્યો છે એ રોગ થવાનું કારણ સુરાપાન છે. હું તમને ચેતાવું છું કે, કોઇ મ્હારી માફક એ ઝેર પી જીવ ગુમાવશો નહિ.”

સુરાપાનમાં કેટલા બધા દોષનો સમાવેશ થયેલો છે એ નીચેના ઉદાહરણ ઉપરથી સમજી શકશે.

મુંબાઇ નજીક એક યુવક તેની સહધર્મિણી સાથે એકાન્ત સ્થળે રહેતો હતો. એ યુવક ઘણો શરાબ પીતો હતો તથાં એ વેશ્યાસક્ત હતો. મુંબાઇમાં તેણે એક વેશ્યાને માસિક પગાર બાંધી રાખી હતી. યુવક હમ્મેશાં રાતનો વખત એ વેશ્યાને ત્યાં ગુજારતો હતો તથા સ્હવારે ઘેર પાછો ફરતો હતો. તે પુષ્કળ દારુ પીતો હોવાથી તેને બાળબચ્ચાં થયાં નહોતાં. તેના કુટુંબમાં કેવળ તેની સ્ત્રી હતી. એ યુવક પાસે બાપીકી મિલકત સારા પ્રમાણમાં હોઇ કેટલાંક દાસ-દાસીઓ તેના સંસારમાં કામ કરતાં હતાં. એ યુવકને કદાપિ દ્રવ્ય સંબંધીની ચિંતા કરવી પડતી નહિ. સંધ્યાકાળે ઘર છોડી તે મુંબાઇ જતો હતો તથા વેશ્યાને ત્યાં બે ચાર બંધુ બાંધવસહ બીભત્સ લીલામાં રાત વીતાડતો હતો. રાત્રે બ્હાર નહિ જવા માટે તેની સ્ત્રી તેની પાસે ઘણું કરગરતી હતી, પતિને રાજી રાખવા માટે તે એ કહે તેમ કરવા તૈયાર હતી; છતાં યુવકથી વેશ્યાની માયા છોડી શકાતી નહિ. પતિના એવા દુરાચારથી સ્ત્રીનો અંતરાત્મા ઘણો દુઃખી થતો હતો તથા દિવસે દિવસે સંસાર ઉપર તેને વિરક્તિ થતી હતી. હમ્મેશાં તેના અન્ન સાથે અશ્રુજળ ભળી જઇ ઉદરમાં જતું હતું. ધીમે ધીમે તેને પોતાના જીવન ઉપર પણ ધિક્કાર છૂટયો.

એક દિવસે યુવક પોતાની રખાત વેશ્યાને ત્યાં ગયો ત્યારે તેણે એ વેશ્યાસહિત એક અજાણ્યા જુવાનને એક શય્યામાં આમોદ પ્રમોદ કરતો જોયો. બન્ને જણાંએ પુષ્કળ શરાબ પીધો હતો. યુવકે તેની પ્રણયિનીને પૂછયું, “ આ યુવક કોણ છે ? ” વેશ્યાએ ઉત્તર

આપ્યો, " એ મ્હારા ભાઇ થાય છે. ઘણા દિવસે તેઓ મ્હારી ખબર લેવા આવ્યા છે. તમારા મનમાં જે સંદેહ ઉપજ્યો છે તે અમૂલક છે. હું કદાપિ વિશ્વાસઘાતકતા કરું તેમ નથી." આમ છતાં યુવકનો સંદેહ દૂર નહિ થવાથી તેણે એ વેશ્યાનો થોડો તિરસ્કાર કર્યો. બીજી તરફથી એ વેશ્યાને એક માલદાર શીકાર મળી આવ્યો હતો, તેથી તેણે યુવક તરફથી તિરસ્કાર થતાં તેને પુષ્કળ અશ્રાવ્ય વચન સંભળાવી હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો. કલહે ગંભીર રૂપ ધારણ કર્યું. એટલે યુવકના પ્રાણની પ્રણયિની—જેને માટે તેણે સંસારનો ત્યાગ કર્યો હતો, સાવિત્રી જેવી ભક્તિમતી સતીને હમ્મેશાં રડાવી હતી. સમાજ અને ધર્મ ઉપર લત્તાપ્રહાર કર્યો હતો તે જ સ્નેહની સુંદરી સર્પિણીનું રૂપ ધારણ કરી ઝેરી ફુંફાડા મારવા લાગી. ઘરવાળી બુઢ્ઢીએ પણ એ વેશ્યાનો પક્ષ સ્વીકાર્યો. યુવક વિશેષ અપમાનિત થવું વ્યાજબી નથી એમ વિચારી ગાડીમાં બેસી ચોપાટી ચાલ્યો ગયો.

સમુદ્રતટના નિર્મળ તથા શીતળ વાયુથી તેનું વિકૃત મસ્તક અમુક અંશે સ્થિર થયું એટલે તેના મનમાં અનેકવિધ વિચાર ઉપજવા લાગ્યા. તે વિચારવા લાગ્યો, "મ્હેં કેવું મૂર્ખતા ભરેલું કામ કર્યું છે. આજ સુધી મ્હેં દૂધ પાઇ સર્પિણી ઉછેરી છે. એ સર્પિણીએ દંશ દીધેલો હોવાથી ઝેરની જ્વાળાથી જીવનપર્યંત મ્હારે વેદના વેઠવી પડશે. જેને માટે મ્હેં સઘળા પાર્થિવ સુખ ઉપર પાણી ફેરવ્યું છે, ઇજ્જત આબરુ ગૂમાવ્યાં છે તેણે જ આજે મ્હને ગાળો ભાંડી હાંકી કાઢ્યો ! એક દિવસે જેનું મ્હોં નહિ જોવામાં આવતાં સમસ્ત જગતમાં મ્હને અંધકાર દેખાતો હતો, જેને હૃદય ઉપર ધારણ કરી હું સ્વર્ગસુખ અનુભવતો હતો તેણે જ આજે આવી રીતે મ્હારું હડહડતું અપમાન કર્યું. એનો સઘળો પ્રેમ બનાવટી હતો; વાક્ચાતુ-

રીથી તેણે મ્હને ફસાવ્યો હતો; હું મૂર્ખ હોવાથીજ મૃગજળને પાણી સમજી તૃષા છીપાવવા દોડ્યો હતો ”

આવા વિચાર કરતાં કરતાં યુવકના મનમાં પતિવ્રતા પત્ની યાદ આવી. સાવિત્રી સમાન સાધ્વી સતી જાણે કે તેના કાનમાં એમ કહેતી હતી કે, “ પ્રાણેશ્વર ! હવે અફસોસ શા માટે કરો છો ? રાંડજાત કોઇની થઇ નથી તથા થશે પણ નહિ. મ્હેં મ્હારું હૃદય તમારે માટે પાથરી રાખ્યું છે; હું અંતઃકરણપૂર્વક તમને ચાહું છું: તમે આવી મ્હારા હૃદયસિંહાસન ઉપર બિરાજો.”

આ વખતે યુવકને એમ લાગ્યું કે, તેની સ્ત્રી અત્યંત અધીર-ચિત્તે તેની રાહ જોતી હશે. એ વખતે રાત ઘણી વીતી હતી. કોચ-મેનને યુવકે ઘર તરફ લઇ જવાની આજ્ઞા કરી. પશ્ચાત્તાપના પ્રબળ અગ્નિથી યુવકનું હૃદય સળગી જતું હતું. તે સ્વગત કહેવા લાગ્યો, “ આ વખતે મ્હને બરાબર શીખામણ મળી છે. સતીને સંતાપવાના મહા પાપનું પરિણામ મ્હને મળ્યું છે. વિવાહ થયા પછી, એક દિવસ માટે પણ હું એ સાધ્વી પત્નીને સુખી કરી શક્યો નથી. કદાપિ મ્હેં તેને એક પણ મધુર વચન સંભળાવ્યું નથી. મ્હારી દરેક ઇચ્છાને સંતોષવાની ઉત્સુકતા તેણે દર્શાવેલી હોવા છતાં મ્હેં નીચ વેશ્યાની સોબત છોડી નહોતી. મ્હને યોગ્ય સજા થઇ છે. હવે હું મ્હારી સ્ત્રીને સુખી કરી મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ; આટલા દિવસનું તેનું દારુણ દુ:ખ હું દૂર કરીશ. હે ઈશ્વર ! એ પાપિણ સાથે ઝઘડો કરવાની સદ્બુદ્ધિ સુઝાડવા માટે હું તમારો અંતઃકરણ-પૂર્વક ઉપકાર માનું છું.”

ગાડી બંગલાના બગીચા નજીક જઇ પહોંચી. રાત ઘણી વીતી

ગયેલી હોવાથી સર્વત્ર ગંભીર નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થપાયું હતું. સમસ્ત આલમે એક પ્રકારનો ભયંકર ભાવ ધારણ કર્યો હોય એવો ભાસ થતો હતો. યુવકે બંગલામાં પ્રવેશ કર્યો એટલે માળ ઉપરના શયનગૃહમાંથી કોઇના રુદનનો અવાજ તેણે સાંભળ્યો. યુવક શંકિત ચિત્તે, ધબકતા હૃદયે ઝડપથી શયનગૃહમાં ગયો. શયનગૃહનું દ્વાર ઉઘાડતાં ગાલીચો લોહીથી ભીંજાઇ ગયેલો દેખાયો. તેની સ્ત્રી અર્દ્ધ-નગ્ન સ્થિતિમાં ગાલીચા ઉપર પડી આર્ત્તનાદ કરતી હતી. તેનો ચોટલો છૂટો થઇ ગયો હતો. યુવક અત્યંત વ્યાકુળ ભાવથી દીપકને સતેજ કરી પત્ની નજીક ગયો તો સ્ત્રીની છાતીમાં તીક્ષ્ણ ધારવાળી કટાર પેસી ગયેલી તેના જોવામાં આવી. ઘામાંથી પુષ્કળ લોહી વહી જતું હતું. અભાગિની રમણી મુર્ચ્છિતા થઇ જઈ અસ્પષ્ટ આર્ત્તનાદ કરતી હતી. આ દેખાવ જોવામાં આવતાં હતભાગ્ય યુવકના શિર ઉપર જાણે કે આકાશ તૂટી પડયું. કાંઇ પણ સમજી નહિ શકાવાથી વિમૂઢ ભાવથી તે આમતેમ જોવા લાગ્યો. પછી બનતી સારવાર કરી પત્નીને બચાવવાના વિચારથી તેણે કટાર છાતીમાંથી બ્હાર ખેંચી કાઢી. તે સાથે તીરવેગથી લોહી વહી જવા લાગ્યું. ડૉકટરને બોલાવી લાવવા છોકરાને દોડાવવામાં આવ્યો. થોડા વખતમાં ડૉકટર આવી પહોંચ્યો. તેણે તપાસ કરી કહ્યું, "બીજા કોઇએ આ કાર્ય કર્યું હોય એમ લાગતું નથી; તમારાં સ્ત્રીએ આત્મહત્યા કરી હોય એમ જ લાગે છે. ગમે તેમ હો, હું મ્હારાથી બનતો પ્રયત્ન અવશ્ય કરીશ. વિવિધ પ્રકારના ઔષધપ્રયોગથી એ અભાગિની રમણી શુદ્ધિમાં આવી; પરંતુ તે ઉઠી શકી નહિ. ડૉકટર બ્હાર જઇ દિવાનખાનામાં બેઠો હતો. એકાંતમાં યુવકે પત્નીને પૂછ્યું, "હૃદયેશ્વરિ! ત્હેં શા માટે આવું કાર્ય કર્યું? ત્હેં વધુ એક દિવસ માટે કેમ રાહ

જોઇ નહિ ? આજથી મ્હેં સઘળા દુરાચારનો ત્યાગ કર્યો છે. જેની માયાજાળમાં ફસાઇ એક દિવસને માટે પણ મ્હેં તને સુખી કરી નથી એ કુલટા વેશ્યાનો મ્હેં ત્યાગ કર્યો છે. આજથી હું તને મ્હારા હૃદયમાં સ્થાન આપીશ. આજથી તું એકલી જ આ હૃદયરાજ્યની અધીશ્વરી થઇશ. અંતરમાં તને સુખી કરવાની આશાને સ્થાન આપી હું ઘેર આવ્યો હતો. આવો દેખાવ જોવો પડશે એવી કલ્પના સુદ્ધાં મ્હારા મનમાં ઉપજી નહોતી. તું ઉદારચિત્તે મ્હને ક્ષમા આપ."

ઘણા દિવસ પછી પતિને મુખે આવાં પ્રેમપૂર્ણ વચન સાંભળી આટલા બધા દુ:ખમાં પણ સ્ત્રીનું હૃદય નાચી ઉઠ્યું ! પ્રશાન્તમુખે તે કહેવા લાગી, "સ્વામિન્! આજે આટલા બધા દુ:ખમાં પણ હું દૈવી આનંદ અનુભવું છું. આટલા દિવસ સૂધી હૃદયમાં મ્હેં જે આશા ધારણ કરી રાખી હતી તે આજે સફળ થઇ છે; છતાં મ્હારું હૃદય છિન્ન થઇ ગયું છે. મ્હને બચાવવાનો વૃથા પ્રયત્ન તમે કરશો નહિ. મ્હારું મૃત્યુ હવે વિના વિલમ્બે થશે. એક વખત તમે મ્હારી પાસે આવો—એક વખત મ્હને મ્હારું છિન્ન હૃદય શીતળ કરવા દ્યો. આટલા દિવસથી જે સુખની આશા પાછળ દિવાનીની માફક ફરી છું એ સુખ મ્હને મળ્યું છે. તમારી મતિગતિનું પરિવર્તન થયેલું જોઇ ફરી જીવવાની ઇચ્છા મ્હને થાય છે; પરંતુ એ ઇચ્છા કોઇ પણ પ્રકારે સફળ થાય તેમ નથી. તમે મ્હને ક્ષમા આપો. મ્હારા અપરાધોનો પાર નથી; હું અભાગિની હોવાથી તમને સુખી કરી શકી નથી. તમે ક્ષમા આપશો તો હું સુખેથી મરી શકીશ. તમે મ્હને ચાહો છો એવું જાણી મરવાથી પણ મ્હને સુખ છે. મ્હારા જેવી અનેક રમણી તમારી ચરણસેવિકા થવા ઇચ્છશે. પુનઃ તમે સંસારી થઇ સુખ ભોગવજો; છતાં એ નવવધૂને દુ:ખી કરશો નહિ.

મૃત્યુથી જો કદાચ આત્માનો નાશ નહિ થતો હોય તો પરજન્મમાં આપણું અવશ્ય મિલન થશે. પુન હું તમને પરલોકની અંદર મ્હારા પ્રેમબંધનમાં બાંધીશ. હૃદયેશ્વર! મ્હારાથી વિશેષ બોલી શકાતું નથી. મ્હને એક વખત હૃદય સરસી ચાંપો. તમારી પ્રેમમૂર્તિનું ધ્યાન ધરતાં ધરતાં મ્હારો છેવટનો શ્વાસ નીકળવા દો.'' આટલું બોલ્યા પછી એ સતી રમણી પુનઃ બેશુદ્ધ બની ગઇ. ડૉકટરે આવી તેને શુદ્ધિમાં લાવવાના ઘણા પ્રયત્ન કર્યા; પરંતુ એકકે પ્રયત્ન સફળ થયો નહિ. જોતજોતાંમાં તેનો પ્રાણવાયુ દેહપિંજરનો ત્યાગ કરી ગયો અને અચેતન દેહ નીચે પડી રહ્યો.

આવી રીતે એક નિર્દોષ નારી પતિના દુરાચારનો ભોગ થઇ પડી.

પ્રકરણ ૨૬ મું

યૌવનનો આદર્શ માર્ગ યાને સ્વર્ગીય સંસાર.

પતિ —વેશ્યા તથા શરાબથી માનવજીવનની કેવી ખાનાખરાબી થાય છે એ હું તને સમજાવી ચુકયો છું. સંસારમાં સુખી થવાની ઇચ્છા રાખનારે યૌવનકાળમાં આદર્શ માર્ગે જ જવું જોઇએ. એવા એક આદર્શ સંસારની વાત હું તને કહી સંભળાવું છું.

સુરત નજીકના એક ગામડામાં વિનોદલાલ નામનો એક ગૃહસ્થ રહેતો હોઇ તે ઘણો સદાચારી પુરુષ હતો. તેનું અંતઃકરણ ઉદાર હતું. સુશીલા નામની તેની પત્ની પણ સંસારમાં આદર્શ સતી સ્ત્રી હતી. સુશીલા સુશિક્ષિતા, સચ્ચરિત્રા અને સકળ સદ્ગુણથી વિભૂષિતા સ્ત્રી હતી. વિનોદલાલે પોતાની પત્ની સુશીલાને સાંસારિક વિષયોનું

તથા સંતાનશાસ્ત્રનું ઉત્તમ પ્રકારે શિક્ષણ આપ્યું હતું. ઋતુ, સહવાસ, ગર્ભરક્ષણ, બાળઉછેર આદિ ઉપયોગી વિષયોનું સુશીલાએ આવશ્યકીય જ્ઞાન મેળવ્યું હતું. સુશીલા હરેક કાર્ય પતિના ઉપદેશને અનુસરી કરતી હતી. નવદંપતિના દિવસો આનંદમાં પસાર થવા લાગ્યા. એવામાં કોઇ શુભ ક્ષણે સુશીલા સગર્ભા થઇ. ગર્ભાવસ્થામાં તે ગર્ભિણીએ પાળવાના નિયમો અવશ્ય પાળવા લાગી. છેવટે નવ મહિને તેણે એક અત્યંત સુંદર પુત્રરત્નને જન્મ આપ્યો. સૂતિકાગૃહનાં સકળ કાર્ય ચિકિત્સા શાસ્ત્રાનુસાર સંપન્ન થવા લાગ્યાં. બીજી તરફથી નવકુમાર પણ દિનપ્રતિદિન ચંદ્રકળાની માફક વધવા લાગ્યો. એવી રીતે જોતજોતાંમાં છ મહિના પસાર થઇ ગયા. નવકુમારના અન્નપ્રાશનનો પ્રસંગ ઘણી ધામધુમથી ઉજવવામાં આવ્યો. વિનોદલાલે એ પ્રસંગે પોતાના ઘણા બંધુબાંધવોને નિમંત્રણ કરી પાન ભોજનથી પરિતુષ્ટ કર્યાં.

ધીમે ધીમે નવકુમાર તેનાં માતાપિતાને ઓળખતાં તેમ જ બોલાવતાં શીખ્યો. સુશીલાના આનંદનો પાર રહ્યો નહિ. જે ભાગ્યવતી સુંદરી સંતાનની જનની થઇ હોય છે તે જ સુશીલાના આનંદને સમજી શકે તેમ છે. આ સુખ દુઃખપૂર્ણ સંસારમાં સુકુમાર શિશુનું મ્હોં કેટલું બધું આનંદદાયક હોય છે તે સંતાનનાં માતાપિતા જ સમજી શકે તેમ છે. યથાનિયમ ઇશ્વરની આજ્ઞાને આધીન થઇ પ્રફુલ્લ મનથી સંસાર માંડવામાં આવે છે તો સંસાર સ્વર્ગ સમાન બને છે. દુરાચારમાં લીન બનેલાં પાપી માણસો એ સ્વર્ગની કલ્પના કાળાંતરે પણ કરી શકે તેમ નથી.

પુત્ર પાંચ વર્ષનો થયો એટલે સુશીલા તથા તેનો પતિ પુત્રને શિક્ષણ આપવાનો વિચાર કરવા લાગ્યાં. બાળક રમતો કુદતો આંગ-

ણામાં ફરતો હતો ત્યારે તેને જોઈ માતાપિતાનો આનંદ ઉરમાં સમાતો નહોતો. આડોશપાડોશનાં ન્હાનાં બાળકો સાથે આખો દિવસ રમત-ગમત કરી પુત્ર જ્યારે માતા પાસે આવતો ત્યારે સુશીલા સ્નેહાતિશયથી તેને ખોળામાં બેસાડી તેના મુખ ઉપર ચુંબનોની વૃષ્ટિ વરસાવતી હતી. આવી રીતે બાળકના દિવસો નિર્દોષ આનંદમાં પસાર થવા લાગ્યા. એક દિવસે રાત્રે સુશીલાએ પતિ પાસે પુત્રના અભ્યાસની વાત કાઢી. વિનોદલાલે એ વાતમાં સંમતિ દર્શાવી કહ્યું, "સુશીલા! એ બાળક જ ભવિષ્યમાં મ્હારું સ્થાન સ્વીકારશે. મ્હારાથી જે કર્ત્તવ્ય અપૂર્ણ રહે તે આપણો પુત્ર મ્હોટો થઇ પૂર્ણ કરે એવી આશા હું રાખું છું. બાલ્યકાળથી શિશુના ચારિત્ર્ય મ્હોટી ઉમ્મરે થાય છે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે,

'यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।
कथाच्छलेन बालानां नीति स्तदिह कथ्यते ॥'

જે સઘળા મહા પુરુષો દુનિયામાં ઉત્પન્ન થયા છે તેમને સઘળો ઉપદેશ બાલ્યકાળમાં જ તેમનાં માતાપિતાદ્વારા મળ્યો હતો. હું અનેકવિધ કાર્યોમાં રોકાયલો રહું છું. આપણો પુત્ર ઘણા થોડા વખત માટે મ્હારી પાસે રહી શકે છે; આમ હોવાથી તેની ખરેખરી શિક્ષયિત્રી તું જ છે. જગદ્વિખ્યાત મહાવીર નેપોલિયન બોનાપાર્ટે કહ્યું છે કે, 'જો યોગ્ય સંતાન મેળવવાની ઇચ્છા હોય તો યોગ્ય માતાઓ તૈયાર કરો; કારણ કે સંતાનને મુખ્યત્વે કરીને માતાના ઉપદેશ અને સદ્‌ગુણોનો વારસો મળે છે.' આમ હોવાથી સંતાનનું ચારિત્ર્ય ઘડવા તરફ માતાએ સવિશેષ લક્ષ્ય રાખવું જોઇએ. તું સુશિક્ષિતા સુંદરી હોવાથી એ વિષય સંબંધી મ્હારે તને વિશેષ ઉપદેશ આપવાની આવશ્યકતા નથી."

સુશીલાએ કહ્યું, " પરંતુ બચ્ચુને આખો દિવસ રમવાનું ગમે છે: તેને મ્હારે કેવી રીતે ભણવા બેસાડવો ? "

વિનોદલાલે કહ્યું, " બાળકો માટે ઇશ્વરે જ રમતગમતનું વિધાન કર્યું છે. ન્હાનપણમાં રમતગમતદ્વારા બાળકને શિક્ષણ મળી શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ. જે જે દેશમાં બાળકોને રમતગમતની અંદર શિક્ષણ આપવાની વ્યવસ્થા છે તે દેશનાં બાળકો સહેલાઇથી શિક્ષણ મેળવી શકે છે. બાળકને મારવાથી અગર ધમકાવવાથી હિતને બદલે વિપરીત પરિણામ આવે છે; એથી એના માનસિક તેજનો નાશ થાય છે. "

પતિના ઉપદેશને લક્ષ્યમાં રાખી સુશીલા પોતાના પુત્રને શિક્ષણ આપવા લાગી. પુત્ર નિશાળે જતાં ગુરુમહાશયની નેતરની સોટીથી ડરતો હતો; પરંતુ માતા પાસે બેસી તે આનંદથી રમતાં રમતાં શિક્ષણ મેળવતો હતો. વિનોદલાલ પુત્રના જ્ઞાનને પોષક થઇ પડે એવાં બાળોપયોગી વાર્ત્તાનાં પુસ્તકો તથા રમતગમતનાં સાધનો લાવી આપતો હતો.

સુશીલાએ પુત્રનું નામ સુબોધચંદ્ર પાડ્યું હતું. સુબોધ બાળ-સુલભ જીજ્ઞાસાવૃત્તિથી અનેક વિષય સંબંધીના પ્રશ્નો માતાપિતાને પૂછતો હતો તથા એ પ્રશ્નોના ઉચિત ઉત્તરો સાંભળવામાં આવતાં સ્વાભાવિક રીતે જ તેના જ્ઞાનની વૃદ્ધિ થતી હતી. રામ, ભરત, લક્ષ્મણ, ધ્રુવ, પ્રહ્લાદ, શ્રવણ વગેરેનાં ચરિત્રો તો સુબોધે કંઠસ્થ કર્યાં હતાં.

સુબોધના જ્ઞાનનો જેમ જેમ વિકાસ થવા લાગ્યો તેમ તેમ પાઠશાળા સંબંધીનો તેનો ભય દૂર થઇ ગયો તથા તે હમ્મેશાં

નિયમિત સમયે પાઠશાળામાં જવા લાગ્યો. શિક્ષાગુરુ સુબોધની આશ્ચર્યજનક સ્મરણશક્તિ જોઇ વિચારમાં પડી જતા હતા તથા કોઇ કોઈ પ્રસંગે સુબોધના અટપટા પ્રશ્નનો ઉત્તર આપતાં ગુંચવાઇ જતા હતા. સુબોધ પાઠશાળામાં જતો હોવા છતાં ઘણું ખરું શિક્ષણ તેને ઘરમાં માતા તરફથી મળતું હતું.

પ્રત્યેક પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઇ સુબોધે છઠ્ઠા ધોરણની પરીક્ષા પસાર કરી અને તે સાથે ઈંગ્રેજી ત્રીજા ધોરણની પરીક્ષા પસાર કરી. ગામમાં હાઈસ્કૂલ નહિ હોવાથી વિનોદલાલે પુત્રને મુંબાઇ મોકલ્યો. એકના એક પુત્રને પોતાની પાસેથી વિદાય કરતી વખતે સુશીલાનું હૃદય ઘણું દુખિત થયું; પરંતુ પુત્રના ભાવી કલ્યાણની કામનાથી એ દુ:ખ તેણે મનમાં જ દબાવી રાખ્યું. સુબોધ મુંબાઇ જઇ તન્મય ચિત્તે ઈંગ્રેજી અભ્યાસ કરવા લાગ્યો. બીજી ભાષા તરીકે તેણે સંસ્કૃત ભાષા પસંદ કરી હતી.

વિનોદલાલે સુબોધને મુંબાઇની અંદર એકલો નહિ રાખતાં પોતાની જ્ઞાતિના એક પરિચિત કુટુંબમાં રાખ્યો હતો. એ કુટુંબના વડિલ મનહરલાલ વારંવાર વિનોદલાલને પત્ર લખી સુબોધની પુષ્કળ પ્રશંસા કરતા હતા. સુબોધ પણ વચ્ચે વચ્ચે માતાપિતાને પત્ર લખતો હતો. તે પિતાને ઈંગ્રેજીમાં અને માતાને ગુજરાતીમાં પત્ર લખતો હતો.

અંતે સુબોધની વિદ્યાબુદ્ધિથી વિમુગ્ધ થઇ મનહરલાલે પોતાની એકની એક કન્યા સુહાસિની સાથે સુબોધનો વિવાહ કરવાની ઇચ્છા વિનોદલાલને લખી જણાવી. એ પ્રસંગે સુશીલા તથા વિનોદલાલ વચ્ચે પુત્ર સંબંધી ઘણી વાતચિત થઇ.

સુશીલાના સ્ત્રીહૃદયમાં હમ્મેશાં એક પ્રકારનો ભય રહેતો હતો. તે વચ્ચે વચ્ચે વિનોદલાલને કહેતી કે, " મુંબાઇમાં રહી ઘણા છોકરા બગડી જાય છે એમ મ્હેં સાંભળ્યું છે. આપણો સુબોધ અવળે માર્ગે ન ચઢી જાય એ તરફ આપણે ધ્યાન આપવું જોઇએ."

વિનોદલાલે કહ્યું, " સુશીલા ! ત્હારો ભય અસ્થાને છે. બાલ્યકાળથી સુબોધનું ચારિત્ર્ય ઘડવામાં ત્હેં જે શ્રમ લીધો છે તે ઉપરથી હવે કોઇ પણ સંયોગમાં એનું ચારિત્ર્ય દૂષિત થવાનો સંભવ નથી. વળી માણસનું ધાર્યું શું થઇ શકે છે ? આપણે કેવળ નિમિત્તરૂપ છીએ. આપણે આપણી ફરજ બજાવી ઇશ્વરના મંગળ વિધાન ઉપર વિશ્વાસ રાખવો જોઇએ. વળી સુબોધના ચારિત્ર્યમાં લેશ પણ અનિષ્ટનો સંચાર થયો હોત તો મનહરલાલ તેની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરવાની ઇચ્છા દર્શાવત નહિ. સુબોધ કદાપિ કુમાર્ગે નહિ જાય એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું. ઊંડી દૃષ્ટિથી જોતાં એમ જણાઈ આવે છે કે, માતાપિતાના ઉપદેશ તથા બંધુમંડળનું આચરણ જોઇ મનુષ્ય પોતાનો માર્ગ પસંદ કરે છે.

'हीयते हि मतिस्तात हीनैः सह समागमात् ।
समैश्च समतामेति विशिष्टैश्च विशिष्टताम् ॥ "

મુંબાઈમાં મનહરલાલના પરિવારમાં રહી સુબોધે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. મનહરલાલ તરફ સુબોધ હમ્મેશાં આદરભાવથી જોતો હતો તથા મનહરલાલ સુબોધને પોતાનો જ પુત્ર સમજી તેના શિક્ષણ અને ચારિત્ર્યબંધારણ તરફ સૂક્ષ્મ દૃષ્ટિ રાખતા હતા. તેઓ સંધ્યાકાળે ઑફિસેથી આવી કન્યા સુહાસિની તથા સુબોધને પાસે બેસાડી વિવિધ વિષયનો ઉપદેશ આપતા હતા. મનહરલાલના ઉન્નત ચારિ-

અનો પ્રભાવ ક્રમશઃ સુબોધ ઉપર પ્રભુત્વ વિસ્તારતો હતો. તેમના સ્વદેશાનુરાગ તથા સ્વદેશસેવાનો સંચાર સુબોધના સંસ્કારી અંતઃકરણમાં પણ થયો હતો. દાસત્વપ્રથા તરફ સખ્ત તિરસ્કાર હોવાથી મનહરલાલે યુવાનીના આરંભકાળથી સ્વતંત્ર વ્યવસાય ચાલૂ કર્યો હતો. શારીરિક સ્વાસ્થ્યની કાળજી, સમયનો સદુપયોગ, સ્વાવલંબન, સંપત્તિનો ઉપયોગ, વ્યવસાય પસંદ કરવાની યોગ્યતા, દૃઢ ઇચ્છાશક્તિ, સંભાષણ કુશળતા, વગેરે જીવનસંગ્રામમાં વિજયી થવાના સઘળા ગુણ મનહરલાલમાં હોવાથી પોતાના વ્યવસાયને તેમણે સફળ બનાવ્યો હતો. તેમના સંસારમાં વૃદ્ધા માતા, સ્ત્રી અને એક માત્ર કન્યા સુહાસિની ઉપરાંત બીજું કોઇ નહોતું. સુહાસિની એકની એક કન્યા હોવાથી મનહરલાલનો તેના ઉપર ઘણો પ્રેમ હતો. સુબોધના સદ્‌ગુણોનો પરિચય થયા પછી સુહાસિની માટે એ જ યોગ્ય વર છે એવી આશાનું તેમણે પોતાના મનમાં પોષણ કર્યું હતું. સુહાસિની પણ જેમ જેમ કન્યાની અવસ્થા વટાવી મુગ્ધા થવા લાગી તેમ તેમ સુબોધને પોતાનો ભાવી પતિ સમજવા લાગી. સુબોધના મનમાં પણ સુહાસિની માટે વિશુદ્ધ સ્નેહ ઉપજ્યો હતો.

એક દિવસે સુબોધને ઘર તરફથી પત્ર મળ્યો. વિનોદલાલે સુબોધને ઘેર આવી જવા લખ્યું હતું. એ પત્ર મનહરલાલને બતાવી તેમની રજા લઇ સુબોધ બીજે દિવસે ઘેર જવા નીકળ્યો.

મધ્યમ વર્ગના ડબ્બામાં એક યુવક તથા એક વૃદ્ધ બેઠા હતા. વૃદ્ધ એકાગ્ર ચિત્તે ગીતા વાંચતો હતો. એ યુવક બીજો કોઈ નહિ પણ સુબોધચંદ્ર હતો. માતાપિતાનાં દર્શન કરવાની આશાથી સુબોધનું ચિત્ત ઉત્ફુલ્લ બની ગયું હતું. ઝડપથી ઘેર પહોંચવાનો વિચાર જ

તેના મનમાં ઘોળાતો હતો. ગાડી વાયુ વેગે દોડી જતી હતી. આસપાસ આવેલાં ખેતરોમાં ગરીબ ખેડૂતો પોતાનું કામ કરતા હતા. એ તરફ દૃષ્ટિ આકર્ષાતાં સુબોધે સ્વગત વિચાર્યુ, " ગરીબ બીચારા ખેડૂતો બીજા માટે પ્રાણ પાથરતા હોવા છતાં તેમની દરિદ્રતા દૂર થતી નથી. જો શ્રીમંતો અને મહાજનો એમને ચુસી લેવાની રાક્ષસી વૃત્તિનો ત્યાગ કરે તો એમનું ઘણું કલ્યાણ થાય. આખી દુનિયાને તેઓ અનાજ પૂરું પાડતા હોવા છતા તેમને પેટપૂરતું અન્ન મળી શકતું નથી. "

સુબોધ આવા વિચાર કરતો હતો એવામાં પાસેના ડબ્બામાંથી કોઇનો રુદનધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. વિના વિલંબે સુબોધે ઉઠી બારીમાથી પાસેના ડબ્બા તરફ જોયું, તો એક ક્રિશ્ચિઅન એ ડબ્બાનું બારણું ઉઘાડતો તેની નજરે પડ્યો. પાસેના ડબ્બામાં બેઠેલી એક યુવતી બારણું ખેંચી રાખવાનો પ્રયત્ન કરતી હતી. આવો દેખાવ જોઇ સુબોધે પેલા વૃદ્ધ તરફ જોઈ કહ્યું, " મહાશય ! સર્વનાશનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. એક દુરાચારી ક્રિશ્ચિઅન એક સ્ત્રીના સતીત્વનો નાશ કરવા ચાલતી ગાડીએ જોડેના સૈરાંના ડબ્બામાં ચઢે છે." આમ કહી સુબોધ ઝડપથી દ્વાર ઉઘાડી પાસેના ડબ્બાના દ્વાર નજીક ગયો. ગાડી પૂર વેગથી દોડી જતી હતી. સુબોધ પાસેના ડબ્બાના દ્વાર પાસે ગયો તે પહેલાં પેલા વિષયલંપટ નરપશુએ ડબ્બાની અંદર પ્રવેશ કર્યો હતો.

સુબોધ હમ્મેશાં વ્યાયામ કરતો હોવાથી તથા તેણે મન, વચન તથા કર્મથી બ્રહ્મચર્ય પાળેલું હોવાથી તેનામાં પુષ્કળ બળ હતું. તે એક હાથથી દ્વાર પકડી રાખી બીજા હાથથી તેને ઉઘાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. અંદરથી પેલા નરાધમ ક્રિશ્ચિઅને દ્વાર આગળ આવી

સુબોધને ધક્કો માર્યો; છતાં સુબોધ બિલ્કુલ ખસ્યો નહિ. સંકટમાં સપડાયલી સુંદરીએ સુબોધ તરફ કરુણાપૂર્ણ દૃષ્ટિથી જોઈ કહ્યું, "ભાઇ ! આ નરપશુના જુલ્મમાંથી મ્હને બચાવો. એ વિષયલંપટ મ્હારા શીયળનો ભંગ કરવા આવ્યો છે."

સુબોધ યુવતીનાં વચન સાંભળી ડબ્બાની અંદર જવા માટે પુષ્કળ પ્રયત્ન કરવા લાગ્યો. તેણે યુવતી તરફ જોઇ ધીરજ આપતાં કહ્યું, "તમે એક ખુણામાં જઇને બેસો. તમને હું કોઇ પણ પ્રકારની ઇજા થવા દઇશ નહિ."

આમ કહી એ ડબ્બામાં પ્રવેશ કરી સુબોધે સિંહવિક્રમથી પેલા નરૂપિશાચ ક્રિશ્ચિઅન ઉપર હુમલો કર્યો. ક્રિશ્ચિઅન સમજી શક્યો કે તેને લાયક શત્રુ જ મળી આવ્યો હતો ! ડબ્બાના એક ખુણામાં ઉભી રહી પેલી અસહાય યુવતી બૂમો પાડતી હતી અને ક્રિશ્ચિઅન તથા સુબોધનું મલ્લયુદ્ધ ચાલતું હતું. સુબોધ બાલ્યાવસ્થાથી જ વ્યાયામવિદ્યામાં નિપુણ હોઇ વયોવૃદ્ધિની સાથે વ્યાયામનો અભ્યાસ પણ તેણે વધાર્યો હતો તે વિવિધ પ્રકારની કુસ્તીનો દાવો જાણતો હતો. તે વિના વિલંબે પેલા ક્રિશ્ચિઅનને નીચે પટકી તેની છાતી ઉપર ચઢી બેઠો. આ વખતે જીવ જવાની આશંકા અગર ભયથી ક્રિશ્ચિઅને ખીસ્સામાંથી એક છરો બ્હાર કાઢ્યો. એ છરો જોઇ પેલી યુવતીએ ભયાનક બૂમ પાડી. સુબોધ ક્રિશ્ચિઅનના હાથમાંથી છરો કાઢી લેવાની તૈયારીમાં હતો એવામાં પેલા દુષ્ટાત્માએ તેના ડાબા હાથ ઉપર છરાનો ઘા કર્યો. એ વખતે સુબોધે ક્રિશ્ચિઅનના જમણા હાથ ઉપર એવી મુક્કી મારી કે તે ફરીથી છરો ઉંચો કરી શક્યો નહિ; તેના હાથમાંથી છરો ખસી નીચે પડ્યો. પેલી યુવતીએ આ પ્રસંગે સમયસૂચકતા વાપરી, સાહસ એકઠું કરી એ છરો ઉપાડી

લીધો. આ વખતે સુબોધે ક્રિશ્ચિઅનનું ગળુ બળપૂર્વક પકડી ઉપરા ઉપરી બેચાર મુક્કીઓ લગાવી દીધી. પ્રહારની વેદનાથી એ ક્રિશ્ચિઅન મૃતવત્ પડી રહ્યો. સુબોધ તેની છાતી ઉપર બેસી રહ્યો. એ સમય દરમ્યાન પેલી યુવતીએ પહેરેલા વસ્ત્રને પાલવ ફાડી સુબોધના ડાબા હાથ ઉપર જે ધા થયો હતો તેના ઉપર પાટો બાંધી દીધો; એથી રક્તસ્રાવ ઘણા અંશે ઓછો થઇ ગયો. ટ્રેઇન સ્ટેશને જઇ પહોંચી એટલે પેલો વૃદ્ધ ઉન્માદ માણસની માફક એ ડબ્બામાં દોડી આવ્યો. જોતજોતાંમાં ઘણાં માણસો એ ડબ્બા આગળ એકઠાં થઇ ગયાં. રેલ્વે પોલિસે પેલા ક્રિશ્ચિઅન તથા સુબોધને ગિરફતાર કર્યા. એ યુવતી પેલા વૃદ્ધ બ્રાહ્મણની કન્યા હતી. બ્રાહ્મણ તેને શ્વસુરાલયથી પોતાને ઘેર લઇ જતો હતો. બ્રાહ્મણે સજળનયને પોતાના બન્ને હાથ ઉંચા કરી સુબોધને આશીર્વાદ આપતાં કહ્યું, "વત્સ ! તું જે વંશમાં જન્મ્યો છે એ વંશનું મુખ ઉજ્વળ થાઓ. વળી હું ગરીબ હોવા છતાં કેસ માટે પૈસા ખરચવામાં પાછી પ્હાની નહિ કરું. ધર્મ અને પ્રતિષ્ઠા સમક્ષ પૈસાની કાંઇ કિમ્મત નથી. હમણાં તું પોલિસને જામીન આપી અમારી સાથે ચાલ."

રેલ્વે પોલિસ ઇન્સ્પેકટરે સહુની જુબાની લઈ લીધી. સ્ટેશન માસ્તરે સુબોધનું નામ ઠામ સાંભળી કહ્યું, 'સુબોધચંદ્રના પિતાને હું સારી રીતે ઓળખું છું: હું એમનો જામીન થવા તૈયાર છું.' ઇન્સ્પેકટરે કહ્યું, 'આવા ફોજદારી ગુન્હામાં એક ગૃહસ્થ જામીન હોવા છતાં ઓછામાં ઓછી પાંચસો રૂપિયાની રોકડ જામીનગીરીની જરૂર છે.' આવો પ્રકાર જોઇ યુવતીએ પોતાના સઘળા અલંકારો અંગ ઉપરથી ઉતારી સ્ટેશન માસ્તરને ઉદ્દેશી કહ્યું, "ભાઇ ! મ્હારાં આ સઘળાં ઘરેણાં રાખી આપ પાંચસો રૂપિયાની રોકડ જામીન-

ગીરીની વ્યવસ્થા કરો." છેવટે એમ જ થયું. પેલો બ્રાહ્મણ પુત્રવધૂ તથા સુબોધને સાથે લઇ ઘર તરફ રવાના થયો. સુબોધે પિતાને ટેલિગ્રામ કરી સઘળી હકીકત જણાવી દીધી હતી.

યથા સમયે કેસનો દિવસ આવ્યો. વિનોદલાલ, મનહરલાલલાલ તથા બીજા ઘણા પ્રતિષ્ઠિત માણસો કેસનું રૂપ જોવા કોર્ટમાં હાજર થયા હતા. મનહરલાલના શ્વસુર સુબોધચંદ્રના વકીલ તરીકે ઉપસ્થિત થયા હતા. કેસ ચાલૂ થતાં બન્ને પક્ષના વકીલોએ પોતપોતાની બુદ્ધિમત્તા દર્શાવી વાગ્યુદ્ધ ચાલૂ કરી દીધું. એક સ્ત્રીની સાક્ષીથી સઘળું સાબિત થઇ ગયું. પેલા ક્રિશ્ચિઅનને સાત વર્ષની સખ્ત કારાવાસની શિક્ષા થઇ તથા સુબોધને તેના વીરત્વના પુરષ્કાર તરીકે ગવર્નમેન્ટ તરફથી પાંચસો રૂપિયાની રોકડ રકમ અને એક રિવૉલ્વર મળી. આવી રીતે દુષ્ટનું દમન અને શિષ્ટનું પાલન થયું:

આપણા દેશમાં વ્યાયામનું પ્રચલન નહિ હોવાથી ભારતીય યુવકો વૃદ્ધના જેવા શક્તિહીન થતા જાય છે. વ્યાયામના અભ્યાસથી તથા બ્રહ્મચર્યના પાલનથી સુબોધ અતિશય બળવાન્ હોવાથી જ તે સતી સ્ત્રીના અમૂલ્ય શીયળ ધનનું સંરક્ષણ કરી શક્યો. જો એ યુવતીને યથાપ્રસંગે સુબોધની મદદ ન મળી હોત તો તેની કેવી દુર્દશા થાત એ કલ્પી શકાતું નથી. વ્યાયામ કરવાથી કેવળ શરીર જ સુસ્થ થાય છે એમ નથી; પણ તે સાથે પરોપકાર કરી માનવજીવન સાર્થક કરી શકાય છે.

* * * *

પાઠકો ! હવે ચાલો, આપણે એક વખત મનહરલાલના અંતઃપુરમાં પ્રવેશ કરીએ. તેમનું આશાપુષ્પ મુકુલિત થવા આવ્યું હતું. તેર વર્ષની કુમારિકા કન્યા સુહાસિની ઘરમાં હોવા છતાં તેઓ ચિંતા-

શૂન્ય હતા. સુબોધ આ સંસારમાં દુર્લભ રત્ન સમાન છે તથા તેને પોતાનો જમાઇ બનાવવાની વાત વિનોદલાલ પાસે કાઢવામાં આવશે તો તેઓ એ વાતનો અસ્વીકાર નહિ કરે એવો મનહરલાલને દૃઢ વિશ્વાસ હતો. સુહાસિની સાથે સુબોધનો વિવાહ કરવાની વાત વિનોદલાલ પાસે એકાદ વખત નીકળી હતી ત્યારે તેમાં તેમની સંમતિ હોય એવો આભાસ મળેલો હોવાથી મનહરલાલ નિશ્ચિંત હતા. સુબોધ બી.એ.માં પાસ થાય પછી વિવાહ કાર્ય આટોપવાની ઉભય પક્ષની ઇચ્છા હતી. છેવટે થયું પણ તેમ જ.

એક વર્ષ જોતજોતાંમા વીતી ગયુ. સુબોધ સન્માનસહિત બી.એ.ની પરીક્ષામાં પસાર થયો. સુહાસિની હવે પ્રથમના જેટલી છૂટથી સુબોધ સાથે હળતી મળતી નહિ. સુબોધ નજરે પડતાં લજ્જિત બની જઇ તે દૂર ખસી જતી હતી. દૈવક્રમે જો ચતુર્ચક્ષુનું મિલન થતું તો સુબોધ સંકુચિત થઈ જતો નહિ; પરંતુ સુહાસિની લજ્જાથી નીચું જોઈ ચાલી જતી હતી. તેનું પ્રેમપૂર્ણ સુકોમળ રમણીહૃદય છુપી રીતે સુબોધ તરફ દોડી જતું હતું. સુબોધનો સહવાસ, સુબોધનું હાસ્ય તથા સુબોધનાં વચનો તેના અંતરને થનથન નચાવતાં હતાં. સુહાસિની કેવળ એટલું જ સમજતી હતી કે, હવે તેનું હૃદય તેને પોતાને આધીન નહોતું: એ હૃદય સુબોધે ચોરી લીધું હતું. જો કે તે સુબોધના કોઇ પ્રશ્નનો ઉત્તર આપતી નહિ, સુબોધ પાસે એકાંતમાં બેસતાં તે શરમાતી હતી. છતાં કેવળ એક માત્ર સુબોધ જ તેના નારી જીવનને અમૃતમય બનાવશે એવી દૃઢ ધારણા તેના મનમાં ઉપજી હતી તે જો કે જાણતી હતી કે, સુબોધ તેનો ભાવી પતિ છે, છતાં ઘણા વખત અગાઉથી તેણે સુબોધને પોતાના હૃદયસિંહાસન ઉપર આરાધ્યદેવતા તરીકે પ્રતિષ્ઠિત કર્યો

હતો. રમણીનું હૃદય રમણીજાતિ સહેલાઇથી તેમ જ ત્વરાથી સમજી શકે છે: સુહાસિનીની માતા પુત્રોનાં મનની વાત કળી ગઇ હતી તથા એ વાત તેણે પતિને પણ જણાવી હતી. મનહરલાલે એ સંબંધી પત્નીને એક પ્રકારનું આશ્વાસન આપ્યું હતું.

સુહાસિનીની ઉમ્મર ચૌદ વર્ષની થવા આવી હતી તેથી વિશેષ સમય સુધી હવે તેને કુમારિકા રાખી શકાય તેમ નહોતું. આસપાસના સંયોગોનો વિચાર કરી મનહરલાલે વિનોદલાલને પત્ર લખ્યો. વિનોદલાલ પત્નીસહ મનહરલાલને ત્યાં આવ્યા. ઉભય પક્ષ વચ્ચે શુભ કાર્ય સંબંધી પુષ્કળ વાતચિત થયા પછી ફાગણ માસમાં વિવાહ કરવાનું ઠરાવવામાં આવ્યું. સઘળું નક્કી થઇ ગયા પછી વિનોદલાલ પત્નીસહ ઘેર પાછા ફર્યા.

સુબોધના હૃદયમાં પણ ઘણું પરિવર્તન થયું હતું. સુહાસિની તેની પત્ની થશે, તેના સ્વર્ગિય સહવાસમાં તે પોતાનું આયુષ્ય પસાર કરી શકશે. એવી તેની આંતરિક ઇચ્છા હોવાથી એ સંબંધમાં તેણે કોઇ પણ પ્રકારની આપત્તિ દર્શાવી નહિ. તેનું હૃદય આનંદથી અધીર બની ગયું. જોતજોતાંમાં શુભ વિવાહનો સુખમય દિવસ નજીક આવવા લાગ્યો. પિતા તરફથી પત્ર મળતાં મનહરલાલ તથા તેમના કુટુંબની રજા લઇ સુબોધ ઘેર ચાલ્યો ગયો.

ખોટું ખરચ કરવાનો તથા ફુલણજીની માફક કેવળ વાહવાહ બોલાવવાનો વિનોદલાલને સખ્ત તિરસ્કાર હતો. તેમના આવા સ્વભાવની કેટલાક ઇર્ષ્યાન્વેષી માણસો નિંદા પણ કરતા હતા; છતાં તે તરફ વિનોદલાલ લક્ષ્ય આપતા નહિ; અનાથ માણસોનું દુઃખદારિદ્ર જોઇ તેમનું હૃદય અત્યંત વ્યથિત તથા દ્રવીભૂત થતું હતું. ખોટા આડંબરથી

ધનવાન માણુસો જે દ્રવ્ય ઉડાવે છે તે જો ગરીબ માણુસોના હિતાર્થે વાપરવામાં આવે તો સ્વદેશનું ઘણું શ્રેય સાધી શકાય એવી વિનોદલાલની માન્યતા હતી. જે અનાથ ગરીબ બાળકો સાધનના અભાવે દુ:ખ કષ્ટ વેઠી કંગાલ હાલતમાં સડે છે તેમના ઉદ્ધાર માટે જો ધનવાનોના ધનનો ઉપયોગ કરવામાં આવે તો ગરીબોની ઝુંપડીઓમાંથી અનેક પ્લેટો, અનેક કાળિદાસ તથા અનેક શંકરાચાર્યનો આર્વિભાવ થાય એવો જ વિનોદલાલનો વિશ્વાસ હતો. આમ હોવાથી વૃથા વ્યય કરવાનો તેમને તિરસ્કાર હતો. સુબોધ તેમનો એકનો એક પુત્ર હોવાથી તેનો વિવાહ ઘણી ધામધૂમથી થાય એવી સગાંસંબંધીઓની ઇચ્છા હતી: પરંતુ વિનોદલાલના દૃઢ નિશ્ચય આગળ એમની ઈચ્છા સફળ થઇ નહિ. ઘણી સાદાઈથી વિવાહકાર્ય આટોપવામાં આવ્યું.

કન્યાદાન કરતી વખતે મનહરલાલે સુહાસિનીનો હાથ સુબોધના હાથમાં આપતાં સજળનયને કહ્યું, “ વત્સ સુબોધચંદ્ર ! જે ઉદ્દેશ લઇ માણુસ પૃથ્વીમાં જન્મ ગ્રહણ કરે છે, જેને માટે માણુસ પોતાના પ્રિયતમ જીવનને પણ તુચ્છ સમજે છે, જે માયામાં પડી માણુસ સંસારનાં સકળ કાર્ય ભૂલી જાય છે એ, મહામૂલ્ય વસ્તુ આજે હું શુભાશીષસહ તમને સમર્પણ કરું છું. કેવળ એકલી ‘ સુહાસ ’ જ મ્હારું જીવનસર્વસ્વ છે, મ્હારા શોકની સાંત્વના છે અને જીવનવૃક્ષનું ફળ છે. મ્હારી એ સુહાસ આજથી તમારી થાય છે. એ સંસાર-જ્ઞાનવિહીના હોવાથી તેને કોઇ પણ પ્રકારના કષ્ટનો અનુભવ ન થાય એવી સંભાળ રાખજો. સંસારને ઉપયોગી થવા જેટલું શિક્ષણ હજી સુધી તેને મળ્યું નથી. પતિ એ જ વાસ્તવિક રીતે પત્નીનો ‘ સંસારશિક્ષક ’ છે તેથી સંસાર સંબંધીનું સઘળું આવશ્યક જ્ઞાન

તમે તેને આપી ઉભયનું જીવન સુખમય બનાવજો. બન્ને જણાં પરસ્પરને સહાય કરી સંસારના જટિલ માર્ગે અગ્રેસર થજો. એનું પદસ્ખલન ન થાય એ વિષયની કાળજી તમારે રાખવાની છે."

પછી સુહાસના મસ્તક ઉપર હાથ મૂકી ગદ્‌ગદ્ કંઠે મનહરલાલે કહ્યું, "બ્હેન! આજ સુધી તું મ્હારી હતી: હવે નથી. સ્વામીની સેવા કરવા માટે જ સંસારમાં સ્ત્રીજાતિનો જન્મ થયેલો છે. સંસારમાં વિજયી થવા માટે તેમ જ ધર્મની સાધના કરવા માટે સ્ત્રી પુરુષ પરસ્પરને સહાયતા કરવાને બંધાયલાં છે વિવાહ એ સંસારમાં પ્રવેશ કરવાનું પ્રથમ સોપાન છે."

પછી સુહાસિની માતાને પ્રણામ કરવા ગઈ એટલે માતાએ તેને આશીર્વાદ આપી કહ્યું, "બ્હેન! આ વખતે તને બેચાર ઉપયોગી વચન કહેવાં એ મ્હારું કર્તવ્ય છે. સ્ત્રીએ પોતાનો પતિ જો કે કુરૂપ, દુઃસ્વભાવનો, રોગી, ક્લેશી, મદ્યપી, વૃદ્ધ, મુંગો, આંધળો, બહેરો, ક્રૂર, દરિદ્રી, કૃપણ, નિંદ્ય, ધૂર્ત કિંવા પરસ્ત્રી સાથે પ્રીતિ કરનારો હોય તો પણ તેણે તેના તે દોષ તરફ ન જોતાં તેને સર્વ પ્રકારે પોતાનો ઇશ્વર ગણીને જ તેની સેવા કરવી. બાળા, તરૂણા અથવા વૃદ્ધાવસ્થામાં પણ સ્ત્રીએ કદિ પતિથી સ્વતંત્ર થવું નહિ. તેણે અહંકાર, કામ, ક્રોધ, એ સર્વનો ત્યાગ કરી પતિનું મન રંજન કરવું. સ્ત્રીએ કામવાસનાએ કરીને પરપુરુષનો સ્પર્શ અથવા ભાષણ તો શું પણ તેનું અવલોકન પણ કરવું નહિ. દ્રવ્ય, ઉત્તમ વસ્ત્રાલંકારો અથવા સ્વરૂપના લોભથી જે સ્ત્રી કદિ પણ પરપુરુષના જાળમાં ન ફસાતાં પોતાના પતિની જ અનન્ય સેવા કરે છે તેને પતિવ્રતા ગણવામાં આવે છે. જે આંખનો કટાક્ષ, હસવું, ગાયનના આલાપ વગેરેથી કદિ

પર સાથે મોહ પામતી નથી ને સાધ્વી છે. સતી સ્રીને પોતાના કરતાં પતિ ગુણોમાં ઉતરનો હોય છતાં તેનો અભાવ થતો નથી. પતિવ્રતા પતિને જમાડીને જમે છે, તેને દુઃખે પોતે દુઃખી ને તેને સુખે સુખી થાય છે. પતિ વિદેશ હોય તો ઉત્તમ વસ્રાલંકાર ધારણ કરતી નથી. પતિ નિદ્રાવશ થયા પછી પોતે ઉંઘે છે. સતીએ પોતાનાં સાસુ-સસરાની ઉત્તમ પ્રકારે સેવા કરવી, ધર્મ તથા ઘર કાર્યમાં તત્પર રહેવું, તેની સાથે અપ્રિય ભાષણ કરવું નહિ. સર્વ વાતે સ્રીનું ડહાપણ પોતાના પતિની સેવા કરવામાં જ છે. પતિ તજે તે પદાર્થ પોતે પણ તજવા. શરીર તથા મુખ દાંત ઇત્યાદિ સદા સ્વચ્છ રાખવાં.

" પ્રત્યેક માસમાં સ્રીને ઋતુ પ્રાપ્ત થાય છે, તો તે પ્રાપ્ત થાય ત્યારથી બરોબર ત્રણ દિવસ તજી ચોથે દિવસે સ્નાન કરવું. રજસ્વલા સ્રીએ ગાવું, રોવું, હસવું, વાહનપર બેસવું, આંખમાં કાજળ આંજવું, શરીરે તેલ ચોળવું, દિવસે સૂવું, દાતણ કરવું, મૈથુન કરવું, તથા દેવાર્ચન કરવું, દેવને નમસ્કાર કરવા, બીજી રજસ્વલા સાથે બોલવું તથા અડકવું વગેરે સર્વ બાબતોનો બિલકુલ ત્યાગ કરવો. સ્નાન કરતાં પહેલાં પોતાનું મુખ કોઇને બતાવવું નહિ. સ્નાન કરી તરત સૂર્ય-દર્શન કરી, દર્ભવાળા જળનું તથા પંચગવ્ય પદાર્થોનું આચમન કરવું: ગાયનું દૂધ પીવું."

" હવે જ્યારે સ્રી ગર્ભિણી હોય ત્યારે તે વખતના નિયમ તેણે પાળવા, સુંદર અલંકાર પહેરવા, સ્વામીના હિતમાં તત્પર રહેવું, સ્વધર્મ પાલન કરવું, સદા પ્રસન્ન જ રહેવું, શરીરનું બહુ જતન કરવું, ઝાઝી કઢંગી મહેનત કરવી નહિ, વાસ્તુ પૂજા કરવી, દુષ્ટ સ્રી સાથે બોલવું નહિ, સુપડાનો પવન લેવો નહિ, જે સ્રીને છોકરાં

થઇને મરી જાય છે તેનો સંસર્ગ કરવો નહિ, બીજી સ્ત્રીએ રાંધેલું અન્ન ખાવું નહિ, નબળી કે અશુભ વસ્તુ જોવી નહિ, ભયંકર વાત સાંભળવી નહિ, ભગવત્કથામાં તત્પર રહેવું, વગેરે નિયમો ધારણ કરવાથી સ્ત્રીને ઉત્તમ પુત્ર થાય છે ને એથી ઉલટું આચરવાથી ગર્ભનું પતન કિંવા સ્તંભન થાય છે.

"સ્ત્રીએ પતિની કદિ નિંદા કરવી નહિ, પતિથી દૂર રહેવું નહિ, પરપુરુષનું વર્ણન કે સ્તુતિ કરવી નહિ, ખુશીમાં આવે ત્યાં ફરવું નહિ, પતિની આજ્ઞા અમલમાં લેતાં વાર કરવી નહિ, પતિએ પોતાને કદાચ મારી હોય (કાંઇ વાંકસર) યા નિંદા કરી હોય તો પણ તેની સાથે કલેશ કરવો નહિ, કંઇ ઉત્સવ પ્રસંગે પીયર જવું હોય તો પતિની આજ્ઞા લઈ જવું. પણ પીયર વધારે વાર રહેવું નહિ. પતિ કંઇ કાર્યાર્થે વિદેશ જાય તો તેની સાથે મંગળ ભાષણ કરવું, તે સમયે રોવું નહિ. એકલી પડે એટલે સાસુસસરાની સમીપ તેમની આજ્ઞામાં રહેવું. ખડખડાટ હસવું નહિ. પરપુરુષની મશ્કરી, હાસ્ય કે ચેષ્ટા કરવી નહિ. પરપુરુષનું અંગમર્દન કરવું નહિ. એક જ વસ્ત્ર અથવા ઘણું ઝીણું વસ્ત્ર ધારણ કરીને નિર્લજ્જપણે ફરવું નહિ, ઘરકામ છોડી પારકી કુથલી કરવી નહિ, ઘરકામ આટોપી લઇ પતિની સેવામાં હાજર થવું, બારણામાં અથવા બારણા નજીક બેસવું નહિ, પતિએ આપેલી વસ્તુ બીજાને આપવી નહિ, પતિનું આપેલું ફળ અથવા અન્ન ગમે તો તેનું એંઠું હોય તો પણ તે મોટો પ્રસાદ માની લઇને આનંદથી ખાવું, પતિ સુખેથી સુતો હોય ને જવાનું કામ હોય તો તેને ઢંઢોળીને ન ઉઠાડતાં તેની પગચંપી કરી ઉઠાડવો. નગ્ન થઇને નહાવું નહિ; જે મનુષ્ય પોતાના પતિ સાથે દ્વેષ રાખતો હોય તેની સાથે સ્ત્રીએ કદિ બોલવું નહિ. ખાંડણીઓ,

મૂશલ, ઘંટી, પથ્થર અથવા કોઇ યંત્ર ઉપર કે ઉમરા ઉપર બેસવું નહિ. પોતાને તીર્થસ્નાન કરવાની ઇચ્છા થાય તો પતિના પગ ધોઇને તે જળનું આચમન કરવું એટલે યાત્રા વળે છે; કારણ કે સ્ત્રીને શંકર તથા વિષ્ણુ કરતાં પણ પતિ શ્રેષ્ઠ છે એમ પ્રભુની આજ્ઞા છે. સ્ત્રીએ ઉપવાસ, વ્રત, નિયમ વગેરે પતિની આજ્ઞા સિવાય કરવાં નહિ, પતિના સામું બોલવું નહિ, પતિના ચરણની નિત્ય પૂજા કરવી, પતિને મૂકીને પોતે એકલાં કદિ કોઇ સારી વસ્તુનો ઉપયોગ કે સ્વાદિષ્ટ ભોજન કરવું નહિ, પતિને કદિ કટુ ભાષણ સંભળાવવું નહિ, સ્ત્રીને દેવ, ગુરુ ધર્મ તીર્થ અને વ્રત એ સઘળું પોતાનો સ્વામી જ છે, માટે સર્વ તજીને તેણે સ્વામીની જ સેવા કરવી, એવી રીતે ધર્મ પાળનાર સ્ત્રી શ્રેષ્ઠ પતિવ્રતા કહેવાય છે. તે પતિ સહિત અખંડ સ્વર્ગસુખ ભોગવે છે. પતિ જીવતાં તો શું, પણ તેના મરી ગયા પછી પણ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ, અને પરલોકમાં ગયેલા પતિને સુખ થાય તેવાં આચરણ કરવાં. કન્યાના વિવાહ વખતે, માબાપ તેનો હાથ ઝાલી પતિના હાથમાં આપે છે. તે સમે કહે છે કે “ પુત્રિ, તું સર્વ વાત છોડી ત્હારા પતિની ઉપર જ નિષ્ઠા રાખજે. હું ત્હારા સર્વસ્વ સહિત તને તેના હાથમાં સોંપું છું.” માટે પતિવ્રતા સ્ત્રીએ પતિની ભક્તિ કરીને જ કાળ ગુજારવો. જેની સ્ત્રી સતી હોય છે તે કદાચ મરવા સુતો તો તેને યમદૂત અડકી શકતા નથી. સાધ્વી સ્ત્રી નરકમાં પડેલા પોતાના પતિનો સહજમાં ઉદ્ધાર કરે છે અને પતિની સેવા ન કરતાં અધર્મે ચાલનારી કુલટા સ્ત્રી, જરૂર પોતાના શરીરમાં જેટલાં છિદ્ર છે તેટલાં વરસ સુધી રૌરવ નરકમાં પડે છે.” ”

* * * *

લગ્ન વીતી ગયા પછી વિનોદલાલ પુત્રવધૂસહ ઘેર ગયા. ઇચ્છિત પતિની પ્રાપ્તિ થવાથી સુહાસિની પોતાને સૌભાગ્યવતી સમજવા લાગી. તેના ગુણથી આકર્ષાઇ તેનાં શ્વસુર અને સાસુ તેને પુત્રી તુલ્ય ચાહવા લાગ્યાં. ગૃહસંસારનો સઘળો કાર્યભાર વિના વિલંબે સુહાસિનીએ ઉપાડી લીધો.

વિશ્વવિદ્યાલયની કેળવણી પ્રાપ્ત કરી આજકાલના યુવકોની માફક સુબોધચંદ્રે કોઇનું દાસત્વ નહિ સ્વીકારતાં સ્વતંત્ર વ્યવસાયનો આરંભ કર્યો તથા પોતાના અનેકવિધ સદ્‌ગુણોથી અને કઠોર પરિશ્રમથી તેણે પોતાના વ્યવસાયમાં ઉત્તમ પ્રકારે સફળતા મેળવી.

સમાપ્ત.

શું વાંચશો? અત્યંત ઉપયોગી ગ્રંથ
સંતાનશાસ્ત્ર અને જીવનશાસ્ત્ર
મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦
સાકરલાલ બુલાખીદાસ બુકસેલર
રીચીરોડ, બાલા હનુમાન પાસે—અમદાવાદ

સ્ત્રી પુરૂષોનો સાચો સલાહકાર.

યુવાન દંપતિઓને સંસારલીલાનું રહસ્ય સમજાવનાર,

અસલી સચિત્ર કોકશાસ્ત્ર.

અનેક સંસ્કૃત હિંદી, ઈંગ્રેજી તેમજ જુદી જુદી ભાષાઓમાં લખાયેલા કોકશાસ્ત્ર સંબંધીના ગ્રંથો ઉપરથી તૈયાર કરાવેલું આ ગુજરાતી પુસ્તક અનુપમ અને અદ્વિતીય છે. સ્ત્રી પુરૂષના ભેદ, લગ્નની આવશ્યકતા, બ્રહ્મચર્યનો મહિમા, વીર્યનો અદ્‌ભૂત ભેદ, સંયોગ વિધિ, ગર્ભાધાન વગેરે, સાંસારિક વિષયોના માર્ગદર્શક વિવેચન ઉપરાંત, સ્ત્રી પુરૂષને થતા અનેક રોગો, તેનાં લક્ષણ, ઘરગથ્થુ દેશી તથા વિલાયતી ઔષધોનું વર્ણન વગેરેથી આ પુસ્તક હરેક કુટુંબમાં રાખવા લાયક તૈયાર કરાવ્યું છે. સંસારમા સ્વર્ગનું સુખ અનુભવવું હોય, દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરી નિરોગી જીવન ગુજારવું હોય, ચેપી અને હઠીલાં દર્દોના ભોગ થઇ પડી ડૉક્ટરો અને હકીમોને સેંકડો રૂપિયા ખવડાવી નિરાશ થયા હોવ, તથા એવાં દર્દોથી સાજા થવા ઇચ્છતા હો તો આ ગ્રંથ જરૂર મંગાવો. ઉપયોગી વિષય જ્ઞાનસૂચક સુંદર ચિત્રો એ આ પુસ્તકની ખાસ શોભા છે. મૂલ્ય માત્ર રૂા. ૧–૮–૦

મળવાનું ઠેકાણું:—

સાકરલાલ બુલાખીદાસ બુકસેલર.

આલાહનુમાન પાસે રીચીરોડ—અમદાવાદ.

આદર્શ ચરિત્ર પરિપૂર્ણ સામાજીક નવલકથા,

અંગના કે દેવાંગના?

પ્રયોજક, વ્રજલાલ જાદવજી ઠક્કર

આ સામાજીક નવલકથામાં ઘણા ઉપયોગી સ્વદેશ હિતના અનેક વિષયોની માર્ગદર્શક તેમ જ સપ્રમાણ ચર્ચા કરી છે. જે ભારતવર્ષ પૂર્વે સકળ દેશોનો શિરોમણી હતો, જે આર્ય લોકો પૃથ્વીની સકળ જાતિઓમાં ચઢિયાતા ગણાતા હતા તે ભારતવર્ષ અને તે જ હિન્દ જાતિની વર્તમાન શોચનીય સ્થિતિ અને તેનું નિવારણ કરવાના માર્ગદર્શક ઉપાયો હોય તો તે માત્ર આ એક જ નવલકથામાં છે. દુર્બળનું મર્ન નિવારણ કેમ કરવું, સર્વ જાતિના મનુષ્યો સાથે ઐક્ય કેમ રાખવું બાળલગ્નથી હિન્દુ સંસારો કેવા સંકટમય છે, વિધવા વિવાહની જરૂર છે, કે કેમ આધુનિક યુવકવર્ગ સ્વદેશહિતનાં કાર્યો કેવી રીતે કરી શકે, સ્ત્રી જાતિને કેવું શિક્ષણ મળવું જોઇએ, અનાથ મનુષ્યોને કેવી રીતે ઠેકાણે પાડવાં જોઇએ, તે ઉપરાંત પુરૂષ કર્તવ્ય અને સ્ત્રી કર્તવ્યનો સંપૂર્ણ ચિતાર આ નવલકથામાં ઘણીજ રસિકતાથી આપવામાં આવ્યો છે જો આ નવલકથા તમારા કુટુંબમાં વંચાવશો તો આ સંસારમાં સ્વર્ગીય સુખનું દર્શન કરી શકશો પૃષ્ટ સંખ્યા ૩૫૦ લગભગ સોનેરી પાકું પુઠું છતાં કિંમત રૂ. ૨—૮—૦.

નરસિંહ મહેતો	૦—૮—૦.
મીરાંબાઇ	૦—૧૨—૦.
વીણાવેલી	૦—૧૨—૦.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ.

વાંચવાલાયક ઐતિહાસિક પ્રેમકથા !

ગુલશાના.

અકબર બાદશાહના સમયની એક મર્મભેદક રહસ્યપૂર્ણ ઘટનાને આધારે આ નવલકથા લખવામાં આવી છે, અકબરશાહની ઉદારતા દીવાન ઇસ્કાન્દારનું ભાગ્યચક્ર, વીર સોહામણીનું શોચનીય અકાળ મૃત્યુ, ફુલરામની પ્રમાણિકતા, શેખજીનો ભ્રમ, બહાદુર રમણી ગુલસાનનો અપૂર્વ પતિપ્રેમ, મહાત્મા શાહજલાલની શિષ્યપ્રીતિ, રાજકુમારી રૂબિયાનું મરણ પામ્યા પછી સજીવન થવું વગેરે ભેદ ભરેલા બનાવોથી ભરપુર—એક વખત વાંચવા લીધા પછી હાથમાંથી પડતી મૂકવાનું મન થશે નહિ. વીર શૃંગાર, કરૂણા તેમજ હાસ્યરસથી ભરપુર, સુંદર સફેદ ચીકણા ગ્લેજ કાગળ, મનહર છપાઈ તેમ જ સોનેરી પાકું પુઠું હોવા છતાં કિંમત રૂ. ૧–૮–૦. પોસ્ટેજ જુદું.

મધુર મધુરી	૨—૦—૦.
મહારાજ પ્રતાપ આદીત્ય	૨—૦—૦.
રજપૂતોની રંગભૂમી	૩—૦—૦.

દરેક જાતની ચોપડીઓ મળવાનું ઠેકાણું:—

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ.

અકબર રાજ્ય રહસ્ય

ભાગ ૧ થી ૨

(ઐતિહાસિક નવલકથા.)

અકબ્બર બાદશાહના રાજત્વકાળ સમયે બનેલી એક મર્મભેદક ઘટના, શાહજાદા સલિમની વિલાસ પ્રિયતા, નશીબન બીબીની સાહસિકતા, મહારાજ બિરબલ તેમજ જહાન્દારખાનના શિરે આવેલાં ભયંકર સંકટો, આગ્રાના આરંભજીનો ઇતિહાસ, અકબરશાહનો રંગ મહેલ, મહેરૂન્નિસાનો મોહ, અદ્દભૂત ભૈરવી તથા ઇરકાન્દાર, અને સેલિમા તેમજ સિકંદર અને સેરિનાનો અપૂર્વ પ્રેમ એ વગેરે વાંચતાં તમે તલ્લીન બની ગયા સિવાય રહેશો નહિ. પૃષ્ટ સંખ્યા ૩૦૦ પાકું લાયબ્રેરીને શોભાવે એવું રૂપેરી પુઠું, આકર્ષક છપાઈ ચાર સુંદર ચિત્રો છતાં કીંમત માત્ર રૂ. ૨—૪—૦. પોસ્ટેજ જુદું. બીજો ભાગ કીંમત રૂ. ૧—૮—૦.

હુન્નર શિક્ષક	૧—૪—૦.
અસલ જાદુકળા સંગ્રહ	૧—૮—૦.

મળવાનું ઠેકાણું:—

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ.

ગમ્મત સાથે જ્ઞાન આપનાર

અકબર અને બીરબલ

ભાગ ૧ થી ૨૪ સુધી.

(પાકું પુઠું સારા ગ્લેજ કાગળો)

વાર્તામાં સુબોધનો સાગર, ચતુરાઇની ચોરસ, હાસ્ય રસનો ;ાજ, ગમ્મતની ગુલાબદાની, વાકયવિનોદનું વિલાસસ્થાન, વાંચનકળા ાામ કરવાનું વાંચનગૃહ અને શિક્ષા સંપાદન કરાવનાર શિક્ષકરૂપ ાર્તાઓનો ભંડાર કે જેમાંની દરેક વાર્તા શોખીલાઓને આનંદ, સિકજનોને રસિકતા પ્રેમીજનોને પ્રેમાનંદ ઉદારજનોને આહ્લાદ, સજ્જ નોને શાન્તિ અને ગમાર લોકોને વખતો વખત ગમ્મત સાથે જ્ઞાન ાાપનાર છે, જેનું સહેલી અને સરલ ભાષામાં રસિક લેખકના હાથથી ાલંકારીક લખાણુ કરાવી વિશેષ લોભ ન રાખતા માત્ર વાંચન શોખ ધારવાના અને દરેક વર્ગના મનુષ્યો સહેલાઇથી ખરીદી શકે તેવા તુથી તે વાર્તાઓના ચોવીસ ભાગ પ્રથમ આપ્યા છે. કિંમત માત્ર . ૨—૦—૦ પોસ્ટેજ જુદું.

સુરતીલાલ	૧—૮—૦
કાળરાત્રિનું ખૂની ખંજર	૩—૦—૦
રણઘેલા રજપૂતો	૩—૦—૦

દરેક જાતની ચોપડીઓ મળવાનું ઠેકાણું:—

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ, બાલાહનુમાન પાસે—અમદાવાદ

નોકરીની ગુલામીથી છુટવું હોય તો

હુન્નર શિક્ષક

જરૂર ખરીદો.

આજકાલ હુન્નર ઉદ્યોગનો જમાનો [illegible] ઓને [illegible] [illegible] આદર છે [illegible] મહેનતથી પોતાનો નિર્વાહ [illegible] શકે છે. [illegible] જેઓને કાંઈપણ જાણવા [illegible] નથી [illegible] ને થોડો [illegible] શીખવાને [illegible] માટે છે તેઓને [illegible] આ પુસ્તક [illegible] મહેનત કરીને [illegible] પુસ્તકની મદદથી કોઈપણ [illegible] મહિને પચાસ રૂપીઆ કમાઈ શકે છે. કી. ૩ [illegible]

વગર માસ્તરે [illegible] શિખવું હોય તો ખરીદો

[illegible] ગાઇડ ટુ ઇંગ્લીશ ટીચર

ભાગ ૧—૨ ભેગા.

[illegible] નવરાશના વખતમાં થોડે ખરચે ઇંગ્રેજી શિખવું [illegible] તો [illegible] ગાઇડ ટુ ઇંગ્લીશ ટીચર જરૂર મંગાવો આ પુસ્તકની મદદથી [illegible] ઇંગ્રેજી શીખી [illegible] અને પોતાનું [illegible] છે. બીજાઓની માફક આ પુસ્તકના જુદા જુદા ભાગો નથી પણ એકજ પુસ્તકમાં બધી ઉપયોગી માહિતીઓનો સમાવેશ કર્યો છે. કી. રૂ. ૧—/— [illegible]

લખો:— બુકસેલર માણેકલાલ બુલાખીદાસ.
રીચીરોડ—અમદાવાદ.

આ ટીકીટો બાબુ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી. ઠે. રીચીરોડ—અમદાવાદ.